નવાં સુધારેલાં ધોરણને અનુસરીને તૈયાર કરેલી

ધોરણ પાંચમાની નોટ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

રણછોડલાલ મોતીલાલ શાહ,

બુકસેલર એન્ડ પબ્લીશર
રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૦૦૦

સંવત્ ૧૯૭૨ સને ૧૯૧[illegible].

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસ, ખાડીઆ—અમદાવાદમાં
દયાભાઈ શંકરભાઈ ગાંધીએ છાપી.

કીંમત ૦-૧૨-૦.

પાંચમી ચોપડીના પાઠના શબ્દાર્થ.

ભાગ ૧ લો.

પાઠ. ૧. મરદાઈ.

મરદાઇ=બહાદુરી, પુરૂષાર્થ પણું.
કેવળ=ફક્ત, તદ્દન, એકલા.
ઉપરાંત=વધારામાં, વિશેષમાં.
દઢ=સ્થિર, અડગ, ફરી જાય નહિં તેવું.
અવશ્યનું=જરૂરનું.
સ્નાયુ=માંસના તંતુઓ (જેનાથી હાડકાં અને માંસના લોચા વળગેલા રહે છે તે.)
ધારીએ=ઇચ્છીએ, ચાહીએ.
દાબમાં=અંકુશમાં, કબજામાં.
કેળવણી=શિક્ષણ, અનુભવ.
પ્રકારની=જાતની, વર્ગની.
પહેલવાન=અલમસ્તાન, જોરાવર.
સારા નરસાનો=ખરા ખોટાનો.
ભેદ=તફાવત, ગુપ્તવાત.
પ્રયત્ન=(પ્ર+યત્ન.) સખત મહેનત પરિશ્રમ, ઉદ્યોગ.
કુસ્તી=બાહુબળથી લડવાની મલ્લ યુધ્ધની વિદ્યા.
મલખમ=કસરત કરવા માટે ઉભું દાટેલું ગોળ લાકડું.
અટાપટા=એક જાતની રમત.
ક્રિકેટ=બૅાલબેટની રમત. (અંગ્રેજી સ્કુલોમાં છોકરાઓ રમેછે)
કસાઇ=કેળવાઇ, મજબુત બની.
ચરબી=ચામડીની અંદરનો ચીકણો પદાર્થ.
મુખ્યત્વે=ઘણું કરીને.
કુટેવો=(કુ+ટેવો)ખરાબ આદતો.
બ્રહ્મચર્ય=બ્રાહ્મણ ધર્મના ચાર

અશ્રમનો પહેલો આશ્રમ. બ્રા-હ્મણુ બાળકને જનોઈ દે ત્યારથી પરણુતાં સુધીનો વિદ્યાભ્યાસ કરવા વખત.

જોમ=જોર, કૌવત, શક્તિ.

નિયમમાં=અંકુશમાં, કબજામાં, દૃઢ પણામાં.

રોદણાં=રોવાનું. ખાલી ગુસ્સાના શબ્દો ઉચ્ચારવા.

ધીરજવાન=હિમ્મતવાળો.

બડબડાટ=ખોટો બકવાદ, નકામું બોલવું તે.

ખંતીલા=હોંશીલા, ઉમંગી.

ક્રોધ=ગુસ્સો, ખોટીરીસ.

લાલચો=ખરાબ આશાઓ.

કેળવાયું=કસાયું, અનુભવ પામેલું.

ધીરજથી=શાંતિથી. | આફત=દુઃખ

નીચપણુ=(નીચ+પણું.) હલકાઇ

છલકપટ=(છલ+કપટ) અયોગ્ય ઘટે નહિં તેવો, ગેરવ્યાજબી.

બલકે=એટલુંજ નહિં. પણ વધારે

અશક્ત=(અ+શક્ત) બળ વગરના કમતાકાત વાળા, શક્તિ નહિ તે

ખસુસ=ખાસ, અવશ્ય.

દુર્ગુણો=(દુર+ગુણો.) ખરાબગુણો.

નકલ=કોપી, ઉતારો, એકનું જોઇને બીજાએ કરવું તે.

અનીતિ=(અ+નીતિ.) ખરાબ ચાલ.

આયુષ્ય=આવરદા, જીંદગી જીવન.

સવાલઃ—(૧) કેળવણીના પ્રકાર. શરીરની કેળવણી કયા પ્રકારથી થાય અને તેનાથી શાશા ફાયદા થાય છે.

(૨) મનની કેળવણી પર નીતિમાન થવાને કેમ વધારે લક્ષ આપવું, સારી રીતે મનને કેળવવાથી શું લાભ થાયછે?

(૩) અનીતિ એ ચાલનારની શી દશા થાય છે ?

(૪) મરદાઇ એટલું શું ? તે કેમ પ્રાપ્ત કરી શકાય ? અને કયા ગુણવાળા માણસમાં મરદાઇ હોય ?

પાઠ. ૨ જો. સમયસૂચકતા.

સમયસૂચકતા=(સમય+સૂચક+તા) તાત્કાલિક બુદ્ધિ, જલદી ઉપાય કરવો તે.
અકસ્માત=અચાનક, ઓચિંતો બનાવ. અણધાર્યો બનાવ એકદમ.
અણધાર્યું=(અણ=ધાર્યું)નહિં ધારેલું, ઓચિંતું.
સાવધ=સાવચેત, ચંચળ.
ઘુમટ=અર્ધ ગોળ શિખર વાળું ઢાંકણું.
ભાત=ચિત્રની જાત.
પાલખ=માંચો, કડીઆ, મજુર મીસ્તરી વિગેરેને ઉંચી જગાઓ પર કામ કરવા સારૂ આડીઉભી વળીઓ વિગેરે બાંધી જે ઘાટ બનાવેલો હોય છે તે.
ગરક=લીન, તલ્લીન, ગરકાવ.
ભાન=ખબર, સમજ, ધ્યાન.
ફરસબંધી=પત્થર જડેલી જમીન.
આંખપડી=નજર પડી, દ્રષ્ટિપડી.
રદ=નકામું, ખરાબ.
ચમકીને=ભડકીને
ઉથલી=ગબડી.
સ્વસ્થ=ગભરાયા વિનાનો, શાંત.
ચેત્યો=સમજી ગયો, જાણી ગયો.
જાતિ સ્વભાવ=જાતના ગુણ, મૂળની ખાસીઅત.
આતુરતાથી=ઇંતેજારીથી, એક ચિત્તથી.
મુંગે મોઢે=બોલ્યા ચાલ્યા વિના.
દાનવો=રાક્ષસો, અસુરો, ખરાબ બુદ્ધિના પાપાચારી ભયંકર જંગલી માણસો.
કુચો=ચુરો, ભુકેભુકો.
પ્રસન્ન=ખુશી, રાજી,
વરદાન=(વર+દાન) આનંદના આવેશમાં માગેલું આપવું તે.

સવાલ:—(૧) સંકટ સમયે સમય સૂચકતા રાખવાથી શો લાભછે ? અણધાર્યા શંકટ વખતે **શું** કરવું. ?

(૨) અંગ્રેજ ગૃહસ્થે લગાર પણ ગરબડ કરી હોત તો તેનું શું પરિણામ આવત ? અને કૈકેયીએ આંગળીનો ભોગ ન આપ્યો હોત તો શું થાત ?

પાઠ. ૩ જો. સ્વચ્છ હવાની આવશ્યકતા.

આવશ્યકતા=જરૂરીઆત.
અસ્વચ્છ હવા=(અ+સ્વચ્છ) ખરાબ હવા, કારબોનિક એ-સીડ ગ્યાસ.
શ્વાસવાટે=શ્વાસમારફતે
નુકસાનકારક=(નુ+સાન+કારક) બગાડકરનાર, ખરાબીકરનાર.
નિરંતર=હમેશાં, નિત્ય, દરરોજ
હાનિકારક=(હાનિ+કારક.) નુ-કશાન કરનાર.
વાતાવરણ=(વાત+આવરણ.) વાયુનું આવરણ, પૃથ્વીની આસપાસ. વિંટાયલો વાયુ.
(આવરણ=આચ્છાદન, ઢાંકી દેવું તે.)
અસર=લાગણી.
પ્રયોગો=(.પ્ર+યોગો.) અજમાયશ, ખાત્રી.
સિદ્ધ=સાબિત, પુરવાર, નક્કી.
પ્રાણવાયુ=(પ્રાણ+વાયુ.) પ્રાણને આધાર આપનાર ઑક્સિ-જન વાયુ. કે જે પ્રાણને ઘણો જરૂરનો છે તે.
શુદ્ધ=સ્વચ્છ.
દમ=શ્વાસ.
કુદરતે=પ્રભુ કૃતીએ.
પરિણામ=છેવટ ફળ.
તંદુરસ્તી=આરોગ્યતા, સુખાકારી.
જળવાય=સચવાય.
પરમકૃપાળુ=(પરમ+કૃપાળુ.) મોટા, મહેરબાની વાળા
ગોઠવણ=બંદોબસ્ત.
સાઇ=જોગવાઇ, સવડ, સાધન.
કમકમાટ=ચીતળી આવે તેવો. કંટાળો ભરેલો.
બેભાન=(બે+ભાન.) ભાનવગરના ગાંડા જેવા.
વાસ=બદબો.
ઠરાતું=થોભાતું.
મુંઝાઇએ=અકળાઇએ, ગુંગલાઇએ.
પૂરતાં=ખપજેટલાં, જોઇએ તેટલાં.
ધુમાતો=ધુમાડી નીકળે તેવો.
બદબો=નઠારીવાસ, દુર્ગંધ.
ફેલાતાં=પ્રસરતાં.
કોઇપ્રકારની=કોઇપણ જાતની
સંભવ=આશા, ભય,

સારાંશઃ—(૧) બંધિઆર ઘર કે ભોંયરામાં પેસતાં પહેલાં શું કરવું પ્રાણવાયુ કયો છે? બીજા કયા કયા વાયુઓ છે અને તેમના પ્રમાણ તથા ગુણદોષ સંબંધી શું શું જાણવું જોઇએ?

(૨) કલકત્તામાં શું બન્યું હતું? નવાબે કઇ ભૂલ કરેલી હતી? તે ઉપરથી તમારે કઇ બાબતો પર ધ્યાન આપવું જોઇએ? અને હવા સ્વચ્છ રાખવાને માટે કયા ઉપાયો લેવા જોઇએ?

પાઠ. ૪ થો. જોન કૉર્કેન.

જવાંમર્દ=(જવાં+મર્દ) જુવાન મરદ, બહાદૂર પુરૂષ.

પરોપકારી=(પર+ઉપકારી.) બીજાઓનું ભલું કરનાર.

જવલ્લેજ=ક્વચિતજ, ભાગ્યેજ

આયર્લાંડ=ગ્રેટબ્રિટનની પશ્ચીમનો બેટ.

આગબોટ=(આગ+બોટ.) અગ્નિની મદદથી ચાલનારૂં વહાણ.

સુકાની=વહાણને ચોકકસ દિશામાં ચલાવનાર.

વાસ=પરિમલ, ગંધ.

ખોળ=તપાસ.

ભડકો=બળતું.

સર્વ શક્તિમાન=(સર્વ+શક્તિ+માન.) બધી શક્તિ વાળા

ફરજ=કર્તવ્ય. ધર્મ.

બજાવવાની=કરવાની, અમલમાં મુકવાની.

હંકારવા=ચલાવવા.

તુતક=વહાણમાંના ઉતારૂઓની બેઠક.

બુઝાવવા=હોલાવવાના.

સહીસલામત=(સહી+સલામત.) આબાદ, સુખરૂપ, જેવો જોઇએ તેવો.

ઓથું=આડું પડ, પડદો.

ધૈર્ય=ધીરજ, હિંમત, શાંતિ.

દુઆ=આશીશ, આશીર્વાદ.

ચોતરફથી=(ચો+તરફથી) ચારે બાજુએથી.

નિશાની=ઇશારત, શમસ્યા.

વેગ=ગતિ, ચાલવાની ઝડપ.

ઉતારૂઓ=મુસાફરો, પ્રવાસીઓ.

સુખરૂપ=સહીસલામત, કોઇ પણ જાતની અડચણ વિના.
ખડક=પાણીની અંદરના પત્થરના ડુંગર.
આંચ=હરકત.
દરકાર=પરવા, સંભાળ.
પુષ્કળાઇજા=ઘણીજ પીડા.
પહેલવાન=મલ્લ જેવું, કુસ્તીબાજ, જોરાવર.
ભરદરીઆ વચ્ચે=દરીઆના મધ્ય ભાગમાં.
નોંધ=યાદગીરી, યાદી.
શૂરવીરપણું=બહાદૂરી.
શ્રદ્ધા=આસ્થા, વિશ્વાસ.
દૃઢતાથી=મક્કમપણે, નિશ્ચયતાથી

સારાંશ:—(૧) જોન ફ્રેંક્લિનના જીવન ચરિત્ર ઉપરથી આપણને કયો અમૂલ્ય બોધ મળે છે? આગબોટના પ્રવાસીઓએ કઇ જાતની ભારે મૂર્ખતા વાપરી?

(૨) શૂરવીર પણું શેમાં ગણાય છે? લડાઇના શૂરાતન સિવાય બીજી કઇ કઇ બાબતોમાં શૂરાતન બતાવી શકાય?

પાઠ ૫ મો. ગુરૂભક્તિ.

ગુરૂભક્તિ=(ગુરૂભક્તિ.) ગુરૂની સેવા, ગુરૂ તરફની માન અને પ્રેમની લાગણી.
શિષ્ય=વિદ્યાર્થી | માફક=મુજબ.
ભાગવત=હિંદુ ધર્મ શાસ્ત્રની હકીકતનું પુસ્તક. (તેમાં પ્રભુના અવતાર અને પ્રાચીન ઇતિહાસોનું વરણન કરેલું છે.)
ગુરૂપત્ની=(ગુરૂ+પત્નિ.) ગુરૂની સ્ત્રી થવું તે.
બળતણ=સરપણ, બાળવાનાં લાકડાં
શરત=હેડ. | બકી=નક્કી કરી.
કાટકા=કડાકા, મેઘગર્જનાઓ.
મુસલધાર=(મુસલ+ધાર.) સાંબેલાના જેવી જાડી ધાર.
અંધકાર=અંધારૂં | છવાઇ=ફેલાઇ
જળ જળ=પાણીજ પાણી.
દિશા=માર્ગ, બાજુ | સૂઝે=જડે, દેખાય.
ગળ ગળા=સ્નેહથી રડવા જેવા

છાતી સરસા=છાતી સાથે.
એક નિષ્ઠાથી=ખરા ભાવથી.
વેઠવાનો=સહેવાનો | પ્રસંગ=વખત
ગરજ=દરકાર | ભાવ=પ્રીતિ
અમૂલ્ય=(અ+મૂલ્ય.)ઘણીજ કીમતી
કર્તવ્ય=ફરજ,ધર્મ, કામ.
આચાર્ય=ઉપદેશક, ગુરૂ, ધર્મગુરૂ

સારાંશ:—(૧) ગુરૂને શાની જરૂર છે? ગુરૂ શિષ્યો પાસે સેવા શામાટે કરાવે છે? ગુરૂ શિષ્યને શું લાભ કરી શકે?

(૨) શ્રીકૃષ્ણઅને સુદામાનું દૃષ્ટાંત આપણને કયો અમૂલ્ય બોધ આપે છે?

પાઠ ૬ ઠો મનમારવા વિષે.

સાધારણ=હમેશાં વ્યવહારમાં આવતો.
સ્વચ્છંદી=(સ્વ+છંદ+ઇ) પોતાની મરજી માફક ફાવેતેવી, સ્વતંત્ર.
ઢબ=રિવાજ, રીતભાત.
સંયમ=મનને વશ રાખી ચોક્કસ વિચારમાં જોડવું તે,
સ્મરણ=યાદ. | નાસ્તો=ખાવાનું
ઉંઘણશી=બહુ ઉંઘનાર.
ખાટું થઅલું=દીલગીર થએલું
પરવારી ગયો=નવરો થયો.
ઓછું આવશે=ખોટું લાગશે.
જરૂરીઆત=આવશ્યકતા ઉપયોગીપણું.
ડગી=પાછા હઠી.
તજ્યા વિના=છોડી દીધાવગર

સારાંશ:—(૧)સંયમ એટલે શું? સંયમથી શાશા લાભ થાય છે? મન શા માટે કબજે રાખવું? છોકરાઓ સ્વચ્છંદી થવાથીશુ પરિણામ આવે? અને મનને કઇ રીતે કબજે રાખી શકાય?

પાઠ. ૮ મો. ખાવાપીવા વગેરેમાં રાખવાના નિયમ વિષે.

ગીતા=શ્રીમદ્ ભગવદ્ ગીતાં
પરમાત્મા=(પરમ+આત્મા.) પરમેશ્વર.
લાભકારક=(લાભ+કારક.) ફાયદો કરનાર.
વહેવાર=કામકાજ.
અપચો=અજીરણ.
સ્ફુર્તિમાં=ચંચળતામાં.જાગૃતિમાં.
મિષ્ટાન્ન=(મિષ્ટા+અન્ન.) મીઠાઇ. ગળ્યાં, સ્વાદિષ્ટ રાંધેલા અનાજ ખાંડ સાકર અને ઘી વાળા પદાર્થ.
હદબહાર=ગજા ઉપરાંત.
(એક પુસ્તક છે કે જેમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ અર્જુનને કરેલા ઉત્તમ બોધનું વર્ણનછે
મધ્ય=વચલો.
અકરાંતીઆ=ખાતાં ધરાય નહિ તેવા.
ટંક=વખત | સ્વપ્ને=ભુલચૂકમાં
પરવશ=(પર+વશ)ને પારકા તાબે.
પાયમાલ=ખરાબ ખસ્ત.
સમધાત=મધ્યમસર.
ખુશ મિજાજથી=આનંદિતપણાથી.
ગપાટા=ગપ્પાં,ખોટી ખોટીવાતો
પ્રાત:કાળ=(પ્રાતઃ+કાળ) સવારનો વખત.
ધોરણ=નિયમ | બંધારણ=બાંધો.

સારાંશ:—ગીતામાં શું કહેલું છે? ખાવાની અને ઉંઘવાની બાબતમાં શું શું લક્ષ્યમાં રાખવું જોઇએ? પીવાની ચીજો માટે પણ કુદરતની શી આજ્ઞા છે?

પાઠ ૯ મો હિંદુસ્તાનમાં જુદી જુદી કોમો તથા ધર્મો.

કોમો=જાતિઓ.
આર્ય=સૌથી પહેલા હિંદમાં આવી વસેલા બ્રાહ્મણ, ક્ષત્રી ને વૈશ્ય લોકો.

દ્રાવિડ=દક્ષિણ હિંદના લોકો.
શક=સિથિઅન લોકો.
મૂળ=પહેલાંનું, અનાદિ.
વેદ=વેદાંતિક, ઇશ્વરી જ્ઞાન. (યજુર્વેદ, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ,)
રામાયણ=રામચંદ્રજીના જીવન ચરિત્રનું પુસ્તક.
મહાભારત=કૌરવ પાંડવના ઇતિહાસનું પુસ્તક.
પુરાણ=પ્રભુના અવતારની રસમય કથાઓના ગ્રંથ (પુરાણ અઢાર છે.)
ધર્મશાસ્ત્ર=જેમાં હિંદુઓના ધર્મનું વિવેચન કરેલું હોય છે તે, સ્મૃતિઓ.
ગ્રંથો=પુસ્તકો | રચાયા=બનાવ્યા
અનેક=(અન્+એક) ઘણા.
શિવ=મહાદેવ (સંહાર કરનારદેવ
વિષ્ણુ=ઘટઘટ વ્યાપક પ્રભુ. (પાલણ કરનાર દેવ. તેમનાં હજાર નાંમ છે.)
માતા=દેવી (ઇશ્વરી શક્તિ.)
ઉપાસના=ભક્તિ.

વ્રત=કોઇ પણ ધર્મ કર્મ કરવા માટે શાસ્ત્રમાં જે નિયમ કહેલો હોય છે તે.
વૈષ્ણવો=વિષ્ણુના ભક્તો.
અવતાર=જન્મ પ્રભુનું માણસના રૂપમાં અવતરવું તે.
સન્યાસીઓ=સંસાર ત્યાગી સાધુ પુરૂષો.
ઇષ્ટદેવ=મોટા દેવ, જેના ઉપર વધારે આસ્થા હોય તે, પોતે પસંદ કરેલા દેવ.
કબીરપંથીઓ=કબીરનો ધર્મ માનનારા.
કેવળ=ફક્ત | કર્મ=કામ, કરણી
સ્વર્ગ=દેવલોક, વૈકુંઠ.
મોક્ષ=મુક્તિ, ઉદ્ધાર. જન્મમરણથી છુટવું તે.
જન્મમરણ=અવતરવું અને મરવું તે.
સ્થિતિ=હાલત | નારાજ=નાખુશ
ગૌતમબુદ્ધ=બૌદ્ધ ધર્મના સ્થાપનાર.
બ્રહ્મદેશ=ઇરાવતી નદીના કાંઠા પરનો પ્રદેશ.

શ્વેતાંબર=(શ્વેત+અંબર.) સફેદ કપડાંવાળા. (શ્વેતાંબર પંથીઓ પોતાના દેવની મૂર્તિઓને ધોળાં કપડાં પહેરાવેછે.)

દિગંબર=દિક્+અંબર) (દિગંબર પંથવાળા પોતાના દેવની મૂર્તિઓને કપડાં બીલકુલ પહેરાવતા નથી.)

તીર્થંકર=જૈન ધર્મના મોટા અવતારી પુરૂષ (તીર્થંકરો ચોવીસ છે.)

અહિંસા=(અ+હિંસા.) કોઇ પણ પ્રાણીને દુઃખ દેવું કે મારવું નહિં તે.

વૈરાગ્ય=ત્યાગ. સંસારના મોજ વૈભવોથી દૂર રહી. પ્રભુ ભક્તિમાં મચ્યા રહેવું તે.

સિદ્ધાંત=(સિદ્ધ+અંત.) વાદવિવાદથી નક્કી કરેલું તે છેવટનો સાર.

મુસલમાન=મહમદ પેગંબરનો ધર્મ માનનાર ઇસ્લામી લોકો.

તાતાર=તુર્ક લોકોનો મુલક.

પ્રદેશો=(પ્ર+દેશ+ઓ)મોટા દેશો.

પેગંબર=(પેગામ્+બર. પેગામ=સંદેશો ને બર=લાવનાર.) પ્રભુને ત્યાંથી સંદેશો લાવનાર.

કુરાન=મુસલમાનોનું ધર્મ પુસ્તક.

શાખા=ટોળી, મંડળી, જથો.

ઝઘડો=લઢાઇ, ટંટો.

શુદ્ધ વિચાર=સારી વાસનાઓ

શુદ્ધવાણી=સાચાં વચનો.

શુદ્ધ ક્રિયા=સાચાં સારાં કામો.

અવસ્તા=પારસીનું ધર્મ પુસ્તક

જરતોસ્ત=પારસીઓનો પ્રભુ.

બાઇબલ=ખ્રિસ્તિ લોકોનું ધર્મ પુસ્તક.

ઇશુખ્રિસ્ત=ખ્રિસ્તી ધર્મ ચલાવનાર જીસસ ક્રાઇસ્ટ.

પંથ=માર્ગ | મત=વિચાર.

સારાંશઃ—(૧) હિંદુસ્તાનમાં કઇ કઇ જાતિઓ છે? આર્ય, દ્રાવિડ. અને શક શીખ લોક સંબંધી શું જાણો છો?

(૩) વેદ, ગ્રંથ સાહેબ, અને કુરાન, બાઇબલ એ શું છે?

(૪) મહમદ પેગંબર, જરતોસ્તી, ઇશુખ્રિસ્તિ તીર્થંકર, ગૌતમબુદ્ધ વિગેરે કોણ હતા? અને તેમણે કયા કયા ધર્મ સ્થાપન કર્યા?

(૨) રામ, કૃષ્ણ, શિવ, વિષ્ણુ માતા, પુરાણ અને મહાભારત વેદ અને રામાયણ એ સંબંધી શું શું જાણોછો?

પાઠ ૧૦ મો મેગેસ્થિનીસના સમયનું હિંદુસ્તાન.

વસંત ઋતુ=ફાગણ અને ચૈત્રમાસમાં આવતી ઋતુ (વર્ષની છ ઋતુઓ છે તે સંબંધી આગળ તમારા જાણવામાં આવશે.)

સંક્ષિપ્ત=ટુંકો.

ઇતિહાસ=અગાઉના રાજા, રાણીઓની રાજનીતિ તથા તેમનાં જીવન ચરિત્રોનું પુસ્તક,

શિલાલેખ=પત્થર ઉપર કોતરેલા લેખ.

તામ્રપટ=તાંબાની તકતીઓ.

એલચી=પ્રતિનિધિઃ એક રાજ્ય બીજા રાજ્યમાં પોતાના તરફથી શ્રેષ્ઠ આબરૂદાર માણસ મોકલે તે.

ગ્રંથકર્તાઓ=પુસ્તકો બનાવનારાઓ.

કરવું તે.

વ્યવસ્થા=બંદોબસ્ત

ગરબડાટ=ઘોંઘાટ, ગરબડ

થાપણ=મુડી, ભંડોળ.

સહી=મતુ, કબુલાત.

સિક્કા=છાપ.

સદાચાર=(સદ્+આચાર) સારો આચાર, પવિત્ર રીતભાત.

ન્યાયાસન=(ન્યાય+આસન.) ઇનસાફ કરતી વખતે બેસવાની જગા.

તહેનાતમાં=રૂબરૂમાં હજુરમાં

સલાહ=મત, અભિપ્રાય.

શ્રમણ=સાધુ

મૃગચર્મ=હરણનું ચામડું

એકમત=એકાગ્રચિત્ત.

કરી=પરહેજી,

ફુલવેલ=ફુલ અને ફુલના વેલાઓના આકાર.

ઉતારા=નકલો.
ગ્રીક=ગ્રીસ દેશનો રહેવાશી.
કરકસર=જરૂર જેટલુંજ ખરચ
ભરગચ્છી=ભરતવાળાં.
મનાઇ=મના, સખતાઇ.

સારાંશઃ—(૧) ઇતિહાસ, સિલાલેખ અને એલચી સંબંધી શું જાણો છો ?

(૨) મેગેસ્થિનીસ કોણ હતો, હિંદમાં કેમ આવ્યો ? અને હિંદુસ્તાન સંબંધી શું શું લખી ગયો છે.

(૩) હિંદુસ્તાનના લોકોના વર્ગ, અને રાજા તથા બ્રાહ્મણોનું કર્તવ્ય જણાવો.

(૪) હિંદુસ્તાનના અસલના લોક તથા તેમની રીતભાત સંબંધી મેગેસ્થિનીસે શું લખેલુ છે?

પાઠ ૧૧ મો પ્રાચીનકાળમાં હિંદુઓની દરીઆઇ મુસાફરી.

પ્રાચીન=જુના પહેલાનાં.
કાળમાં=સમયમાં, વખતમાં.
મરદાની=મરદને છાજે તેવી.
લાંગરેલી=લંગર નાખેલી.
પુરાવો=સાબિતી ખાત્રી.
ઋગ્વેદ સંહિતા=ઋગ્વેદના મંત્રોનો સંગ્રહ.
વરૂણદેવ=જળ દેવતા.
નાવ=હોડી, નૌકા, વહાણ.
અશ્વનીકુમાર=દેવતાઓના વૈદ્યરાજ (અશ્વિની, અને કુમાર એ બે ભાઇઓ છે. પણ તે બેઉ એકજ દેવ તરીકે ગણાય છે.)
અરસામાં=સમયમાં. વખતમાં
સમુદ્રયાન=સમુદ્રની મુસાફરી કરવાના રીવાજ.
ભૃગુકચ્છ=ભરૂચ.
પુર્વજન્મ=(પૂર્વ+જન્મ.) આગલા અવતાર.
ખલાસી=આગબોટ કે વહાણ

ચલાવવાનો ધંધો કરનાર.
લંકા=સિંહલદ્વીપ.
જાવા=સુમાત્રાના અગ્નિ ખૂ-
ણુમાં એક બેટ છે.
પરીઆપરીઆ=છોકરાંનાં છોકરાં
પેઢી દરપેઢી, વંશપરંપરા.
મંદિર=ઘર.
રળી=પૈસા પેદા કરી.
ઋગ્વેદ સંહિતા=(ઋગ્વેદ=વેદ-
માંનો એક વેદ+સંહિતા=સંગ્રહ.)
ઋગ્વેદના મંત્રોનો સંગ્રહ.

સારાંશઃ—(૧) ઋગ્વેદ સંહિતા અશ્વિની કુમાર, ભુજ્યુ, બુદ્ધ, અને ફાહ્યાન સંબંધી શું શું જાણો છો?

(૨) પ્રાચીન કાળના આર્યો દરીઆઇ મુસાફરી કરતા હતા કે નહિ? જો કરતા હતા તો તેની સાબીતિ શી?

પાઠ ૧૩ મો
ના હું તો ગાઇશ.

ઉગરતા=બચતા.
છીંડું=બાકું.
નિર્મળ=ચોકખી, વાદળાં વગરની
છુપા=ગુપ્ત, છાના.
વહેરોછો=માથે લ્યો છો.
સ્વર=રાગ, નાદ, અવાજ.
ખોખરા કરશે=મારશે.
મહેરબાની=નીઆ, કૃપા.
મઝા=લહેજત, અનુભવ.
શાસ્ત્ર=સામાન્ય નિયમ સંગ્રહ
ગ્રામ=સૂર સંબંધી એક માપ.
મૂર્છના=સૂરને એકવાર ચઢા-
વવા અને પાછા ઉતારવા તે
તાલ=ગાવામાં માત્ર પ્રમાણેનું
માપ.
સ્વર=સૂર.
રાગ=ગાયનની ઢબ.
મીઠું ગાન=મનોહર ગાયન.
ડાંગ=જાડી, મોટી લાકડી.
દાઝ=રીસ, ક્રોધ, ગુસ્સો.
કળવળી=દુઃખ ઓછું થયું.
ઇનામમાં=ભેટ, બક્ષીસ તરીકે.

સવાલઃ—(૧) આમ, તાલ, અમે મૂર્ચ્છના એટલે શું ?

(૨) ગધેડા અને શિયાળની આ વાત ઉપરથી આપણે શું ઉદાહરણ લેવું ?

પાઠ ૧૪ મો મુલતવી રાખવાનાં માઠાં ફળ.

મુલતવી=મોકુફ, વાયદાપર.
સાવચેતી=હોશીઆરી.
મુશ્કેલ=અઘરી.
વેઠવું=સહન કરવું, ખમવું.
અનુભવ=માહિતી, ખાતરી.
નારાજ=નાખુશ.
ગોઠવણ=વ્યવસ્થા, બંદોબસ્ત.
નિબંધ=કોઇ પણ ચોકસ બાબતપર સારી ઇબારતથી લખાણ લખવું તે.
ભલામણ=સીફારસ.
વીમો=વરસો વરસ અમુક રકમ લઇ નુકશાન લાગેથી ઠરાવેલી રકમ પાછી આપવ.નો ઠરાવ તે,
જરૂર=નહિ જેવી, જરાક.
બેદરકારી=આળસાઇ, બેપરવાઇ
નોટ=રૂપીઆને બદલે વપરાતો ચલણી કાગળ.
ભોગજોગે=નસીબ યોગે.
ચેપ=અડકવાથી એક રોગ બીજામાં પ્રવેશ કરે તે.
ખેદ=દીલગીરી, પસ્તાવો.
હેવાલ=હકીકત, વર્ણન.
પ્રસિદ્ધ કર્યું=જાહેરમાં આણ્યુ.
અસરકારક=લાગણી કરે તેવું.
દુઃખદાયક=(દુઃખ+દાયક.) દુઃખ દેનારાં.
પરિણામ=ફળ.
જડ=મૂળ.

સવાલઃ—(૧) પાઠમાં જણાવેલા માણસને પોતાનાં કામો મુલતવી રાખવાથી તેને કયાં કયાં નુકશાન થયાં તે જણાવો ?

(૨) મુલતવી ન રાખીએ તો શા શા લાભ થાય છે તે જણાવો.

પાઠ ૧૫ મો બુઠ્ઠી અને તેના દીકરાઓ.

બુઠ્ઠી=ઘરડી, વૃદ્ધ.
યમન=અરબસ્તાનમાં શહેર છે.
તેવો, ઘણોજ.
આબાદ=સુખી
ખૂબસુરત=(ખૂબ+સુરત) ઘણો સુંદર, ઉદારદીલનો, મોટા મનનો.
પરોપકારી=(પર+ઉપકાર+ઇ) પારકાનું ભલું કરવા વાળો.
પરગજુ.
સખત શબ્દ=કઠોર વચનો.
મગ્ન=ખુશી, આનંદી.
ઇશ્વરને માર્ગે=પુણ્યને રસ્તે
જવાં મર્દી=બહાદુરી.
અદ્ભુત=આશ્ચર્યકારક નવાઇ જેવું.
દુઆ=આશીષ.
એકલપંથી=એકલો, સાથી વ-
શેખ=આરબોની એક મોટી ટોળીનો સરદાર.
ખજાનો=ધન દોલતનો ભંડાર.
અખુટ=(અ+ખુટ.) ખુટે નહિ ગરનો.
ખુદાની મહેરબાની=પ્રભુની કૃપા
ડોળ=ખોટો દેખાવ.
ગપસપ=ખોટી ખોટી વાતો.
માલ મતા=પૈસો દોલત.
ખજાનો=પુષ્કળ ધન.
નિર્ધન=પૈસા વગરના ગરીબ.
જવાહીર=હીરા મોતી વગેરે રત્નો.
ફાંસીઆ=ગળે ફાંસો દઇને મા-રીનાંખનારા.
સ્તબ્ધ=ટટાર, સ્થિર.
જ્ઞાન=સમજણ સારી બુદ્ધિ.
અપકાર=કોઇનું ખોટું કરવું તે
જાનમાલ=જીવ અને દોલત.

સારાંશઃ—હાતિમના ગુણો કેવા હતા ! અને તેનો ઉપદેશ શો હતો ?

બુઠ્ઠીએ તેને કેવી રીતે ઠગ્યો ? અને હાતિમે ફાંસીઆને કેવી

રીતે સુધાર્યા ? હાતિમને જે ખજાનો મળી ગયો તેવોજ ખજાનો તમને મળી જાયતો તમે તેનો ઉપયોગ હાતમે કરી બતાવ્યો તેજ પ્રમાણે કરી શકો ખરા કે ?

પાઠ ૧૬ મો ઉડાઉપણું.

ઉડાઉપણું=ગજા ઉપરાત ખરચ કરવો તે.
બકે છે=નકામો લવારી કરેછે
જહાંપનાહ=દુનિઆનું રક્ષણ કરનાર.
વિચિત્ર=અજાયબી ભરેલો તરેહવાર આશ્ચર્ય કારક.
ખુલાસો=જવાબ, સમાધાન.
કમાઇને=પેદા કરીને
તવંગર=માતબર, પૈસાદાર.
જમાં ઉધાર=આવકને જાવક, પેદાશને ખરચ.
પરિણામે=અંતે, છેવટે.
કમીપડવાથી=ઓછી થઇ જવાથી
અડસટ્ટો=આશરો, સુમાર.
પાકો ઠરાવ=દ્દઢ નિશ્ચય.
પગરણ=અવસર, ટાણું.
આફત=ભયનો પ્રસંગ.
જોગવાઇ=તજવીજ, ગોઠવણ.
બેફીકરાઇ=બેદરકારપણું.
નિંદવા લાયક=વખોડવા જેવી
ગૃહસ્થાઇ=ગૃહસ્થનાં લક્ષણ
ઠાઠમાઠમાં=ખોટા ભપકાઓમાં
હારના=સાથેના, સમોવડીઆ.
ઢગ=ઢગલા.
લેણદાર=રૂ. માગનાર
ઉઘરાણી=લેણી રકમ લેવા આવે તે.
ચિઢીઆ કરે છે=ખિજાય છે.
સ્વતંત્ર=કોઇના કાબુમાં નહિ તે
પરતંત્ર=પારકાના કબજામાં
કોરટ=ઇનસાફની અદાલત
ચેનબાજી=મોજ શોખ
મિથ્યાભિમાન=ખોટો ગર્વ. પતરાજી.
ખરચાળ=ઉડાઉ, ગેરવ્યાજબી
રિવાજ=ધારા નીયમ.
પાયમાલ=ખરાબ.
વાહવાહ=વખાણ.

વળતો દીવસ=બીજે દીવસ.
જપત=કબજે, લેણું વસુલ થવા માટે બીજાના કબજામાં ગયેલી મીલકત.
મીલકત=ધન દોલત, ગામ ગરાસ વીગેરે.
દયામણી=દયા ઉપજે તેવી.
હાથ પહોંચતો હોય=પૈસા સંબંધી સારી સ્થિતિ હોય.
ખુશાલીને પ્રસંગે=આનંદના અવસરે.
જન્મારો=જીંદગી.
પેટે પાટા બાંધી=ગરીબાઇથી દુઃખ વેઠીને ગુજરાન ચલાવી.
દીલગીરી ભરેલું=અફસોસકારક.
કરકસર=જોઇએ તેટલુંજ ખરચ કરવું તે.

સવાલઃ—લાખ વધારે કે વીસ વધારે તે સાબીત કરી બતાવો?

ક્યાં ક્યાં ખરચોથી આપણે દૂર રહેવું જોઇએ ?

ઉપજ અને ખરચ સંબંધી આપણે કયા નિયમો ધ્યાનમાં રાખવા?

ન્યાત વરાઓ, વરઘોડાઓ, અને ચેનબાજીનાં ખરચો કરતી વખતે તમારે કઇ બાબત ધ્યાનમાં રાખવાની છે ?

પાઠ ૧૭ મો.

એક સુખી ગામ.

વસ્તી=ગામના માણસો.
મમતા=માયા, સ્નેહ, હેત.
ગુણીઅલપત્નિ=સારા ગુણોવાળી વહુ
ખાતર=માટે, કાજે, વાસ્તે.
ઉત્સાહમાં=ઉમંગમાં, હર્ષમાં
વેઠ=મફત મજુરી કરાવવી તે.
વૈતરૂ=સખત મજુરી કરાવવી તે
અમસ્તી=મફત, ફોગટ.
વર્તણુંકથી=રીત રીવાજથી
ધડો=દાખલો, દૃષ્ટાંત, ઉદાહરણ
ધર્મિષ્ટ=ધર્મને માર્ગે ચાલનાર
ખુલ્લા દીલથી=સાફ અંતઃકરણથી
ઉદાર=મોટા મનવાળી
ગરાસણીઓ=ગરાસીઆ લોકોની

સ્ત્રીઓ
આવડ=આવડત
ત્રેવડ=ગોઠવણ, વેતરણ
કણબણો=કણબી પાટીદારની સ્ત્રીઓ
ઉતારાભણી=મકાન તરફ
થાણદાર=થાણાના અમલદાર ગેટના ઉપરી, પોલીસો.
વહીવટદાર=કારભાર કરનાર.
હેતભાવથી=માયાળુપણાથી
સૂચના=અગમચેતી, ચેતવણી.
સહવાસથી=સમાગમથી
પાઠશાળા=કોલેજ
કુટુંબપ્રિતિ=કુટુંબના માણસપર જેવો ભાવ હોય તેવો ભાવ.
રસભેર=મજા સહિત
ચંદી=ઘોડાનો=ખોરાક
ઇતિહાસ=હકીકત,ખબર
રમણીય=સુંદર, મનોહર

પાદરે=ગામના ઝાંપા બહારની જગાએ
ગોરજ=ગાયોના પગથી ઉડેલી ધુળ
ઠઠને=ટોળાને | આવકાર=આદરમાન
બંદર માર્ગે=જળમાર્ગે (આગબોટ મારફતે)
જમીન માર્ગે=સ્થળ માર્ગે (ગાડી, ગાડાં, ને રેલવે મારફતે.
ઉત્તેજનથી=મદદથી, સહાયથી
મરણપરણનાં=મોતનાં, અને સારાં ટાણાંનાં
વેતરણ=ગોઠવણ, તોડ, નિકાલ
જૂજ=ઘણો ઓછો
અરસપરસ=આપસમાં-એક બીજામાં
ધીરધાર=નાણાં આપવાં અને લેવાં
દેવાદાર=દેવાળીઆ
નાણાવટી=પૈસાવાળા
પ્રયોગ=યુક્તિઓ, અજમાયશો.

સારાંશ:—પ્રધાન વિદ્યા ચતુર, તથા ગુણસુંદરી અને તેના કુટુંબપર ગામના લોકો એટલી બધી મમતા શા માટે રાખતા ?

પ્રધાને ખેડૂતોને માટે કઇ યોજનાઓ કામે લગાડી હતી અને તેનું શું પરિણામ આવ્યું ?

પાઠ ૧૮ મો.
હિંદુસ્તાનના જુના અને નવા ચાલ.

વિશાળ=લાંબો પહોળો, બધે પ્રસરાયલો.
ચાલ=રીતિ રીવાજ
જનોઇ=ઉપવિત સંસ્કાર
બ્રહ્મચર્ય=બ્રહ્મચારી તરીકેનાં કર્તવ્યો
બડવો=બટુક, બ્રાહ્મણોના છોકરાને જનોઇ દેતા વખતની એક ક્રિયા છે (તેમાં જનોઇ પહેરનાર છોકરો દોડે છે અને તેનો મામો તેને પકડીને પાછો લાવે છે)
જુના કાળમાં=પહેલાના વખતમાં
દેવસાખે=દેવની સાક્ષીથી
લગ્નનો વિધિ=લગ્નની ક્રિયાઓ
પરસ્પર પ્રેમ જોડાવાનો=એક બીજાને પ્રણયબંધનથી બંધાવાનો
પહેરામણી=કન્યાનો બાપ વરને તથા તેનાં સંબંધીઓને જે રકમ વિગેરે આપે છે તે
પલ્લું=સ્ત્રીધન, લગ્ન વખતે કન્યાને ચડાવવામાં આવતા દાગીના
રસિક કળાઓ= રસ ઉત્પન્ન કરનારી યુક્તિઓ
ધર્મ ક્રિયા=ધર્મની વિધી
વિભાગ=ભાગલા, તડ
વર્ણો=જાતો
શસ્ત્ર લીધેલાં=હથીઆર ધરેલાં
ધર્મોપદેશ=ધર્મનો બોધ
સંબંધ=વ્યવહાર
મંડળ=ટોળુ, મંડળી
સમુદ્રની મુસાફરી=દરિઆઈ સફર
અટકાવ=પ્રતિબંધ
પુરાવા=દાખલા, સાબિતી
પ્રાચીન કાળમાં=જુના વખતમાં
અક્કલે=વિચારે, બુદ્ધિએ
દોરાય=ચાલે, ખેંચાય.

સારાંશ:—હિંદુસ્તાનના જુના રીવાજો અને હાલના રિવાજો ગણાવો તથા તેનો મુકાબલો કરો. અને કવિ કાળિદાસના મત પ્રમાણે તેનું સ્પષ્ટીકરણ કરો.

પાઠ ૨૦ મો.
કાર્લીની ગુફાઓ.

ગુફા=પહાડના પોલાણમાંની બખોલો
દેવાલય=(દેવ+આલય) દેવનું નિવાસ સ્થાન, દેહરૂં
ચૈત્ય=પર્વતમાં કોરેલી ગુફામાંનું બૌદ્ધ સાધુનું સુંદર દેહરૂં
ચિતા=ચેહ, સળગતું મુડદું
શિલ્પ કામ=કોતર કામ, ઘાટ
પાઘડી પટે=પાઘડીની પહોળાઇએ
દાગબ=ધાતુ ગર્ભ, પુજાનું ઠેકાણું
સ્થંભ=થાંભલો, મૂર્તિ પ્રતિમા
વિહાર=બૌદ્ધ સાધુને રહેવાની જગા, મઠ
ભિક્ષુઓ=સાધુઓ, ભીખ માગીને ગુજરાન ચલાવનારા
રડયો ખડયો=અજાણ્યો, અચિંત્યો
ક્ષણભંગુર=પલકમાં નાશ થાયએવું
મનની વૃત્તિઓ=અંતરની ઇચ્છાઓ
મારી=કબજે કરી
નિર્વાણ=શાંતિ, મુક્તિ, મોક્ષ
ચોતરફ=ચારો બાજુ
ફેલાવતા=પ્રસરાવતા
કલ્પનામાં=ધારણામાં ક્ષણવારમાં,
દિન ચર્યા=સાધુએ હમેશાં કેમ ચાલવું ને શું કરવું તે, સાધુઓના કર્તવ્યો
સુર્યોદય=(સૂર્ય+ઉદય)=સુરજનું ઉગવું તે
પાઠ=સ્તવન પ્રાર્થના
ભિક્ષા પાત્ર=ભીખ માગી લાવવાનું વાસણ
શંકાઓ=શક, વહેમ, સંદેહ નહિ સમજાએલો વિષય

સારાંશ:—દાગબ, ચૈત્ય, અને વિહાર, તથા નિર્વાણ એટલે શું? બુદ્ધનાં ચૈત્યો કયાં કયાં છે? અને બૌદ્ધ ભિક્ષુઓની કાર્યવાહી તમે શી શી વાંચી ગયા?

પાઠ ૨૧ મો.

હિંદુસ્તાનની નહેરો.

નહેર=નદીમાંથી પાણી લઈ જવા માટે ખોદેલ રસ્તા
માલ=તુલ, અનાજ
હિંદુ શાસ્ત્ર=આર્ય ધર્મ શાસ્ત્ર
સગવડો=અનુકુળતાઓ
સમરાવી છે=સુધરાવી છે દુરસ્ત કરાવી છે
કંપની=ઈ. સ. ૧૮૫૮ પહેલાં હિંદુસ્તાનપર રાજ્ય ચલાવનારી વિલાયતની વેપારી મંડળી
બળદેવજી=શ્રીકૃષ્ણના ભાઈ
હસ્તિનાપુર=દિલ્હી
પટ=પહોળાઈ
ઝુકી રહેલાં=લચી રહેલાં
રસાળ=ફળદ્રુપ, કસવાળો
ખાલસા કર્યું=કબજે કર્યું
સદી=સૈકું
આબાદ=સહીસલામત, સારી સ્થિતિમાં
પ્રસિદ્ધ=પ્રખ્યાત

સારાંશ:—નહેરોથી શા શા લાભ થાય છે? અને હિંદુસ્તાનમાં નહેરો ક્યાં ક્યાં આવેલી છે?

બંગાળા પ્રાંતમાં નહેરો ઓછી કેમ છે? અને હિદુસ્તાનના કયા ભાગમાં વધારે નહેરોની જરૂર છે?

પાઠ ૨૨ મો.

કવિ દલપતરામ.

લોક પ્રિય=પ્રજાનો વહાલો
કવિ=કવિતા બનાવનાર
સાધારણ=જેવો તેવો
સંપ્રદાય=ધર્મનો પંથ
કીમતી=ભારે મૂલનો=
કુશળ=હોશીઆર=ચાલાક
શરાણ=ધાર કાઢવાનું ઓજાર
કાવ્ય કળા=કવિતા બનાવવાનો હુન્નર
સમાગમ=મેળાપ, મુલાકાત
ભાટ=એક જાતના ખરા ખોટા વખાણ કરનારા, બારોટ, બ્રહ્મભટ્ટ
ચારણ=રાજાનો આશ્રિત એક જાત

કે જે નાચવું, ગાવું, ખેલ કરવો, અને ખોટાં વખાણ કરવાં વિગેરે થી પોતાનું ગુજરાન ચલાવે તે.
દંત કથા=મોઢેથી ચાલતી ખરી ખોટી વાતો
કીમતી=અમૂલ્ય
કદર=અરજ, જાણ, પીછાણ
દેશ સેવા=સ્વદેશ ભક્તિ
હિતેચ્છુ=(હિત+ઇચ્છુ) ભલું કરનાર
સોસાયટી=મંડળી
હેતુ=મતલબ, ધારણા
સંબંધ=સમાગમ
ઠરેલ બુદ્ધિ=ડાહી અને અનુભવિ અક્કલ
લાભકારી=ફાયદાવાળી
વેન ચરિત્ર=વેન રાજાની હકીકતનું પુસ્તક
નવી પદ્ધતિ=નવી રીત, નવું ધોરણ
પ્રમુખપણા=અધ્યક્ષપણા, ઉપરીપણા
વાંચન માળા=વાંચનની ચોપડીઓ
કાવ્ય=કવિતાનું પુસ્તક
સી. આઇ. ઇ.=હિંદના રાજ્યનો દોસ્ત
માનવંતો=આબરૂવાળો
ખિતાબ=ઇલ્કાબ
વર્ષાસન=વરસનો પગાર
દેશદાઝ=દેશની દયા
દેવલોક પામ્યા=સ્વર્ગવાસી થયા
લક્ષ=ધ્યાન, ચિત્ત
જમાનો=જુગ, સમય
મહાપુરૂષ=પ્રતાપી પુરૂષ
વર્નાક્યુલર સોસાઈટી=ગુજરાતી ભાષા ખીલવવા માટે સ્થપાયેલી મંડળી.

સારાંશઃ—(આ જીવન ચરિત્ર વિદ્યાર્થીઓએ સારી રીતે સ્મરણમાં રાખવુંજોઇએ

પાઠ ૨૩ મો.

નીચ માણસની નીચ યુક્તિ.

શ્રીમંત=પૈસાદાર, તવંગર
ધાર્મિક=ધર્મ ઉપર શ્રદ્ધાવાળો
નિરાધાર=ગરીબ, કોઇપણ જાતના આશરા વગરનો

પંજામાં=સપાટામાં
સપડાઇ=પકડાઇ, ફસાઇ
મરકી=ઘણાં માણસો મરીજાય એવો પ્લેગ, કૉલેરાના જેવો રોગ
ગુમાસ્તાગીરી=મહેતાજીપણું
પીગળી ગયું=નરમ થઇ ગયું
વાકેફ=માહીતગાર, જાણીતો
ફુરસદ=નવરાશ
ધામધુમ=ઠાઠમાઠ
ત્રિજોરી=ધન ભંડાર
વિશ્વાસઘાતી=ભરોંસો તોડી નાખનાર
સંપૂર્ણ=પૂરેપૂરા | અત્યંત=ઘણીજ
ઉચાપત કરવા= ઓળવા, ઉપાડી જવા
ખોટ=તંગી, ખાધ
સીલક=પરાંત, છત
નીચપણાનો=દુષ્ટતાનો
આંકો=છેડો, પાર, હદ
વ્યસની=ખરાબ ટેવવાળો
આળ=તહોમત ગુના
ઝાડો જોયો=જડતી લીધી
નીચ યુક્તિઓ=દુષ્ટ કાર્યો
જુઠું આળ=ખોટું તહોમત
અન્નદાતા=પાલન પોષણ કરનાર
ત્યાગ કરવો=છોડી દેવો
નીતિને રસ્તે=પ્રમાણિક પણે.

સારાંશઃ—આ પાઠનો સારાંશ એજ છે કે "પોતાના અન્નદાતા (શેઠ, વડીલ વિગેરે) નો વિશ્વાસ ઘાત કરવો, અને બીજા દુર્ગુણો રાખવા-એ પણ નીચપણાનાં લક્ષણ છે. એજ લક્ષણોથી અમીરને ભારે સજા ખમવી પડી. માટે તેવા દુર્ગુણોનો ત્યાગ કરીને પ્રમાણિક પણે જીવન ગાળવું જોઇએ.

:પાઠ ૨૫ મો.

અડવાનાં પરાક્રમ.

અડવો=એક માણસનું નામ છે.
પરાક્રમ=બહાદુરી ભરેલાં કામો.
જુની પ્રાચીન | તોલ=બરાબર
સુખડું=પકવાન, મીઠાઇ વિગેરે ભાતુ
વળાવવા=વિદાય કરવા
વાસો=વાસ, રહેઠાણ

વાસો રહેજે=મુકામ કરજે
છીંડી બારું=ખેતરની વાડમાંથી જવા આવવાનો રસ્તો જ્યાં છીંડું રાખેલું હોય ત્યાં બે પાંખાંવાળું દાટેલું લાકડું
પાધરો=તરતજ | કુપ્પાં=કુલ્લાં
ઘેરૂ=છોડથી ખૂબ ઢંકાઇ રહેલી જગા
હારે=સાથે, જોડે, સંગાથે
બુકાની=માથેથી દાઢીની નીચે સુધી બાંધેલો લુગડાનો કકડો
તીરકામઠાં=ધનુષ, બાણ
હોકારા=બૂમાબૂમ
ધોલ=થપ્પડ
પતીજ=વિશ્વાસ, ભરોંસો
પરખાવો=તપાસરાવો, પરીક્ષા કરાવો

સારાંશ:—અડવાની વાત ઉપરથી શીખામણ લેવાની એ છે કેઃ—"મારવાડી, વાણીઓ, અને સોની પોતાની પાસે જોખમી ચીજો હોવા છતાં અડવા જેવા એક અજાણ્યા અને મુર્ખ માણસના કહેવા પર ભરોંસો રાખી તેણે બતાવેલી જગાને સહીસલામત માનીને બેસી રહ્યા અને પોતાની અક્કલનો ઉપયોગ ન કર્યો તો ચોરોનો ભોગ થઇ પડયા. અને સઘળું ગુમાવી બેઠા." માટે આ ઉપરથી સમજવાનું કે જે કોઇ બીજાની સલાહ પ્રમાણેજ ચાલે અને પોતાની બુદ્ધિથી સમય સૂચકતા સમજી શકે નહિ. તેની પેલા મારવાડી, વાણીઅને સોની જેવી દશા થાય.)

એ બાબત શિક્ષકે દૃષ્ટાંતો આપીને વિદ્યાર્થીઓને સારી રીતે સમજાવવી

પાઠ ૨૬ મો.

સર્વદમનની બાળ ચેષ્ટાઓ.

બાળ ચેષ્ટા=બાળકની રમત (બાળક ચેષ્ટા)
તપોવન=તપ કરવાનું જંગલ
સર્વ દમન=બધાને દબાવનાર, રાજા દુષ્યંત અને શકુંતલાનો પુત્ર ભરત) (સર્વ+દમન)
કાળજુ=અંતઃકરણ, મન
દીકરા=પુત્ર

વહાલ=હેત
અહં=હું
રમકડું=રમવાની વસ્તુ
પ્રાતઃકાળ=સવારનો વખત [પ્રાત +કાળ)
ચક્રવર્તી=જે બધા રાજાઓનો ઉ-પરી હોય એટલે જેની આણ (હુકમ) તેઓ માનતા હોય અને તેને ખંડણી આપતા હોય તેવો
સતાવતો=પજવતો
દીસંતી=દેખાતી
દંત કળીઓ=દાંતની કળીઓ(ઉગતા દાંત)
નિમિત=બહાનું કારણ
કાલી કાલી બોલી=મનને પ્રીય લાગે તેવી ભાષા
તોતલી=બોબડી, તોતડી
પુત=પુત્ર (છોકરો)
મલિન=મેલું
ધન્ય=વખાણ
લેખીએ=ગણીએ

ગણકારવું=માનવું
ઋષિ કુમાર=ઋષિનો છોકરો (ઋષિ+કુમાર)
કૃપા=મહેરબાની
આશ્રમ=મઠ
શોભે=સારૂ દેખાય
આકૃતિ=ચહેરો
આશ્રમ સ્થાન=તપસ્વીનું રહેવાનું ઠેકાણું, મઠ
ચેષ્ટા=રમત
આશ્ચર્ય=નવાઇ
મુનિ કુમાર=ઋષિ પુત્ર
ધર્મ દારા=સ્ત્રી (ધર્મ+દારા) ધર્મ પ્રમાણે લગનથી પરણેલી સ્ત્રી
પુછપરછ=તપાસ
ત્યાગ કર્યો=તજી દીધી
શકુંતલા (૧) શકુંત એટલે પક્ષી (મોર) લાવી (૨) શકુંતલા આવી
તરજુમો=ભાષાંતર એક ભાષામાંથી બીજી ભાષામાં સમજણ પાડવી તે

સારાંશ—શિક્ષકોએ આ સ્થળે શકુંતલાની વાર્તા કહી સંભળાવવી.

પાઠ ૨૭ મો.

કોલંબસની દરિઆઈ મુસાફરી

શિક્ષણ=કેળવણી શિખવાનું
એકઠાં=ભેગાં
બોધદાયક=(બોધ+દાયક)
 બોધ=શીખામણ
 દાયક=મળે તેવી
શરૂ કરી=આરંભી
સદી=સૈકુ
દોલત=પૈસો
લોભાઇ=લલચાઇ
વહાણવટી=વહાણ ચલાવનાર (ખલાસી)
મથવું=મહેનત કરવી તે
ઇરાદો=વિચાર, મનસુબો
ખંડ=જેમાં ઘણા દેશો આવેલા હોય તે એશિયા, યુરોપ,વગેરે
સ્પેન=યુરોપની પશ્ચિમનો દેશ.
વિદ્વાન=ઘણું ભણેલા તે
ટાપુ=બેટ
શુદ્ધ=ખરી (ચોખ્ખુ)
હંકાર્યા=ચલાવ્યાં હાંક્યાં
પવન પડેલો હતો=બંધ હતો
આભ=આકાશ
અધીરા=ધીરજ વગરના
ફોસલાવી પટાવી
ધમકાવ્યા=ધમકી આપી
કબજે રાખ્યા=વશ કર્યા
કંટાળ્યા=કાયર થયા
અશકય=(અ+શકય)
 બની શકે નહિ તેવું
ચિન્હો=નીશાનીઓ
સ્પષ્ટ=ખુલ્લાં
કોતરકામવાળું=કોતરેલું
આશા=વિશ્વાસ ભરોસો
આંખ ન મીચતાં=ઉંઘ્યા વગર
તુતક=વહાણ
સાથી=સોબતી
આનંદભર્યા શબ્દો=ખુશાલીના પોકાર
પહોફાટયો=પ્રભાત સમય થયો
 (વહાણું વાયું–સુર્ય ઉગ્યા પહેલાનો વખત)
શંકા=વહેમ
વૃક્ષો=ઝાડો
ઇશ્વિર સ્તુતિ=પરમેશ્વરનાં વખાણ
કનડગત=હેરાનગતિ
ચુંબન=બોકી ચુંબવું તે
દ્રઢતા=નક્કી વિચાર.

ઉપરી=અધીકારી
સ્વાર્થ=(સ્વ+અર્થ) પોતાનો લાભ
ખાતર=માટે

સારાંશ—શિક્ષકોએ આ પાઠ આપતી વખતે કોલંબસનું જીવન ચરિત્ર કહી સંભળાવવું.

પાઠ ૨૮ મો.

બોલ્યું પાળવા વિષે.

સત્યવાદી=(સત્ય=ખરૂં વાદ+ઇ)સાચુંનાર
યજ્ઞ=હોમ
દક્ષિણા=દાનપર રોકડ ભેટ
કસોટી=પરીક્ષા
ક્ષણ=વખત
માર્ગ=રસ્તો–વાટ
સર્વસ્વ=તમામ
મુદત=વખત
પુષ્પ=ફુલ
વેરેલ=–પાથરેલ
સ્થાનક=ઠેકાણે, જગાએ
અયોગ્ય=(અ+યોગ્ય) લાયક નહિ.
કંટકવન=કાંટાવાળું વન
પુઠે=પાછળ
સુંવાળી=દુઃખ સહન કરી ન શકે
તેવી પોચી.
ક્ષત્રિયાણી=(ક્ષત્રિય+આણી) ક્ષત્રિની બૈરી.
ધૈર્ય=ધીરજ
બોલ=વચન
આગ્રહ=તાણ
ચૌટામાં=બજારમાં
નિંદી=વગોવી
અર્ધાંકાયા=અર્ધાંગના (સ્ત્રી)
મૂલ=કિંમત
દ્રવ્ય=પૈસા
સ્તબ્ધ=બોલ્યા ચાલ્યા સિવાય
છેડો=પાલવ
આજીજી=વિનતિ
ચંડાળ=નીચાં કામ કરનાર ભંગીયો
મસાણ=મડદાં બાળવાની જગા
અગ્નિ=દેવતા
મુડદાં=મરેલાં પ્રાણી

જાળામાંથી=દરમાંથી

અનાથ=(અ+નાથ) ધણી વગરની નીરાધાર

દેવું=કરજ

કર=ફી

ગુસ્સે થયો=ક્રોધે ભરાયો

ચિતા=ચેહ

વરદાન=માગેલું આપવું તે

સારાંશ--શિક્ષકોએ આ પાઠ આપતી વખતે હરિશ્ચંદ્ર રાજાના જીવન વૃત્તાંતનું રહસ્ય સમજાવવું અને તે પરથી વિદ્યાર્થીઓને સત્યને માર્ગે વાળવા અસરકારક બોધ આપવો.

પાઠ ૨૯ મો.

સુરપાણ આગળનો જળ ધોધ.

જળધોધ=પાણીનું જોસથી પડવું તે

ચાણોદ=ભરૂચ જીલ્લામાં નર્મદા નદીના કિનારા ઉપર આવેલું જાત્રાનું ઠેકાણું

સામે વહેણે=નદી વહેતી હોય તેની સામી દિશાએ

પનાઇ=છાછરા તાળીઆની નાની હોડી

બાહુ=હાથ

ફેફસાં=શ્વાસોશ્વાસની ઇંદ્રિય.

આદિત્યેશ્વર, ગરૂડેશ્વર } ઇશ્વરનાં નામ છે.

છાછરાં=ઓછાં ઉંડાં

વેગ=જોસ

રાજપીપળા=રેવાકાંઠા એજન્સિનું સંસ્થાન

કાળભૈરવ=શિવનું ભયંકર રૂપ

પટ=પહોળાઇ

હરણફાળ=એટલે કુદકો મારી શકે તેટલું

ઢાળ ઉતાર=ઢાળ પડતો

પાત્ર=નદીને વહેવાનો માર્ગે

ફીણ=પાણીના પડવાથી થતીસફેત તર

ભાસ=દેખાવ

અનંત=ઘણીજ(અન+અંત) છેડા વગરની

સદાવ્રત=(સદા+વ્રત) ગરીબ મુસાફરોને ધર્માદા સીધું આપવું તે.

પાઠ ૩૧ મો.

સીતા અને કનક મૃગ.

સીતા=રામની સ્ત્રી જનકની પુત્રી જાનકી.
કનકમૃગ (કનક+મૃગ) સોનાનો હરણ
પંચવટી=પાંચ વડનો જથો નાશક-ની સામે ગોદાવરી નદીને કાંઠે છેતે
નેત્ર=આંખ
ઠારવું=સંતોષ પમાડવું
અલૌકિક=દૈવી કોઇ વખત ન દીઠો હોય તેવો.
મૃગલાં=હરણ
બુટ્ટી=તરેહ
દીપી=શોભી
આર્ય પુત્ર=ધણીને બોલાવવામાં આ શબ્દ વપરાતો હતો,
વગડાઉ=જંગલી
મનોહર=મનને હરણ કરનાર સુંદર
અયોધ્યા=સરયુ નદીને કાંઠે શહેરછે
છક=દીંગ
મૃગચર્મ=હરણનું ચામડું તે પવિત્ર ગણાય છે.
રાક્ષસ=દૈત્ય, અસુર
જાનકી=સીતા
આસન=બેઠક
ધનુષ=કામઠું
બાણ=તીર
યુક્તિ=ગોઠવણ
કારમી=ભયંકર
ચીસ=ગભરાટમાં પાડેલી બૂમ
પર્ણકુટી=ઝુંપડી
ફાળ=ધ્રાસકો
વલોવાઇ=ઉથલપાથલ થઇ
કઠોર=વજ્ર જેવાં, કડવાં, ન કહેવાય તેવાં
હરિઆળી=લીલોતરીવાળી
અલખ=પરમાત્મા
બ્રહ્મ=શિવ
જગાવતો=બોલતો
અતિથિ=ભીક્ષા માગવા આવેલો માણસ
પ્રત્યે=તરફ
પોત=જાત
રાતાં થઇ=ગુસ્સે થઇ કોપાયમાન થઇ
ભમર ચઢાવી=આંખો કાઢી
વિકાળ=બીક લાગે તેવું
ધારણ કર્યું=પ્રકાસ્યું પ્રગટ કર્યું
રથ=ચાર પૈડાવાળી ગાડી, વહેલ

સારાંશ:—આ પાઠ શિક્ષકોએ પ્રથમ વાર્તારૂપે કહી જવો. અને સીતાજીની માફક ખોટી હઠ કરવાનાં કેવાં દુષ્ટ પરિણામ આવે તેનો વિદ્યાર્થીઓને ખ્યાલ કરાવવો.

પાઠ ૩૨ મો.

એક કંજુસની વાર્તા.

કંજુસ=કૃપણ

વિદ્યાર્થીના આશીર્વાદ=ભીખ માગવી તે.

ગુજરાન=ભરણ પોષણ

ઝીકમારવી=પત્થર ઉપર પછાડીને ધોવું તે

વારસો=બાપદાદા તરફથી મળેલી પુંજી

વધ્યા શધ્યા=વધેલા

ખડખડાટ=અવાજ

સંકલ્પ=દૃઢ વિચાર કરી હાથમાં પાણી લઇ પૃથ્વી ઉપર મુકવું તે

મુશ્કેલી=આપદા દુઃખ

ધાસ્તી=બીક

સંન્યાસી=ત્યાગી

સારવાર=બરદાસ

કૃપણ=કંજુસ

સારાંશ:—શિક્ષકોએ "ખરેખર કૃપણનું ધન કાંકરા બરાબરજ છે." એનો ભાવાર્થ સમજાવવો. અને અતિ કંજુસાઇથી નિપજતાં નઠારાં પરિણામનાં બીજાં પણ દષ્ટાંત આપવાં.

પાઠ ૩૩ મો.

આંખની બનાવટમાં પરમેશ્વરની ચાતુરી.

બનાવટ=ઘાટ ઘડવણ.

ચાતુરી=ચતુરાઇ

નાસ્તિકપણું=ઇશ્વર નથી એમ માનવું તે

ખાતરી=ભરોસો

અદ્ભુત=અજબ

કર્તા=બનાવનાર

અસાધારણ=સાધારણ નહિ (ખણીજ)

કીમતીપણું=ઉપયોગીપણું
મેદ=શરીરમાંનો એક જાતનો ધાતુ (જાડા માણસમાં વધારે હોય)
સંરક્ષણ=સંભાળ
ભમર=ભવાં
છાજલી=છજું
જતન=રક્ષણ
ડોળો=આંખનો ગોળો
વિશ્વ=દુનીઆ
બ્રહ્માંડ=વિશ્વ-(બ્રહ્મ+અંડ) બ્રહ્માએ બનાવેલો પૃથ્વીનો ગોળો
અંધેર=અંધારૂં
ગરજ=કામ
શાખ=સાક્ષી
જ્ઞાન શક્તિ=અકલનું બળ
સ્પષ્ટ=ખુલ્લી
નેત્ર=આંખ
કળા=ખુબી
શ્રદ્ધા=આસ્થા

પાઠ ૩૫ મો.

પારકી આશ સદા નિરાશ.

પારકી આશ=બીજાની આશા
પરસ્પર=એક બીજાનો
સ્નેહ=પ્રેમ
એદીપણું=આળસાઇ
ભૂસ્તરવિદ્યા=પૃથ્વીનાં પડ ઓળખવાની વિદ્યા
મોજમઝા=અમન ચમન
મુનીમ=કારભારી
ખોળ=શોધ
તલાટી=જમીન મહેસુલ ઉઘરાવનાર કારકુન.
અગત્ય=જરૂર
ધ્યાન=લક્ષ
આધારે=આશરે ભરોસે
ખોદાણ=ખોદકામ
સ્વાશ્રય=પોતાની મદદ (સ્વ+આશ્રય
કાળજી=ફીકર
કર્મ=નસીબ
ખુદા=પરમેશ્વર
ધારો=કાયદો
ફળ=પરિણામ
અદકો=મોટો
આપ=પોતાનો | બાપડું=ગરીબ
પૂર પ્રતાપ=પુરેપુર પરાક્રમ

સારાંશઃ--પારકી આશ સદા નિરાશ અને હિંમતે મરદા તો મદદે ખુદા. એ કહેવતોનો ભાવાર્થ શિક્ષકોએ સારી રીતે વિદ્યાર્થીઓને સમજાવવો. અને બીજા ટુંકાં ટુંકાં દૃષ્ટાંતોથી તેમના મગજમાં સારી રીતે ઠસાવવો.

પાઠ ૩૬ મો.

વાસ્કોડી ગામાની સફર.

સફર=લાંબી મુસાફરી
ધનાઢ્ય=ધનવાળો પૈસાદાર
કીર્તિ=આબરૂ
દરીઆઇ માર્ગ=જળમાર્ગ વહાણ વાટ
વતની=રહેવાશી
વેર=દુશ્મનાવટ
કેપ=ભૂશિર
ઓફ=ની
ગુડ=સારી
હોપ=આશા
લિસ્બન=પોર્ટુગાલની રાજધાનીનું શહેર
નાતાલ=અંગ્રેજની દીવાળી, ખ્રીસ્તમસ તા. ૨૫-ડીસેમ્બરથી એક અઠવાડીયું.
ભાવ=પ્રિતિ
ભોમિયો=રસ્તાનો જાણીતો
કાલીકટ=મલબાર કાંઠે બંદર છે
મથક=ઠેકાણું
સિંહલદ્વીપ=લંકા
પરવાનગી=રજા
આવકાર=આદરસત્કાર
સમૃદ્ધિ=દોલત
છક=દિંગ
નજરાણું=ભેટ
છૂટ=રજા
ધક્કો=નુકસાન
ખટપટ=મસલત
પૂર્ણ=પુરેપુરી
હિત=ભલુ
પ્રવેશકર્યો=પેઠો.

સારાંશ:—(૧) ઇ. સ. ના પંદરમા સૈકા પહેલાં હિંદુસ્તાનનો માલ ક્યાં ક્યાં અને કેવી રીતે જતો ? (૨) હિંદુસ્તાનનો દરિઆઇ માર્ગ શોધવા માટે યુરોપના કયા કયા વહાણવટીઓએ પ્રયત્ન કરેલો ને તેમાં કોણ ફાવી ગયા ?

(૩) પંદરમા સૈકામાં હિંદમાં કયું બંદર મોટું વેપારી મથક હતું અને ત્યાંથી કયા કયા દેશોમાં શો શો માલ જતો હતો ?

પાઠ ૩૭ મો.

વરાળ યંત્રની શોધ.

વરાળ=યંત્રવરાળથી ચાલતો સંચો
ઉમરાવ=અમીર
કીટલી=ચાદાની
નાળચું=નળી
જોસબંધ=જોરથી, ઉતાવળથી
ટુરંગ=કેદખાનું
પ્રયોગ=અજમાયશ (ટ્રાય)
સજડ=બરાબર.
અનુભવ=માહીતી
રચ્યું=બનાવ્યું
સ્કોટલાંટ=ગ્રેટબ્રિટનમાં એક દેશ છે.
બુદ્ધિશાળી=અક્કલવાળો.
અવલોકન=બારીક તપાસ
ગ્લાસગો=સ્કોટલાંડમાં મોટું શહેર છે
નમુનો=ઘાટ, આકાર
ખામી=ભુલ, ઓછાપણું
આરંભ=શરૂઆત
ધુમકેતુ=પુછડીઓ તારો
ક્લાઇડ=સ્કોટલાંડમાં નદી છે.
આટલાંટીક=એ નામનો મહાસાગર છે.
ઉપરા ઉપરી=એકપછી એક
આગબોટ=વરાળ યંત્રથી ચાલતું વહાણ
ઇજનેર=બાંધકામનો અનુભવી
દરજ્જો=હોદ્દો.
જાતબુદ્ધિ=પોતાની અક્કલ.
અપૂર્વ=પહેલાં નહિ થયેલી.
રેલ્વે=લોઢાની સડકનો રસ્તો. (જેના ઉપર આગગાડી ચાલે છે.)

ફતેહમંદી=જીત
રમુજ=ગમત
નિર્ભય=ભય વગરનું
ખંત=કાળજી.
નવાઇ=આશ્ચર્ય-અચરતી.
હવાઇ=હવામાં ઉડે છે. તે દારૂખાનું
જાહોજલાલી=ચઢતી-શોભા, ભપકો
પ્રતાપે=આસરે
પાઉંડ=સોનાનાણું એની કીંમત પંદર રૂપીઆ બરાબર થાય છે.

સારાંશ:—આ પાઠ વંચાવીને વરાળયંત્રો સંબંધી બીજી સંપૂર્ણ હકીકત વિદ્યાર્થીઓને સમજાવીને પછી, “ વરાળયંત્રો, તેના શોધકો, અને તેમણે કરેલી શોધો ” એ સંબંધી નિબંધ લખવા વિદ્યાર્થીઓને કહેવું.

પાઠ ૩૯ મો.

પ્રેમાનંદ.

મતભેદ=દરેક જણનું જુદું જુદું કહેવું તે
એકંદર=સામટો.
પુરાવો=સાબીતી.
બચપણમાં=બાળપણમાં
નિર્ધન=પૈસા વગરના
ઉપરાંત=ઉપર
પણ=બાધા-એક નિશ્ચય નિયમ.
નિશ્ચય=ઠરાવ.
આખ્યાન=કથા-વાર્તા.
નાટક=ગદ્ય પદ્યના લખાણનું પુસ્તક
શોખ=ઇચ્છા-મરજી
તરેહ=રીત
ભાવ=પ્રીતિ
બોધ=શિખામણ
શામળ=નરસિંહ મહેતાનો દીકરો
શીઘ્ર=ઘણીજ ઝડપથી લખેલી
નળાખ્યાન=નળરાજાની વાર્તા.
મામેરૂ=મોસાળુ
નકલો=કોપીઓ.
કવિત્વશક્તિ=કવિતા બનાવવાની શક્તિ-(આવડ).

ખુસામત=પળસી.
સ્વર્ગવાસ=મરણ.
આરોગ્ય=તંદુરસ્ત.
ઓખા=બાણાસુરની કન્યા, અની-
રૂદ્ધની સ્ત્રી.
સુભદ્રા=દેવકીની પુત્રી, કૃષ્ણની બેન,
અર્જુનની સ્ત્રી—અભિમન્યુની મા
સુધન્વા=ચંપાવતીના રાજા હંસ-
ધ્વજનો પુત્ર.
પાત્ર=ઠેકાણું
રસીલા=રસીક—રસ આપનાર.

સારાંશઃ—આ પાઠ વાર્તા રૂપે કહી જઇને પછી " પ્રેમાનંદ અને તેનાં લખેલાં પુસ્તકો " એ સંબંધી વિદ્યાર્થીઓ પાસે નિબંધ લખાવવો.

પાઠ ૪૦ મો.

હારૂનઅલ રશીદ.

રહેણી=રીતભાત
પેગંબર=ઇશ્વરના ત્યાંનો સંદેશો લા-
વનાર.
ધડો=દાખલો
ખલીફા=હજરત મહમદ પેગંબરના
વારસ.
શસ્ત્ર=હથિઆર
વંસપરંપરા=છોકરાનાં છૈયાં સુધી
ઓલાદથી ઉતરી આવેલા
દમાસ્કસ=એશિઆઇ તુર્કસ્તાનમાં
આવેલું આખી દુનીઆમાં જુનુ
શહેર છે.
પ્રપૌત્ર=છોકરાના છોકરાનો છોકરો.
ખલીફાત=ખલીફાની ગાદી.
બગદાદ=એશિઆઇ તુર્કસ્તાનમાં શ-
હેર છે.
વૃદ્ધિ=વધારો.
ધર્માધ્યક્ષ=ધર્મનો ઉપરી (ધર્મ+
અધ્યક્ષ).
મુરબ્બી=મોટા—આસરો આપનાર
દીનાર=એક અઢી રૂપીઆની કીંમ-
તનો જુનો સિક્કો.
તાજુબી=નવાઇ
ખજાનચી=ખજાનાનો ઉપરી (સરાફ)

જનાનખાનું=બૈરીઓને બેસવાનું ઠેકાણું રણવાસ.
સુખ=ભાન
દામ=નાણાં
અલરસીદ=ઇનસાફી
હવાલે=તાબે કબજે.
તાબડતોબ=એકદમ
સંકટ=દુઃખ.

સવાલ:--(૧) ખલીફા. ધર્માધ્યક્ષ, અને ખિલાફતના અર્થ ખુલાસા સાથે સમજાવો. (૨) હારૂન અલરસીદનું જીવન ચરિત્ર કહો. અને તમે તેને કેવા ખલિફા તરીકે માન્ય આપશો ? તેણે કયું કાર્ય ડાહાપણ ભરેલું કરેલું છે ?

પાઠ ૪૧ મો.

દેશાટનના ફાયદા.

દેશાટન=દેશોદેશ ફરવું તે (દેશ+અટન)
શ્લોક=સંસ્કૃત કવિતા
મિત્રતા=ભાઇબંધી
પરાક્રમ=બહાદુરી
આપવડાઇ=મીથ્યાભિમાન પતરાજી
કષ્ટો=દુઃખો
વાંધો=હરકત
જાતહિંમત=પોતાની હીંમત
હુનર=કળા
ખ્યાલ=અટકળ-ધારણા આશરો.
પુસ્તકાલયો=(પુસ્તક+આલયો) લાયબ્રેરીઓ.
સંગ્રહસ્થાનો=પ્રદર્શનો
ઇસ્પીતાલો=દવાખાનાં
તાજમહેલ=મહેલનું નામ. એક દુનિયામાં સુંદરમાં સુંદર ઇમારત આગ્રામાં છે.
ઘુમટ=ઉઘાડેલી છત્રીના જેવો ઘાટ
કૃતિ=કામ
નિહાળવાથી=જોવાથી અવલોકવાથી
અપાર=પારવગરની, અનંત.
મિઠાશ=મજા.
સ્મરણ=યાદદાસ્તી.
ભાવ=ઇરાદો-પ્રેમ.
પુરતી=પુરી.

સારાંશ:—દેશાટન અને તેના ફાયદા વિષે શિક્ષકોએ અનેક દાખલા દલિલોથી વિદ્યાર્થીઓના મગજમાં ઠસાવવું. અને તે સંબંધી નિબંધ પણ લખાવવો.

પાઠ ૪૨ મો.

ખારીલાપણું.

અવગુણ=ખરાબ ગુણ, દોષ
અર્થ=ભાવાર્થ, મતલબ.
ઉદાર=મોટા મનનો
પ્રેમી=હેતાળ, માયાવાળો.
નીચ=હલકા મનનો
દ્વેષી=અદેખા.
ઉજળો=ખરેખરો
ક્રુરપણું=ઘાતકીપણું
દ્વેષ=વેર, અદેખાઇ શત્રુતા, દુશ્મનતા
ઘોળાયા=થયાં
ધુંટાયા કરતો=મનમાં ગુંચવાયા કરતો
સારાપણું=ભલાઇ, નેકી
લુણો=છો, ઈંટ, કે માટીમાં જે ખારો જામી જાય છે તે.
ખારીલા=અદેખા, ઇર્ષાળુ.
શક=સંદેહ, વહેમ.
ખાર=શત્રુતા, વેર.
કાયમ=નિરંતર, હમેશાં.
ખારીલાપણું=અદેખાઇ
પ્રફુલ્લતા=આનંદીપણું
સ્વાર્થ=પોતાની મતલબ.
કૃત્ય=કામ, કાર્ય
સાધવામાં=પારપાડવામાં
આડું આવે=હરકત કરે.
ફલાણો=અમુક
દૂષીલા=ઝેરીલા
ધિક્કાર=ફિટકાર, તિરસ્કાર
ઉમદા દીલના=ઉદાર મનના
કોશલદેશ=બહાર, અયોધ્યા, અને આગ્રા પ્રાંતો
ઘાતકી રીતે=જુલમ ગુજારીને રીબાવી રીબાવીને
દુશ્મનાવટ=શત્રુતાઇ
ઓસડ=ઉપાય, ઇલાજ
પ્રેમ=માયા, હેત
ક્ષમાનો=માફી આપવાનો.
બહાદુરી=પરાક્રમ, વીરપણું
વીરનું=બહાદુરનું
ભૂષણ=પોષાક, શણગાર.

સારાંશઃ—(૧) ખારીલાપણું અને ઉદારપણું એનો મુકાબલો દ્રષ્ટાંત આપીને સમજાવો. (૨) બૌદ્ધ ધર્મના પુસ્તકમાં શી વાર્તા લખી છે? અને કોશલરાજાએ મરતી વખતે પોતાના પુત્રને "દુશ્મનાવટનું ઓસડ દુશ્મનાવટ નથી પણ પ્રેમ છે." એવો ઉપદેશ કેમ આપ્યો હશે?

પાઠ ૪૩ મો.

શાંતિભરી હિંમત.

શાંતિભરી=ધીરજવાળી
કરિઆણું=ગાંધીની દુકાને મળતા મસાલા ઓસડ વગેરે વસ્તુઓ.
વખાર=પુષ્કળ માલ જથાબંધ રાખવાની સહીસલામત જગા.
ટુચકો=ઈલાજ, ઉપાય.
ધાસકો=ભય, ગભરાટ
મોગરો=દીવાની વાટની સળગતી ચીણગારી.
જોત=સળગતી વાટ
જાનમાલ= જીવ અને ધન દોલત
દૃઢતાથી=ચોકસપણાથી
રચ્યો=કર્યો, બનાવ્યો
પ્રસંગ=સમય, વખત
સ્થિર=શાંત, દૃઢ ચોકસ
સ્વસ્થ=શાંત
માર્ગ સુઝી આવ્યો=ઉપાય હાથ લાગ્યો.
યત્ન=પ્રયત્ન, મહેનત.

સારાંશઃ(૧) શાંતિભરી હિંમત અને સમય સૂચકતાનો તફાવત તથા મુકાબલો સમજાવો. (૨) અને કરિઆણાના વેપારીની વાત ઉપરથી આપણને કયી કયી અમૂલ્ય શિખામણ મળે છે તે જણાવો.

પાઠ ૪૫ મો.

દશેરાનો દિવસ.

આશ્વિન=આસો મહિનો.
શણગારવામાં=સાજ સજાવવામાં
માવતો=હાથીને ચલાવનાર નોકરો.
ખવાસ=હજુરીઆ, ચાકર.

ભાંડ=મશ્કરા માણસો
મલ=કુસ્તીબાજ, પહેલવાન
વાહન=ગાડી, રથ, પાલખી વિગેરે
અધીરા=ધીરજ વગરના
જાગરણ=ઉજાગરો.
ભીડ=ગરદી, ઠઠ
આશ્ચર્યકારક=નવાઈ જેવું.
સુંદરીઓ=સુંદર સ્ત્રીઓ.
નાના પ્રકારના=જુદી જુદી જાતના
રમણિક= મનોહર, સુંદર
સ્પર્ધા=વાદવિવાદ, હરિફાઇ
ઉત્સવ=આનંદનો દિવસ
ભરપુર=પૂરાં ભરેલાં
ઉમેદથી=હોંશથી, આશાથી
વકરો=વેચાણ
હર્ષને બહાર જવાનો રસ્તો આપતા હતા=ઘણો આનંદ બતાવતા હતા.
રાજ પાઠિકા=રાજાને રહેવાનો મહેલ
લગતા=લાગેલા, અડેલા, નજીકના
ચોખુણાકાર=ચાર ખુણાવાળો
અષ્ટખૂણ=આઠ ખૂણાવાળા.
બુરજો=મિનારા.
ધોરી રસ્તો=રાજમાર્ગ
કીર્તિસ્તંભ=યાદગીરીના થાંભલા.
રાસ=શ્રીકૃષ્ણ અને ગોપીઓની એક મનોહર ફેરફુદડીની રમત.
કોરી=કોતરી.
ભપકાદાર=શોભિતાં
ચોઘડીઆં=ચાર ચાર ઘડીએ વગાડવાની નોબતો (નગારાં)
નોબત=મોટું નગારૂં
શંખનાદ=શંખનો અવાજ
શય્યા=પથારી, બિછાનું
ઇષ્ટદેવ=મહાદેવ. પોતાના ઇચ્છિત દેવ
સમક્ષ=રૂબરૂ
મંત્રો=દેવની સ્તુતિના શ્લોકો
ધારા પ્રમાણે=નિયમ મુજબ
દક્ષિણા=બ્રાહ્મણો અને અતિથીઓને દ્રવ્ય વિગેરે જે આપવામા આવે છે તે.

સારાંશ:—આ ઉપરથી દશરા વિષેનો નિબંધ લખતાં બરાબર આવડવો જોઇએ.

પાઠ ૪૬ મો.
રામાયણ અને મહાભારત
ભાગ ૧ લો.

જોડું=નર અને માદા બન્ને
પારધી=શિકારી
બાણ=તીર
લાગણી=દયા, અનુકંપા
સ્નેહમાં=હેત, પ્રીતિમાં
માઠી દશા=ખરાબ હાલત
હરીજનાર=છુપી રીતે લઇ જનાર
સુંદર કાવ્ય=સારી અને લાંબી કવિતા
સૂઝયું=સમજવામાં આવ્યું. ધ્યાનમાં આવ્યું.
રામાયણ=રામચંદ્રજી અને સીતાના જીવન ચરિત્રના ઇતિહાસનું પુસ્તક
મહાભારત=પાંડવ અને કૌરવો વચ્ચે થયેલા તુમુલ યુદ્ધના અથ ઇતિ ઇતિહાસનું પુસ્તક.
પંચવટી=પાંચ વડવાળી જગામાં સીતાએ બાંધેલ પર્ણકુટી.
સુગ્રીવ=કિષ્કિંધાના રાજા વાલી વાનરનો નાનો ભાઇ.
હનુમાન=રામચંદ્રજીનો વફાદાર દાસ અને પવનદેવ તથા અંજનીનો પુત્ર
અંગદ=સુગ્રિવનો ભત્રિજો અને વાલી રાજાનો દીકરો.
જાંબુવાન=રાવણ સાથેના યુદ્ધમાં રામચંદ્રજીને સહાય કરનાર રીંછોનો રાજા.
વાનર=વાંદરાના આકાર જેવા
મિત્રાચારી=દોસ્તી
અનાર્યો=હિંદુસ્તાનના જુના રહે. વાસીઓ.
પત્તો=ઠામ, ઠેકાણું
અશોકવન=રાજા રાવણની લંકા નગરીમાં 'અશોકવન' નામનો એક ભવ્ય બાગ હતો.
એંધાણી=નિશાની.
સૈન્ય=લશ્કર, ફોજ
અનુચરો=સેવકો. નોકરો.
પડાવ=મુકામ
વિષ્ટિ=સલાહનું ઠેકાણું સમાધાન
વિભિષણ=રાજા રાવણનો નાનોભાઇ અને ભગવાનનો પરમ ભક્ત.
ફોકટ=વ્યર્થ નકામો.
ઇંદ્રજિત=(ઇંદ્ર+જિત) સ્વર્ગના રાજા ઇંદ્રને જીતી લેનાર રાવણનો

સૌથી મોટો છોકરો, લંકા નગરીનો પાટવી કુમાર.
પ્રવેશકર્યો=દાખલ થયા
ગર્ભવંતી=હમેલવાળી દહાડા રહ્યા હોય તેવી.
વનવાસ=જંગલમાં રહેવાનું તે
જોડકા=સાથે જન્મેલા
અશ્વમેધ=એ નામનો યજ્ઞ બધા રાજાઓ સાથે જીત મેળવીને તે કરવામાં આવતો.
પતિપત્નિ=વર અને વહુ
રાજાના ધર્મ=રાજાની ફરજો.
વર્ણવ્યા છે=વર્ણન કરેલું છે.

સારાંશ:—રામ, અને તેમના ભાઇઓ તથા રાવણ સાથેના યુદ્ધમાંના તેમના સહાયકોનાં નામ અને ઓળખાણ આપો.

હનુમાનને રામનો વફાદાર સેવક અને સીતાને પતિવ્રતા પત્નિ કેમ કહેવી ?

સીતાજીને રામે વનવાસ કેમ કાઢયાં અને અંગદને વિષ્ટિ કરવા લંકામાં શા માટે મોકલેલો ?

લવ, કુશ કોણ હતા ? અને તેમની ગણત્રી કયા પુરૂષોમાં કરી શકો?

પાઠ ૪૬ મો.
ભાગ ૨ જો.

કથા=કથની, હકીકત.
ભરતકુળ=ભરત રાજાનો વંશ
હસ્તિનાપુર=દિલ્હી, અગર દિલ્હીથી ૬૦ મૈલપર પાંડવ કૌરવની રાજધાનીનું એક ભવ્ય નગર હતું
ગાદીના માલીક=ગાદીપતિ, રાજ્યના અધિપતિ
પાંડવ=પાંડુરાજાના પાંચ છોકરાઓ તે
કૌરવ=કુરૂવંશના, ધૃતરાષ્ટ્રના સો છોકરાઓ તે.
સત્યવાદી=નિરંતર સાચુંજ બોલનાર
ધર્મનો અવતાર=ધર્માત્મા પૂણ્યાત્મા
ગદાયુદ્ધ=મોટી શિલાઓથી લડવાની કળા.

કુશળ=ચાલાક, હોશીઆર
બાણાવળી=તીર મારવામાં હોશીયાર
નિષ્ફળ=ફોગટ, નકામી
સ્વયંવર=કન્યા પોતાને પસંદ પડે-
તેવા વરને શોધી કાઢીને પરણે તે
મચ્છવેધ=ઘણે ઉંચે ટાંગેલા માંછ-
લાને નીચે પાણીમાં પડતાં તેના
પડછાયા ઉપર નજર રાખીને
ઉંચે બાણ મારી તોડી પાડવું તે
વરમાળ=કન્યા પોતાને પસંદ પડેલા
વરને સોનાની માળા પહરાવે છે તે
ઈંદ્રપસ્થ=જુનું દિલ્હી શહેર
રાજસૂય=એ નામનો રાજાને કર-
વાનો યજ્ઞ
જુગટું=હારજીતનું જુગાર
શકુનિ=ગાન્ધાર દેશનો રાજા અને
દુર્યોધનનો મામો
છળ=દગો, કપટ
દ્રોણાચાર્ય=પાંડવ કૌરવોના ગુરૂ
ભીષ્મપિતામહ—શંતનુ અને ગંગા-
ના પુત્ર, પાંડવોને કૌરવોના પિ-
તામહ.
વર્ણાશ્રમ=ચારવર્ણ અને ચાર આશ્રમ
રાજધર્મ=રાજની ફરજો
સ્ત્રીધર્મ=સ્ત્રીઓની ફરજો.

સારાંશ;—(૧) કૌરવો કોણ અને કોના વંશજ તથા પાંડવો કોણ અને કોનાવંશજ. તે વિસ્તારથી સમજાવો. (૨) દુર્યોધન અને યુધિષ્ઠિરનો મુકાબલો કરો. તથા જુગાર રમવાથી પ્રતાપી પાંડવોને શો ફાયદો થયો ? તે જણાવો.

શિક્ષકોએ મહાભારતની સર્વ કથાનો ટુંકસાર વિદ્યાર્થીઓ સારી રીતે સમજી શકે તેવી સાદી અને સહેલી ભાષામાં કહી જવો. અને તેમાંથી અનેકાનેક પ્રશ્નો પુછી બાલ્ય મગજને વિકાશી આપવો.

તથા જ્યાં જ્યાં (જે જે દષ્ટાંતમાં)થી બોધ મળી આવે તે ખાસ કરીને તેમને યાદ રખાવવો. વહેમી અને શકમંદ વાર્તાઓનો ત્યાગ કરવો.

પાઠ ૪૭ મો.

અંગકસરતને આરામ.

અંગકસરત=શરીરને કસવું તે
આરામ=વિશ્રાંતિ
નર્યા=નિરોગી, તંદુરસ્તી
ભિન્ન ભિન્ન=જુદા જુદા
માફકસર=અનુકુળ, યોગ્ય
જ્ઞાનતંતુ=મગજને ખબર આપનારા તાંતણા.
ચલનવલન=હીલચાલ
ગતિ=શક્તિ=શ્રમ=મહેનત
હોંશ-ઉમંગ=ઉત્સાહ=આનંદ
ઢીલા-કમજોર=કંતાઈ=તવાઇ,સુકાઇ
ગળીજાય છે=અશક્ત થઇ જાય છે
જુઠા=અશક્ત' નકામા
સત્તા=જોર' શક્તિ
બોજારૂપ=ભારે, નકામા,
ત્વરા=ઝડપ
પોષણ=પુષ્ટિ, બળ
પાચનક્રિયા=ખાધેલું અનાજ પચાવવાનું કામ
કલેજું=પેટમાંનો જમણી તરફનો એક ભાગ
બરોળ=પેટમાંની ડાબી બાજુની એક ગાંઠ તલ્લી
ગુરદા=મુત્રપિંડો. પેઢુમાં રહેલી પિશાબની ગાંઠો.
મંદ=કમતાકાત, કમજોર
પુષ્ટિ=જોર, બળ
દસ્ત=ઝાડો
ખુલાસે=સાફ
અપચો=અજીરણ
નિરર્થક=ફોગટ, નિરૂપયોગી
વિચારના ઘોડા=તરંગો, ખોટા ખોટા મનસુબા બુદ્દા
ધસધસાટ=જેવી જોઇએ તેવી
તાકાત=શક્તિ, બળ
નિરૂદ્યમિ=ઉદ્યોગ વગરના
પરખાઇ=ઓળખાઈ
લાલી=લાલાશ, તેજ
વદન=મુખ, મોં.
નિસ્તેજ=તેજ વગરનું ફીકું
પથારીવશ=માંદો, બીમાર
તાલીમબાજ=પહેલવાન
ઘણી કસરતો જાણનાર:
મગદળ=હાથ કસરતનું એક સાધન
દંડ=બે હાથને બે પગ જમીન સાથે ટેકાવી શરીરને ઉંચું નીચું

કરવાની એક જાતની કસરત
કેળવે છે=કસે છે.
બનેટી=એ છેડે ગઠ્ઠાવાળી કસરતમાં
વપરાતી લાંબી લાકડી
વિનોદ=આનંદ રમત ગમત.
શિક્ષણ=કેળવણી
નજર બેસે છે=ચિત્ત ચોંટી જાય છે
સંજોગો=વખત
આંખ મીચીને=વિચાર કર્યા વિના
હદ=સીમા, મર્યાદા
હાનિ=નુકસાન, પીડા.

સારાંશ!—(૧) કસરત કોને કહેવી-કસરત કેટલી જાતની છે. અને કેવી કેવી કૃતિથી કરી શકાય છે તે ખુલાસાવાર સમજાવો. (૧) કસરત અને આરામથી શરીરને શું શું લાભ છે. અને કયા કયા ગેરલાભ છે તે જણાવો.

પાઠ ૪૯ મો.

પરોપકાર.

પરોપકાર=(પર+ઉપકાર) બીજાઓનું ભલું કરવું તે.
અસંખ્ય=ઘણાજ
ધર્મ ગ્રંથો=ધર્મનાં પુસ્તકો
પાપ=અધર્મ
પુણ્ય=ધર્મ
અનેક તરેહની=ઘણી જાતની
ઈત્યાદિ=વિગેરે
બેહદ=હદવગરનો, અત્યંત
ભાવ=આશા, શ્રદ્ધા
ક્રિયા=કાર્ય, કામ.
વિદ્યાલય=ભણવાનું ઠેકાણું નિશાળો
પાઠશાળાઓ, કૉલેજો વિગેરે
લોક હિતનાં=લોકોના લાભનાં
રૂચે=પસંદપડે
વહીવટ=કારભાર
ભલમનસાઇ=ભલાઇ ભલાપણું
કુશળતાથી=ચાલાકીથી
લોકોપકાર=પ્રજાનું ભલું કરવું તે
વૃત્તિ=ઇચ્છા
મરણશૈય્યા=મરણપથારી
ભારે=વિકટ, અગવડતા ભરેલા
ખોટ=તોટો
ગજા=શક્તિ

આહે=છરછે
સહન કરીને=સહીને, વેઠીને
 લોક કલ્યાણુનો માંડવો રચે છે
 પરોપકારનાં કાર્યો કરે છે.
સાંકડા મનથી=બખીલાઇથી, કૃપ-
 ણુતાથી.

આજીજી=કાલાવાલા
અહિત=નુકશાન.
હક=દાવો, કબજો
સૃષ્ટિયકી=દુનિયામાંથી
ધર્મ=ફરજ, કર્તવ્ય.

સારાંશઃ—(૧) એક વિદ્વાને પરોપકાર સંબંધી શો અભિપ્રાય આપ્યો છે? પરોપકાર કોને કહેવાય છે? અને કોનાથી થાય છે? (૨) પરોપકાર કેટલી જાતનો છે? અને કેવી રીતે આપણે પરોપકાર કરી શકીએ? (૩) રંતિદેવ રાજાએ કઇ રીતે પરોપકાર કર્યો તેવો પરો-પકાર તમે કરી શકો કે નહિ? (૪) **परोपकाराय सतांविभूतयः** એ મહદ્દવાક્યનું જનકાદિક પુન્યશાળી નૃપતિઓ વિગેરેના દૃષ્ટાંતથી શિક્ષકોએ વિદ્યાર્થીઓને સારી રીતે ભાન કરાવવું.

પાઠ ૫૦ મો.

આત્રેયી અને વનદેવતા.

વનદેવતા=જંગલના દેવ, દેવી
તાપસી=વનમાં તપ કરનારી તપ-
 સ્વિની
ભગવતી=પવિત્ર, માનવંતી સ્રી
સમાગમ=મુલાકાત, મેળાપ
આત્રેયી=અત્રિઋષિનાં ધર્માત્મા પત્નિ
પાવન થાઉં છું=પવિત્ર થાઉં છું.

દંડકારણ્ય=નર્મદા અને ગોદા-
 વરી નદી વચ્ચેના પ્રદેશોમાં આ-
 વેલાં વન.
જ્ઞાનીઓ=જ્ઞાનવંતા
પ્રવાસનો=મુસાફરીનો
અદ્ભુત=અલૌકિક
વિઘ્ન=અડચણ, હરકત
કાળજાં ઠરે છે=મન સંતોષ પામેછે
સંસ્કાર=નાંમપાડવું, વાળ ઉતરા-

વવા જનોઇ દેવું વિગેરે ધર્મ ક્રિયાઓ કરવી તે.
યોગ્યવય=લાયક ઉમ્મર
ગુણી=બુદ્ધિમાન
જડ=ઠોઠ, મુર્ખ,
ગ્રહણકરવે=સમજવાને
ફરક=તફાવત=વિમળ=સ્વચ્છ
સુબીંબ=સારૂં પ્રતિ બિંબ
ઠીકરી=ઠીકરૂં
નિવાસ=રહેઠાણુ.
તપોવન=તપસ્વીઓને તપ કરવાની ભુમિ.
લોક ખાતર=પ્રજાને માટે
તજ્યાં=છોડી દીધાં
વજ્રપાત=સખત દુઃખ (વજ્ર+પાત) વજ્રનું પડવું.
અરૂંધતી=ગુરૂ વસિષ્ઠનાં ધર્મ પત્નિ
રઘુકુળ=રઘુરાજાનો વંશ.
મોટેરાં=વડીલો
ઋષ્યશૃંગ=શૃંગીમુની દશરથ રાજાએ 'શાન્તા' નામની કુંવરી તેમને પરણાવી હતી.
સુની=ખાલી સુનકાર
વજ્ર=ઇંદ્રનું હથિઆર છે.
કોમળાં=કોમળ
પુષ્પથી=ફુલથી
મહાત્મા=મોટા પુરૂષો.

" હરિણી "

સારાંસઃ—ગુરૂજીતો બુદ્ધિમાન અને ઠોઠ એ બંન્નેને એકજ રીતથી ને સમસ્નેહથી શીખવે છે અને સમજવાની શક્તિ આપતા નથી, તેમજ ઓછી પણ કરતા નથી. છતાં પરિણામે તો તેમાં નક્કી મોટા ફેરફાર નજરે પડે છે. જેમકે સ્વચ્છ મણીમાં જેવું સારૂં પ્રતિબિંબ પડે છે તેમ ઠીકરામાં પડતું નથી.'

વજ્રથી પણ ઘણાં કઠણ અને ફુલથી પણ ઘણાં કોમળ એવા મહાન્ પુરૂષોનાં મનને અહા ! કોણ જાણી શકે ? (કોઇજ નહિં !)

આ પાઠ આપતી વખતે સ્વર્ગસ્થ મણીલાલ નભુભાઇ કૃત.

'ઉત્તર રામચરિત્ર' નામના પુસ્તકનો શિક્ષકોએ ઉપયોગ કરવો, પાત્રો સારી રીતે ઓળખાવવા અને સર્વ કથાનો ટુંક સારાંશ વાર્તા રૂપે સાદી ભાષામાં કહી જવો.

પાઠ ૫૧ મો.

હિંદુસ્તાનમાં ચાલતા કેટલાક શક.

પંચાગ=ટીપણું, જેમાંથી તિથિ વાર તારીખ, નક્ષત્ર, યોગ, કરણ વિગેરે માલમ પડી આવે છે તે

વિક્રમ=માળવાનો પરમાર વંશનો રાજા

સંવત=વિક્રમનું વર્ષ

શાલિવાહન=પૈઠણ નગરીનો રાજા શાતવાહન

શક=વર્ષ, શાલ, શાલિવાહનનું વર્ષ

હીજરી સાલ=મહમદ પેગંબ્બર મક્કેથી મદીને નાસી ગયા ત્યારથી શરૂ થયેલું મુસલમાનનું હિજરી વર્ષ.

પારસી સાલ=પારસી લોકોમાં ગણાતું વર્ષ યઝદે જરદી વર્ષ

ઇસ્વીસન=ખ્રિસ્તી લોકોના પ્રભુ ઇશુ ખ્રિસ્તનું વર્ષ

આરંભ=શરૂઆત

સૈકામાં=સેંકડામાં

મહાપરાક્રમી=ઘણોજ બળવાન બહાદુર

શક=સિથિયન જાતના લોકો

મત=સલાહ, અભિપ્રાય, અનુમતિ

મૂળ અર્થ=પહેલાંનો અર્થ

સંવત્સર=વર્ષ

દંતકથા=જુનીવાત, પુરાણિક કથા

પૈઠણ=ગોદાવરી નદીને કાંઠે એક શહેર છે.

બ્રાહ્મણ કન્યા=બ્રાહ્મણની છોકરી

અભિષેક=નવા રાજાને ગાદીપર બેસાડતી વખતે જે ક્રિયા કરવામાં આવે છે તે

વેતાળ=પિશાચોનો રાજા ભુતની એક જાત.

અભિષેકનો કાળ=રાજ્યાભિષેકનો સમય.

ક્રાવતરૂં-તરકટ, દગલબાજી કપટજાળ
હિજરત=છોડીને જતા રહેવું.
હિજરી=નાસી જવું તે હીજડો
આરંભ=પ્રારંભ, શરૂઆત.

સવાલ:—(૧) હિંદુસ્તાનમાં કેટલા શક ચાલે છે? અને તે કયા કયા? તથા દરેક શકો કોના કોના નામ ઉપરથી અને શા કારણથી ચાલે છે તે ખુલાસાવાર જણાવો.

(૨) વિક્રમ સંવત ને શાલિવાહન, વિક્રમ સંવત અને હિજરી સન તથા પારસી સાલ વચ્ચેનો તફાવત શોધી કાઢો?

(૩) બધા શકોની સાલ આજે આપણે ૨૦૦૧ ની ગણવી હોય તો દરેક શકમાં કેટ કેટલા વર્ષ ઉમેરવા પડે તે જણાવો.

(૪) સૌથી આગળ પડતો શક અને સૌથી પાછળ પડતો શક, એ બેનાં નામ જણાવો ને તેમની વચ્ચેનો તફાવત બતાવો.

પાઠ ૫૨ મો.

મતભેદ સહન ન કરવા વિષે.

મતભેદ=વિચારોમાં ફેરફાર
જવાંમર્દ=બહાદુર, શૂરવીર
સદાકાળ=હમેશાં, કાયમ
પાસુ=બાજુ
રસ્યું=મઢયુ,ગિલીટ દેવરાવી
લહેર=ખુમારી
ભંગડ=ભાંગ-પીનાર
ખીઝ=રીસ, ક્રોધ
ભાલો=લોઢાનું અણીદાર હથીયાર
નાદાનીનબેવકુફી, મૂર્ખતા
ઠંડા=શાંત, ધીરા
ભાસે છે=જણાય છે. દેખાય છે
અભિપ્રાય=મત
આગ્રહ=ખેંચતાણ
તરછોડી=તિરસ્કારી, ધિક્કારી
પરાણે=મરજી નહિં છતાં
મનાવવા=કબુલ કરાવવા
અવયવો=શરીરના વિભાગો
નમ્રતા=નમનતાઇ
દલીલો=દ્રષ્ટાંતો, કારણો.

સૂચના—શિક્ષકોએ ધ્યાનમાં રાખવું જોઇએ કે વિદ્યાર્થીઓ ઘણી વખતે મારૂં મારૂં રાઇટ, અને તારૂં તારૂં રૉંગ " એની માફક મતભેદ થવાથી સામાસામી લડી પડે છે. તેનું પરિણામ ભવિષ્યમાં વિપરીત નીવડે છે. માટે આ પાઠ ઉપર અનેક દૃષ્ટાંતો આપી પૂરે પૂરો ન સમજાય, ત્યાં સુધી ફરી ફરીને તે તેમના મગજમાં ઠસાવવો.

પાઠ ૫૩ મો.

કવિ શામળભટ્ટ.

બારોટ=ભાટની એક જાત બહુ ભટ્ટ.
આશ્રય=આશરો, આધાર, મદદ
પસાયતું=ઇનામમાં આપેલી જમીન
ઉર્મિ=ઉમંગ, મનમાં એકાએક વિચારો ઉપજી આવે તે
રીઝવવા=રાજીકરવા, ખુશી કરવા
સમોવડ=સરખો, બરોબરીઓ
ઉત્તેજન=મદદ, સહાય
ઉર્દુ=મુસલમાની ભાષા
સાદી=સરલ, સહેલી
કડી=કવિતામાંનો ચારચાર અથવા બબ્બે ચરણનો ભાગ
શિક્ષા=શિખામણ, બોધ
કથે=કહે
ચાતુરીનાં=ચાલાકીનાં ચપળતાનાં
શૂરવીરપણું=પૂરેપૂરી બહાદુરી પરાક્રમ
પરદુઃખભંજન=(પર+દુઃખભંજન) પારકાનું દુઃખ ભાંગનાર
બહુપ્રિય=ઘણાવહાલા
ખામીઓ=ભુલો ચુકો
ખુબી=યુક્તિ, કળા
છપ્પા=છ ચરણની કવિતા
મમતાળુ=માયાળુ
સાંખતા=સહન કરતા

શિક્ષકોએ કવિસામળ ભટનું સંપૂર્ણ જીવન ચરિત્ર, દંતકથાના

ઉપયોગ સાથે, વિદ્યાર્થીઓને કહી સંભળાવવું. અને તેમનાં રચેલાં પુસ્તકોનું અવલોકન કરાવી, તે વિષે નિબંધ લખાવવો

પાઠ ૫૫ મો.

ચાર મૂર્ખ પંડિતોની વાર્તા

પ્રતિષ્ઠા=માનમરતબો, આબરૂ
શિષ્યો=વિદ્યાર્થીઓ, ચેલાઓ
ઉતારીલેવા=નકલ કરીલેવા
મહાજન=મોટા માણસો, મહાન પુરૂષો
ડાઘુ=મુડદુ બાળવા જનાર, સ્મશાને જતાં માણસ
રાજ દ્વારમાં=રાજ દરબારમાં કચેરીમાં
ભાંડુ=સગાંવહાલાં
ગતિ=શક્તિ, ચાલ, વેગ.
હદ્દી=મર્યાદા, હદ,
સંભાષણ=વાતચીત
વિવાદ=સવાલ જવાબ
તણાયા=પાણીમાં ખેંચાયા
ચોટલી=શિખા
સત્યપુરૂષનું=સારામાણસનું
ગામભેગાકરૂં=ગામમાં પહોંચાડીદેઉં
કષ્ટ વેઠી=દુઃખ સહનકરી
દીર્ઘસુત્રી=કામમાં ઢીલ કરનાર માણસ, લાંબા તાતણા વાળી સુતરફેણી
વાંકવાળી=ગુણમાં આડી, આકારમાં વાંકી
આચમન=જમણી હથેલીમાં થોડું પાણી લઇને પી જવું તે
ભણ્યા પણ ગણ્યા નહિં=વિદ્યા ભણ્યા પરંતુ તેનોઅર્થ સમજીને તે પ્રમાણે વર્ત્યા નહિં
વિદાય કર્યા=વળાવ્યા, કાઢીમુકયા

આ ઉપરથી સારાંશ એ નીકળે છે કે આપણે જે કાંઇ ભણવું—વાંચવું તેનો અર્થ સમજવો એકદમ ગોખી મારવું નહિ

પાંચમી ચોપડી ભાગ બીજો

પાઠ ૫૬ મો પેગંબરહજરત મહમંદ અને ઇશ્લામ

મૂર્તિ પુજક=મૂર્ત્તિઓની પૂજા કરનાર.
મુખ્યસ્થાન=મોટુંસ્થળ
આસ્થા=શ્રદ્ધા, વિશ્વાસ
પ્રેમાળ=માયાળુ
પુનર્લગ્ન=ફરીથી પરણવું તે
પરોણાગત=આદર સત્કાર, મેમાનગીરી
નિરૂપાયે=લાચારીથી
પર્યંત=સુધી
છેવટે=આખરે
સરકર્યું=જીતીલીધું
પ્રસાર=ફેલાવો
ધર્મોપદેશક=(ધર્મ+ઉપદેશક) ધર્મનો બોધ કરનાર
બાળહત્યા=(બાળ+હત્યા) બાળકોને મારીનાંખવા તે
સુરાપાન=(સુરા+પાન) દારૂ પાવો તે.
સમાજીક=સમાજને—લોક સમુહને લગતી
વ્યવસ્થા=બંદોબસ્ત
ઇસ્તંબુલ=યુરોપી રૂશીઆની રાજધાનીનું શહેર.
ઉથલાવી=ગબડાવી, ફેરફાર કરી નાખી
જાહોજલાલીથી=પૂરેપૂરા રાજ્ય ભોગો અને સુખ વિલાસોસાથે
ક્ષણભંગુર=(ક્ષણ+ભંગુર) પલકમાં નાશ થાય એવો
સંસારનો=દુનિયાંનો
કુરાન=મુસલમાન લોકોનું ધર્મ પુસ્તક તેમાં પેગંબર સાહેબની આજ્ઞા અને વચનોનો સંગ્રહ કરેલો છે

(આ પાઠ પેગંબરના જીવન ચરિત્રનો છે. શિક્ષકોએ પ્રથમ વાર્તારૂપે કહી સંભળાવવો ને પછી નિબંધ લખાવવો)

પાઠ ૫૮ મો.

મહમુદ ઘોરી અને પૃથ્વીરાજ.

હુમલા=ઓચિંતી ચઢાઇ કરવી તે
ગીઝની=અફગાનિસ્તાનનું મુખ્ય શહેર
સવારી=ચઢાઇ લઢાઇ
પરાજય=હારપમાડવીતે
સત્તા=બળ, હકુમત
જમાવી=ફેલાવી, પ્રસરાવી
ટક્કરલેવાનો=વિરૂદ્ધ પડવાનો સામા થવાનો
ઉર્ફે=અથવા, બીજે નામે
પાણીપત=કુરૂક્ષેત્ર. (કૌરવોનું યુદ્ધ સ્થાન હાલ ત્યાં **પાનપત**નામે એક નાનું ગામડું છે.)
થાણેશ્વર=જમુનાતીરે પંજાબનું એક શહેરછે
ભંગાણ=તૂટ, નાસાનાસ
મિટ્ટી દાણા દાણ કરી નાખી=તદ્દન પાયમાલી કરી નાંખી ખરાબ સ્થીતિમાં લાવી મુકયા.
ઘેરાઇગયો=ફસાઇ પડયો
ઘવાયો=જખમી થયો
ફજેતી=ગેરઆબરૂ
મનમાં ખટકયા કરતી=મનમાંથી ખસતી નહિં, વારંવાર મનમાં આવતી
તેહરમિઆન=તે વખતે, તે સમયે તે અરસામાં
એશઆરામ=મોજવૈભવ
હરણકરીને લાવ્યા=બળાત્કારે લેઇ આવ્યો
સામંતો=રાજ અધિકારીઓ
બેદીલ=નાખુશ, નારાજ
તુચ્છકારી=તિરસ્કારી, ધિક્કારી
જંગમચ્યો=લઢાઇથઇ
ગફલતમાં=ભુલમાં
વીખરાયા=છુટા છવાયા પડી ગયા
બખતર=લોઢાની જાળીઓ વાળો અંગરખો
અંતલગી=છેવટસુધી
હેવાલ=વૃત્તાંત, હકીકત.
આશ્રિત=આશરો લેનાર
શબ્દવેધ=સાંભળેલા શબ્દના આધારે નિશાન તકીને તીર મારવું તે

સવાલ (૧) ૧૨મા સૈકામાં હિંદુસ્તાનમાં કયાં કયાં ચાર રાજ્યો હતાં?

(૨) પૃથ્વીરાજ, જયચંદ અને સંયુક્તા તથા ચંદબારોટ સંબંધી શું જાણો છો?

(૩) મહમદ ઘોરી કોણ હતો? તેણે શું કાર્ય કર્યું? અને તેના જીવન ચરિત્ર ઉપરથી તમારે કયો ગુણ યાદ રાખવો જરૂરનો છે

(૪) હિંદમાં મહમદ ઘોરી ફાવી શકયો, તે શાને લીધે? રજપુતોમાં કયા ગુણની ખામી હતી?

(શિક્ષકો એ આ જગાએ પૃથ્વીરાજનું સંપૂર્ણ જીવન ચરિત્ર કહી સંભળાવું)

પાઠ. ૫૯ મો.

ફિરોજશાહ તઘલખ.

જડઘાલી=મૂળઘાલ્યું
યશસ્વી=કિર્તિમંત, નામાંકિત
બેશક=(બે+શક)ખરેખર નક્કી
પ્રકાશવા=જાહેરકરવા
તેજસ્વી=પ્રકાશિત
હેરાનગતિ=દુઃખદસ્થિતિ
લખાણ=લેખ, દસ્તાવેજ
તગાવી=સરકાર તરફથી ખેડુતોને વ્યાજે ધીરવામાં આવતાં નાણાં
જોરજુલમથી=બળાત્કારથી
મદ્રેસાઓ=પાઠશાળા, વિદ્યાલયો
સરાઓ=વટે માર્ગુઓને ઉતરવાની ધર્મશાળાઓ
ફળદ્રુપ=રસાલ, સારો પાક ઉપજે તેવી
ૠતુૠતુના=દરેકૠતુનો જુદો પાક વરસની ત્રણ ૠતુ પ્રમાણેવરસમાં ત્રણત્રણ વખત પાક ઉતરતોઅને હાલતો વરસમાં એકજ વખત પાક ઉપજેછે
પડતર=નકામીપડીરહેતી.
ખેડાણમાં=ખેતીના કામમાં

ઉત્તેજનમાં=મદદમાં
બિનરોજગારી=કામ ધંધા વગરના નિરૂદ્યમી
દયાભાવ=રહેમદીલી દયાનીલાગણી

કનડતો=હેરાનકરતો
કાબેલ=હોશિયાર, ચાલાક
આબાદી=સુખેહશાન્તિ

પાઠ. ૬૦ મો.
તૈમુરની સ્વારી.

તૈમુર=સમરકંદનો મોગલબાદશાહ
બંડ=બળવા, :તોફાન
પક્ષ=વર્ગ, તડ
ખુનરેજી=કાપાકાપી, મારામારી
અસ્તવ્યસ્ત=છિન્નભિન્ન

અતિશયોક્તિ=(અતિશય+ઉક્તિ) હોય તેના કરતાં પણ વધારીને કહેવું તે
ઘાતકી=ભયંકર, જુલમી.
કુચકરવાનો=મુકામ ઉઠાવી આગળ જવાનો
અરાજ્ય=અંધેર
છીનવીલીધું=દગાફટકાથી લઇલીધું

પાઠ. ૬૧ મો.
અકબરની યુદ્ધનીતિ તથા રાજનીતિ.

યુદ્ધનીતિ=લડાઇકરવાની રીત
રાજનીતિ=રાજ્યચલાવવાની રીત
નામાંકિત=પ્રખ્યાત, યશસ્વી
ઠેરઠેર=ઠેકાણે ઠેકાણે
બંડજાગ્યાં=તોફાન ઉઠયાં
પઠાણ=મુસલમાનોની એક જાતછે

અલગ=જુદા, દૂર
બેદીલી=નાખુશી, કુસંપ
રાજ્યાધિકારી=રાજ્યતંત્રી, સંભાળપૂર્વક રાજ્યચલાવનાર અમલદાર
સલાહ=અભિપ્રાય
આરંભ્યો=શરૂકર્યો
કાયમ=અસલ
કુલ રાજ્યાધિકાર=સંપૂર્ણ રાજ્ય સત્તા.

તાબેકર્યું=કબજેકર્યું
સમાવ્યું=શાંત પાડયું
વશકર્યા=કબજેકર્યા, તાબેકર્યા
વિજય=ફતેહ
દઢતા=નક્કીપણું
શૌર્ય=શૂરાતન, બહાદુરી
ત્વરાથી=ઝડપથી જલદીથી
બંડખોરો=લડાઇકરનારાઓ
આંચકા=ધ્રાસકા
સરકરવામાં=જીતીલેવામાં
કુશળતાવાળા=ચાલાકીવાળા
પ્રયોગો=ઉપાયો
પ્રવીણ=પૂરેપૂરો કુશળ
ક્રૂરઆચરણ=ઘાતકી પણું કે અ-
સભ્યતા
સામાન્ય=સારૂં માન, આદર
સત્કાર
ધર્મ મંદીર=દેવસ્થાનો
દીર્ઘદષ્ટીથી=લાંબીનજરથી
ઝનુની=ઉશ્કેરાયલો
જજીયાવેરો=મુસલમાની ધર્મને
નહીં માનનારાઓ પાસેથી
માથા દીઠ કર લેવામાં આવતો તે
રદકર્યો=કાઢીનાખ્યો
કાયસ્થ=હિંદુની એક જાત
મહેસુલખાતું=જમાબંધીખાતું
પદ્ધતિ=ગોઠવણ
અબુલફઝલ=અકબરનો મુખ્ય પ્રધ-
ન હતો
આઇનઅકબરી=અકબરે રાજ્ય તંત્ર
ચલાવવાને કરેલી વ્યવસ્થા વિગેરે-
નું પુસ્તક.
બાળવિવાહ=બાળલગ્ન, નાની ઉ-
મરમાં છોકરાંને પરણાવવાં તે
વિધવાવિવાહ=રાંડેલી બૈરી-
ઓને ફરીથી પરણાવવી તે,
નાતરાં
મીરઅદલ=મુખ્યન્યાયાધીશ
કાજી=કુરાન પ્રમાણે ઇન્સાફ કરનાર
થાળેપડયું=શાંતથયું
અનુપમ=(અન્+ઉપમ)
ઉપમા ન આપી શકાય તેવો,

સવાલ. (૧) અબુલફઝલ, ટોડરમલ અને બહેરામ એ કોણ હતા ને તેમણે શાં શાં કાર્યો હતાં ?

)૨) અકબરની રાજનીતિ તથા યુદ્ધ નિતિનું વર્ણન કરો.

(૩) મુસલમાન રાજ કર્તાઓમાં અકબરને અનુપમ ગણવાનું કારણ શું ?

(૪) આઇન અકબર તથા મીરઅદલ એટલે શું ?

(૫) અકબરના કયા નિયમનું અંગ્રેજ સરકારે અનુકરણ કર્યું છે.

પાઠ. ૬૨ મો.

હલદીઘાટની લડાઈ.

હલદીઘાટ=અરવલ્લી પર્વતનું મેદાન
નમ્યાહતા=શરણથયાહતા
તુર્ક=મુસલમાની એકજાત
સૈનિકો=યુદ્ધનાસિપાઈઓ
ભેટો=મેળાપ, મુલાકાત
ધાયા=દોડ્યા
દેહરક્ષકો=શરીરનું રક્ષણ કરનાર હજુરીઆ
વારસ=મરણપછીનોહકદાર
માવત=હાથીને ચલાવનાર
ઉન્મત્ત=તોફાની, પ્રમાદી
કતલમચીરહી=કાપાકાપી ચાલી રહી
જંગમચ્યો=જબરીલડાઇચાલી
એકત્ર=એકઠા
અણીનાવખત=બારીકસમય
ઘેરાઇજવાની=સપડાઇજવાની
જમાવ=ભીડ,ટોળુ
દાખવી=દર્શાવી, બતાવી
ગ્વાલીઅર=મધ્ય હિંદ એજન્સીમાંનું સિંધીઆની રાજધાનીનું શહેર
પદભ્રષ્ટ=(પદ+ભ્રષ્ટ) ગાદી ઉપરથી ઉઠાડી મુકેલા
રણભૂમિ=યુદ્ધ સ્થળ, લડાઇનું મેદાન
મેમાનગિરી=પરોણાગત

ઉત્તમલોહી=પવિત્રરૂધિર
પાળનારવિના=ઘરના મુખ્ય માલિક વિના ભરણ પોષણ કરનાર વગર
સર્વત્ર=બધેકકાણે
તંગ=ઘોડાનો બંધ
અણબનાવ=વિરૂદ્ધતા
હૃદય ભરાઇ.આવ્યું=લાગણી થઇ આવી, દીલમાં દયા ઉપજીઆવી
હણી=મારીનાખી
ચણુતરો=ચોતરો
દર્શાવેલી=દાખવેલી, બતાવેલી
સ્વામીભકિત=માલીક પ્રત્યેનોપ્રેમ ભાવ, નિમકહલાલી વફાદારી

સવાલ. (૧) અકબરની સામે મેવાડના પ્રતાપ રાણાએ શા માટે શિર ઝોકાવ્યું ?

(૨) માનસીંહ અને મહારાણા પ્રતાપસિંહ વચ્ચે કેમ વેર બંધાયું ?

(૩) હલદી ઘાટની લડાઇમાં પ્રતાપનું પરાક્રમ અને તેના પરોણાની વફાદારીનું વર્ણન કરો.

(૪) શુક્તસિંહના કૃત્ય ઉપરથી તેના માલિકના બે વફાદાર તરીકે ધીટકાર આપશો કે પવિત્ર સ્નેહી ભાઇ તરીકે ધન્યવાદ આપશો ?

(૫) આ યુદ્ધમાં કયા યોદ્ધાએ ખરેખરી સ્વામી ભક્તિ દર્શાવી અને પ્રતાપસાહે તેની કેવી કદર કરી ?

પાઠ ૬૩ મો.
સરટોમસ રોની જહાંગીર સાથેની મુલાકાત.

સર ટોમસ રો=ઇંગ્લાંડનો એલચી અને જહાંગીરનો પરોણો
છૂટથી=બેધડક, મરજી મુજબ
કોલ કરાર=કબુલાત, સરત, ઠરાવ
માહીતી=જાણવા લાયક હકીકત

આગતાસ્વાગતા=આદર સત્કાર પ-રોણાચાકરી
જડતી=સરસામાનની તપાસ
ગેરવ્યવસ્થા=અંધાધુંધી
માનમરતબો=આબરૂ અને મોટાઇ
પ્રતિનિધી=એજંટ, બીજાને બદલે કામ કરવા નિમાયેલો માણસ.
પદવી=અખત્યાર, હક
ગણના=ગણતરી
ઇજારે=કંટરાકટથી
નજરાણાં=ભેટ
જાહોજલાલી=દબદબો, મોટાઇ
ઘરવટથી=ભ્રાતૃભાવથી
ઠઠ્ઠામશ્કરી=ઠઠોલી, હાંસી
ક્રૂરતા=ઘાતકીપણું, નિર્દયતા.
દાદ=ફરિયાદ, અરજ
તુલા=એક ત્રાજવામાં પુરૂષ અને બીજા ત્રાજવામાં કીંમતી ધાતુ કે જર જવાહીર મુકી તોલ કરવાની ક્રિયા.
અવ્યવસ્થા=બંદોબસ્ત નહીં તે
કનાતો=તંબુનાં કપડાંની ભીંત
હેતુ=ઇચ્છા, મતલબ
પાદરી=ખ્રિસ્તી ધર્મના ઉપદેશક
નુરજહાં=જહાંગીરની બેગમ (નુર=તેજ+જહાં=દુનીઆ) દુનીઆનું તેજ. નુરજહાં ઘણીજ ખુબસુરત હોવાથી તેનું એ નામ પાડયું હતું
જહાંગીર=(જહાં=દુનીઆં+ગીર=જી-તનાર) દુનીઆને જીતનાર
ફરમાન=હુકમ.

સવાલ (૧) સરટોમસ રો કોણ હતો? હિંદમાં કેમ આવ્યો? અને પોતાના દેશબંધુને શો લાભ કરી ગયો?

(૨) જહાંગીરના દરબારની શી અવ્યવસ્થા હતી? તેને શેનું વ્યસન હતું? અને તેની તુલા કેવી રીતે થતી?

(૩) સરટોમસ રો પોતાનો હેતુ પુરેપરો પાર પાડવાને કયા કારણથી નાફતેહ થયો?

(૪) અકબરના વખતની અને જહાંગીરના વખતની રાજ્યસ્થિતિમાં તમને શો શો તફાવત માલુમ પડયો?

પાઠ ૬૪ મો.

શાહજહાંની જાહોજલાલી.

ઇતિહાસ=(ઇતિ=આપ્રમાણે+હ= ખરેખર+આસ=હતું) અગાઉના રાજાઓના ગુણદોષ તથા તેમની રાજ્ય પદ્ધતિનું વર્ણન

મયુરાસન=(મયુર=મોર+આસન= બેઠક) મોરના આકારની બેઠક તખ્તે તાઉસ

જાહોજલાલી=દબદબો, મોટાઈ

ભવ્ય=મોટું, વિશાળ

મિનાકારી=મિનની કારીગરીવાળું

તખ્ત=ગાદી

દાદ ફરિયાદ=વિનંતી, અરજ

બરગચ્છી=ભરતકામ વાળું

રાજચિન્હ=રાજા તરીકેની નિશાનીઓ

દિવાની=લેણદેણા સંબંધીની

એલચી=રાજ્યના વકીલ

પરરાજ્યના=બીજા રાજ્યના

હાજરી=તપાસ

યાદગીરી=સંભાળ રાખવાની નિશાની

તખ્તેતાઉસ=મયુરાસન

ચોફુલીઓ=ચાર ફુલ

બાથા=તીર રાખવાની કોથળીઓ

જડિત=જડેલા

ઝાલર=ઝુલતી કિનારી, ઝુલ.

પાઠ ૬૫ મો.

શિવાજી અને ઔરંગઝેબ.

ઔરંગઝેબ=શાહજહાંનનો ત્રીજો પુત્ર આલમગીર બાદશાહ

શિવાજી=શાહજી ભોંસલેનો પુત્ર મરાઠી રાજ્યનો સ્થાપક

રાજ્યનીતિ=રાજ ચલાવવાની રીત

ઝનુન=ખોટો જુસ્સો, ઝનુની.

વિષમ=માઠાં, ખરાબ

પક્ષમાંથી=સહાયમાંથી, બાજુમાંથી

કુમક=મદદ, સહાય, આશરો

મહાન શત્રુ=મોટો દુસ્મન

ધોકો=હરકત, હાનિ

પ્રસંગ=સમય, સંબંધ, પરિચય

સામેલ=દાખલ
રસથી=ઉમંગથી, આવેશથી
ઉત્સાહ=ઉમંગ, હોંશ
ઉંડો તિરસ્કાર=ઘણોજ ધિક્કાર
છુટકારો=છુટકો, સ્વતંત્રતા
ઉત્કંઠા=ઇચ્છા, મરજી
છાપો મારી=હલ્લો કરી; હુમલો કરી
કિલ્લેદારો=કિલ્લાની ચોકી કરનારાઓ
વિષ્ટિ=સલાહ સંપનું કહેણ
મુલતવી=મોકુફ, આગળ ઉપર
હજ=જાત્રા
બાબુલમક્કા=મક્કાનો દરવાજો
ચુસ્ત=પોતાનાજ મતને આગ્રહથી વળગી રહેનાર
રાજ્યપદવી=રાજા તરીકેનો હોદ્દો
સર કર્યા=તાબે કર્યા, જીતી લીધા

ધર્માંધ=(ધર્મ+અંધ) પોતાનાજ ધર્મમાં આંધળા બની પરધર્મને અપખોડનારા
નજરકેદ=આસનકેદ કોઇ પણ જાતની સ્વતંત્ર અગર હરવા ફરવા જવાની મનાઇ કરી પહેરેગીરોની નજર નીચેજ મકાનમાં કેદ કરવા તે
કટ્ટો દુશ્મન=પાકો શત્રુ
રણસંગ્રામમાં=લડાઇના મેદાનમાં
પજવતા=કનડતા, સતાવતા
અણવિશ્વાસ=ભરૂસો નહિ તે
શૌર્ય=શુરાતન, જુસ્સો
વ્યવસ્થા=બંદોબસ્ત
મંત્રિમંડલ=પ્રધાનમંડળ
ક્રૂરતા=ઘાતકીપણું
નિષ્ઠા=આસ્થા, આકીન, શ્રદ્ધા
વિગ્રહમાં=ઝગડાઓમાં

સવાલ (૧) શિવાજી અને ઔરંગઝેબના ગુણોનો મુકાબલો કરો; અને દરેકમાં કઇ કઇ ખામીઓ હતી તે જણાવો.

(૨) ઔરંગઝેબે શિવાજીને દિલ્હી બોલાવી કેદ કર્યો તેને બદલે તેની સાથે દોસ્તી બાંધી હોત તો શો લાભ થાત?

(૩) ઔરંગઝેબને ઘડપણમાં શા માટે હેરાન થવું પડયું? અને તેના મરણ પછી મોગલાઇની શી દશા થઇ?

(૪) શિવાજીની રાજ્યવ્યવસ્થા અને ઔરંગજેબનું ધર્માંધપણું સમજાવો.

પાઠ ૬૬ મો.

સૂર્યમાળા અને ગ્રહો.

ઉપગ્રહ=મુખ્ય ગ્રહની આસપાસ ફરનારો નાનો ગ્રહ

દુરબીન=છેટેની વસ્તુ જોવાનું એક કાચનું યંત્ર.

પ્રદક્ષિણા=આસપાસ ફરવું તે, ફેરો

સંગ્રહસ્થાન=સંઘરો કરવાનું ઠેકાણું પ્રદર્શન

ધુમકેતુ=સુર્યની આસપાસ ફરનારા જુદી જુદી જાતના પુછડીઆ તારા

ધરી=પૃથ્વીના મધ્યબિંદુમાં થઇને ઉત્તર દક્ષિણ જે કલ્પિત રેસા જાય છે તે

કક્ષા=ગ્રહોને સુર્યની આસપાસ ફરવાનો માર્ગ

નરી=એકલી

ગતિ=શક્તિ

સુર્યમાળા=સુર્ય, નાના મોટા ગ્રહો તેમના ચંદ્રો, ખરતા તારા અને ધુમકેતુઓ મળીને થયેલું મંડળ.

સવાલ (૧) પૃથ્વી સહિત મુખ્ય આઠ ગ્રહો કયા છે? અને તેમાં સુર્યની ઘણીજ નજીક અને સુર્યથી ઘણેજ દુર એવા ગ્રહ કયા છે?

(૨) દુરબીનની મદદથી કયા કયા ગ્રહોની શોધ થઇ છે? અને પૃથ્વીનો ઉપગ્રહ કયો છે?

(૩) ધુમકેતુ અને સુર્યમાળા સંબંધી જે જાણતા હો તે જણાવો.

(૪) ગ્રહો તથા ચંદ્રોને પોતાનું તેજ છે કે નહિ? કલકત્તાના

સંગ્રહસ્થાનમાં કેવા તારા છે? ખરતા તારા કોની આસપાસ ફરે છે? અને કયા ગ્રહોનું તેજ સૌથી વધારે છે?

પાઠ. ૬૭ મો.

તારા અને નક્ષત્રો.

ક્ષિતિજ=જે સ્થળે આકાશ અને પૃથ્વીની હદમળી ગયા જેવું જણાય છે તે.

તેજસ્વી=પ્રકાશિત

મર્યાદા=હદ, સીમા

નિહાળીએ=જોઇએ

ધ્રુવનો તારો=સ્થિર તેજનો તારો

ઝુમખાં=જથા.

નક્ષત્રો=તારામંડળો

કલ્પી=કલ્પના કરીને ધારીને

સપ્તર્ષિ=ઉત્તર ધ્રુવની પાસેનું સાત તારાનું મંડળ

કલ્પી=કલ્પના કરીને ધારીને

સપ્તર્ષિ=ઉત્તર ધ્રુવની પાસેનું સાત તારાનું મંડળ

લુબ્ધક=અતિતેજસ્વી તારો

ગોળાર્દ્ધ=અર્ધો ગોળ.

નક્ષત્ર=તારા મંડળ એમાં ૨૭ નક્ષત્રો છે.

આકાશ ગંગા=રાતે આકાશમાં પ્રકાશની ધોળી પટી દેખાય છે તે

ખિચો ખિચ=લગોલગ સંકડાઇને

ધ્રુવ=પૃથ્વીને કલ્પેલી ધરી ઉપર પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે તેનો ઉત્તર દક્ષિણ તરફનો એકેક છેડો

સવાલ—૧ તારા અને ગ્રહોનો તફાવત, ક્ષિતિજ, અને ધ્રુવનો તારો એ સંબંધી શું જાણો છો?

૨ સપ્તર્ષિ, લુબ્ધક આકાશ ગંગા અને નક્ષત્રોની હકીકત જણાવો.

૩ તારાના વર્ગ શી રીતે પાડેલા છે? અને પહેલા વર્ગનો કયો તારો તેજસ્વી છે?

૪ છેક પાસેના તારાનું અંતર અને ધ્રુવનો તારો શોધી કાઢવાની રીત સમજાવો.

પાઠ ૬૬ મો.

અક્ષાંસ અને રેખાંશ.

અક્ષાંશ=વિષુવવૃતથી ઉત્તર કે દક્ષિણમાં કોઇ જગાનું જે અંતર હોય તે

રેખાંશ=કોઇ મુકરર કરેલા રેખાંશ વૃત્તથી પૂર્વ કે પશ્ચિમમાં કોઇ જગાનું જે અંતર હોય તે.

બિંદુ=ઝીણું ટપકું

પ્રત=નક્લ

શુમાર=અડસટ્ટો, આશરો

કલ્પના=અટકળ, ખ્યાલ, ધારણા

વિષુવવૃત=પૃથ્વીના ગોળાના મધ્ય ભાગમાં પૂર્વ પશ્ચિમ ફરતી જે આડી લીટી દોરેલી હોય છે તે

અક્ષાંશવૃત=વિષુવવૃતથી સરખે અંતરે ઉત્તર દક્ષિણ બેઉ તરફ જે આડી લીટીઓ દોરેલી હોય છે તે.

રેખાંશ=વિષુવવૃતને કાટખુણે છેદીને બંને ધ્રુવમાં થઇને જાય એવું મહદ્ વર્તુલ.

વર્તુળ=ગોળ

મુકરર કરેલા=નક્કી કરેલા

રેખાંશ વૃત=એક મુકરર કરેલા વર્તુળથી સરખે અંતરે બીજાં ઘણાં વર્તુળો ભૂગોળપર દોરેલાં હોય છે તે

સવાલ—૧ નકશામાંની આડી ઉભી લીટીઓ શા ઉપયોગની અને એક નકશાપરથી બીજો નકશો પાડવાનો સરળ માર્ગ કયો છે ?

૨ વિષુવવૃત, અક્ષાંશ વૃત, રેખાંશવૃત. એ વ્યાખ્યાઓ આપીને સમજાવો. તથા અક્ષાંશ અને રેખાંશના કયા કયા પ્રકાર થાય છે તે સમજાવો.

૩ અક્ષાંશ તથા રેખાંશ શા કામનાં છે ? અને પૃથ્વીના ગોળા પર અમદાવાદ કયે સ્થળે છે તે શી રીતે મુકરર કરશો ?

૪ સુર્યના પ્રકાશની દર કલાકની ગતિ અને અમદાવાદ તથા મુંબાઇના સુર્યોદય પરથી તે બે જગાના રેખાંશનું અંતર શી રીતે જાણી શકાય ? તે જણાવો.

પાઠ ૬૯ મો.

વા કે પવન.

ત્રાંસો=તિરકસ
નિયમિત=મુકરર
કિરણ=સીધી લીટીમાં પડતો પ્રકાશ
મોન્સુન=મોસમનો નિયમિત પવન
વાવાઝોડું=પવનનું તોફાન
આંધી=જેનાથી આકાશ ધૂળ વડે છવાઇ જાય તે તોફાની પવન
વંટોળીઓ=ભ્રમરની માફક કુંડાળાં વાળતો જોરથી છુટેલો પવન.
વ્યાપાર વાયુ=વહાણો હંકારવાને મદદ મળે તેવો, વેપારને અનુકુળ પવન.

સવાલ—૧ આગ લાગે છે ત્યારે પવન છુટવાનું અને ધુમાડો ત્રાંસો જવાનું કારણ શું ?

૨ સુર્યના તાપથી શી રીતે પવન ઉત્પન્ન થાય છે ? અને મોન્સુન પવન ક્યા ક્યા દેશોમાં વાય છે. ?

૩ હિંદુસ્તાનમાં શાથી તાપ બહુ પડે છે ? અને ક્યા ખુણામાંથી વરસાદ આવે છે ? અને શિયાળામાં ક્યા ખુણામાંથી વા આવે છે તેનું કારણ સમજાવો.

૪ આંધી. વંટોળીયો. મોન્સુન અને વ્યાપાર વાયુ એમની વ્યાખ્યા આપીને સમજાવો. તથા અનેક જાતના પવન ઉત્પન્ન થવાનું કારણ કહો.

પાઠ ૭૦ મો.

જમીનનો ઘસારો.

રંદો=લાકડું સાફ લીસું કરવાનું હથીઆર
કદ=આકાર, ઘાટ
મુરમ=એક જાતના કાંકરા
રેતાળ=રેતીના પત્થરની બનેલી
નદીનું પાત્ર=નદીને વહેવાનો માર્ગ.
ધોધ=ઉંચેથી પાણીનું જોસબંધ પડવું તે.
ગેરસપ્પા=કાનડા જીલ્લાના હોનાવર તાલુકામાં ગામ છે ત્યાંથી ૧૮ મૈલ દૂર કોડકણી ગામ પાસે આ ધોધ છે.
સારાંશ=(સાર=મતલબ+અંશ=ભાગ મુખ્ય મતલબ, ટુંક સાર

સવાલ—(૧) પૃથ્વી પર કયા કયા રંદાઓ હમેશાં ક્યાં કરે છે? અને તેથી શું થાય છે?

(૨) ચુનાના પત્થર, આરસપહાણ, જમીન, ખડક અને ડુંગરો શાથી ઘસાય છે?

(૩) જમીન રાતી રેતાળ અને ધોળી શાથી થાય છે? અને મુંબાઇ ઇલાકામાં લાલ માટી ક્યાં કયાં જોવામાં આવે છે?

(૪) મુંબાઇ ઇલાકાના પ્રખ્યાત ધોધ કયા છે તે જણાવો અને નદીના પાણીમાં જમીન ખોદવાની શક્તિ શા આધારે છે તે સમજાવો.

પાઠ ૭૧ મો.

હિંદુસ્તાન-તેની ભુતળરચના અને હવા, તથા તે બેઉની લોકો પર અસર.

ભુતળરચના=દેશનીસપાટીપરની તથા નદીનાળાં, પર્વતો વગેરેની જે રચના તે.
પ્રસરેલો=ફેલાયલો
હિમાલય=(હિમ=બરફ+આલય=ઠેકાણું.) બરફનું ઠેકાણું

ધ્રુવ=આંશનો છેડો
નદ=મોટીનદી
ખામે=અટકાવે
સમધાત=મધ્યમસર ઘણી ગરમ નહિ તેમજ ઘણી ઠંડી પણ નહિ એવી
ભિન્નભિન્ન=જુદીજુદી
માફકસર=જોઇએતેવો
મધ્યમકદના=વચલાબાંધાના
મોજીલા-શોખીલા
સાહસિક=હિંમતવાન
કદાવર=પહેલવાન, પુષ્ટશરીરના
ઠીંગણા=ટુંકા,બેડોળ જેવા
કસરીઆ=કરકસરવાળા
કમજોર=નિર્બળ, શકિતહીન
નળિએરી=નળિઆનાં
મુખ્યત્વે=ઘણું કરીને

સવાલ--૧ હિંદુસ્તાનમાં ઉંચા પર્વતોની હારો મોટી મોટી નદીઓ રણો અને જંગલો કયાં કયાં છે ?

૨. ઉત્તરના સુકા અને ઠંડા પવનને કોણ અટકાવે ? અને હિંદમાં તાપ વધારે કેમ પડે છે ?

૩. ઘાટની પેલીમેર ઓછો અને કોકણમાં વધારે વરસાદ કેમ પડે છે ? અને કોઇપણ પ્રદેશની હવા જાણવા માટે આપણે શું ધ્યાનમાં રાખવું જોઇએ ?

૪. ઉત્તર ગુજરાત, સીંધ અને રજપુતસ્તાનની હવા કેવી છે અને તે ત્યાંના લોકોને શી અસર કરેછે ?

૫. પશ્ચિમઘાટ, મદ્રાસ, બંગાળા મધ્યહિંદ અને પંજાબની હવા કેવી છે ? અને તે ત્યાંના લોકો પર શી અસર કરે છે ?

પાઠ. ૭૨ મો
હિન્દુસ્તાનમાં વહેવારના માર્ગ.

વહેવારના માર્ગ=આવવા જવાના રસ્તા
નહેર=નદીમાંથી ખેતરોમાં પાણી પુરૂં પાડવામાટે જે મોટી ખાડી ખોદેલી હોયછેતે
અમલ=સત્તા, રાજ
જામતો ગયો=દાખલ થતોગયો
ગવર્નર જનરલ=વાઇસિરાય, બધા ગવર્નરોના ઉપરી હિંદના શહેનશાહપંચમજ્યોર્જ તરફથી નીમાયલો પ્રતિનિધિ
ખુલ્લો મુકાયલો છે=વપરાશમાંકામ આવેછે
અનુક્રમે=એકપછીએક
ઉપલાણે=ઉપરનીબાજુએ

સવાલ—૧ હિન્દુસ્તાનમાં વહેવારના માર્ગ કયાકયા છે? અને પાકી સડકો કયાંથી કયાં સુધીની છે?

૨. લોર્ડ ડેલહૌસીના સમયમાં વહેવારના માર્ગ સંબંધી શો સુધારો થયો?

૩. સાદી સડકોની મુસાફરી અને આગગાડીની મુસાફરીનો મુકાબલો કરો

૪. હિંદના પશ્ચિમ તથા પૂર્વ કિનારાપરનાં બંદરો અને કરાંચી તથા રંગુન વચ્ચેનું દરિઆઇ અંતર જણાવો.

૫. હિંદની કઇ:કઇ મોટી નદીઓમાં બોટ અને વહાણો ચાલી શકે છે?

કોચીન, ત્રાવણકોર અને મલબાર કાંઠાની પાસે કેવાં સરોવર છે

પાઠ. ૭૩ મો.

કરાંચીથી કોલંબોની સફર.

પરમસ્નેહી=ઘણીજ પ્રીતિવાળા
રા. રા.=રાજ્યમાન રાજેશ્રી
નમસ્કાર=પ્રણામ
વિશેષ=વધારામાં
સુખરૂપ=ખુશાલીમાં બગર અડચણે સહીસલામત
જહાજો=મોટાંવહાણો
ડક્કા=માલ ચઢાવવા ઉતારવાને માટે બાંધેલા લોઢાનાઘાટ
વેરાન=ઉજ્જડ, વસ્તીવગરનો
કાથો=નાળીએરનીછાલ
પ્રસિદ્ધ=પ્રખ્યાત, જાણીતી
આયાત=પરદેશથીઆવતો માલ
નિકાસ=પરદેશમાંજતો માલ
ગણતરી=હિસાબ
ઉથલપાથલ=અાપલે
વટાવી=ઓળંગી
અનુકુળ=માફક
ઇમારતીકાટ=ઇમારત બાંધવામાં વપરાતું લાકડું
ઉતારૂઓ=જતા આવતા વટેમાર્ગુઓ
જળમાર્ગે=પાણીનેરસ્તે, વહાણ કે આગબોટમાં
વિગત=હકીકત
મિતિ=તિથિ

સવાલ—કરાંચી, માંડવી, પોરબંદર રત્નાગીરી, ગોવા, માંગલોર, મુંબઇ અને કારવાડ નકશામાં બતાવો તથા શાનેમાટે પ્રખ્યાત છે તે જણાવો.

૩. ઉપરનાં સ્થળોએથી કયા માલની આવ જા થાય છે તે જણાવો અને કરાંચીથી કોલંબો જતાં કયાં કયાં બંદરો આવે તે ગણાવો.

પાઠ ૭૪. મો.

કોલંબાથી રંગુનની સફર.

સફર=મુસાફરી
અર્થે=વાસ્તે. માટે
સિંકોના=એ નામનું ઝાડ છે. એની છાલમાંથી કિવનાઈન બનાવે છે
માફક=અનુકુળ
નહેરોની જાળ=નહેરોના ફાંટા
નેગાપટ્ટણ=મદ્રાસ ઇલાકાનું કોરો માંડળ કાંઠા પરનું બંદર
પોંડીચરી=મદ્રાસ ઇલાકામાં ફ્રેંચ તાબાનું બંદર
તેજી=માલની આવ જા ઘણી થાય તે.
કમાવેલાં=પકાવેલાં
છાછર=છાછરો, ઘણો ઉંડો નહિ તે
મછલી પટ્ટણ } =મદ્રાસના કોરો-
વિજાગ પટ્ટણ } માંડળ કાંઠાપરનાં બંદર
બહોળો=પુષ્કળ, ઘણો
ગંજામપ્રાંત=મદ્રાસ ઇલાકામાં ગંજામ બંદર છે
ભાઠું=નદી કાંઠાની રેતાળ જમીન
ખનીજ તેલ=જમીનમાંથી નીકળતું તેલ, (કેરોસીન તેલ).

સવાલ—૧. બધા દેશોની આગબોટો કોલંબે કેમ આવે છે? કોલંબોનો આયાત અને નિકાસ માલ ગણાવો.

૨. પોંડિચેરી, મછલીપટ્ટણ અને ચીલ્કાએ શું છે? ક્યાં છે—અને શાને માટે પ્રખ્યાત છે?

૩. હુગલી, કલકત્તા, ચિતેગામ અને આકિઆબ સંબંધી શું જાણો છો?

૪. રંગુલ અને હુગલીથી કયો કયો માલ પરદેશ જાય છે

પાઠ. ૭૫ મો.

હિન્દુસ્તાનની રાજ્ય વ્યવસ્થા.

રાજ્યવ્ય વસ્થા=રાજ ચલાવવાની ગોઠવણ
વહીવટ=કારભાર
આશ્રય=મદદ
સંસ્થાન=દેશી રાજાઓનું રાજ્ય
ક્ષેત્રફળ=લંબાઇ અને પહોળાઇનો ગુણાકાર
હિંદીસરકાર=હિંદુસ્તાનનો રાજ્ય કારભાર ચલાવનાર સરકાર
પ્રતિનિધિ=બીજાને બદલે કામ કરવાને નીમાયલો અધિકારી એજંટ, મુખત્યાર.
સેક્રેટરી=કારભારી
સંયુકત=જોડાએલા
હાઇકોર્ટ=મોટીઅદાલત
મંજુરી=પરવાનગી
હસ્તક=હાથમાં
ઇંડિયાઑફિસ=હિંદની કચેરી

સવાલ--૧ બ્રિટિશ હિંદુસ્તાનના પ્રાંતો અને તેમના ઉપરી અમલદારો બોલીજાઓ

૨. હિંદમાંનાં સૌથી મોટાં દેશી રાજ્યો ગણાવો

૩. વાઇસરાય, પ્રતિનિધિ, સેક્રેટરિ અને રેસિડેંન્ટની વ્યાખ્યા આપો.

૪. વાઇસિરાયને મદદ કરનારી સભાની કાર્યવાહી જણાવો.

૫. ગવર્નરો, લેફટેનન્ટ ગવર્નરો, કમિશનરો, રેસિડેંન્ટો હિંદના કયાકયા ભાગમાં છે તે જણાવો

૬. ઇંડિયા ઑફિસ અને હિંદી વજીરની કાર્યવાહી સમજાવો

પાંચમી ચોપડી ભાગ-૩ જો

પાઠ. ૭૬ મો.
હવા વાયુ ને વરાળ

વાતાવરણ=(વાતા+આવરણ) પૃથ્વીની આજુબાજુ વીંટાયલો વા
ચ્યધળી ગમથી=બધી બાજુએથી
ગળેનહિંઉતરે=સમજવામાં નહિ આવે, મનમાં નહિં આવે
અવકાશ=ખાલીજગા, માર્ગ
વાયુશોષકયંત્ર=કોઇ પણ વાસણ-માંથી વાયુને ખેંચી કાઢવાનુયંત્ર
સિદ્ધ=સાબીત, નક્કી
દળ=કદ, જાડાઇ
ટન=મુંબાઇના ૮૦ મણ ૨૦ હંદ્રવેટ
ઠામ=વાસણ, પાત્ર
પ્રાણવાયુ=કોલસામાંથી નીકળતો વાયુ. (ઓક્સિજન).
કાર્બોનિક એસિડગ્યાસ=કાર્બોન અને ઓક્સિજન મળવાથી થયેલો વાયુ.

સવાલ.—૧. હવા અને વાતા વરણ વિષે શું જાણો છો?

૨. શા ઉપરથી જાણી શકાય છે કે હવાને કદ અને વજન હોય છે.

૩. આપણા માથા પર વાતાવરણનો કેટલો ભાર છે?- અને એટલો બધો ભાર હોવા છતાં આપણે હવાથી શા માટે કચરાઇ જતા નથી?

૪. હવા ઘન રૂપે નથી તેમજ પ્રવાહી રૂપે પણ નથી તે સાબીત કરી બતાવો.

૫. કારબોનિક એસિડગ્યાસ, ઑક્સિજન અને કોલગ્યાસની ઉત્પત્તિ તથા સ્વભાવ કહો.

પાઠ ૭૭ મો.

પડઘો.

દોહરો—જગતમાં જડ વસ્તુ પણ આબેહુબ જવાબ આપે છે કે, "કંગાલ હો અગર રાજા હોય તો પણ તે જેવું બોલે છે તેવુંજ સાંભળે છે."

અનુરૂપ=આબેહુબ મૂળનું સ્વરૂપ.
અડખે પડખે=આજુબાજુ.
લાગલોજ=તરતજ.
ખુંદી વળ્યો=ફરી વળ્યો.
પંડને-પોતાને.
પડઘો=પ્રતિધ્વની, સામો અવાજ; ઘોર કે અવાજનું પાછું ફરવું તે.
નડતર=હરકત, અડચણ.
ઘોર=ભારે અવાજ, ધ્વનિ.
ગતિ=શક્તિ, બળ.
પડધમ=એક જાતનું વાજીંત્ર.
પ્રતિધ્વનિ=(પ્રતિ+ધ્વનિ) સામો અવાજ; પડઘો.
ધડો=દાખલો.
તોછડાઇ=હલકાઇ, અવિવેક
સભ્યતા=સલુકાઇ, વિવેક.
જડ=નિર્જીવ.
અદબ=માન; વિવેક,

સવાલ—૧ પડઘો એટલે શું? તે શી રીતે ઉત્પન્ન થાય છે? અને તેનાથી શી શીખામણ લેવા યોગ્ય છે?

પાઠ ૭૮ મો.

કોલસા ને ગ્યાસ.

જુના જમાનાનો=અસલ વિચારનો
ગોદી=વહાણને લાંગરવાની જગા બાંધેલી ખાડી.
અજાયબ=તાજુબ, વિસ્મય
ડામર=ખનીજ ટાર; જાડું કાળું પેટ્રોલીયમ.

તરંગ=તર્ક, વિચાર.
ગાઢ નિંદ્રા=ભર ઉંઘ.
વિચિત્ર=નવાઇ જેવી.
બીજો યુગ=ત્રેતા યુગ.
ફર્ન=નેતરના જેવો, ભેજવાળી જમીનમાં ઉગતો છોડ.
કાળાંતરે=વખત જતાં.
ગઠ્ઠા=ગાંગડા.
ટાર=કોલસામાંથી નીકળતો પ્રવાહી ડામર.
યુગ=જમાનો, જુગ.
છાંદી=બંધ કરી.
કોલસા વાયુ=કોલગ્યાસ. કોલસામાંથી નીકળતો વાયુ (જેના દીવા થાય છે તે.)

સવાલ ૧ કોલસો શી રીતે ઉત્પન્ન થયો? અને શા શા ઉપયોગમાં આવે છે?

૩ ખનીજ અને સાધારણ કોલસાનો મુકાબલો કરો. તથા કોલગ્યાસ બનાવવાનો પ્રયોગ સમજાવો.

પાઠ ૭૯ મો.

ફુવારો.

ટગર ટગર=એકી નજરે.
ચકલી=ચાવી.
સેરો=પાણીની ઉંચે ઉડતી ધારાઓ.
છિદ્રવાળી=કાણાવાળી.
સવેળા=વેળાસર.
નરમ=વળે તેવી પોચી.

સવાલ. ૧ ફુવારો ઉંચે કેવી રીતે ઉડે છે? અને પાણીના કયા ગુણના આધારે ફુવારો ઉંચે ઉડે છે?

પાઠ ૮૦ મો.

ગરમી માપક યંત્ર.

પારો=એક જાતની સફેદ રંગની પ્રવાહી ધાતુ. (ઠંડા મુલકમાં ઘન રૂપે રહે છે.)

પ્રકાશિત=શોભિતો.

ગરમી માપક યંત્ર=ગરમી માપવાનો સંચો, થર્મોમીટર.

વિસ્તાર=ફેલાવો.

હિમબિંદુ=એ બિંદુપર પારો આવે ત્યારે પાણી ઠરી જાય છે.

ઘટ=જાડો.

એકત્ર=એકઠા, ભેગા.

આંકા=નિશાન.

માર્ગ=અવકાશ, ખાલી જગા.

અંગ=ભાગ, ડીગ્રી.

એ દરમિયાનમાં=એ વખતમાં.

સવાલ—૧ પારો એ શું છે? તેનું રૂપ કેવું છે? કઇ કઇ સ્થિતિ તે ભોગવે છે? અને પાણીથા કેટલાગણો ભારે છે?

૨ પારાને ગરમી અને ઠંડીની એકજ અસર થાય છે કે જુદી જુદી? કયા ગુણને લીધે તેને થર્મા મીટરમાં ભરે છે?

૩ થર્મોમીટર યંત્ર કેટલી જાતનાં છે? અને દરેકનો શો શો ઉપયોગ થાય છે?

૪ થર્મોમીટરમાં પારો કેવી રીતે ભરે છે. અને એક વાસણમાં-થી બીજા વાસણમાં પારો કયા ગુણને લીધે રેડી શકાય છે?

૫ હિમબિંદુ અને ગરમી માપક યંત્ર એ શું છે?

પાઠ ૮૧ મો.

હવાનું દબાણ અને બંબો.

હવા=સ્થિર પવન.
વાયુ=ગતિવાળો પવન.
સ્પષ્ટ=ખુલ્લું.
દાંડો=હાથો.
પડદો=પટ, અંતરો
કાર્ય=કામ
બંબો=પાણી ઉંચું ઉરાડવાનો સંચો
લાગ=તક, દાવ, સગવડ.

સવાલ. નીચેની હવાના દબાણથી પાણી નીચે કેમ પડતું નથી તે સાબીત કરી આપો. અને પિચકારી તથા બંબાની રચનાનો તફાવત સમજાવો.

પાણી ભરેલા શીસામાંથી હવા શોષી લેતાં મોં માં પાણી કેમ આવતું હશે ?

પાઠ ૮૨ મો.

હવાનું દબાણ અને વાયુ ભર માપક યંત્ર.

વાયુ ભર માપક યંત્ર–વાયુનું દબાણ જાણવાનો સંચો.
બેશ=સારો
રમુજી=ગમ્મત ભરેલો
સ્તંભ=કાચની નળીમાંની પારાની ઉભી દાંડી
કોશીશ=પ્રયત્ન
ગૂઢ=કઠણ, અઘરો, એકદમ સમજી ન શકાય તેવો.
અનુમાન=ધારણા, અટકળ.
પ્રવીણ=માહિતગાર, અનુભવી
ટકાવી=થોભાવી.
સંભવ=આશા, ભરૂંસો.
ચેતવણી=ખબર

સવાલ—૧ પાણીના દબાણનો ઉપયોગ કયા કયા કામમાં થાય છે? અને વાયુ ભર માપક યંત્રો શા આધારે બન્યાં છે?

૨ વાયુ ભાર માપક યંત્રની બનાવટ તથા ઉપયોગ સમજાવો. અને તેનાથી શા આધારે પર્વતોની ઉંચાઈ માપી શકાય છે તે જણાવો.

૩ પારાનો ઉપયોગ અને બેરોમીટરમાંની તેની કૃતિ સમજાવો.

૪ હિંદુસ્તાનમાં વાયુ ભાર માપક યંત્રના ફેરફારની નોંધ કયાં રાખવામાં આવે છે? અને તેથી હિંદને શો લાભ છે?

પાઠ ૮૩ મો.

એક દળ અને દ્વી દળ.

એક દળ=ફાડ વગરના
દ્વી દળ=બે ફાડવાળા
ફરક=ફેરફાર, જુદાપણું.
અવલોકન=બારીક તપાસ
આડકતરાં=વાંકાં ચુંકાં
વજ્ર પત્ર=ફુલનાં ઢાંકણનાં નાનાં નાનાં પાંદડાં
ફુલમાળ=ફુલના ગોટાનું ઢાંકણ
લાગુ=બંધ બેસતો
બીજાશય=(બીજ+આશય) બીજને રહેવાનું ઠેકાણું
ચીમળાઇ=કોચલું વળી.
દાંડી=ડીંટું
રેસા=તાંતણા?

સવાલ—૧ વનસ્પતિના મુખ્ય વર્ગો કયા કયા છે? અને ફુલવાળી વનસ્પતિના કયા કયા વર્ગ થાય છે.

૨ એકદળ અને દ્વીદળમાં શો ફેરફાર છે? અને તે શીવાયની વનસ્પતિના બીમાં ફેર છે કે નહિં? એક દળ અને દ્વી દળનાં મુળ તથા થડમાં કંઇ ફેરફાર હોય છે કે નહિં?

૩ મૂળ અને થડ ઉપરથી એક દળ તથા દ્વી દળ શી રીતે જાણી શકાય ?

અને એક દળ તથા દ્વી દળ વનસ્પતિનાં મૂળ, થડ, પાંદડાં, ફુલ અને ફળનો મુકાબલો કરો.

પાઠ. ૮૪ મો.
ફુલનું ફળ બનાવવા વિષે

વજ્ર=ફૂલનું ઢાંકણુ
પુષ્પકોશ=પાંખડીવાળો ભાગ.
ઢાંકણુ=પડ, અસ્તર
કેસર=તંતુ, તાંતણા રેસા
ખાંચ=ખોભણુ
પરાગકોશ=પરાગનો જથો
સમાંતર=(સમ+અંતર.) સરખે અંતરે
પરિપકવ=પૂરેપૂરૂં પાકું
અગ્ર=મથાળાનો ભાગ
મોહ=ઘણીપ્રીતિ
આતુરતા=ઉત્કંઠા
સંયોગ=મેળાપ, મુલાકાત ભેગા ભળવું તે

સવાલ—૧. સ્ત્રીકેસર અને પુકેસરની ઇંદ્રિયો તથા ફૂલનાં ઢાંકણુ ગણાવો.

૨. પરાગ કોશની રચના અને પુષ્પકોશ એ શું છે? તે સમજાવો.

૩. પરાગને સ્ત્રીકેસરમાંથી પુકેશરમાં કોણ લાવી શકે છે ? અને પરાગની રજકણુને કેટલાં ઢાંકણાં હોય છે

૪. બીજાશયમાં શું હોય છે ? અને બીજાશય પરિપકવ થયા બાદ તેનું શું થાય છે ?

પાઠ ૮૫ મો.

અપુષ્પ વનસ્પતિ.

અપુષ્પ=(અ+પુષ્પ) ફુલવગરની
મુખ્યત્વે=ઘણું કરીને
કેવળ=ખાસ કરીને
અદમ=દમ વગરની
પરિપક્વ=પુરાંપાકાં
સપુષ્પ=(સ+પુષ્પ) જેને ફૂલ આવે તે
ફાંટો=ફણગો
જળાશય=(જળ+આશય) પાણીનાં ઠેકાણાં–નદી, કુવા, તળાવ વિગેરે
ગાભો=ગરભના જેવો પોચો ભાગ
પિંડ=ગોળો
પંક્તિ=જાત, વર્ગ
સમૂળગાં=બીલકુલ, તદ્દન
સમાવેશ=ગણત્રીમાં આવવું તે સમાસ
ફુગ=રોટલા પર છારી વળે તે
વિચિત્ર=નવાઇ પમાડે તેવું

સવાલ—૧. હંસરાજ કયા કયા પ્રદેશમાં ઉગે છે? અને લોકો તેને શા માટે રોપે છે?

૨. હંસરાજને પાંદડાં હોયછે કે નહિ? તેની નસો કોના જેવી હોય છે?

૩. અપુષ્પ અને સપુષ્પ વનસ્પતિ ગણાવો

૪. સેવાળ, ફુગ, અને બેક્ટિરીઆ, એ શું છે તે વિગત વાર સમજાવો, અને બીલકુલ પાંદડાં ન હોય તેવી વનસ્પતિ ગણાવો.

પાઠ ૮૬ મો.

નારીએળ અને બાવળ.

મંજરી=માંજર,ફુલની જગોએ ઉગેછેતે
મોભ=ઘરનીવચ્ચેના ભાગનો થાંભલો
કુંભી=થાંભલા નીચે મુકે છે તે
પરનાળ=પાણી ઝીલવાનું કે તેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે પહોંચાડવાનું સાધન

કાથો=નાળિએરીના રેસા
છાજ=છાપરા ઉપરનું ઢાંકણુ
દામણાં=પશુને પગે બાંધવાનાં દોરડા
ડોયો=લાકડાની હાંડીનો મોટો પળો
તાસક=ઢાંકણુ
સ્વાદિષ્ટ=સ્વાદવાળું
કલ્પવૃક્ષ=ઇચ્છેલું આપે તેવું સ્વર્ગનું ઝાડ
પરડા=બાવળની શીંગ
ટીશી=ખીલ્યા વગરનાં પાંદડાંનો જથો

સવાલ—૧. નાળીએરી ક્યાં ક્યાં ઉગે છે, કેટલા વખતમાં તૈયાર થાય છે, અને કેટલાં વરસ સુધી જીવી શકે છે ?

૨. નાળિએરીના થડ, પાંદડાં રેસા અને ફળનો ઉપયોગ સમજાવો.

૩, શા માટે નાળિએરીને આપણે પૃથ્વી પરનું કલ્પવૃક્ષ કહેવું ?

૪. નાળિએરી અને બાવળનો મુકાબલો કરો અનેતે બેમાંથી કયું વૃક્ષ જગતને વધારે ઉપયોગી છે ? તે ખુલાસા વાર સાબિત કરી આપો.

૫. બાવળની છાલ, પરડા, બાવળ, ગુંદર અને કાંટાનો ઉપયોગ સમજાવો.

પાઠ ૮૭ મો.

સાગ અને વડ.

હિંદીશહેનશાહત=બ્રિટીશહિંદુસ્તાન
ઘેર=ઘેરાવો
ઘાટને મથાળે=સંહ્યાદ્રિપર્વત ઉપર
પાલાં=ખપેડાની ટટ્ટી
અસ્તર=પડ
ઓપ=ચળકાટ
ટકાઉ=ઘણો વખત ચાલે તેવું
અદ્યાપિ=હજુ સુધી
અણીશુદ્ધ=આબેહુબ, જેવું હતું તેવુંજ
રોગાન=રંગવામાં વપરાતું તેલ
જહાજો=મોટાં સફરી વહાણો

ઢગાર=લીંડી, ચરક

સડતું=કોહીજતું

ઉમરડા=એક જાતનું ઝાડ છે, તેનું દુધ સુઝારાના દરદ ઉપર કામ લાગે છે.

સમિધ=અગ્નિને સળગાવવાની લાકડીઓ.

વડવાઇ=વડની ડાળમાંથી ફુટેલા દોરી જેવા ફાંટા

પ્રાચીન=ઘણા જુના વખતનો

ઘટા=ઝાડનો ભરાવ

સવાલ—૧. બ્રિટીશ હિંદના કયા કયા ભાગમાં સાગ ઉગે છે?

૨. સાગનું થડ, છાલ, અને પાંદડાંનું વર્ણન કરો તથા તેમનો ઉપયોગ કહો

૩. સાગનું ઝાડ અને લાકડું વધારે ટકાઉ હોવાનું કારણ શું? અને તુંગભદ્રાતટનાં શોભિતાં મંદિરો સંબંધી શું જાણો છો ?

૪. સાગને જંગલનો રાજા શા માટે કહેવામાં આવે છે? અને સરકારને કયાં જંગલોની પેદાશ સૌથી વિશેષ છે ?

૫. વડ અને સાગના ઝાડનો મુકાબલો કરો, અને તે બેમાંથી ચઢતી પદ્વી તમે કોને આપી શકો છો ?

૬. કબીરવડ સંબંધી શું જાણો છો ? અને પીંપળા, ઉમરડા તથા તુળસીને કયા લોકો, શા કારણથી પવિત્ર માને છે ?

પાઠ ૮૮ મો.

નિશાળનો બગીચો.

આતુરતા=અધીરાઈ, ઉત્કંઠા, ઇચ્છા મરજી
પ્રશ્ન=સવાલ
યોગ્ય ઉત્તર=લાયક જવાબ
અધવચ=વચમાંથીજ
સંપૂર્ણ=(સં+પૂર્ણ)-પૂરેપૂરૂં
સતેજ=(સ+તેજ) તાજી, જાગૃત, દૃઢ, મજબુત
જંજાળ=ખટપટ
અવલોકન શક્તિ=બારીક તપાસ જોવાની શક્તિ
ખીલવવાનું=વીકસાવવાનું
મિશ્ર=ભેગાં
વેંગણ=રીંગણાં, વંતાક
પ્રસંગ=સમય, વખત
માહિતી=સમજણ
પારીજાતક=એક જાતનું સુગંધીદાર કેસરીઆ દાંડીવાળું સફેદ પાંખડીનું ફુલ

સવાલ—૧ સમજુ અને અણસમજુ માબાપો બાળકોની અવલોકન શક્તિ પર શી શી અસર કરે છે? ૨ બાળકની જીજ્ઞાસા વૃત્તિ તૃપ્ત કરવા, અને અવલોકન શક્તિ ખીલવવા માબાપોએ કયા ઉપાયો યોજવાની જરૂર છે? ૩ નિશાળોમાં બગીચા શા માટે રાખવા જોઇએ? અને આ પાઠમાં કયા કયા છ વર્ગ બતાવેલા છે?

પાઠ ૮૯ મો. રેશમનો કીડો.

રૂપાંતર=આકારમાં ફેરફાર, જુદાં જુદાં રૂપ
ખોળીઆં=ખોખાં, શરીર
અનુસરી=મળતા આવીને
સંજોગ=બનાવ, ઘટના, પ્રસંગ
પુષ્ટ=જબરી, જોરાવર
ખાલ=ચામડી, ત્વચા
સોહામણાં=શોભિતાં
બેઠા ઘાટનું=નીચું, ઠીંગણું.
કોશેટો=લાંબી ગોળ દડી
અનુકુળ સંજોગો=મોકુફ બનાવ; મળતા આવતા પ્રસંગ
પરિપૂર્ણ=(પરિ+પૂર્ણ) સંપૂર્ણ પૂરેપૂરૂં
ટમેટા=લાલ બટાકા
કલમ=ઝાડની ડાળી કાપીને રોપવી તે

સવાલ—૧ રેશમ એ શું છે ને શી રીતે ઉત્પન્ન થાય છે? અને રેશમના કીડાના રૂપાંતર કયાં કયાં થાય છે? ૨ પ્રાણી માત્રને ખોળીઆં શામાટે બદલવાં પડતાં હશે ?

પાઠ. ૯૦ મો.

ઈંડું.

ખાબાં=ડાઘા. ચાઠાં.
કોટલું=કોચલું, ઢાંકણ.
કરડા પ્રકાશમાં=સખત તેજમાં.
પારદર્શક=આજુબાજુ દેખાય તેવું.
રોગાન=એક જાતનું મિશ્રિત તેલ.
ત્વચા=ચામડી.
પોલ=પોલાણ.
પૌષ્ટિક=પુષ્ટિકારક; શક્તિ આપનાર
ઘાટો=જાડો.
અપારદર્શક=આરપાર દેખાય નહિ તેવો.
જરદી=ઈંડાની દાળ સફેદીની વચ્ચેનો પીળો રસ.
સમતોલ=(સમ+તોલ)સરખું વજન.
માંહેલી મેર=અંદરની બાજુ.
સેવે છે=હુંફાળા રાખે છે.
શિરાઓ=રક્તવાહિની, રગો, નસો.
અદૃશ્ય=અલોપ, દેખાતું બંધ થવું તે
ખીલી રહે છે=વૃદ્ધિ પામે છે.

સવાલ—૧ ઈંડાં મુકનાર પ્રાણીઓનાં નામ દો. અને શાહમૃગનું ઈંડું કેવડું હોય છે તે કહો.૨ ઇંડાંનો બહારનો અને અંદરનો ભાગ તથા સફેદી અને જરદીની ઓળખાણ આપો. ૩ ઈંડાનો કયો ભાગ નબળા માણસોના ઉપયોગમાં લેવાય છે? મરઘી કેટલાં ઇંડાં મુકે છે? અને તેને કેવી રીતે સેવે છે ?

પાઠ ૯૧ મો.

માણસ જાતને મળતું પ્રાણી.

લંગુર=વાંદરા.
નીલ=આખે ડીલે કાળાં વાંદરાં.
કપિ=પુંછડી વગરના અને બે પગે ચાલનારા વાંદરા.
ન્યૂલ=અનાજ.
કદાવર=મજબૂત, ભરાઉ શરીરવાળા
વિશાળ=પહોળી.
સંગીન=મજબુત.
બળિએલ=બારીકો ચીડાઈ જાય એવો.
માણસની ગંધ=માણસોનો સહવાસ.
હાડપિંજર=હાડકાંનું ખોખું.
યુગો જમાનાઓ.
અનુમાન=અટકળ; ખ્યાલ.

સવાલ–૧ વાંદરાંના વર્ગ કયા કયા છે? ૧ લા અને ૨ જા વર્ગનાં વાંદરાં કયાં કયાં જોવામાં આવે છે? અને ગુજરાતનાં વાંદરાં સંબંધી શું જાણો છો? ૨ કપિઓની વસ્તી કયા કયા પ્રદેશમાં છે? કપિ અને માણસો વચ્ચે શો તફાવત છે? અને કપિનાં લક્ષણો કેવાં હોય છે? ૩ વાંદરા, કપિ અને માણસોમાં મળતાપણું છે એ સાબિત કરી આપો. ૪ ઉરાંગ ઉટાંગ, ગોરીલા, અને નીલ વાંદરાઓની વસ્તી કયાં કયાં છે? અને તેઓના સંબંધમાં શું શું જાણો છો?

પાઠ ૯૨ મો.

માણસનો પ્રથમ સુધારો.

પ્રાચીન સમયનું=પહેલાંના વખતનું
બેડોળ=(બે+ડોળ) ઘાટ વગરનાં કદરૂપાં.
કલેડાં=ઠીકરાની તાવડીઓ.
ઓપેલાં=ઘસીને ચળકતાં કરેલાં.
તણખા=દેવતાની ચિણગારીઓ.
ગરમાળો=ગરમી, હુંફ.
ચકમક=એક જાતનો દેવતા પાડવાનો પત્થર.
ચિત્રવિદ્યા=ફોટોગ્રાફી, છબી ચીત-

વાની કળા.
શ્રેષ્ઠ=ઉત્તમ.
યોજના=ગોઠવણ.
રિવાજો=ધારા, કાયદા.
મુકરર=નક્કી, નિશ્ચય.

સવાલ—૧ પૃથ્વી પરનાં માણસોની સ્થિતિ કેવી હતી? અને તેમણે કેવી રીતે સુધારો કરવા માંડયો તે વિગતવાર સમજાવો. ૨ પહેલાંની સ્થિતિ અને હાલની સ્થિતિનો મુકાબલો કરો.

પાઠ ૯૩ મો.

મગજ અને જ્ઞાન તંતુ.

મગજ=ભેજું, માથાની અંદરનો ભાગ
અતિ અગત્યનું=ઘણું જરૂરનું.
નાજુક અંગ=કોમળ ભાગ.
ખોપરી=મગજનો ડાબડો.
ઘડી=ઘેડ, પડ.
તાલકુ=ખોપરીની ઉપરનો ભાગ.
હેઠલીમેર=નીચેની બાજુ.
ચલનવલન=હાલવા ચાલવાની શક્તિ
પૃષ્ઠ=પાનું, પડ, ભાગ.
જ્ઞાનતંતુ=સમજણના તાંતણા; મગજને ખબર પહોંચાડવાની ઝીણી તાર જેવી નસો.
રજ્જુ=તાંતણો, તાર, દોરી.
કલેજું=કાળજું, પિત્તાશય.
હરકોઇ સ્થળે=કોઇ પણ ઠેકાણે.
આરંભ=શરૂઆત.
મજ્જાતંતુ=માંસના સત્વની નસ.
કાસદ=ખેપીઓ ટપાલી.

સવાલ—૧ મગજના મુખ્ય ભાગ કયા કયા છે? માણસની બુદ્ધિનો આધાર શેના ઉપર છે? મગજને ઇજા પહોંચે કે દરદ થાય છે ત્યારે શું થાય છે? ૨ મગજનો નાનો ભાગ શું કામ કરે છે? અને મોટો ભાગ શું કામ કરે છે? જ્ઞાનતંતુ, મજ્જાતંતુ કરોડ રજ્જુ, અને કલેજું એની કાર્ય વાહી સમજાવો.

પાઠ ૯૪ મો.
ફેફસાં અને શ્વાસોચ્છવાસ.

અસ્વચ્છ=ગંદુ, બગડેલું, મેલું.
શ્વાસોચ્છવાસ=દમ લેવો અને મુકવો
આગલીમેર=આગળની બાજુએ.
પોલ=પોલાણ, ખાલી જગા.
ખંડ=ભાગ.
શ્વાસ નળી=દમ લેવાની નાડી.
શાખા=ફાંટો છેડો.
સ્થિતિસ્થાપક=પોતાની આગલી સ્થિતિ અડચણ મટતાં પાછી મેળવે તેવા ગુણવાળું.
ઉચ્છવાસમાં=દમ મૂકવામાં.
નિરંતર=હમેશાં.
બખોલમાં=ગુફામાં, પોલમાં.
બારીક ત્વચા=ઝીણી ચામડી.
આવ જા=આવવું ને જવું.
ધમણ=વા ફુંકવાનો સંચો.

સવાલ—૧ હૃદય અને ફેફસાં શરીરના કયા ભાગમાં છે? ફેફસાં કેવાં છે? કેટલાં છે? અને તે શી ક્રિયા કરે છે? ૨ કયા ગુણને લીધે ફેફસાં ફુલાય છે ને સંકોચાય છે? શરીરનું લોહી શી રીતે સ્વચ્છ કરે છે? અને તેની કાર્ય વાહી કોને મળતી આવે છે? ૩ ફેફસાંની ક્રિયા ચાલતી બંધ થાય તો શું પરિણામ આવે? ૪ શ્વાસોચ્છવાસ, શ્વાસ નળી અને સ્થિતિસ્થાપકનો અર્થ વ્યુત્પત્તિ સાથે સમજાવો.

પાઠ ૯૫ મો. રંગારા કામ.

રંગરેજ=રંગારો.
મસાલા=મેળવણી તૈયાર કરેલો રંગ.
સુરખી=તેજી.
ભપક=ચળકાટ.
બો=વાસ, બદબો.
લોખંડ=સખત લોઢું.
ફેંટો=માથે બાંધવાનું ફાળીઉં.
પાપડખાર=સંચોરો.
કાંજી=લાહી, ખેળ.
કસુંબો=કસુંબાના રંગનું રાતું પાણી.
કીરમજી=કીરમજના જેવો રંગ,

મિશ્રણ=ભેગ, મેળવણી.
છીપા=લુગડાં છાપનારા.
ગેરૂ=લાલ માટી.
હરડાંબેડાં=એક જાતનાં ફળ.
એલીઝરીન= કોલટારમાંથી કાઢેલો એક જાતનો રંગ.

સવાલ—(૧) શી રીતે કસુંબીના ભુકામાંથી રંગ બનાવીને ફેંટો રંગ્યો? રંગ્યા બાદ ઘઉંના લોટની કાંજી અને લીંબુના રસમાં કેમ બોળી રાખે છે? ૨ ગદલની અંદર લીંબુનો રસ નાખતાં કયા કયા રંગો ઉત્પન્ન થાય છે? અને ગદલમાં શું મેળવીને કીરમજી તથા અબ્બાસી રંગો ઉત્પન્ન કરે છે? ૩ ગળી કયાં ઉગે છે? અને તેને કેવી રીતે પકવે છે? અસલના વખતમાં દેશી પાકા રંગો કેવી રીતે બનાવતા? ૪ અબ્બાસી, કીરમજી, ગળી, ગેરૂ, અને એલીઝરીન એ શું ચીજો છે? કેમ ઉત્પન્ન થાય છે? અને શા ઉપયોગમાં આવે છે?

પાઠ ૯૬ મો. કુંભાર કામ.

લાદ=ગધેડાનાં લીંડાં.
ગુંદે છે=કસણે છે.
મુલાયમ=મલાઇ જેવી.
ચાક=પૈડાના આકારનો કુંભારનો ચાકડો.
એકચિત્ત=તલ્લીન.
પેટું=વચલો ભાગ.
સંખ્યાબંધ=અસંખ્ય, ઘણાંજ.
ટપેરે છે=ટીપે છે.
કાચકો=કાચકીનું ફળ,
હદ વાળે છે=અજાયબ પમાડે તેવી કારીગરી કરી બતાવે છે.
મળસકામાં=પરોઢીઆમાં.
ચિત્રકામ=કુંભાર લોકો વાસણો પર તરેહ તરેહની ભાત પાડે છે તે.

સવાલ—૧ કુંભારના ચાકની રચના, ગારો બનાવવાની વિધિ, અને વાસણો ઉત્પન્ન કરવાની ક્રિયા સમજાવો. ૨ શા માટે કુંભારને વારંવાર હાથ પલાળવા પડે છે? અને વાસણને ટીપવાથી શો લાભ થાય છે? ૩ વાસણો ભઠ્ઠીમાં કેવી રીતે ગોઠવે છે? અને પછી તેનું શું થાય છે? ૪ કુંભાર કયાં કયાં વાસણો બનાવે છે? અને કયાં સ્થળોનું કુંભાર કામ વખણાય છે?

પાઠ ૯૭ મો. ઉચ્ચાલન.

ઉચ્ચાલન=એ નામનું યંત્ર છે.
ખુધું=થોડો જાડો અને લાંબો લાકડાનો કકડો.
કોણી=હાથની વચમાંનો સાંધો.
ટેકો=આધાર, ટેકણ.

સવાલ—૧ ઉચ્ચાલનના પ્રકાર, ઉપયોગ અને તેના ફાયદા વિગતવાર સમજાવો. ૨ ત્રાજવાં અથવા કાંટાની દાંડીને ઉચ્ચાલન કહી શકાય કે નહિં? ૩ યાંત્રિક શક્તિઓ કેટલી છે? કયી કયી છે? અને તેમનો શો ઉપયોગ થાય છે?

પાઠ ૯૮ મો. ગરત્રડી અને પાણીનો રેંટ.

ગરગડી=ગરેડી.
રેંટ=પાણી કાઢવાનું ચક્ર.
નિહાળો=તપાસો, જુઓ.
નમુનો=ચિત્ર.
દૃષ્ટિ=નજર.
બણી=ગમ, તરફ.
આરા=દાંતા.
ખોભણ=ખાડો.
વાટ=પૈડાં પર લોઢાના પાટા જડે છે તે.
ધોરણે=નિયમે.
ગોઠવણ=રચના.
ગાળામાં=ખાલી જગામાં.

સવાલ—૧ ગરગડી એ કઇ જાતની યાંત્રિક શક્તિ છે? તે શાની બનાવવામાં આવે છે? અને કયાં કયાં કામોમાં તેનો ઉપયોગ થાય છે? ૨ ગરગડીવડે કુવામાંથી પાણી કાઢતાં ઉંચે ખેંચવાને બદલે નીચે કેમ ખેંચવી પડે છે? ૩ કુવામાંથી પાણી કાઢવા માટે રેંટ અને ગરગડી એ એમાંથી કયું સાધન વિશેષ સરળતાવાળું છે? ૪ ગરગડીમાં કોઇ ફેરફાર કરવા જેવો છે કે નહિ? અને કર્યો હોય તો તેથી શો લાભ થાય?

સુધારેલી નવી પાંચમી ચોપડીની કવિતાઓના અર્થ તથા સમજુતી.

દ્વારકા=શ્રીકૃષ્ણ પરમાત્માની રાજધાનીનું પવિત્ર શહેર કાઠિયાવાડના અગ્નિ કોણ પર આવેલું છે.
સુદામા=કૃષ્ણ ભગવાનના બાળ સખા; એક પવિત્ર પ્રભુ ભક્ત.
ૠષિ=મુનિ; કથાકાર.
નરપતિ=(નર+પતિ) માણસોના ધણી રાજા
દ્વારામતી=દ્વારકાં નગરી.
કનક કોટ=સોનાનો કિલ્લો.
મણિમય=(મણિ+મય) મણીવાળાં.
કાંગરે=અણીવાળી ટોચે
દુર્ગે=કિલ્લાપર
ધજા=વાવટા, નિશાન
દુંદુભી=નોબત
સંગમ=(સં+ગમ) મેળાપ, મુલાકાત
ચારે વર્ણ=ચારે જાત (બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય ને શુદ્ર)
સ્નાન=નહાવું તે.
પુરમાં=નગરમાં
ભગવાન=(ભગ=નસીબ+વાન=વાળો) નસીબવાળા (હિંદુ લોકમાં પવિત્ર

મહાપુરૂષોને 'ભગવાન' સંબોધનથી બોલાવવાનો રિવાજ છે)

રૂપ=દેખાવ, દેદાર.

ખાજવે=ચીડાવે

પુંઠળ=પાછળ

પળે=દોડે, જાય

જાદવ સ્ત્રી=જાદવોની બૈરીઓ

ધન્ય=શાબાશ

નર વસે=પુરૂષ રહે

વ્રત=નિયમ

તપ=તપશ્ચર્યા

અપાર=(અ+પાર) ઘણાંજ

ભરથાર=ધણી, વર, સ્વામી.

રાક્ષસ=બિહામણું માણસ

વિકરાળ=ભયંકર

ચેષ્ટા=મશ્કરી

મુખથી ભાખે=મોઢેથી બોલે.

વૃદ્ધ=ઘરડા

ઋષિ=મુનિ.

સાધુ=સંતપુરૂષ, મહાત્મા

દૃષ્ટિ=નજર, ઇચ્છા

ઓળખી=જાણી લીધી

સમાચાર=ખબર, સંભાળ

કૃપાનાથ=(કૃપા+નાથ) દયાળુ, ઘણી મહેરબાનીવાળા

મયા=માયા, કૃપા

પતિ ઉત્તર=(પ્રતિ+ઉત્તર) સામો જવાબ

કૃષ્ણદર્શન=કૃષ્ણની મુલાકાત.

મન=ઇચ્છા, અભિલાષા, મરજી

રાજદ્વાર=રાજમહેલનો દરવાજો મંદિર ઘર

હાટ=દુકાનો

ચૌટાં=બજારો

ચોક=ખુલ્લી જગાઓમાં ભરાતો બજાર, ગુજરી

છજાં=બારીઓની આગળ રવેશથી બહાર પડતાં જે પાટીયાં જડેલાં હોય છે તે

ઝરૂખા=રવેશ

ગોખ=ગોખલા

અટારી=મેડા ઉપરનો બહાર નીકળેલો રવેશ

જડીત્ર=જડેલા

ઝાકઝમાળ=ચળકાટ

ચળકે=ઝળકે
મિનાકારી=મીનાની કારીગરીવાળું
મિના એ કાચ જેવો એક પદાર્થ છે જેને રાતો, લીલો વગેરે રંગ આપવામાં આવે છે
અમરાપુરી=દેવની નગરી
ઓવારી=માથા પરથી ઉતારી મુલાવી
સ્ફાટિકમણિ=એક જાતનો ચળકતો પત્થર
થંભ=થંભલા
નાટારંભ=નાટકની શરૂઆત
મૃદંગ=પખાજ
ઉપંગ=એક જાતનું વાજીંત્ર
ગુણીજન=ભાટ ચારણ આદિક
રસાળ=રસીક, રસભરેલાં
રમકઝમક=રમઝુમ થતો અવાજ
હેમતણા=સોનાના
અખાડા=રાસ
મદગળના માતંગ=મસ્તીના જોરમાં આવેલા હાથી
મદ=હાથીના માથામાંથી જે પરસેવાનાં ઝરણ છૂટે છે તે
માતંગ=હાથી
ગજશાળા=હાથીખાનું
નવલો=નવિન, નવો
રંગ=શોભા
અનંત=(અન+અંત) ઘણાજ પારવગરના
યોદ્ધા=લડવૈયા
પ્રતિહાર=દારપાળ, દરવાન પહેરગીર, ચોકીદાર
સામલીયા=કાળા રંગના કૃષ્ણ પ્રભુ
દ્વાર=બારણું
સંકલ્પ વિકલ્પ=તર્ક વિચાર
ગહન=કળી શકાય નહિ તેવી
દીસે છે=દેખાય છે, જણાય છે
કરમની ગતિ=નસીબની શક્તિ
વિદ્યાર્થી=શિષ્ય, નિશાળીયા
ગોકુલ=યમુના નદીને કિનારે હાલ એક નાનકડું ગામ છે.
માંકડાં=રાતાં મોંનાં વાંદરાં
પૃથ્વીપતિ=દુનિયાનો રાજા
રજ=જરા, કાંઇપણ
સિંહાસન=(સિંહ+આસન) સિંહના

આકારની રાજાને બેસવાની બેઠક, રાજગાદી	તુંબડાં=સંત સાધુઓને પાણી પીવાનું સુકું તુંબીફળ

ભાવાર્થ:—મુનિ (શુકદેવ) કહે છે કે હે રાજા (પરિક્ષિત) તું સાંભળ. સુદામાએ દ્વારિકાં નગરી જોઈ. તેનો સોનાનો કોટ ચળકી રહ્યો છે. અને તેના કાંગરા ઉપર ઉંચી જાતનાં મણીવાળાં રત્નો જડેલાં છે. કિલ્લાઓ ઉપર ઘણી ધજા ફરફરે છે, ને ત્યાં નોબત નગારાં વાગી રહ્યાં છે જ્યાં ગોમતી નદી સમુદ્રને મળે છે ત્યાં ચારે જાતના લોકો આવીને સ્નાન કરે છે. ૧. સુદામા રૂષિ નાહ્યા અને પછી ભગવાન (સુદામાજી) શહેરમાં પેઠા. તેમનો એવો કદરૂપો દેખાવ જોઇને બધા જોવા એકઠા થયા, બાળકો તેમને ચીડાવે અને તેમની પાછળ દોડે. જાદવોની બૈરીઓ માંહોમાંહે તાળીઓ આપીને હસે અને કહે કે જે નગરમાં આવો પુરૂષ વસે છે તે નગરને ધન્ય છે. અને જેણે ઘણાં વ્રત પુજન કર્યાં હશે તેજ સ્ત્રીને આવો વર મળ્યો હશે. ૨. વળી કોઇ તો કહે છે કે બિહામણો હાઉ આવ્યો છે બાળકોને એ બતાવો એટલે તે રડતાં રહી જશે, એમ તેમની પાછળથી ઘણી મશ્કરી થતી હતી, તે સાંભળવા છતાં પણ સુદામાજી હસતા હસતા આગળ ચાલ્યા જાય છે. છોકરાઓ તેમની પાછળ કાંકરા નાંખે છે, છતાં સુદામાજી તો હરિ હરિ બોલતા ચાલ્યા જાય છે વળી બાળકો તાળી પાડે, ગાલ વગાડે અને પાછળ ફરી વળે છે. ૩. કોઇ ઘરડા જાદવે રૂષીને દીઠા, અને તેણે તેમની ઇચ્છા જાણી લઇ બાળકોને હાંકી કાઢ્યા અને મુનિને ઉભા રાખીને ખબર પૂછી કે હે કૃપાનાથ ! તમે ક્યાંથી આવ્યા છો, અને આ નગર ઉપર કેમ મહેરબાની કરી

છે ? તે રૂષિ માણસે જવાબ આપ્યો કે મ્હારે કૃષ્ણદર્શન કરવાનું મન છે. ૪. જાદવે રૂષિ ઉપર ઉપકાર કરીને રાજમહેલનું બારણું બતાવી દીધું, એટલે રૂષિરાય કૃષ્ણના મંદિરમાં આવ્યા પણ રસ્તામાં એટલી બધી ભીડ હતી કે સીધા ચાલ્યું જવાયું પણ નહિ. દુકાનો ચૌટાં, ચોક, છજાં, ઝરૂખા, બારી, ગોખ શોભી રહેલાં છે અને અટારી, જાળી મેડી માળ તેને જડેલા કંઠરાઓ જળહળાટ શોભી રહેલા છે. ૫. ત્યાં દેવ લોકોની નગરીને પણ ભુલાવી દે તેવું મિનાકારી કામ શોભી રહ્યું છે. સભામાં સ્ફાટિકમણિના થાંભલાઓ છે અને ત્યાં નાટકની શરૂઆત થઇ રહી છે. મૃદંગ, ઉપંગ વગેરે વાજી રહ્યાં છે. ગુણીજનો રસીક ગાયનો લલકારી રહ્યા છે અને નાચનારાઓના પગે બાંધેલી ઘુઘરીઓનો રૂમઝુમ અવાજ થઇ રહ્યો છે તે બધું જોતાજોતા સુદામાજી જાય છે. ૬. સોનાની રાશો બાંધેલા ઘોડાઓ હરે છે ફરે છે, મસ્તીમાં આવેલા હાથીઓ ડોલે છે, અને હાથીખાનાની શોભા તો નવીજ થઇ ગઇ છે. કૃષ્ણ ભગવાનના મહાલયના ઘર ઉપર ઘણા બળવાન યોદ્ધાઓ પહેરગીર તરીકે ઉભા છે અને દ્વાર સાચવે છે. ત્યાં સુદામાજી ફેરા ફરે છે અને મનમાં તર્ક વિતર્ક કર્યા કરે છે. ૭. સુદામાજી મનમાં એમ વિચારે છે કે "નસીબની શક્તિ જાણી ન શકાય તેવી છે, અમે એકજ ગુરૂના વિદ્યાર્થી છીએ છતાં એ પૃથ્વીનો રાજા થઈ બેઠો છે અને મારા ઘરમાં ખાવાને અન્ન પણ નથી. જે ગોકુળમાં માંકડા રમાડતો, અને ગુરૂને ઘેર ભણતી વખતે જંગલમાંથી લાકડાં વીણી લાવતો તે આજે રાજસિંહાસન પર ચઢી બેઠો છે અને મારી પાસે ફક્ત તુંબડી (જળપાત્ર) ને લાકડીજ છે.

પાઠ ૧૨ મો. બકરીનું બચ્ચું.

બકરી કેરૂં=બકરીનું
વિખુટું=જુદું
આ કાળ=આ વખત
ઉંચ=ઉંચા
ગિરિ=પર્વત
શૃંગ=શિખર
સંગ=સાથે, પાસે
ઉજળું=ધોળું, સફેદ.
બરફ સમ=બરફના જેવું
સોહાય=શોભે
શિલા=પત્થરની લાંબી છાટ.
શ્યામ=કાળો
કરૂણ=દયામય, કરૂણા ઉપજાવે તેવો
રવ=અવાજ, સાદ
મંદ=ધીમો
વીસરી=ભુલી જઇ
સહજ=જરા કુદરતી રીતે, પોતાની મેળે
નિજ=પોતાનો
પડઘા=પ્રતિધ્વનિ, સામા અવાજ
ગિરિની માંય=પર્વતની અંદર
ભુલ=ભરૂંસો, ચુક
ભમાય=છેતરાય, ઠગાય, રખડે
મોરી માય=મારી મા
અધિક=ઘણું
અકળાય=ગભરાય
ઉંચો નાદ=મોટો સાદ, ભારે અવાજ
માડીકેરી=માની
યાદ=સંભાળ
ચોગમ=ચારે બાજુ
ધવળ=ધોળી, સફેદ
ગાઢ=ખીચોખીચ
ઝાડી=લગોલગ આવેલાં વૃક્ષોનો જથ્થો
ગાઢ ઝાડી=ઘાટું જંગલ
ઘોર=ભયંકર, બીહામણી.
સાવજો=વાઘો
શોર=અવાજ, ગર્જના.
શું=કેવું
સોડ લપાય=પાસામાં દબાઇ જાય, સંતાઇ જાય
તત્કાળ=તરતજ
તે વેળ=તે વખતે
ટોચ=શિખર
સે'લ=સહેલાઇથી, જલદીથી

ગોદમાં=ખોળામાં, સોડમાં	તૃપ્ત=ધરાઇને
અજ બાળ=બકરીનું બચ્ચું	દેહ=શરીર
ચુંબન=બચ્ચી, બોકી	શિશુ=બચ્ચું, બાળક
કઠણ=અઘરી, મુશ્કેલ	ઉછરંગ=ઉમંગ, આનંદ
પર્વત વાટ=પર્વતનો રસ્તો	હૃદય=મન, હૈયું
મીઠું=વ્હાલું	મુજ=મારૂં
અજ શાવ=બકરીનું બચ્ચું	તે=સંગ તેની સાથે
ભાવ=હેત, પ્યાર	

ભાવાર્થ:—પેલું બકરીનું બચ્ચું આ વખતે પોતાની માતાથી છુટું પડેલું છે. ઉંચા પર્વતના શિખર ઉપર ઉભું છે અને તેની સાથે કોઇ નથી. ૧. તે બરફના જેવા સફેદ રંગનું શોભે છે અને તેની પાછળ કાળા રંગનો પત્થર દેખાય છે તે પોતાનો આનંદ ભુલી જઇને દયા ઉપજાવે તેવો ધીમો અવાજ કરે છે. ૨. તેના અવાજથી પર્વતની અંદર પડઘા થાય છે. તે સાંભળીને તે બચ્ચું ભુલ ભુલમાં એમ સમજે છે કે "જાણે મારી મા બોલી" પણ તેને (માને) નહિ દેખવાથી ઘણું ગભરાય છે. ૩. જેથી તે ઘણો ભારે અવાજ કરે છે, અને માને સંભારે છે. તે બચ્ચું ચારે તરફ જોતું જાય છે. તે વખતે તેની વાંકી ધોળી ડોક શોભાયમાન દેખાય છે. ૪. પર્વતની નીચે ઘણું ભયંકર જંગલ છે. અને તેમાં વાઘની ગર્જના થાય છે. તે સાંભળીને બચ્ચું કેવું ગભરાય છે? (અને તે મનમાં એમ ઇચ્છે છે કે) માતાની સોડમાં શી રીતે સંતાવાય? ૫. હે મારા વહાલા બચ્ચા તું ધીરજ રાખ. આ હું હમણાંજ આવું છું, એમ બોલી હું તે વખતે ટેકરીની ટોચ પર

સહેલાઇથી જઇ પહોંચ્યો. ૬. તે બકરીના બચ્ચાને સોડમાં લીધું અને દશબાર બચ્ચીઓ કરીને પર્વતના કઠણ રસ્તાપરથી ઉતરીને જ્યાં તેની માતા હતી ત્યાં બચ્ચાને મુક્યું. ૭. મ્હારૂં વ્હાલું બકરીનું બચ્ચું તરતજ ધાવવા લાગ્યું. અરે જો, નદીમાં બકરીનું બચ્ચું માને હેતથી લાવે છે. ૮. ધાવીને ધરાયું એટલે તે છુટયું, ત્યારે તેનું સફેદ શરીર શોભી ઉઠયું. પછી તે બચ્ચું ઉમંગથી નાચ્યું. અને તેની સાથે મારૂં અંતઃકરણ પણ ઉમંગથી ઉછળ્યું. ૯.

પાઠ ૧૯ મો. હિરણ્યાક્ષ અને હિરણ્યકશ્યપ.

કશ્યપ=મરિચ પ્રજાપતિના પુત્ર
ક્રૂર રૂપે=ઘાતકી જેવા
કુમાર=બાળક
નીરધાર=નક્કી
પીડે=દુઃખ દે
આંગણે=ફળીઆમાં
અનુમાન=આશરે
સાહી=ઝાલી, પકડી
ગગનમાંથી=આકાશમાંથી
સહિત=સાથે
વિમાન=દેવતાઓની પાલખી, સ્વર્ગના લોકોનું વાહન
આભને=આકાશને
ત્રાસ=ભય, બીક, જુલમ
ત્રાસ પમાડે=બીવરાવે
કર ધરે=હાથમાં ઝાલે
નીરખતાં=જોતાં
દિગ્પાલ=દિશાનું રક્ષણ કરનારા ઇંદ્ર દેવતા.
પર્વત શૃંગ=પહાડોનાં શિખરો
ડોલે, હાલે ધ્રુજે.
ભોમ=પૃથ્વી
ખળભળે=હાલક લોલક થાય, ડોલ-ડોલા થાય.
ખંડ=પૃથ્વીના ભાગ
મહી=પૃથ્વી
મેલે માન=મોટાઇ છોડી દે, ગુમાન તજી દે

દાનવ=રાક્ષસ
પ્રૌઢા=જોરાવર, જબરા
થરથરે=કાંપે, ધ્રુજે
બ્રહ્માંડ=વિશ્વનો ગોળો
પાતાલ=પૃથ્વી નીચેનો ભાગ (અતલ, વિતલ, સુતલ, મહાતલ, રસાતલ, તલાતલ, અને પાતાળ એ સાત ભાગ છે)
પરવરે=જાય
દ્વેષ=વેર, કીનો, શત્રુતા
પુચ્છ=પૂછડું
પન્નગ=સાપ-શેષનાગ
શેષ=પૃથ્વીને ધારણ કરનાર મહાન શેષ નાગ
વરૂણ=જળ દેવતા
અધોર=ઉંચે
નીરકરા=પાણીના
નીર ફેરા નાથ પાણીના દેવ વરૂણ
અસુર=રાક્ષસ
ભોગ=ભક્ષણ, બળીદાન
અમર=(અ+મર) જેને મરવાનું નહી તે, દેવતાઓ.
આથડે=ભટકે, રખડે

સબળો=ઘણો જોરાવર
ક્રોધ=ગુસ્સો, રોસ
જગન=યજ્ઞ, હોમ
પ્રબોધ=ઉંધી શીખામણ, ખોટું જ્ઞાન
અદાવત=વેર, શત્રુતા
ઇંદ્ર=પુરંદર, સ્વર્ગનો રાજા
સુરશું=(સુર*શું) દેવતાઓની સાથે
ભુવન=પૃથ્વી
ગદા=મોટી શિલા, પત્થર
ગ્રહીને=ઝાલીને, પકડીને
ચારે મેર=ચોતરફ, ચારે બાજુ
કોપવાન=ક્રોધાયમાન
કુબેર=અલકાપુરીનો રાજા, ધન ભંડારનો ઉપરી
રોક=રોકડા
વાજ આણ્યું=હેરાન કીધું, દુઃખી કર્યું.
વિશ્વ બાધું=બધી દુનિયા
ત્રાહે ત્રાહે=તોબા, તોબા
ત્રૈલોક=ત્રણ લોક
ગજફેરા=હાથીના
દંત=દાંત, દંતુશળ

સહાય=પકડે, ઝાલે
સાહીને=ઝાલીને, પકડીને
વારી=અટકાવી, ખાળી, રોકી.
ક્રીડા=રમત, વિલાસ, મોજશોખ.
સિંધુમાંહિ=દરિયામાં.
ભેળાવે=મેળવે, એકઠાં કરે.
ભેળા=એકઠા, ભેગા.
ફુલટ=ઉલટો.
ઉત્પાત=તોફાન.
દુર્મતિ=(દુર્+મતિ.) ખરાબ બુદ્ધિ.
વાધીઆ=વધ્યા, મોટાથયા.
ચોખુંટ=ચારેબાજુ.
જીભશું-જીભવડે, જીભથી.
મનવીખે=મનવિષે મનમાં
અલવે=પુષ્કળ.
વખાણે=પ્રશંસા કરે.
આપ=પોતે, પોતાને.
પરહરીને=છોડીદેઇને.
પંડે=પોતે, જાતે.
આચરે=કરે. ચાલે.

કસ્યપ ઋષિને ઘેર તે (જય વિજય) દુષ્ટ રૂપે છોકરા થઇને જન્મ્યા તેઓ બહુ જોરાવર હતા. તેમનાં હિરણ્યાક્ષ અને હિરણ્યકસ્યપ નામ પાડયાં તેઓ બહુ જોરાવર હતા૦ ૧ આશરે એક વર્ષના થયા એટલે બારણે આવી (લોકોને) દુઃખ દે. તેઓ બહુ બળવાન હતા. અને આકાશમાંથી સુરજ સાથે વિમાનને પણ પકડી લાવે. તેઓ બહુ બળવાન હતા. ૧ ઉડીને આકાશને વળગે, તારાઓને બીવરાવે. (ટેક.) ચંદ્રમાને હાથમાં રાખે, અને આકાશમાં ઉંચા ફરે. (ટેક.) ૩ તેમને જોતાં ઇંદ્રાદિક દેવતાઓ કંપે અને તેઓ પર્વતનાં શિખરો પણ પાડે—પૃથ્વી ઉપર ભાર લાગે અને તેથી નવે ખંડ ઉથલ પાથલ થઇ જાય—— ૪ નાનપણમાં તે એવા જોરાવર હતા કે તેમની આગળ પૃથ્વી પણ

માન મુકે, (મોટાઇ છોડી દેતી.)—તેવા એ રાક્ષસ મોટા થયા તેથી આખી પૃથ્વી થરથર ધ્રુજે કે હવે શુ થશે ? — ૫ તે રાક્ષસો પાતાળમાં પણ જાય અને વેર વધારે—સાપનું પુછડું તાણે, અને સુતેલા શેષ નાગને જગાડે— ૬ પાણી ઉંચે ઉરાડીને જળ દેવતા સાથે લડવાને ઇચ્છે પાણીના એ દેવતા પાસે તે રાક્ષસો બળીદાન માગે— ૭ દેવો સાથે લડે, અને ક્રોધ કરે—યજ્ઞમાં હિસ્સો માગે, અને બીજાઓને તેમ કરવાને અવળી શીખામણ આપે—૮ ઇંદ્રની સાથે લડાઇ કરે, અને દેવો સાથે વેર રાખે—ચોદ લોકમાં ગદા ઝાલીને ચારે બાજુએ ફેરવે—૯ કુબેર સાથે ગુસ્સે થઇને તેમની તેમની પાસે રોકડાં રત્નો માગે—આખી દુનિયાંને હેરાન કીધી જેથી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં ત્રાહ ત્રાહ થઇ રહ્યું છે—૧૦ દિશાના દેવના હાથીઓના જઇને દંતશૂળ પકડીને તાણે—તેમની સુંઢ ઝાલીને ફેરવે, પણ તેમને કોઈ અટકાવી શકે નહિ—૧૧ દરીઆમાં જઇને રમતરમે અને લાતા લાતી કરે—સાતે સમુદ્રને ભેગા કરે અને ઉલટું તોફાન મચાવે—૧૨ નઠારી બુદ્ધિવાળા પાપી રાક્ષસો, ઋષિમુનિઓ સામે શત્રુતારાખે—જ્યારે તેઓ મોટા અને જબરા થયા ત્યારે આકાશ જેટલા ઉંચા વધ્યા—૧૩ મોટા પર્વતને ઉંચા કરેને, ચારે બાજુએ ચલાવે—૧૪ મનમાં કોઇની બીક રાખે નહિ. પોતે પોતાનાં ઘણાં વખાણ કરે—પુણ્યનો રસ્તો છોડીને પાપના રસ્તામાં જાય, (પાપ બહુ કરે.) ૧૫

પાઠ ૨૪ મો. આબુનું વર્ણન.

ભલો=સારો.
દીલભાવ્યો=મનમાં ગમ્યો.
મેહ=મેઘ, વરસાદ.
વીજ=વીજળી.
આબુ=ગુજરાતની ઉત્તરનો પર્વત
ગિરિરાજ=પર્વતનો રાજા
તિથિ=દહાડો, દિવસ.
સાંજટાણે=સૂર્યાસ્તને વખતે.
દીપે=શોભે.
આંખરડી=ધ્યાન દઇ.
ઝુકી=નમી, લચી.
ઝુંડ=જથ્થો, ટોળી.
સ્વાદુ=સ્વાદવાળો.
મિષ્ઠ=મીઠો.
હર્ણાં=હરણ.
ઝરે=નીકળે, વહે.
ઝરણાં=ઝરણ, નિર્ઝર.
શીળો=ઠંડો.
સુગંધી=ખુશબો.
વહે=જાય, ચાલે.
વાયુ=વા, પવન.
ફુલી=ખીલીરહી.
ફુલવાડી=ફૂલોનો બગીચો.
ઓપે=શોભે.
અગાડી=આગળ.
વડાં=મોટાં.
દેવળો=દેહરાં.
બન્યાં=થયાં.
બંગલો=વાડીવચ્ચે, બગીચાની વચ્ચેનું ઘર.
રોજગારી=ધંધાદાર.
રોજગાર=ધંધો, હુન્નર.
પ્રસેવો=પરસેવો, બફારો.
પરાં=આઘેનાં, દૂરનાં.
પાસ=પાસે, નજીક.
જતાંવેંત=જતાંની સાથે,
જુકિત=તદબીર, કળા.
જણાવે=દેખાડે.
ટેવો=માનો, કલ્પો.
સ્થાન=ઠેકાણું, જગાઓ.
અતિખ્યાત=ઘણી પ્રખ્યાત.
અર્બુદાદેવી=અંબાજીમાતા.
કથા=વાત. હકીકત.
જાણવાજોગ=જાણવા જેવી.
રચ્યાછે=બનાવ્યાછે.
રૂડા=સારા.
છંદ=ચરણ, કવિતાની કડીઓ.

જેમ આકાશમાં વરસાદ ચઢી આવ્યો હોય તેવો (આબુ.) છેટેથી દેખતાં મનને સારો લાગ્યો ને કુંડનો દેવતા વીજળી જેવો દેખાય છે. તેવો એ પર્વતનો રાજા આબુ. મેં આજે જોયો. ૧ શોભિતી પુનેમની સાંજે જાણે સૂર્ય, અને ચંદ્ર એ ઘંટ બન્યા હોય નહિં ! કોઇ કહે છે કે કેવો દેવના હાથી જેવો (આબુનો પર્વત.) શોભી રહ્યો છે ? એવો પર્વતનો રાજા. (પર્વતોમાંસૌથી શ્રેષ્ઠ.) આબુ મેં આજે જોયો. ૨ કોઇ દિવસ તમે ઉપર ચઢીને ધ્યાન દઇને જુઓ, ઘણાં ઝાડના જથાની ઝાડી નમી રહી છે, અને ત્યાં ઘણો સ્વાદીષ્ઠ મીઠો મેવો જોઇએ તેવો મળે છે. એવો પર્વતનો રાજા૦--૩ ત્યાં વાઘ, વાંદરાં, સીંહ અને હરિણો રહે છે. સ્વચ્છ પાણીનાં નિર્ઝરો હમેશાં વહે છે. અને ઠંડો ખુશબોદાર પવન વાય છે. એવો પર્વતનો રાજા૦ ૪ સારાં ફૂલોની ફૂલવાડી ત્યાં ખીલી રહી છે. ને આગળ કુવા, વાવ તથા કુંડો શોભી રહ્યાં છે તથામોટાં મંદિરોમાં દેવતાઓનો નિવાસ છે. એવા પર્વતનો રાજા૦ ૫. ત્યાં બંગલા બંધાયા છે, અને બજારો પણ બન્યાં છે સારા ધંધાદારી પુરૂષો પોત પોતાનો ધંધો કરે છે. અને જેને જેવો માલ જોઇતો હોય તેરો મળે છે એવો પર્વતનો રાજા૦ ૬ ત્યાં તેર ગાઉના ઘેરાવાવાળું એક તળાવ છે. તેમાં અગીઆર ગામના લોક પાણી પીવા આવે છે અને જ્યાં જેઠ મહિનામાં (સખત ઉનાળામાં) પરસેવો પણ જણાતો નથી. એવો પર્વતનો રાજા૦ ૭ દૂરનાં વાદળાં પણ અશાડ માસમાં પાસે આવે. અને જતાં વારજ જોવાની એવી ખૂબી જણાવે છે કે તમે તેને ધુણીનો ધુમાડોજ ધારી લેશો. એવો પર્વતનો૦ ૮ જેમાં જૈનનાં અને હિંદુનાં ઘણાં સ્થાનકો છે તેમાં અંબાજી દેવી અતિ પ્રખ્યાત છે. આ બધી હકીકત જાણુવા યોગ્ય અને કામની હોવાથી કહી છે. આવા સારા છંદ દલપતરામ કવિએ બનાવ્યા છે ૯

પાઠ ૩૦ સપૂત વિષે.

સપુત=(સ+પુત.) સારોછોકરો.
તેહ=તે.
સીધેંમારગ=નીતિને રસ્તે, પ્રમાણિક પણે.
અધર્મ=(અ+ધર્મ:) ધર્મ નહિં તે, પાપ.
ટાળે=નાશકરે.
સ્વજન=(સ્વ+જન) પોતાનાં માણસ. સગાં સંબંધીઓ.
દીનનાં=ગરીબોના.
દુઃખડાં=દુઃખો, આફતો.
અરચીઆ=ભજ્યા
દામ=નાણાં, પૈસોદોલત.
પરમારથ=(પરમ+અરથ.) પારકાનું ભલું કરવું તે, પરોપકાર.
જોડે=મેળવે.
ગર્થ=અર્થ, ધનદોલત.
હરિઅર્થ=પરમેશ્વરને વાસ્તે.
અપયશ=(અપ+યશ) અપકીર્તિ, ખરાબ આબરૂ.
ડરતો =બીતો.
અવનિમાં=પૃથ્વીમાં.
નરતણા=પુરૂષના.
અવતાર=જીંદગી, જન્મ.
સમસ્યા=કોયડા, ઉત્તર મેળવવાને ગુપ્ત અર્થ વાળી ભાષામાં કહેવું તે.
ગોરી=સ્રી.
ગોખ=ઝરૂખો, માળનો આગળ વધારેલો ભાગ.
તળે=નીચે.
નદીકેરે=નદીને.
નીરે=પાણી ઉપરે.
તીરે=કિનારે
ચોથસવાયો= ચોથાભાગનું સવાગણું (૧૬)
જળમાંહી=પાણીમાં.
પલકમાં=જરાવારમાં.
કચરે=કાદવમાં.
અડીઆં=પહોંચ્યાં, મળીગયા.
સેવાળમાં=લીલમાં.
કામની=સ્રી.
કરમાં=હાથમાં.
છત=સીલીક.
ચંપકવન=જેમાં ચંપાનાં ઝાડઘણાં હોય તેવું જંગલ.

ભાવ્યાં=ગમ્યાં, પસંદપડયાં.
તમમાંથી=તમારામાંથી.
એય=એઉ.
તમથકી=તમારામાંથી.
ગણુ=ગણતરીકર.
સંદેહ=શક, વહેમ.
શાસ્ત્ર=ગણિત વિદ્યા.
સાક્ષી=સાબીતી, પુરાવો
દે=આપે.
સાચ=સાચી.

ભાવાર્થ.

જે નીતિને રસ્તે (પ્રમાણિક પણે.) ચાલે તે સારો છોકરો કહેવાય. જે પાપને દૂર કરે તે સારો છોકરો કહેવાય. જે પોતાનાં સગાં સંબંધીઓને સુખ આપે તે સારો છોકરો કહેવાય. વળી જેણે પરમેશ્વરને હેતથી ભજ્યા હોય તે પણ સપુત કહેવાય. અને શામળ કવિ કહે છે કે જેણે પારકાના ભલાને માટે પૈસા ખરચ્યા હોય તે જ સારો માણસ કહેવાય. ૧ જે વેપાર કરીને પૈસા મેળવે તે સારો છોકરો કહેવાય. જે પરમેશ્વરના નામે દાન કરે તેજ સારો છોકરો કહેવાય. જે ચાડી ચુગલી કે ચોરી ન કરે તે સારો છોકરો કહેવાય જે અપકીર્તિથી બ્હીતો રહે તે સારો છોકરો. જેને જોતાં ઘણાજ સારા ગુણો માલમ પડે છે. તેજ છોકરાને સ્વર્ગમાં સુખ છે. અને શામળ કવિ કહે છે કે આ દુનિયામાં તે માણસની (જેને સપુત હોય તે) જીંદગીને ધન્ય છે. ૨

ગણીત સમશ્યા—

નીચે નદીનું પાણી, અને તેની ઉપરના ઝરૂખામાં એક સ્ત્રી બેઠી હતી. તેનો મોતીનો હાર તુટીને નદીના કાંઠાપર જઇ પડયો. અને જરા વારમાં અર્ધાં મોતી પાણીમાં જઈ પડયાં બધાં મોતીનો

પાંચઆની ભાગ. (૧૪) કાદવમાં જઇને ચોટયાં (કચરામાં અડધાં ખુંચી રહ્યાં, અને અડધાં બહાર ખુલ્લાં દેખાતાં રહ્યાં) વળી છઠ્ઠા ભાગનાં મોતી લીલમાં ગબડી ગયાં, અને તે સ્ત્રીના હાથમાં બે રહ્યાં, ત્યારે કહો તે મોતી કેટલાં હતાં ?

જવાબ--છન્નુ મોતી સીલીકમાં હતાં. તેના ચોથા ભાગનું ૩૦, છઠ્ઠો ભાગ--૧૬, અને હાથમાં ૨ મળીને ૪૮; પ્રથમનાં અર્ધાં એટલે ૪૮ પાણીમાં ગયાં તે સહિત કુલ ૯૬ મોતી હતાં.

સવાલ—પક્ષીઓનાં બે ટોળાં ઉડતાં ઉડતાં આકાશમાં આવ્યા બધાંને તે (ચંપક વન.) સારૂં લાગ્યું. તેથી ચંપક વનમાં તે ટોળાં આવ્યાં, પછી એક ટોળું બોલ્યું કે, તમારામાંથી એક (અમા રામાં) આવે. એટલે આપણે બન્ને ટોળાં (ટોળામાંનાં પક્ષીઓની સંખ્યા.) સરખાં થઇએ. તો બધાંના મનને સારૂં લાગે. ત્યારે બીજું ટોળું બોલ્યું, તમે અમને એક પંખી આપો તો તમારાથી અમે બમણાં થઇએ તો હવે અમે પૂછીએ છીએ કે તે બંન્ને ટોળાંમાંનાં પંખીઓ કેટલાં હતાં ? તે ગણીને કહો.

જવાબ--એમાં તે શો શક છે ? શાસ્ત્રથીજ (ગણિતજ) સાચી સાબીતી આપે છે કે બધાં મળીને ૧૨ પક્ષી હતાં. એકમાં ૭ અને બીજામાં ૫ (પહેલું બોલ્યું તેમાં ૫ અને પછીથી બોલ્યું તેમાં ૭.)

પાઠ ૩૪ મો. ઈશ્વર સ્તુતિ.

પદ—ભૈરવી.

અરજ=પ્રાર્થના, વિનંતી.
સુણો=સાંભળો.
અવિનાશી=(અ+વિ+નાશ+ઇ) જેનો નાશ નથી એવા, પરમેશ્વર.
દયાળ=દયાળુ.
આશ=આશા, ઈચ્છા.
લેશ=જરાપણ.
ઉદાશ=ખિન્ન, દીલગીર.
એળાં=એમાં.
નિરાશ=(નિર+આશ.) આશા વગરના
કચાશ=ખામી, કસર.
શુભગુણ=સારાગુણ, સદ્ગુણ.
શુભમતિ=સારીબુદ્ધિ.
સહુમાં=બધામાં.
સમાસ=સમાવેશ, મેળાપ.
નિર્મળ=ચોકખા.
નિશદિન=હમેશાં, નિરંતર
પસરે=ફેલાય.
સુવાસ=સારીઆબરૂ.
અંતર=મન.
ઉજાશ=અજવાળું.
આપતણો=આપનો.
આધાર=મદદ, ટેકો, આશરો.
હૈયામાં=મનમાં.
હાશ=નિરંતર. શાંતિ.
કુધારો=ખરાબ રીવાજ, નઠારી રીતભાત.

પદ—ધનાશ્રી.

દયાનિધિ=દયાનો ભંડાર.
અશરણ=આધાર વગર, નિરાધાર
શરણ=આધાર.
અશરણશરણ=આધાર વગરનાનો આધાર.
વા'ર=મદદ, સ્હાય.
અપાર=ઘણી.
લીલા=કળા, ખુબી, શોભા.
અકળ=(અ+કળ) કળી શકાય નહિં તે, સમજાય નહિં તે.
આકાર=ઘાટ.
જર=પૈસો, દોલત.
જગતનો=દુનિયાંનાં માણસોનો.

સકળ=સઘળી, બધી.

વિકળતા=ગભરામણ.

ટાળીદઇ=નાશકરી.

વીખ=ઝેર.

વાર=અટકાવ, દૂરકર.

બાનાની=નિમિત્તની, કોલની.

પત=ટેક.

પતિતોદ્ધાર=(પતિત+ઉધાર.) પાપીઓને તારનાર, પરમેશ્વર

અભય=(અ+ભય) બીક વગરનું, નિર્ભય.

અચળ=(અ+ચળ) ચળે નહિ તેવું સ્થિર, કાયમ.

પદ=પદવી, હોદ્દા

માગ્યું=માગું.

વારંવાર=વારે ઘડીએ.

ન્યાયી=ઇન્સાફી.

તારી=ઉગારી, બચાવી.

પાર=છેડો.

લહું=મેળવું.

વિસ્તાર=વિશાળપણું, આત્માનું મોટાપણું.

શિખરિણી.

પરેશા=મોટા પરમેશ્વર.

વિશ્વેશા=વિશ્વના ધણી, પરમેશ્વર.

અકલિત=સમજી શકાય નહિં તેવી.

કૃતિ=કામ.

ગતિ=શક્તિ.

જનસુખ=માણસોનાં સુખ.

હિતાર્થે=ભલાને માટે.

નિર્ખી=જોઇ.

મથી મથી=મહેનત કરી.

જનમતિ=માણસોની બુદ્ધિ.

શા=કેવા.

દીસે=દેખાય.

જળનિધિ=પાણીનો ભંડાર, સાગર, સમુદ્ર.

નૃત્ય=નાચ.

તરંગો=મોજાંઓ.

મધુરસ્વર=મીઠા અવાજ.

અલપતો=ગાતો.

ઝુકી=નમી, લચી.

લહેરથી=સપાટેથી.

નમન=નમસ્કાર.

પ્રભુપ્રતિ=પરમેશ્વર તરફ.

રમણાં=ખુશકારક, શોભાયમાન.
દર્શાવે=દેખાડે, જણાવે.
નવ=નહિં.
મણા=ખામી, ભુલચુક.
ગરજન=ગર્જના, ભયંકર અવાજ.
ઘોર=ભયંકર નાદ, અવાજ.
ભયભીત=બીહામણા.
વિરાજિત=શોભિતાં.
જંતુ=જીવડાં.
દીપસમ=દીવા જેવાં.
ઝગે=ચળકે.
તરૂવર=મોટું ઝાડ.
મડી=મઢી, જડી.
પોકારી=બૂમો પાડી.
કે=કહે.
તણી=ની.
કૃતિ વડી=મોટું કામ, ભારેકામ.

ભૈરવી.

ભાવાર્થ:—હે પરમેશ્વર વિનંતી સાંભળો. હે અવિનાશી પ્રભુ તમે અમારી પ્રાર્થના સાંભળો.:— આપ દયાળુ છો અમે બધા બાળક છીએ, માટે અમારી એક ઇચ્છા છે— હે અવિનાશી તમે અમારી પ્રાર્થના સાંભળો. અમે છોકરાઓ ઘણા ગુનાઓ કરીએ પણ તેથી તમે જરાએ દીલગીર થશો નહિં— હે અવિનાશી૦— અમે બધા વિદ્યા ભણવાને ભેગાં થઇએ છીએ તો અમારી આશા ભંગ ન કરશો.— હે અવિનાશી૦— અમે બધા સમજીને સારા ગુણો લઇએ કે જેથી જરાપણ ખામી રહે નહિં— હે અવિનાશી૦ સારા ગુણોની સાથે અમને સારી બુદ્ધિ આપો કે જેથી અમે બધામાં મળી રહીએ— હે અવિનાશી૦— હમેશાં સારૂ દીલથી રહીએ કે જેથી કરીને અમારી સારૂ આબરૂ ફેલાય.— હે અવિનાશી— અમે મોઢેથી એવું માગી લઇએ છીએ કે અમારા હૃદયમાં નિરાં-

ત રહે— હે અવિનાશી૦— કોઇ પણ વખતે અમારામાં જરાપણ નઠારી ચાલ રહે નહિં અને અમારૂં સુખ જતું રહે નહિં--હે અ-વિનાશી તમે અમારી પ્રાર્થના સાંભળો.

ધન્યાશ્રી.

હે દયાના ભંડાર પ્રભુ તું મારો આધાર છે. અશરણ શરણ (નિરાધારનો આધાર) એવું તારૂં સારૂ નામ છે તું મને મદદ કર—હે દયાના૦— જ્યાં જોઉં ત્યાં ઘણીજ ખુબી છે, તારી ગતિ અને તારો આકાર ન સમજી શકાય તેવાં છે-- હે દયાના ભંડાર૦— આખી દુનીઆંના માણસોનું હેત, રૂપ, રંગ કે પૈસાના લોભને લીધે છે.— હે દયાના ભંડાર૦ સઘળી ગભરામણ મટાડી દઇને ઝેર રૂપી વિષયથી તું આપને દૂર રાખ—હે દયાના ભંડાર૦ પાપીને તારનાર હે ધણી તું તારા નામની ટેક રાખ— હે દયાના ભંડાર. કોઇ પણ જાતની બીક વગરનું અને કદી પણ નાશ ન પામે એવું તારૂં પદ (ઠેકાણું અથવા શરણ) હું વારંવાર માગું છું—હે દયાના ભંડાર૦ જો કે તું ઇનસાફી છે છતાં પણ અમને માફ કરીને (આ સંસાર રૂપી સમુદ્રમાંથી) તારીને પાર ઉતાર—હે દયાના ભંડાર૦— કહાન કવિ કહે છે કે તને પસંદ પડે તેવાં કામ કરીને હું આત્માની મોટાઇ મેળવું—હે દયાના ભંડાર પ્રભુ તું મારો આધાર છે—

શિખરિણી.

હે મોટા ઇશ્વર, હે બ્રાહ્માંડના સ્વામી, ત્હારાંકાર્ય, અને શક્તિ સમજાય નહિં તેવાં છે, હે જગતના ધણી (પરમેશ્વર) તેં આ બધું માણસોના સુખને માટેજ બનાવ્યું છે. ત્હારૂં અલૌકિક કામ જોઇને માણસો (તે કામ સમજવા માટે) મહેનત કરી કરીને આધા ખસે છે. તારા ગુણોની ગણતરી કરવાને માણસની બુદ્ધિ જરી પણ ચાલતી નથી—૧ આહા ! આ સમુદ્ર કેવો મોટો નાચ કરતો (હાલતો) જણાય છે. જાણે મોજાંઓ ઉછાળીને મીઠા અવાજથી ગાયન કરે છે. બાગ અને વાડીઓમાં ફળ ફુલના ભારથી ડાળીઓ ઘણી નમી રહી છે તે જાણે પવનના ઝાપટાથી પ્રભુને નમસ્કાર કરતી હોય એમ લાગે છે—મનોહર પંખીઓ મીઠું ગાયન કરીને ખુશ થાય છે તે પ્રભુની ન સમજી શકાય તેવી કળામાં કાંઇ ખામી નથી એવું બતાવે છે વળી વાઘો અને સીંહો ગર્જન કરી ફરતા ફરે છે. (તેમના પડઘાથી) પાસેના પર્વતોમાં ફરી ફરીને ભયંકર અવાજ થાય છે. ૩ સંધ્યા કાળે જોતાં ઘણાં શોભિતાં પંખીઓ ઉડે છે અને ઝાડ ઉપર ઝીણાં જીવડાંઓ ચળકે છે તે સળગતા દીવા જેવાં દેખાય છે તેથી જાણે ઝાડ હીરાથી મઢી લીધું હોય એમ લાગે છે. માણસો પોકાર કરીને કહે છે કે પરમેશ્વરનું કામ કેવું મોટું છે ?

પાઠ ૩૮ મો. પંચવટી.

પંચવટી=પાંચ વડનો જથો. ('પંચવટી' એ નામનું જંગલ નાશકની પાસે છે અને તે દંડકારણ્યનો ભાગ ગણાતું હતું.)

શ્રી=સારા.
રઘુવીર=રામચંદ્રજી.
વિરાજતા=શોભતા.
સંગ=સાથે.
કુળનો ધર્મ=બાપદાદાથી ચાલતો આવેલો ધર્મ.
લીલા=વિલાસ, ક્રીડા.
નૌતમ=નવિન, નવા જેવા.
રંગ=મજા.
મઠ=આશ્રમ.
છાઇ=છવાઇ, આવી.
ધીર=ધીરજવાન, ધૈર્યવાન.
પર્ણકુટી=ઝાડનાં ડાળાં પાંદડાં અને છાલથી બાંધેલો આશ્રમ.
જૂંદ=જથો.
જાઈ, જુઇ=(ફુલનાં નામ છે.)
મકંદ =(એક જાતનું ઝાડ છે.)
ખટપદ=(ખટ+પદ) છ પગવાળો, ભમરો.
ગુંજે=બોલે.
મધુમકરંદ=મીઠો ફુલનો રસ, મધ
મકરંદ=ફુલનો રસ.
હીંડોળા=હીંચકા.
આંબાશાખ=આંબા ઉપર પાકવામાં આવેલી કેરી.
કદળી=કેળ.
મંડપ=માંડવો.
લુમી=લુમ, ઝુમખાં.
નારિએળ,=શ્રીફળ, નાળિએર.
ફણસ=ચંપાનું ઝાડ.
ફોફલી=સોપારીનું ઝાડ.
શતપત્રી=સો પાંદડાંની વેલ.
કુંદ=એક જાતનો ફુલનો વેલો.
કલ્હાર=એક જાતનો છોડ.
મસમસતો=મઘમઘતો.
મેંકે=મહેકે, સારી વાસ આપે.
ફુલ્યાં=ખીલ્યાં.
તરૂપર=ઝાડ ઉપર.
સોહામણા=શોભિતા.
બક=બગલો.
પારાવત=કબુતર.
મૃગ=હરણ.
કારંડવ=બતક.
ચકોર=એક જાતનું પક્ષી.
ચાતક=બપૈયા.
કોકિલા=કોયલ.
કપોત=હોલો.

ખંજન=એક જાતનું પક્ષી.
આદિ=વગેરે.
લલિત=સુંદર.
વિહંગ=પક્ષી, ખગ.
ભૂમિ=જમીન.
કળાકરી=પીંછાં ઉભાં પહોળાં કરે છે તે

સારંગ.

ભાવે=હેતથી, પ્રીતથી.
ભીલડીઓ=ભીલ લોકોની સ્ત્રીઓ.
જૂથ=ટોળું.
વનફળ=વગડામાં થતાં ફળ.
જનકસુતા=જનક રાજાની પુત્રી.
રૂપ=ખુબસુરતી, કાંન્તિ.
ચકિત=દિંગ, આશ્ચર્ય.
નીતે=હમેશાં,
સૌમિત્રી=સુમિત્રાનો પુત્ર (લક્ષ્મણ)
આરોગાવી=ખવરાવી.
વળતાં=પછી.
ગ્રાસ=કોળીઓ.
ગ્રાસ કરે=ભક્ષણ કરે, ખાઇ જાય.

પંચવટીમાં શ્રી રામચંદ્રજી રહેતા. તેમની સાથે લક્ષ્મણ અને સીતા હતાં તે સેવા કરતાં એમ બધાં પોતપોતાના ધર્મ પ્રમાણે ચાલતાં, અને હમેશાં નવા નવા મોજ વિલાસો કરતાં—પંચવટીમાં શ્રી૦—૧ પાસે ગોદાવરી નદીનું પવિત્ર પાણી વહે છે. અને ઠેકાણે ઠેકાણે હિંમતવાન રૂષિઓના આશ્રમો આવી રહ્યા છે. પર્ણકુટીની પાસે સીતાજીએ વાડી બનાવી ને તેમાં તુળશીનાં જુથ વાવ્યાં છે—જાઇ, જુઈ, મચકુંદ, મરવો અને મોગરો પણ છે. તેમાંનાં ફુલોનો મીઠો રસ (મધ.) ભમરાઓ ચુસતા અને મીઠો અવાજ કરતા.૨ વળી તેમાં (વાડીમાં) ગુલાબ, ચંપક, ડમરો, ચંપેલી અને માલતી પણ છે. કરેણી અને આંબા પર પાકવા આવેલી કેરી (પવનના ઝપાટાથી) ઝૂલે છે. વળી જામફળી, દાડમડી, નારંગી અને કેળ પણ છે. તેમજ માંડવા પર દ્રાક્ષની લૂમો પણ ઝુમી રહી છે—૩ નાળિએર, જાંબુડી, ફણસ, સોપારી સીતાફળ, શતપત્રી, કુંદ અને

કલ્હારનાં ઝાડો પણ છે. ચારે તરફ કેવડો ખુશબો ફેલાવી રહ્યો છે. અને એમ જાત જાતનાં ઘણાં ફૂલો ખીલી રહ્યાં છે.--૪ ઝાડો પર બગલા. કબુતર, ચકવા ચકવી, હંસ, વગેરે બપૈયા, કોયલ, હોલા, ખંજન, બતક વગેરે સુંદર પક્ષીઓ અને જમીન પર હરણ વગેરે પશુઓ મધુંર અવાજ કરી રહ્યાં છે--૫ મોર પૃથ્વી પર કળા કરીને નાચે છે, મેના પોપટ જય રામ જયરામ બોલે છે, સુંદર અને સોહામણા શબ્દ બોલતાં એવાં પક્ષીઓ તથા હરણોને જોઇ ને સીતાજી મનમાં ખુશી થાય છે--૬

સારંગ.

પંચવટીમાં રામ રહ્યા છે અને તેમના દિવસો આનંદમાં જાય છે. લક્ષ્મણ અને સીતાજી રામચંદ્રની હોંશથી સેવા કરે છે. બીલડીઓ ટોળે મળીને સીતાને જોવા આવે છે અને જાતજાતનાં વનમાં થતાં ફળ, તથા તથા મેવાના પડીઆ ભરી લાવે છે.—સીતાજીની વાડીમાં હરણનાં ટોળાં ચરવા આવે છે તે સીતાનું રૂપ જોઇને દિંગ (આશ્ચર્ય) થઇ જાય છે.—હમેશાં લક્ષ્મણ ફળ લાવી, સીતાજીની પાસે મુકે, અને તે (સીતાજી) શ્રી રામને ફળ ખવરાવી ને પછી પોતે ખાય.

પાઠ ૪૪ મો. હિતનાં વચનો.

હિત=ભલું.
બધિર=બહેરો.
સ્વાધિન=વશ, તાબે, કબજે.
સમ=સરખો જેવો.
ગુંગ=મુંગો.
ધારવો=માનવો, જાણવો.

નીત=હમેશાં.
પરઉપકારી=પરોપકારી, પરમારથી.
ધીર=ધીરજવાન.
રણે=રણુસંગ્રામમાં, લઢાઇમાં.
નિર્ભય=નિડર, ભય વગરનો.
ભારી=બહુ, ઘણો.
મનનો સુખી=સંતોષી.
સ્તુતિ=વખાણ, પ્રશંસા.
ખતા=ઠોકર.
સ્વાર્થ=પોતાનું કાજ.
પીઠ પાછળ=ગેરહાજરીમાં.
અનાદર=તિરસ્કાર, ફીટકાર.
કાળે=વખતે, સમયે
દશા=હાલત, અવસ્થા.
સહી=નક્કી, નિશ્ચય.
હિતુ=હિતેચ્છુ, ભલું ઇચ્છનાર.
શીખ=શિખામણ.
કટુ ભાષણ=કડવું વાક્ય.
હિત કરનાર=હિત ચ્હાનાર, ભલું કરનાર.
છાની=ગુપ્ત, છુપી.
સાચ=સાચો, ખરેખરો.
સ્નેહી=પ્રીતિવાળો.
આમદાની=આવક, પેદાશ.

સાવધ=હોશિયાર.
રેહ છે=રહે છે.
વહેવારે=વ્યવહારમાં.
શરમ=લાજ.
હાનિ=નુકશાની, ખોટ.
હોરીલેછે=ખમેછે, સહેછે.
વારતા=વાત, શીખામણ.
ચાતુરી=ચાલાકી, હોશીયારી.
પતે=પતીજાય, મટીજાય.
ઘેરમેળે=માંહોમાંહે.
કાજી=ન્યાયાધીશ.
કો=કોઇ.
મુએલાનું=મરીગએલાનું.
સર્વથા=સર્વ પ્રકારે બધીરીતે.
વૈરભાવ=દુશ્મનાવટ શત્રુતા.
છાનીકથા=ગુપ્તવાત.
મીઠું જમવા=મિષ્ટાન્નખાવા.
ડોશીબા'રન કાઢવી=આગેવાન ન
પુરૂં=સમાપ્ત, ખલાસ
હાથ ઘાલવો=હાથમાં લેવું, શરૂ કરવું.
વિચાર=અભિપ્રાય, મત, અનુમા
ઝટ=જલદી.
આલવો=આપવો, કહીદેવો.

ભાવાર્થઃ—ભલાંને માટે કહેલું સાંભળે નહિં (ધ્યાનમાં લે નહિં) તેને બહેરા જેવો જાણવો. જે ક્રોધને તાબે થાય તેને આંધળા જેવો સમજવો. જે સારૂં કે ખોટું સમજી શકતો નથી તેને ઢોર સમજીને કાઢી મુકવો—૧ જે હમેશાં પરોપકારી છે તેજ મોટો છે. જે લડાઇમાં નિડર હોયછે તેજ ધીરજવાન માનવો. અને જે ધન, જુવાની તથા ઉમ્મર ઉપર વિશ્વાસ નથી રાખતો તેનેજ ડાહ્યો અને સંતોષી સમજવો. ૨. આપણું વખાણ સાંભળીને ભુલમાં ઠોકર ખાવી નહિ (ફુલાઇને ફસાઇ પડવું નહિં.) કારણ કે પોતાના સ્વાર્થને માટે લુચ્ચા લોકો ઘણું જુઠું બોલે છે, કોઇ આપણું ખોટું બોલે તો તે સાંભળીને લડવું નહિં. કારણ કે નીચ માણસોજ આપણી ગેરહાજરીમાં ભુંડું બોલે છે. ૩. કોઇને ગરીબ જાણીને તેને તિરસ્કારી કાઢવો નહિં. કારણ કે કોઇ વખતે નક્કી આપણી પણ તેવી હાલત થઇ જાય ભલું ઇચ્છનાર માણસની શીખામણનું વાક્ય કડવું હોય છે તો પણ તે ભલું કરનાર છે તો તેમની સાથે શત્રુતા શા માટે કરવી ? ૪. આપણી ગુપ્ત વાતો કોઇને વિશ્વાસ રાખીને કહેવી નહિં. પણ જો આપણો ખરેખરો સ્નેહી હોય તો તેને વિશ્વાસથી નક્કી કહેવી. લોકો ઉપજ અને ખરચ લખવામાં હોંશીઆર રહે છે. પણ જે વ્યવહારમાં (આપવા લેવામાં=લેણદેણમાં) શરમ રાખે છે તે નુકશાન ભોગવે છે. ૫. નાના પાસેથી (બાળક અગર ઓછી બુદ્ધિવાળા માણસ પાસેથી) પણ ડહાપણની વાત હોય તો શીખી લેવી, અને માંહોમાંહે જ્યાં સુધી તકરારનો અંત આવે ત્યાં સુધી કદી પણ ન્યાયાધીશ પાસે જતા નહિ. મુએલાઓનું કોઈ પણ વખત ભુંડું બોલશો નહિં. કોઇની સાથે શત્રુતા રાખવી નહિં અને કોઇની ગુપ્તવાત

જાહેર કરવી નહિં. ૬. જીભને મિષ્ટાન્ન ખાવાની વધારે ટેવ પાડવી નહિં. કોઇ તકરારમાં આગેવાની લેવી નહિં. એક કામ પૂરૂં થાય તે પછી બીજું હાથમાં લેવું (શરૂ કરવું) અને બે જણની વાતમાં ત્રીજા માણસે (આપણે) એકદમ અભિપ્રાય જણાવવો નહિં—૭.

પાઠ ૪૮ મો. પ્રભાત પ્રભાતીઉં.

પ્રભાત=સવાર
કાક=કાગડા
પપૈયા=ચાતક, બપૈયા.
ઝંખે=જોવાને ઇચ્છે
પીયુ=વરસાદ
વડશાખા=વડની ડાળીઓ
ટૌકાર=મધુર અવાજ
રચે=કરે, બનાવે
ઢેલ=મોરલી, મોરની સ્ત્રી (માદા)
વીણે=ચાટે
પલાશ=ખાખરો
ટહુકે=ટહુકા કરે
સ્વર ઝીણે=ઝીણા રાગથી
મંદ=ધીમો
સુવાસિત=સુગંધીદાર સારી વાસ વાળો.
ટાણે=વખતે
અક્રૂર=શ્રીકૃષ્ણના કાકા (પ્રભુના પરમ ભક્ત)
ભોર=મળસ્કું, સ્હવાર
ભઇ ગયો=થઇ ગયો
નરસૈયાના સ્વામી=શ્રી કૃષ્ણ ભગવાન
સોર=અવાજ, નાદ, સ્વર
જાહરે=જ્યારે
ખટઘડી=છ ઘડી
સાધુ પુરૂષ=જ્ઞાની માણસ
પરહરી=છોડી દઇ

સમરવા=યાદ કરવા, ભજવા
જોગીઆ=જોગી; યોગી
જોગ=યોગ
ભોગ=મોજ, વિલાસ.
તજવા=છોડી દેવા
સુકવિ=સારી કવિતા બનાવનાર
સદ્ગ્રંથ બાંધવા=સારાં પુસ્તકો લખવાં
પતિવ્રતા=સતી સ્ત્રી, પતિની આજ્ઞાને આધિન રહેનારી સ્ત્રી.
કંથ=સ્વામી, પતિ, વર, ધણી
ચિત્ત ધરવું=ધ્યાનમાં લેવું
કર્મનો=કાર્યનો
મર્મ=ભેદ, ભાવાર્થ
સ્નેહથી=હેતથી પ્રીતથી
સમરતાં=ભજતાં
અવતરે=જન્મે
નર ને નારી=પુરૂષ અને સ્ત્રી.

ભાવાર્થ—સવાર પડી એમ જાણીને પક્ષીઓ જાગ્યાં ત્યાં કાગડા કાકા કરે છે, બપૈયા તો પીયુ પીયુ (વરસાદ) જોવા ને ઇચ્છે છે. વડની ડાળીઓ પર સુડા કૌ કૌ કરે છે. મોર પીછાં ઉંચાંને પહોળાં કરીને ટીહુક, ટીહુક બોલે છે (તે વખતે તેની) આંખમાંથી આસુ પડે છે તે ઢેલ ઝીલે છે. (જેથી તેને ગર્ભ રહે છે.) ખાખરાના ઝાડ પર શોભિતા પોપટ બોલે છે અને કોયલ મધુર અવાજથી ટહુકા કરે છે. વાછરડાં ભાં ભાં શબ્દ બોલે છે અને ગાયો બાં બાં શબ્દથી બરાડે છે. ઠંડો સુગંધીદાર પવન ધીમો વાય છે તે તે કપડાં ઉરાડીને હાલે છે. તે વખતે સવાર પડી ગઇ એમ સમજીને અક્રૂર જાગ્યા. પણ નરસૈઆના સ્વામી (શ્રી કૃષ્ણ ભગવાન) શીવાય કોઇ જાણતું નથી કે એ ગોપીઓનો અવાજ છે.

પ્રભાતીઉં.

જ્યારે પાછલી છ ઘડી રાત રહે છે ત્યારે જ્ઞાની પુરૂષોએ ઉંઘને છોડી દઇને (પથારીમાંથી) ઉઠવું, પ્રભુનું સ્મરણ કરવું અને તું એક છે એક છે એમ બોલવું--૧ જોગીઓ હોય તેમણે પરમેશ્વર સાથે ચિત્ત જોડવું, અને સંસારીઓએ ઉપભોગ છોડી દેવા. વેદીઆ હોય તેમણે ઈશ્વરી જ્ઞાનનો (વેદનો) અભ્યાસ કરવો, અને વૈષ્ણવ હોય તેમણે શ્રીકૃષ્ણનું ભજન કરવું--૨ સારા કવિ હોય તેમણે સારાં કવિત (સારાં પુસ્તકો) બનાવવાં અને દાતાર હોય તેમણે પુણ્યદાન કરવું. સતી સ્ત્રીએ પોતાના પતિને પૂછવું, અને પતિ જે કહે તે ધ્યાનમાં લેવું. ૩ આપણે આપણી ફરજો સંભાળવી અને કાર્યોનો ભેદ તપાસી જોવો નરસીના સ્વામીનું (શ્રી કૃષ્ણ ભગવાનનું) હેતથી સ્મરણ કરનાર પુરૂષ કે સ્ત્રીને ફરીથી જન્મ લેવો પડે નહિં એટલે મોક્ષ પામે.

પાઠ. ૫૪ મો. નિર્દોષ પંખીડાં.

નિર્દોષ=બિનગુનેગાર. વાંકવગરનાં.	હસ્ત=હાથ,
હૈયામહીં=મનમાં.	હસ્તમારાજથી=મારાજ હાથથી.
ફાળ=ધ્રાસ્કો, ભીતિ.	દીલધડકતે=ધ્રૂજતે શરીરે.
દીલપર=શરીરપર.	જખમ=ઘા.
શ્વાસ=દમ.	ક્રુરહસ્તે=ઘાતકી હાથે.
રૂંધાઇજાતાં=ગુંચવાતાં, મુંઝાતાં.	કળ=કળતર દુઃખાવો.
તરફડી=ધ્રૂજી.	કળઉતરી=આરામ થયો.

હૃદયકુમળું=કોમલ મન.
ઉગરશે=બચશે.
ચણજો=ખાજો
વા=અથવા.
મુજથી=મારાથી.
ખેલ=રમતગમત.
શાને=શા માટે.
હાનિ=નુકશાન.
ખુલ્લું=ઉઘાડું.
ઉપવન=વાડી, નાનો બગીચો.
કુદરતી=સ્વભાવિક, ઇશ્વરી.
ક્ષેમ=આરોગ્ય, કુશળ, કલ્યાણ.
કો હસ્તનો=કોઇના હાથનો.
પાણો=પથરો.
સામ્ય=બરોબરી, સરખાપણું.
સત્તા=અમલ.

ભાવાર્થ:—તે બિનગુનેગાર પક્ષીઓની ઉપર પથરો ફેંકતાં તો ફેંકી દીધો, પરંતુ અરરર તે ધ્રુજ્યો તેથી મનમાં ધ્રાસ્કો પડયો અરેરે તે (પત્થર) તેના શરીર પર વાગ્યો કે તરતજ દમ બંધ થઈ જતાં પાંખ ઢીલી થતાં ઝાડ ઉપરથી નીચે પડી ગયું. ૧. જેને મેં પાળ્યું (ઉછેર્યું) તે મ્હારાજ હાથથી તરફડીને મરે છે એમ જાણી મેં તેના ધ્રુજતા શરીર પર પાણી છાંટયુ તો પણ તે ઉડી શક્યું નહિં. અરે પણ ઘાતકી હાથે તેના શરીરને ઘા કરેલો તે ક્યાંથી ઉઠે ? અહો ! તેનું છેક કોમળ મન છે જેથી તે ક્યાંથી ઉઠે ? ૨. અહા ! હવે તો તેની કળ ઉતરી (દુઃખાવો મટી ગયો) ને આંખ ઉઘડી; પણ તે મરી જશે કે જીવશે ! એ કોણ જાણી શકે ? અહાહા ! આ વાડીનાં મીઠાં ફળો ખાવાને અને ફરીથી મીઠાં (મનગમતાં) ગીત ગાવાને તે જીવ્યું. ૩. અરે પંખીડાં ! સુખેથી ખાજો. અથવા કંઇ ગીત ગાજો શા માટે મારાથી ભય પામી આવી રમત છોડી દઇને ઉડી જાઓ છો ? પાસે જેવી ગાય ચરતી હતી તેવોજ હું છુ. નહિ નહિં કોઇ પણ દિવસ તમારા

શરીરને હું નુકશાન નહિં કરૂં. ૪. તમારા તરફ કંઇ પણ ફેંકવાને મેં માળીને ના પાડી છે. હમેશાં મ્હારી વાડી બધાં પંખીડાંઓને માટે ખુલ્લી છે. અરેરે તોપણ તમોને માણસોથી બ્હીવાની કુદરતી આદત પડેલી છે, અને જો તેમાંજ તમે બધાંઓએ કલ્યાણ માની લીધું હોય તો મારાથી પણ ભલે બ્હીતાં. ૫. પણ ઉડો તો અહા ! કોઈ ઘાતકી હાથનો (ઘાતકી માણસનો) તમને જરૂર ભય છે. તમારા તરફ પથરો ફેંકવો એતો માણસોની રમત છે. (માણસોના મનમાં એ એક રમત જેવું લાગે છે.) કુદરતના સમ-તુલ્યપણાની સમજ ભુલી જઇને ઘાતકી માણસો તમારા ઉપર આવી સત્તા (અમલ) ભોગવે છે. તેથી હું દુઃખી છું (મનમાં દીલગીર થાઉ છું.) ૬.

પાંચમી ચોપડીના પાઠ અને કવિતાઓમાં આવેલા અઘરા શબ્દોની ટુંક નોંધ.

,ષ્ય.	પ્રસન્નતા	પ્રતિઉત્તર.	મુખ્યત્વે.
સ્ય.	જોનકૉક્રેન.	કૃષ્ણદર્શન	વૈષ્ણવો.
.	કાર્બોનિક.	કૃપાનાથ.	સન્યાસી.
ચર્ય.	નૈટ્રોજન.	પૃથ્વીપતિ.	બૌદ્ધધર્મ.
ન.	ઓક્સિજન.	સ્ફાટિક.	તીર્થંકર.
ા.	શુદ્ધ.	પ્રતિહાર	ધર્મગ્રંથ.
ા.	આયર્લાંડ.	સંકલ્પવિકલ્પ	સુન્ની.
ય.	જવાંમર્દ	મિનાકારી.	અવસ્થા.
	શ્રદ્ધા.	મિષ્ટાન્ન.	અહિંસા.
સ્વભાવ.	એકનિષ્ઠા.	ફુર્તી.	શ્વેતાંબર.
ા.	શિષ્યવર્ગ.	પરમાત્મા.	સિદ્ધાંત.
ચાર્યું	શ્રીકૃષ્ણ.	સૂર્યોદય.	સ્મૃતિઓ.
ા.	સાંદીપનિ.	પ્રાતઃકાળ.	ખ્રીસ્તિઓ.
વ.	કર્તવ્ય.	ધર્મશાસ્ત્ર.	તુર્કસ્તાન
.	ગુરૂપત્નિ.	વિષ્ણુ.	પ્રોટેસ્ટંટ.
ાયુ.	સ્વચ્છંદિ.	દ્રાવિડ.	પોર્ટુગીઝ
.	શોષાય.	મનુષ્યરૂપે.	સંક્ષિપ્ત.

સિક્કા.	બુદ્ધદેવ	મિથ્યાભિમાન	પ્રબોધ
યોદ્ધાઓ.	ફાહ્યાન	વર્તણૂંકથી	દિગ્પાળ
ભરગચ્છી.	શૃંગ	ધર્મિષ્ઠ	ઉત્પાત
તામ્રપટ.	તત્કાળ	આવડ ત્રેવડ	પ્રૌઢા
ન્યાયાસન.	ગિરિશૃંગ	ઉત્સાહમાં	ત્રૈલોક
સિક્કા.	કરુણરવ	કુટુંબપ્રીતિ	કાર્લી
સેલ્યુકસ	સંગીતશાસ્ત્ર	સ્વતંત્ર	મૂર્તિઓ
ચંદ્રગુપ્ત.	છીંડું	ઉત્તેજન	ચૈત્ય
પુજ્ય.	ગ્રામ	ધર્મોપદેશ	રડયોખડયો
ઋગ્વેદસંહિતા	મૂર્છના	ધર્મક્રિયા	ક્ષણભંગુર
વસિષ્ઠઋષિ	અન્નપાણી	ક્ષત્રિય	ભિક્ષાપાત્ર
મેગેસ્થિનીસ	પ્રસિદ્ધ	વૈશ્ય	નિર્વાણ
શ્રમણ	બુદ્ધી	સમુદ્રમાર્ગે	દિનચર્યા
ચર્માસન	હાતિમતાઇ	પ્રાચીન	શિલ્પકામ
મૃગચર્મ	જવાંમર્દ	હિરણ્યાક્ષ	હસ્તિનાપુર
અશ્વિનિકુમાર	સ્તબ્ધ	હિરણ્યકશ્યપ	લોકપ્રિય
ગ્રુથ	અડસટ્ટા	ત્રાસ	શ્રીમાળી
સમુદ્રયાન	વિચિત્ર	ખળભળતા	સંપ્રદાય
બ્રહ્મદેશ	જહાંપનાહ	પર્વતશૃંગ	હિતેચ્છુ
ભૃગુકચ્છ	પરતંત્ર	પન્નગ	વર્નાક્યુલર

વર્ષાસન	શાકુંતલ	આર્યપુત્ર	પતિતોદ્ધાર
શ્રીમંત	સ્પેન	મૃગચર્મ	વિશ્વેશા
ગુમાસ્તાગીરી	સપ્ટેંબર	અયોધ્યા	જળનિધિ
યુક્તિ	ઇશ્વરસ્તુતિ	પર્ણકુટી	અવિનાશી
અન્નદાતા	ચુંબન	અલૌકિક	વિરાજિત
ગિરિરાજ	વિશ્વામિત્ર	અતિથિ	ઇસ્પિતાલ
અર્બુદા	સત્યવાદી	હરિઆળી	ભૂસ્તરવિદ્યા
મિષ્ટ	હરિશ્ચંદ્ર	વિદ્યાર્થીના	કીર્તિ
સ્વાદુ	પ્રેમાનંદ	કૃપણ	અફગાનિસ્તાન
અતિખ્યાત.	સર્વસ્વ	લુગડાંલત્તાં	એશિઆ માઇનર
પરાક્રમ.	અર્ધાંકાયા	સંન્યાસી	આફ્રિકાનો
ઓડીબારૂં.	પુષ્પ	નાસ્તિકપણું	પોર્ટુગાલ
સર્વદમન.	આદિત્યેશ્વર	કૃષ્ણમંડળ	વાસ્કોડાગામા
બાળચેષ્ટા.	ગરૂડેશ્વર	જ્ઞાનતંતુ	મોઝાંબિક
ચક્રવર્તી	પાત્ર	છિદ્રવાટે	મોંબાસા
દીસંતી.	સદાવ્રત	રચનાશક્તિ	સિંહલદ્વીપ
દંતકળીઓ.	છટ્ટે	બ્રહ્માંડ	મલાક્કા
વર્ણનિમિત્ત	સમસ્યા	કેશવકૃતિ	સુમાત્રા
આકૃતિ	કનકમૃગ	ઇશ્વરસ્તુતિ	સમૃદ્ધિ
ધર્મદારા	રૂપેરીબુટ્ટી	ધન્યાશ્રી	વરાળયંત્ર

માર્ક્વિસ	સુભદ્રાહરણ	પ્રફુલ્લતા	વિષ્ટિ
વૂસ્ટર	સુધન્વાખ્યાન	બ્રહ્મદત્ત	વિભીષણ
જેમ્સ વોટ	કવિત્વશક્તિ	દૂષીલા	ઇંદ્રજિત
સ્કોટલાંડમાં	શીઘ્ર	થાકયોપાકયો	અશ્વમેધ
ગ્લાસગો	સ્વર્ગવાસ.	મીણબત્તી	ધૃતરાષ્ટ્ર
ક્લાઇડ	ધાર્મિક	કરિઆણું	યુક્તિઓ
ફુલ્ટન	દમાસ્કસ	સમયસૂચકતા	દુર્યોધન
આટ્લાંટિક	ધર્માધ્યક્ષ	સ્વાધીન	ગદાયુદ્ધ
જ્યોર્જસ્ટીવન્સન	અભ્યાસ	સ્નેહ	નિષ્ફળ
નિર્ભય.	પ્રપૌત્ર	વૈરભાવ	મત્સ્યવેધ
જાહોજલાલી	નામાંકિત	અષ્ટખુણ	સ્વયંવર
ધૂમકેતુ	ખિલાફત	ઉત્સવ	ઇંદ્રપ્રસ્થ
જાતબુદ્ધિ	મુરબ્બી	ઇષ્ટદેવ	વૃદ્ધો
નૌતમ	મિત્રતા	સ્ફાટિક	વર્ણાશ્રમ
શતપત્રી	હુન્નરો	સમક્ષ	સ્ત્રીધર્મ
કલ્હાર	સંગ્રહસ્થાનો	કીર્તિસ્તંભ	ભિન્નભિન્ન
લલિતવિહંગ	ઇસ્પિતાલો	આશ્વિન	શ્વાસોચ્છવાસ
સૌમિત્રી.	મનુષ્યનીકૃતિઓ	વાલ્મીકિ	ક્રિયા
દ્રૌપદીહરણ	અપારશક્તિ	મિત્રાચારી	નિસ્તેજ
લક્ષ્મણાહરણ	ખારીલાપણું	હનુમાન	તાલીમબાજ

મૂત્રપિંડો	વિક્રમ	પ્રતિષ્ઠા	રાજ્ય સંબંધી
તણી	ઇસુખ્રિસ્ત	સંભાષણ	સ્વર્ગવાસ
નિરર્થક	અબુબક્કર	સત્પુરૂષ	અનુયાયી
સુવાસિત	ઉજ્જન	ઇસ્લામ	જીબ્રાઇલ
અક્રૂર	યઝદેજરર્દી	મૂર્તિપૂજક	યઝદેઝર્દ
નરસૈઆના	અભિષેક	મુત્તલીબ	દસ્તુરે
નિદ્રા	શ્રીગોડ	અબદુલ્લા	તરવોને
સદ્ગ્રંથ	વેંગણપુર	અબુતાલીબે	લગ્નવિધિ
વિદ્યાલય	વીરેશ્વર	બાલ્યાવસ્થામાં	અગિઆરી
મરણશૈય્યા	ઉર્મિથી	કાષ્ઠપાષાણ	અહુરમઝદ
અન્યથા	સિંહાસનબત્રીસી	સર્વશક્તિમાન	ટક્કર
વેષવાળી	ઉદ્યમકર્મ સંવાદ	પરિપક્વ	તુંવાર
અગસ્ત્ય	ઉર્દુ	પ્રાસાદિક	ઉર્દૂ
પ્રાણીમાત્ર	સંસ્કૃત	નિષ્કામ	પૃથ્વીરાજ
દંડકારણ્ય	નિર્દોષ	આશ્રિત	સંયુક્તા
સંસ્કાર	સામ્ય	પવિત્ર સ્થાન	તુચ્છકારી
સુબિંબ	હૈયામહીં	પ્રસાર	ધસ્યો
ઋષ્યશૃંગ	સ્મશાને	બાળહત્યા	શબ્દવેધ
વજ્રપાત	રાજદ્વારમાં	સામાજિક વ્ય-	મિઠ્ઠી દાણાદાણ
આરંભ્યો	દીર્ઘસૂત્રી	વસ્થા	સ્વદેશ

શિલાદિત્ય	કાયસ્થ	ક્રૂરતાથી	નિષ્ઠા
હર્ષવર્ધન	પદ્ધતિ	જેસુઇટ	અત્યંત
કિલ્લાઓ	આઇન અકબરી	ટેવર્નિઅર	બુદ્ધિશાળી
મદ્રેસાઓ	બળાત્કાર	તખ્ત	વિગ્રહ
ફળદ્રુપ	રાજ્યકર્તાઓ	રાજચિન્હ	સૂર્યમાળા
યશસ્વી	પ્રતાપસીંહ	પ્રતિનિધિ	મુખ્યગ્રહો
સ્વતંત્ર	રાજછત્ર	નમ્રતા	યુરેનસ
અંધાધુંધી	એકત્ર	ઓરંગજેબ	નેપ્ચ્યુન
અસંખ્ય	રણસંગ્રામમાં	પુરંદર	બૃહસ્પતિ
લૂટ્યું	શુક્તસિંહ	કિલ્લેદારો	પ્રદક્ષિણા
અતિશયોક્તિ	પદભ્રષ્ટ	પ્રતાપગઢ	સંગ્રહસ્થાન
અસ્તવ્યસ્ત	દર્શાવેલી	વિષ્ટિ	તેજસ્વી
રાજ્યાધિકાર	સ્વામિભક્તિ	ઉત્કંઠા	પ્રકાશિત
કીતવંત	પોર્ટુગીઝ	સૈન્ય	ક્ષિતિજ
બુદ્ધિબળ	જેમ્સે	રાજ્યપદવી	યુક્તિમાત્ર
દૃઢતા	ઇંગ્લાંડના	ચુસી	સપ્તર્ષિ
સન્માન	ગેરવ્યવસ્થા	શૌર્ય	ધ્રુવ
દીર્ઘદૃષ્ટિ	પ્રયત્ન	અણુવિશ્વાસ	કૃતિકા
યુદ્ધનીતિ	ઠઠ્ઠામસ્કરી	રાજ્યાભિષેક	રોહિણી
રાજ્યવ્યવસ્થા	રત્નજડિત	મંત્રિમંડલ	પુષ્પનક્ષત્રો

ગોળાર્દ્ધ	મધ્યહિંદ	મહૈસુર	વજ્રપત્ર
પ્રત્યેક	સમઘાત	વાઇસરોય	ફૂલમણિ
વિષુવવૃત	આગ્રા	પરાજયો	પુકેસર
અક્ષાંશવૃત	ગ્વાલીઅર	પ્રતિનિધ	સ્ત્રીકેસર
ધ્રુવબિંદુ	મચ્છલીપટ્ટણ	સેક્રેટરી	અગ્ર
વર્તુળ	અનુક્રમે	રેસિડંટ	પુષ્પકોશ
રેખાંસવૃત	બ્રહ્મપુત્રા	લેફટેનંટ	છિદ્રોવાળું
કલ્પના	ત્રાવણકોર	હાઇકોર્ટ	સંયોગ
પ્રત	ઉથલપાથલ	ઈંડિઆઓફિસ	અપુષ્પ
ત્રાંસો	નેગાપટ્ટણ	પ્રવાહી	બેક્ટિરિઆ
નિયમિત	પોંડીચરી	કોલગ્યાસ	સપુષ્પ
પ્રદેશોમાં	ફ્રેન્ચ	વાયુશોષકયંત્ર	સૂક્ષ્મદર્શકયંત્ર
મોન્સુન	વિજાગાપટણ	ધ્રૂજતી	પંક્તિ
સહ્યાદ્રિ	બ્રહ્મદેશ	છાનિમાત્ર	કુંભિઓ
મહારાષ્ટ્ર	ચિલ્કા	પ્રતિધ્વનિ	સ્વાદિષ્ઠ
શૂલપાણિ	સિંકોના	સભ્યતા	કલ્પવૃક્ષ
ગેરસપ્પા	બ્રિટિશ	આકૃતિ	લક્કડકામ
દ્વીપકલ્પ	સંયુક્તપ્રાંતો	ફર્ન	અણીશુદ્ધ
ઉત્તરધ્રુવ	મધ્યપ્રાંતો	હિમબિંદુ	અદ્યાપિ
કન્યાકુમારી	બ્રિટિશબલુચિસ્તાન	દ્વિદળ	અસીર

પ્રાચીન	અદૃશ્ય	કરોડ રજ્જુ	ઉચ્ચાલન
મિશ્ર	પ્રાણિમાત્ર	અગત્યનું	ખુલ્લું
રૂપાંતર	ગોરિલો	સ્થિતિસ્થાપક	ટાંગ્યું
અવસ્થા	ઉરાંગ ઉટાંગ	શ્વાસ નળી	રેંટ
શાહમૃગ	હાડપિંજર	મિશ્રણ	યંત્ર
ત્વચા	ચિત્રવિદ્યા	ગ્લીઝરીન	
પૌષ્ટિક	શિલ્પશાસ્ત્ર	કસુંબી	
અપારદર્શક	મજ્જાતંતુ	ચિત્રકાર	

વ્યાકરણ.

નામ—જે શબ્દ વડે પ્રાણી, પદાર્થ, ગુણ વગેરે ઓળખાય છે તે.

નામના પ્રકાર.—૧ સામાન્ય નામ. ૨ વિશેષ નામ. ૩ ભાવવાચક નામ.

સામાન્ય નામ—જે નામ કોઇ આખા વર્ગને અથવા તે વર્ગના કોઇ પણ ભાગને લાગુ પડે તે. જેમકે—ગામ, શહેર, નદી, પર્વત, છોકરો, રાજા લશ્કર વિગેરે.

વિશેષ નામ—જે નામ દેવાથી ચોક્કસ વસ્તુ, પ્રાણી કે પદાર્થ ઓળખી શકાય તે. જેમકે—માણેકલાલ, પૃથુરાજ વિગેરે માણસનાં નામો, નદીઓ પહાડો, શહેરો, અને સમુદ્રનાં નામો એ બધાં વિશેષનામ કહેવાય કારણ કે તેનાથી ચોક્કસ માણસ, નદી, પહાડ શહેર કે ગામ ઓળખી શકાય છે.

ભાવવાચક નામ—જે નામથી કોઇ પણ વસ્તુના ગુણ, લાગણી સ્થિતિ, ક્રિયા વિગેરે સમજી શકાય તે. જેમકે—હિંમતલાલ ઘણો **ચાલાક** છે. આ ઘોડો ઘણો **તેજી** છે. ચંપકને ઘણો **હરખ** થાય છે. પ્રતાપસીંહનું લશ્કર **હિંમતવાન** હતું. ચાહમાં **ગળપણ** વધારે હતું. એમાં ચાલાક, તેજી, હરખ, હિંમતવાન ગળપણ એ બધાં ભાવવાચક નામો છે.

સર્વનામ.

સર્વનામ—નામની જગાએ જે શબ્દ બોલવામાં આવે તે બધાં સર્વનામ સમજવાં.

સર્વનામના પ્રકાર ૬ છે તે નીચે મુજબ.

૧ **પુરૂષ વાચક સર્વનામ**—કહેનાર, સાંભળનાર, કે જેના ંબંધી વાત થતી હોય તેમના નામને બદલે જે શબ્દ બોલવામાં ાાવે છે તે જેમકે **હું, તું, તે, તમે, તેઓ, અમે, આપણે,** વિગેરે.

૨ **પ્રશ્નવાચક સર્વનામ**—જે સર્વનામ પ્રશ્ન પુછવામાં વપરાય ઃ તે બધાં પ્રશ્નવાચક કે પ્રશ્નાર્થ સર્વનામ કહેવાય જેમકે શો, શી, ; કોણ કોણે, કયો, કયી કયું.

૩ **દર્શક સર્વનામ**—જે સર્વનામ કોઇપણ વસ્તુ, યા પ્રાણી ાદાર્થ બતાવવા-ઓળખાવવાના ઉપયોગમાં આવે છે તે જેમકે આ મે, પેલો, પેલું, તેવું તેટલું, તેવડું, જેવું, જેટલું જેવડું.

૪ **અનિશ્ચિત સર્વનામ**—જે સર્વનામથી કોઇપણ ચોકકસ ાણી કે પદાર્થ નહિ, પરંતુ કોઇ અનિશ્ચિત પ્રાણીપદાર્થ ઓળખાવે । જેમકે-કોઇ, કંઇક કેટલાક, હરેક, દરેક અમુક વગેરે.

૫ **સબંધી સર્વનામ**—વાકયનો સંબંધ જાળવી રાખનારાં ાર્વનામોને સંબંધી સર્વનામ કહે છે જેમકે—જે, તે, જેટલું ેવડું વગેરે.

વિશેષણ.

જે શબ્દો નામનો ગુણ અથવા સંખ્યા બતાવીને તે કેવી છે ઃટલી છે વગેરે વિશેષ સમજાવે તે વિશેષણ.

જેમકે **કઠણ** પત્થર, **ડાહી** છોકરી, **બાર** લાડુ, **નવ** રૂપીઆ **મજબુત** ઘોડો, **પ્રતાપી** રાજા, એ બધાં વાકયોમાં કઠણ, ડાહી મજબુત અને પ્રતાપી એ શબ્દો નામનો ગુણ બતાવે છે. અને બાર નવ એ સંખ્યા બતાવે છે.

વિશેષણના પ્રકાર—વિશેષણના બે પ્રકાર છે. (૧) **ગુણવાચક** (ગુણ બતાવનારૂં) (૨) **સંખ્યાવાચક**—(સંખ્યા બતાવનારૂં) **ગુણવાચક**ના બે પ્રકાર છે. (૧) **વિકારી** (જેમાં ફેરફાર થાય તે.) (૨) **અવિકારી** (જેમાં કાંઇ પણ ફેરફાર ન થાય તે.) ગુણવાચક વિશેષણ—જે શબ્દ કેવો, અને કેવડો છે વિગેરે બતાવે તે. જેમકે, લાંબો, મોટો, જાડો, ઉંચો, તીખો, લાલ, ધોળો વિગેરે.

સંખ્યાવાચક—જે શબ્દ એક, બે, ત્રણ, ચાર એમ સંખ્યા બતાવે છે તે. જેમકે—ચાર ઘોડા, નવ લાડુ, પાંચ રૂ. દશ માણસ વિગેરે.

વિકારી વિશેષણ—જે વિશેષણમાં ફેરફાર થાય છે તે જેમકે **સારો છોકરો, સારી છોકરી** અને **સારાં છોકરાં** આમ પણ બોલાય છે, જેથી 'સારો' એ વિકારી વિશેષણ કહેવાય. માટે લાંબો, મોટો, ડાહ્યો, ગાંડો, થોડો. ઉંચો એ બધાં વિકારી કહેવાય.

અવિકારી વિશેષણ—જે વિશેષણમાં કાંઇ પણ પ્રકારનો ફેરફાર ન થતાં પોતાના સ્વરૂપેજ રહે છે તે. જેમકે લાલ, કઠણ, નરમ, ગોળ, જંગલી, જોરાવર, વફાદાર, ચાલાક વિગેરે.

વિધિવાચક વિશેષણ—તે સારો છે, પૃથ્વી ગોળ છે, તે જોરાવર છે. એમાં '**સારો છે, ગોળ છે, જોરાવર છે,**' એ વિધેય થાય છે. માટે તે વિશેષણોને **વિધિવાચક** વિશેષણ કહેવાય છે.

વિશેષ્ય. જે શબ્દ ગુણ કે સંખ્યા બતાવે છે તે વિશેષણ કહેવાય છે, પરંતુ વિશેષણ જેનો ગુણ અને સંખ્યા બતાવે છે તે **વિશેષ્ય** કહેવાય છે. જેમકે **રૂડો રાજા, દિવાન,** મીઠું **પાણી**, ત્રણ **વાછડી,** ચાર **બળદ** એમાં રાજા, દિવાન પાણી, વાછડી, બળદ એ શબ્દો **વિશેષ્ય** છે.

જાતિ.

જાતિ ત્રણ પ્રકારની છે. (૧) નરજાતિ. (૨) નારીજાતિ, (૩) નાન્યતરજાતિ. (૧) જે શબ્દો નર (પુરૂષ) ને લગતા હોય, અગર પુરૂષની માફક બોલાય તે **નરજાતિ** કહેવાય. હાથી, ચીમન, ઘોડો, બળદ, પત્થર. (૨) જે શબ્દો નારી (સ્ત્રી)ને લગતા હોય અગર નારીની માફક બોલાય તે **નારીજાતિ** કહેવાય. જેમકે મંછી, મોંઘી, શારદા, ઇંદિરા વિગેરે બૈરીઓનાં નામો ભેંસ, ગાય, શાહી, વાદળી વિ. (૩) જે શબ્દો નર કે નારીજાતિમાં આવતા નથી તે બધા **નાન્યતર**જાતિના સમજવા. જેમકે વાંદરૂં, કુતરૂં, કંકું, તળાવ, ઘેટું, મીઠું, પાણી, તેલ વિગેરે. અમુક નામ નર, નારી, કે નાન્યતર જાતિનું છે તે ઓળખી કાઢવાને માટે તેને **કેવો કેવી** અને **કેવું** એ ત્રણ પ્રત્યય લગાડી જોવા. જેમકે 'રાજા (કેવો) એ નરજાતિ.' 'છોકરી (કેવી) એ નારીજાતિ.' ઘર (કેવું) એ નાન્યતરજાતિ.

કેટલેક ઠેકાણે નરજાતિનાં નામોને અણ, એણ, આણી, ડી, ઈ પ્રત્યય લગાડવાથી નારી જાતિ બને છે.

વચન.

વચન બે પ્રકારનાં છે--(૧) એક વચન, (૨) બહુવચન.

એકવચન--જે શબ્દના રૂપમાં એકનો અર્થ હોય તે **એક વચન** જેમકે. છોકરો આવ્યો, રોટલો ખાધો, દૂધ લીધું વિગેરે.

બહુવચન--જે શબ્દના રૂપમાં બહુપણાનો અર્થ થતો હોય તે **બહુવચન** જેમકે ઘઉં આવ્યા, છોકરા ગયા, રોટલા ખાધા વિ.

એક વચનનાં નામોને **ઓ** પ્રત્યય લગાડવાથી બહુ વચન થાય છે એક **વચનમાંજ** રહેનારાં કેટલાંક નામો એવાં છે.

કે તે સર્વદા એક વચનમાંજ રહે છે તેમનું બહુ વચન થતુંજ નથી જેમકે, પાણી, તેલ. ઘી, દૂધ, માટી, દેવતા, ખાંડ, ગોળ, ચુનો, મેથી, હીંગ, જીરૂ, લોહી, વિગેરે.

બહુ વચનમાંજ રહેનારાં નામો :કેટલાંક નામો એવાં છે કે તે સર્વદા બહુ વચનમાંજ રહે છે. જેમકે, ઘઉં, મગ, મઠ, રાજા, તલ, વાલ, વિગેરે.

વિભક્તિ.

વિભક્તિ=એક શબ્દનો બીજા સાથે સંબંધ દેખાડનારા પ્રત્યય કે તે સાથેના શબ્દોનાં રૂપ. જેમકે, ઘરમાં, માણસને, ગામથી, રાજાનો. છોકરાની વિગેરે.

વિભક્તિઓ સાત છે. પહેલી, બીજી, ત્રીજી, ચોથી. પાંચમી છઠી ને સાતમી.

પહેલી વિભક્તિ. એનો પ્રત્યય નથી, ને તે **કર્તાર્થેજ** આવે છે જેમકે **હાથી** ગયો, **બળદ** ચરે છે, નદીમાં **રેલ** આવી છે. એમાં હાથી, બળદ, ને રેલ એ કર્તાર્થે પહેલી વિભક્તિ ગણાય.

બીજી વિભક્તિ નો પ્રત્યય '**ને**' '**કર્મ અર્થે**' જેમકે 'હું હિસાબ ગણું છું, માસ્તર છોકરાને બોલાવે છે. એમાં **હિસાબ** એ શબ્દને **ને** પ્રત્યય લાગતો નથી. પરંતુ બીજી વિભક્તિ કર્મ રૂપેજ છે, જેથી **ને** પ્રત્યય ન લાગે તો પણ અધ્યાહાર રૂપે ચાલી શકે.

ત્રીજી વિભક્તિ. પ્રત્યય. **એ કર્તા, કરણ, કારણ ને મૂળ અર્થે આવે તે.**

કર્તાર્થે—રાજાએ ન્યાય આપ્યો. (રાજાએ)
કરણાર્થે—ચપ્પુએ સોપારી કાપી. (ચપ્પુએ)
કારણાર્થે—ગરમીએ માથું ચડ્યું (ગરમીએ)
મુલાર્થે—બાજરી બે **રૂપિએ** મણ છે (રૂપીએ)

ચોથી વિભક્તિ. પ્રત્યય, **ને**, કાજે, માટે, વાસ્તે, સારૂ. સંપ્રદાયર્થે. (સંપ્રદાય=આપવું, મેળવવું.) જેમકે મુકુંદે **માસ્તરને** ગીની આપી; કાકાએ **ચંદુને** રૂમાલ આપ્યો.

પાંચમી વિભકિત. પ્રત્યય. **થી**, **થકી**, **કરણ**,**કારણ**, **વિજોગ** અને **ન્યુનાધિકતાર્થે**, વપરાય છે.

કરણાર્થે, મેં ચીમનને **સોટીથી** માર્યો. (સોટીથી)
કારણાર્થે, મારી આંખ **સુરમાથી** સારી થઇ. (સુરમાથી)
વીજોગાર્થે, હું **સુરતથી** આવ્યો (સુરતથી)
ન્યુનાધિકતાર્થે અમદાવાદથી મુંબાઇ મોટું છે (અમદાવાદથી)

છઠ્ઠી વિભક્તિ. પ્રત્યય. **નો**, **ની**, **નું**, ના, **નાં**, **સંબંધાર્થે** જેમકે રાજાનો ઘોડો, ગુલાબનાં ફુલ, ઝાડનું ડાળું, આંબાની કેરી, વિગેરે આ ઉપરાંત કવિતાઓમાં ઘણે ઠેકાણે **તણો**, **તણી**, **તણું**, **કેરો**, **કેરી**, **કેરૂ.** વિગેરે પ્રત્યયો આવે છે.

સાતમી વિભક્તિ. પ્રત્યય. **માં સ્થળ અર્થે**. જેમકે ઘર**માં** બાળકો છે, તૈમુર હિંદમાં આવ્યો, રાજા સ્વારી**માં** ગયા વિગેરે.

કોઇ વેળા એકજ શબ્દને બે ત્રણ વિભકિતઓ એકી સાથે પણ લાગેલી હોય છે. જેમકે, વાડી**માંના** મૂળા, ઘર**માંનો** થાંભલો, ખેતર**માંથી** આવ્યો વિગેરે.

નામનાં વિભક્તિ પ્રમાણે રૂપો.

વિભક્તિ,	એક વચન.	બહુ વચન.
પહેલી.	રોટલી	રોટલીઓ
બીજી.	રોટલીને	રોટલીઓને
ત્રીજી.	રોટલીએ	રોટલીઓએ
ચોથી.	રોટલીને માટે	રોટલીઓને માટે
પાંચમી.	રોટલીથી	રોટલીઓથી
છઠ્ઠી.	રોટલીનો ની,નું, ના, નાં	રોટલીઓનો, ની, નું, ના, નાં
સાતમી.	રોટલીમાં	રોટલીઓમાં

હું સર્વનામનાં રૂપ.

વિભક્તિ.	એક વચન.	બહુ વચન.
પહેલી.	હું	અમે
બીજી.	મને	અમને
ત્રીજી.	મેં	અમે. અમોએ
ચોથી.	મને	અમને, અમોને
પાંચમી.	મારાથી	અમારાથી, અમથી
છઠી.	મારો=રી, રૂ, રા, રાં	અમારો, રી, રૂ, રા, રાં,
સાતમી.	મારામાં	અમારામાં=અમમાં

આજ પ્રમાણે, તું, તે, આપણ, આપ, પોતે, કોણ ઓનાં રૂપો પણ થઇ શકે.

આપણનાં રૂપ—૧ આપ, ૨ આપણને, ૩ આપણે, ૪ આપણે માટે, ૫ આપણાથી, ૬ આપણો—ણી—ણું, ણા, ણાં—૭ આપણામાં એજ પ્રમાણે આપ, પોતે અને કોણનાં રૂપો પણ થાય છે.

ક્રિયાપદ.

જેમાં કાંઇ પણ ક્રિયા (કામ) રહેલું છે તે ક્રિયાપદ કહેવાય.

ક્રિયાપદની બે જાતો છે—(૧) અકર્મક, (૨) સકર્મક.

અકર્મક—(જેમાં કર્મ નથી–તે) જે ક્રિયાપદમાં **કર્તા** એકલોજ હોય, પણ **કર્મ** નથી હોતું તે અકર્મક ક્રિયાપદ કહેવાય. જેમ કે—મનુ રડે છે, પાણી આવ્યું, ઘી ઢોળાયું વિગેરે.

સકર્મક—(જેમાં કર્મ હોય તે) જે ક્રિયાપદમાં **કર્તા** અને કર્મ બેઉ હોય છે તે સકર્મક ક્રિયાપદ કહેવાય છે. જેમ કે–રમણે રોટલી ખાધી, મેં ખુરશી ભાગી, ચંદુએ પાઠ વાંચ્યો વિગેરે.

ધાતુ.

ધાતુ—જે મૂળ ઉપરથી ક્રિયાપદનાં જુદાં જુદાં રૂપ થાય છે તે. મૂળનું નામ ધાતું.

ધાતુના પ્રકાર—(૧) **મૂળ ધાતુ** (૨) **સાધિત ધાતુ** અથવા પ્રેરક કે પ્રયોજ્ય ધાતુ.

મૂળ ધાતુ અને **સાધિત** ધાતુ, કર, લખ, વાંચ, રમ વિગેરે મૂળ ધાતુ કહેવાય છે અને તેમને પ્રત્યય લાગવાથી કરાવ, લખાવ, વંચાવ, રમાડ, વિગેરે થયા તે **સાધિત** ધાતુ.

પ્રયોજ્ય ધાતુ—સાધિત ધાતુને પ્રેરક કે **પ્રયોજ્ય** ધાતુ કહે છે. અને મૂળ ધાતુ ઉપરથી જેટલાં રૂપો થાય છે: તેટલાં પ્રેરક ધાતુ ઉપરથી પણ થાય છે. જેમ કે કરાવરાવ, લખાવરાવ—વિગેરે.

મૂળ ધાતુ	કર્ત્તરી	હું કામ કરૂં છું.
પ્રયોજ્ય ધાતુ	,,	હું કામ કરાવું છું.
મૂળ ધાતુ	કર્મણી	મેં કામ કર્યું. અગર મારાથી કામ કરાયું.

પ્રયોજય ધાતુ ,, મેં કામ કરાવ્યું. અગર મારાથી કામ કરાવાયું.

કાળ.

કાળ—(વખત) મુખ્ય કાળ ત્રણ છે, ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ.

ભૂતકાળ—થઇ ગયેલા વખત-જેમાં ક્રિયા થઇ ગઇ છે એવો અર્થ બતાવવામાં આવ્યો હોય તે. જેમ કે-આવ્યો, ગયો, કર્યું, બેઠું, લખ્યું, જોયું, વિગેરે.

વર્તમાનકાળ—(ચાલતો વખત.) જેનાથી ક્રિયા ચાલુ છે એવો અર્થ સમજાતો હોય તે. જેમકે ચાલે છે, જાય છે, આવે છે, રમે છે, જમે છે, કુદે છે, કહે છે, ભણે છે, ઉંઘે છે. વિગેરે.

ભવિષ્યકાળ—(હવાનો કે આવતો વખત.) જેનાથી ક્રિયા હજી હવે થવાની છે એવો અર્થ સમજાતો હોય છે તે-જેમકે જશે, ઉગશે, કરશે, થશે. વાગશે, નંકળશે, આવશે. વિગેરે.

ભૂતકાળના પ્રત્યય--યો, યી, યું, યા, યાં જેમકે ગયો, ગયી, ગયું, ગયા, ગયાં વિગેરે.

વર્તમાનકાળના પ્રત્યય—છે, છો, છીએ, છું, જેમકે જમે છે, જમો છો, જમીએ છીએ, જમું છું વિગેરે.

ભવિષ્યકાળના પ્રત્યય—શ, શો, શું, શે, જેમકે પડીશ, પડશો, પડીશું, પડશે વિગેરે.

અર્થ.

અર્થ ત્રણ પ્રકારના છે. (૧) **નિશ્ચયાર્થ**, (૨) **સંશયાર્થ**, (૩) **આજ્ઞાર્થ. નિશ્ચયાર્થ**—જે ક્રિયાપદ નક્કીપણું બતાવે છે તે હું લખું છું. તમે લખો છો, તેઓ લખશે વિગેરે.

સંશયાર્થ—જેમાં વ્હેમ પડતી કે સંશય પડતી બાબત હોય તે જેમકે તમે કર્યું હશે, મેં કર્યું હોય, તેમણે પણ કરેલું હોય વિગેરે.

આજ્ઞાર્થ—જે ક્રિયાપદ આજ્ઞા બતાવે છે તે આજ્ઞાર્થ કહેવાય જેમકે તમે જાઓ, તું કરજે, આપ પધારજો, પ્રભુ તમારૂં કલ્યાણ કરો.

પ્રયોગ.

પ્રયોગ-ત્રણ પ્રકારના છે. (૧) કર્ત્તરીપ્રયોગ. (૨) કર્મણીપ્રયોગ. (૩) ભાવપ્રયોગ.

(૧) **કર્ત્તરી પ્રયોગ**--ક્રિયાપદનો કર્તાના અર્થમાં ઉપયોગ થતો હોય ત્યારે તેનો પ્રયોગ કર્ત્તરી કહેવાય જેમકે-હું કલમ ઘડું છું, શીવાજી જાય છે, ચંદુ આંક લખે છે, વિગેરે.

(૨) **કર્મણી પ્રયોગ**-ક્રિયાપદનો ઉપયોગ કર્મના અર્થમાં થતો હોય તો તે કર્મણી પ્રયોગ કહેવાય. જેમકે "મારાથી પાઠ કરાયો, તેનાથી ચોપડો લખાયો, ચંદુથી તે કામ કરાશે, મારાથી ચોપડી લખાય. વિગેરે.

ભાવેપ્રયોગ-ક્રિયાપદનાં રૂપો, કર્તાપ્રમાણે, કર્મ પ્રમાણે કે ભાવ પ્રમાણે ફરે છે તે શોધી કાઢવું તેને ભાવે પ્રયોગ કહે છે. જેમકે-મારાથી અવાયું, મુકુંદથી જવાયું, મને ભાવતું નથી, મારા પેટમાં દુઃખે છે. વિગેરે.

અવ્યય.

જો અતીકારી વિશેષણ ક્રિયાપદનો ગુણ બતાવે તો તે **ક્રિયા વિશેષણ અવ્યય** કહેવાય.

ક્રિયા વિશેષણ અવ્યયના મુખ્ય પ્રકાર—

(૧) **વખત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય—**

અત્યારે, એટલામાં, કયારે, જ્યારે, ઝટપટ, પહોર, હમણાં વળી ઓણુ વિગેરે.

(૨) **ઠેકાણું બતાવનાર** ક્રિયા વિશેષણ અવ્યય—જ્યાં, ત્યાં, ક્યાં, ઉપર, તળે, દૂર, માંહે, પણે, અંદર, સાથે, બહાર વિગેરે.

(૩) રીત બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય—એમ, કેમ, જેમ, તેમ, આમ, હળવે, ધીમે, વિગેરે.

(૪) નકાર બતાવનાર ક્રિયા વિશેષણ અવ્યય—ના, નહિ, માં—વિગેરે.

નામયોગી અવ્યય—જે અવ્યય નામને જોડાયલો હોય તે નામયોગી અવ્યય કહેવાય. અને નામયોગી અવ્યયથી બનેલો શબ્દ સમુહ ઘણે ભાગે વિધેય વર્ધક તરીકે આવે છે. જેમકે ગાય તળાવ **પાસે** આવી, બળદ ઘર **આગળ** ઉભો, તારા **વિના** હું જમીશ નહિં. મારી **સાથે** કોણ હતું ? એમાં પાસે, આગળ, વિના સાથે એ બધા નામયોગી અવ્યય છે.

ઉભયાન્વયી અવ્યય—(ઉભય=બે+અન્વયી=જોડનાર) બે શબ્દ અથવા તો બે વાક્યને જોડનાર, તે ઉભયાન્વયી અવ્યય જેમ કે—' તમે **આવજો** અથવા હું જઇશ ' એમાં ' **અથવા** ' શબ્દ આગળ પાછળનાં બે વાક્યોને જોડે છે. રામ **અને** રાવણ, દશ **કે** બાર, મીઠું **કે** સિંધવ, કેશવ **તથા** માધવ એ બધાં વાક્યોમાં અને, અથવા, તથા, કે, એ ઉભયાન્વયી અવ્યય કહેવાય. એ ઉપરાંત ને, જે, વળી, વા, કિંવા, અગર, પણ, પરંતુ, તથાપિ, છતાં, સામું, ઉલટું, કેમકે, માટે, તેથી, નહિં તો, વિગેરે.

કેવળ પ્રયોગી અવ્યય—(કેવળ=તદન+પ્રયોગ=વપરાશ.)

જે **અવ્યય** ક્રિયાપદની સાથે સંબંધ ન રાખતાં તદ્દન જુદીજ રીતે વપરાય, અને જેનાથી મનમાં હરખ, શોક, ગભરાટ, નવાઇ, તિરસ્કાર, ઇચ્છા, આશા વિગેરે ઉત્પન્ન થાય તે **કેવળ પ્રયોગી અવ્યય** સમજવા, જેમ કે અહા હા! અરે રે! ધિક્! અધધધ! છટ! અહા! ઓ! ઓયરે! ઓહો! હાં! ચુપ! શુ! બસ! ભલે, રે, વાહરે વાહ!, વારૂ, હત, હડ, હાય, હાયહાય, વિગેરે કેવળ પ્રયોગી અવ્યયો છે.

કૃદંત.

ધાતુ ઉપર પ્રત્યય આવીને જે શબ્દો બને છે તેને 'કૃદંત' કહેછે જેમકે છોકરો **રમતાં** રડયો, લાકડી **મારતાં** ભાગી તેને **મરેલો** જોયો. '**લખીને** આપ્યું' એમાં રમતાં, મારતાં, મરેલો, લખીને, એ એ બધાં કૃદંતો છે.

કૃદંતની મૂળ ત્રણ જાતો છે. (૧) કૃદંત નામ, (૨) કૃદંત વિશેષણ, (૩) કૃદંત અવ્યય.

(૧) **કૃદંત નામ** જે કૃદંત નામના અર્થમાં આવે તે કૃદંત નામ કહેવાય. જેમકે **બોલવું** ઠીક નથી. તારૂં **કહેવું** માનતો નથી.

(૨) **કૃદંત વિશેષણ**—જે કૃદંત વિશેષણના અર્થમાં આવે તે કૃદંત વિશેષણ કહેવાય. જેમકે મેં **દોડતી** ગાય દોહી; મેજ ઉપર છ.**પેલી** ચોપડી હતી, વિગેરે.

(૩) **કૃદંત અવ્યય**—જે કૃદંત અવ્યય તરીકે વપરાયેલાં હોય તે કૃદંત અવ્યય કહેવાય. જેમકે તે **દોડતાં** પડયો, હું ગીતા **વાંચીને** ગયો હતો, કેશવ પાણીમાં **તરતાં તરતાં** ડુબી ગયો વિગેરે.

કામ પ્રમાણે કૃદંતોના પ્રકાર તથા તેના પ્રત્યય.

વર્તમાન કૃદંત—તો, તી, તું, તા, તાં.

ભુત કૃદંત—યો, યી, યું, યા, યાં.
ભવિષ્ય કૃદંત—વાનો, વાની, વાનું, વાનાં વાનાં.
વિશેષણ ભુત કૃદંત—લો, લી, લું, લા, લાં.
સામાન્ય કૃદંત—વો, વી, વું, વા, વાં.
કર્તૃ વાચક કૃદંત—નાર, નારો. નારી, નારૂં નારાં.
સંબંધક ભુત કૃદંત—ઇ, ઇને, તાં.

વ્યુત્પત્તિ.

અદ્યાપિ=(અદ્ય+અપિ.) (અદ્ય=આજ, અપિ=પણ)=આજ પણ.

આશ્રમ સ્થાન=(આશ્રમ+સ્થાન.) (આશ્રમ=આશરો,)સ્થાન=ઠેકાણું,) આશરાનું ઠેકાણું.

અન્નપાણી=(અન્ન+પાણી.) (અન્ન=અનાજ) અનાજ ને પાણી.

ઇશ્વરભક્તિ=(ઇશ્વર+ભક્તિ.) (ઇશ્વર=પ્રભુ, ભક્તિ=પ્રાર્થના) પ્રભુનું ભજન.

ઉઠકબેઠક=(ઉઠક+બેઠક.) (ઉઠક=ઉઠવું, બેઠક=બેસવું) ઉઠવું ને બેસવું.

કાઠીયાવાડ=(કાઠીઆ+વાડ.) (કાઠીઓ=કાઠી,વાડ=રહેઠાણ) કાઠી લોકોનું રહેઠાણ.

કલ્પવૃક્ષ=(કલ્પ=ધારેલું+વૃક્ષ=ઝાડ.) ધારેલું આપનાર ઝાડ.

કબીરવડ=(કબીર+વડ) કબીરે વાવેલો વડ.

ખાનપાન=(ખાન+પાન.) (ખાન=ખાવું,પાન=પીવું)=ખાવું,પીવું.

ખૂબસુરત=(ખૂબ=ઘણું+સુરત=સુંદર.) ઘણું સુંદર.

ગુરૂભક્તિ=(ગુરૂ+ભક્તિ=સેવા.) ગુરૂની સેવા.

ગીરિરાજ=(ગીરિ=પર્વત+રાજ=રાજા.) પર્વતનો રાજા.

ગોળાર્ધ=(ગોળ+અર્ધ.) અરધો ગોળ.

ચોતરફ=(ચો=ચારે+તરફ=બાજું.) ચારે બાજુ.

જહાંપનાહ=(જહાં=દુનીયાં+પનાહ=ધણી.) દુનિયાંનો ધણી.

જગપતિ=(જગ=દુનીયાં+પતિ=ધણી.) દુનિયાંનો ધણી.

તામ્રપટ=(તામ્ર=તાંબુ+પટ=પતરૂં.) તાંબાનું પતરૂં.

દિનચર્યા=(દિન=દિવસ+ચર્યા=ચાલવું,) સાધુઓએ રોજ કેમ ચાલવું તે.

દુરબીન=(દુર=છેટેનું+બીન=બતાવનાર.) છેટેની વસ્તુ નજીકમાં બતાવનાર યંત્ર.

દેશાવર=(દેશ=મુલક+અવર=બીજા.) બીજા મુલક, પરદેશ.

ધર્મદારા=(ધર્મ+દારા=સ્ત્રી.) ધર્મની સ્ત્રી. પરણેલી બાયડી.

ન્યાયાસન=(ન્યાય=ઇનસાફ+આસન=બેઠક.) ઇનસાફ આપવાને માટે બેસવાની ગાદી.

નર્મદા=(નર્મ=આનંદ+દા=દેનારી) આનંદ આપનારી.

નિશદિન=(નિશ=રાત+દિન=દિવસ.) રાત દિવસ.

પ્રાણવાયુ=(પ્રાણ=જીવ+વાયુ=પવન, વા.) જીવને આધાર આનારો વા, ઓકિસજન.

પાલણપોષણ=(પાલણ=પાળવું+પોષણ=પોષવું) પાળવું અને પોષવું

પંચવટી=(પંચ=પાંચ+વટી=વડ) પાંચવડનો જથો.

પતિતોદ્ધાર=(પતીત=પાપી+ઉદ્ધાર=તારનાર.) પાપીઓને તારનાર

પ્રતિધ્વની=(પ્રતિ=સામો+ધ્વની=અવાજ) સામો અવાજ,પડઘો.

બીજાશય=(બીજ=બી+આશય=ઉગવાની જગ્યા.) બીજ ઉગવાની જગ્યા.

ભૂસ્તરવિદ્યા=(ભૂ=જમીન+સ્તર=પડ+વિદ્યા.) પૃથ્વીનાપડને ઓળખવાની વિદ્યા, ભૂતળ.

મુશળધાર=(મુશળ=સાંબેલું+ધાર.) સાંબેલા જેવી ધારવાળો.

મિષ્ટાન્ન=(મિષ્ટ=મીઠું+અન્ન=અનાજ.) મીઠું અનાજ, મીઠાઇ.

મૃગચર્મ=(મૃગ=હરિણ+ચર્મ=ચાંમડું.) હરિણોનું ચામડું.

મધરાત=(મધ=અરધી,+રાત=રાત્રિ.)=અરધીરાત્રિ.

વાતાવરણ=(વાત=વાયુ+આવરણ=ઢાંકણ.) વાયુનું ઢાંકણ.

સર્વશક્તિમાન=(સર્વ=બધી+શકિત=બળ+માન=વાળો.) બધી જાતના બળવાળો.

સૂર્યોદય=(સૂર્ય+ઉદય=ઉગવું.) સુરજનું ઉગવું.

શ્વેતાંબર (શ્વેત=ધોળું+અંબર=કપડું.) જેને ધોળું કપડું હોય છે તેજ.

સ્થિતિસ્થાપક=(સ્થિતિ=હાલત+સ્થાપક=સ્થાપનાર.) પોતાની આગલી સ્થિતિ ધારણ કરનાર.

શ્વાસોચ્છ્વાસ=(શ્વાસ=દમ+ઉચ્છ્વાસ=મોંમાંથી વા પાછો કાઢવો) શ્વાસ લેવો અને મૂકવો.

હાડપિંજર=(હાડ=હાડકાં+પિંજર=પાંજરૂં.) હાડકાનું પાંજરૂં.

હિંદુસ્તાન=(હિંદુ+સ્તાન=ઠેકાણું.) હિંદુઓનું ઠેકાણું.

હિંદુધર્મ=(હિંદુ+ધર્મ.) હિંદુનો ધર્મ.

લેખપદ્ધતિ.

પરદેશમાં રહેલાં સગાં વહાલાંઓ, અને સ્નેહી સંબંધીઓ ઉપર કાગળ લખવાની જુદીજુદી રીતને લેખપદ્ધતિ કહે છે.

લેખ પદ્ધતિથી—દસ્તાવેજ જેવા કે, વેચાણખત, ગીરોખત, ભાડાચીઠ્ઠી, કબજાગીરો અને રીપોર્ટ અરજી, કાગળ, ચીઠ્ઠી વિગેરે તમામ લખતાં આવડે છે.

કાગળ તથા ચિઠ્ઠીમાં નીચેની ચાર બાબતોની જરૂર પડે છે, (૧) **મિતિ** (અંગ્રેજી અથવા દેશી તારીખ.) (૨) **સ્થળ** (જેણે કાગળ લખ્યો હોય તેનું.) (૩) **નામ** (જેને કાગળ લખવાનો હોય તેનું.) (૪) **વિષય** (જે બાબત લખવાની હોય તે.)

કાગળ ચીઠ્ઠી લખવામાં—રા. રા., પ્રિય, પરમમિત્ર, વ્હાલા, કૃપાસાગર, મહેરબાન, ભાઇશ્રી, પ્રિયભાઇ, શુભેચ્છક. હિતચિંતક, ચિરંજીવ, શિરછત્ર, તિર્થરૂપ, વિગેરે વિશેષણો લગાડવામાં આવે છે.*

ચિઠ્ઠીના નમુના.

પ્રિયમિત્ર. પરમોદરાય ચમનલાલ મહેતા

વિશેષ વિનંતિ સાથે લખવાનું કે—આવતી કાલે મ્હારા ચી. ડુંગરલાલની જન્મગાંઠ છે, તો આનંદમાં ભાગ લેવા આપ મ્હારે ત્યાં રાત્રિના સાડા સાત વાગે પધારશોજી. એજ. તા. ૧૫–૮–૧૧.

લી. સે.

છગનલાલ મોતીલાલ. રાવળ.

મહેરબાન માસ્તર સાહેબ ભોગીલાલ ત્રીકમલાલ.

સલામ સાથે વિનંતી કે મ્હારે એક અઠવાડીઆ સુધી મુંબઇ જવાની જરૂર હોવાથી આવતી કાલે તા. ૧–૪–૧૦ થી તા. ૮–૫–૧૦ સુધી મ્હારાથી સ્કુલમાં આવી શકાય તેમ નથી તો મ્હારી રજા પુરવા કૃપા કરશોજી. એજ વિનંતી. તા. ૩૧–૩–૧૦.

લી૦ સેવક,

ચંદુલાલ મોતીલાલ મજમુદાર.

---

* ક્યાં ક્યાં વિશેષણોનો ક્યાં ક્યાં ઉપયોગ થાય છે. તે શિક્ષકોએ સારી રીતે સમજાવવું.

વ્હાલી બેન ઇંદિરા,

વિ. વિ. કે આવતી કાલે આપણે સાંજના ચાર વાગે શાહી-બાગમાં અમુલખકાકાને બંગલે ટિપાર્ટિમાં જવાનું છે માટે તમે ત્રણ વાગે જરૂર આપણે ઘેર આવજો એજ તા. ૨૬-૫-૧૨.

લી. શુભેચ્છક,

શ્યામાકાન્ત શીવશંકર જાની.

પરમપ્રિય મુરબ્બી ભાઇશ્રી અંબાશંકર જેઠાલાલ,

અમદાવાદ.

વિ. વિ. કે મ્હારે વીમા કંપનીનું લવાજમ ભરવા માટે આવતા શનીવારે ૫૦) રૂા. અંકે પચાસ રૂા. ની જરૂર છે તો જરૂર જરૂર તેટલા રૂ. મને વળતીજ ટપાલે મનીઓરડરથી મોકલી આપશોજી.

લી. સેવક,

માણેકલાલ જેઠાલાલના પ્રણામ.

કાગળનો નમુનો.

પરમપૂજ્ય તિર્થરૂપ પિતાશ્રી અંબાલાલ શીવશંકર જાની.

જંબુસર.

લી. આ. સે. ચંદુલાલના દંડવત્ પ્રણામ સાથે નમ્ર વિનંતી કે મ્હારી પરીક્ષા ગઇ કાલે પૂરી થઇ, તેમાં હું પાસ થયો છું, સોમવારે અમારા કલાસો બદલાશે. ભાઇની તબીયત હવે સુધરી ગઈ છે. રતનલાલ ડોકટરે તેની સારી બરદાસ કરી છે. તેમની ફીના રૂ. ૧૨)

શિક્ષકોએ જુદી જુદી ચીઠીઓ જુદી જુદી રીતે લખાવવાનો મહાવરો રાખવો.

રૂા. મણીબેનને આપ્યા છે. આપે લખ્યું હતું કે રવીવારે જરૂર અમદાવાદ આવીશ, તો આપ જરૂર પધારશો એટલે તે વખતે મ્હારી નવા ધોરણની ચોપડીઓ પણ લેવાની મને અનુકુળતા પડે. એજ વિનંતી તા. ૨૬-૬-૧૨.

ચીરંજીવી ભાઇ ચંદુલાલ !

ત્હમારો પત્ર મળ્યો. વાંચી આનંદિત થયો છું. તમે પાસ થયા છો અને ભાઇ સાજો થઇ ગયો તે જાણી મને ઘણો હર્ષ થાય છે. હું રવીવારે ૪ વાગતાની ટ્રેનમાં જરૂર આવીશ. અને તમને જોઇતાં સાધનો લાવી આપીશ. ડૉકટર સાહેબ રતનલાલ મળે તો મ્હારી સલામ કહેવા ભૂલશો નહિ એજ. તા. ૩૦-૬-૧૨

લી. શુભેચ્છક,
અંબાલાલ.

(આવીજ રીતે શિક્ષકોએ જુદાં જુદાં સગાં સ્નેહીઓ ઉપર જુદી જુદી બાબતોના કાગળપત્રો વિદ્યાર્થીઓ પાસે લખાવવાનો મહાવરો રાખવો. કંકોત્રીનાં કાર્ડો શહેરોમાં છપાય છે તે ઉપર ધ્યાન ખેંચાવવું. નવા વર્ષનાં મુબારકબાદીનાં કાર્ડોના નમુના પણ બતાવવા. અને કાગળ લખવાની ઢબ વિદ્યાર્થીઓ ગોખીને યાદ રાખે તે કરતાં જુદી જુદી જાતનો મહાવરો પાડવાથી તેઓ વધારે સારી રીતે યાદ રાખી શકશે. અને વિના મુસ્કેલીએ ગમે તેના ઉપર એકદમ કાગળ પત્ર લખી શકશે.]

ભૂગોળ.

(એશિઆના સામાન્ય જ્ઞાન સાથે હિંદુસ્તાનની રાજકીય ઔદ્યોગિક ભુગોળ અને ભૂતળ.)

હિંદની ભૂતળ રચના.

આપણો દેશ હિંદુસ્તાન એશિઆની દક્ષિણે ૩૭ અક્ષાંસ સુધી અને ઉત્તરમાં ૮ અક્ષાંસ સુધી. તથા પશ્ચિમે ૧૦૧ અને ૬૧ પુર્વ રેખાંશની વચ્ચે આવેલો છે. તેનો ઘણો ખરો ભાગ ઉષ્ણ કટિબંધમાં છે. તેનું કુલ ક્ષેત્રફળ ૧૮૦૦૦૦ ચો. મા. છે. ઉત્તર દક્ષિણ ૨૦૦૦ મૈલ અને પુર્વ પશ્ચિમ ૨૫૦૦ મૈલ લાંબો છે.

હિંદુસ્તાન વિશાળ અને ત્રિકોણાકાર દેશ છે, તેની ઉત્તરે હિમાલય પર્વત આવેલો છે, તે આખી દુનિયાંમાં સૌ કરતાં ઉંચો છે અને ઉત્તર તરફના ઠંડા તથા સુકા પવનને દેશમાં આવતો અટકાવે છે. દક્ષિણ અને પશ્ચિમમાં સમુદ્રપરનો ભેજવાળો પવન જે દિશામાં વાય છે. તે દિશાના પર્વતોની હાર આડી આવવાથી વરસાદ ઘણો જ પડે છે. હિંદમાં જુદા જુદા ભાગોની હવા જુદી જુદી છે કોઇ ભાગની હવા ભેજવાળી, તો કોઇ ભાગની સુકી, અને સમઘાત પણ છે.

હવાથી લોકપર થતી અસર—દક્ષિણ ગુજરાત, સુરત અને ખાન દેશ જીલ્લામાં ટાઢ તાપ સરખાં અને જમીન ફળદ્રુપ છે. તેથી ત્યાંના લોકો પાતળા, મધ્યમ કદના, મોજીલા અને ચાલાક છે—રજપુતસ્તાન, ઉત્તર ગુજરાત અને સિંધમાં ટાઢ તાપ વધારે, તથા હવા સુકી હોવાથી લોકો કદાવરને મજબૂત છે કોંકણમાં બહુ વરસાદને લીધે ત્યાંની હવા ભીનાશવાળી હોવાથી લોકો ઠીંગણા, ને ઉદ્યોગીછે. મદ્રાસ ઈલાકામાં તાપ વધારે અને ટાઢઓછી હોવાથી લોકો શામળા ઠીંગણા, અને નિર્બળ હોય છે. બંગાળા પ્રાંત, રસાળ ભેજવાળો ને ગરમ છે તથા તેમાં પહાડો નથી. જેથી ત્યાંના લોકો નિર્બળ

ને બીકણુ પણ બુદ્ધિમાન છે. મધ્યહિંદ અને પંજાબમાં ટાઢ તડકો વધારે હોવાથી તથા મોટા પહાડો આવેલા હોવાથી લોકો જબરા ઉંચા, કદાવર અને બહાદુર છે.

ભેજવાળી હવા—ઉષ્ણકટી બંધમાં આવેલા ત્રાવણકોર, મલબાર, અને બ્રહ્મદેશની હવા ભેજવાળી છે.

અતિશય ભેજવાળી હવા—ચેરાપુંજી, મહાબળેશ્વર, આસામના ઉંચા ડુંગરો, ઘાટની પૂર્વ તરફના ડુંગરો તથા કોંકણમાં વરસાદ પુષ્કળ પડે છે જેથી ત્યાંની હવા અતિશય ભેજવાળી રહે છે,

વનસ્પતિ—કઇ વનસ્પતિ અને કયાં જાનવરો અમુક દેશમાં છે તે તેના આબોહવા ઉપરથી જાણી શકાય છે. આ દેશની હવા જુદી જુદી જાતની હોવાથી વનસ્પતિ પણ જુદી જુદી જાતની થાય છે. દક્ષિણ અને બ્રહ્મદેશમાં **સાગ**, દરિયા કિનારે અને બંગાળાં અખાતના ટાપુમાં **નાળિયેરી** તથા **તાડ** હિમાલયની તળેટીમાં **સાલ** નામનું લાકડું, મ્હેસુરમાં **સુખડ**, હિમાલયની વાયવ્યમાં **દેવદાર**, આસામ ને બ્રહ્મદેશમાં **ઈંડિયા રબર**, તથા હિંદુસ્તાનના જુદા જુદા ઘણા ભાગોમાં **આમલી, પીંપળા,** વડ, **આંબા, લીમડા** વાંસ, સીસમ વિગેરે પુષ્કળ ઝાડ જોવામાં આવે છે.

જનાવર—વાઘ, ચિત્તા, જંગલી બિલાડી, રીંછ, દીપડો વરૂ, શીઆળ, ડુક્કર, વાંદરા અને જુદી જુદી જાતનાં હરણો વિગેરે જાનવરો મેદાનો તથા નીચા ડુંગરોનાં જંગલોમાં જોવામાં આવેછે. ગુજરાતના ગીરના જંગલમાં ફક્ત **સીંહ**, તથા બ્રહ્મદેશ મહૈસુર અને સિલોનમાં **હાથી** જોવામાં આવે છે. બંગાળા, આસામને બ્રહ્મદેશમાં

ગેંડા તથા સીંધમાં જંગલી **ગધેડાં** જોવામાં આવેછે તે ઉપરાંત ગાયો ભેંસો, બકરાં, ઘેટાં, ઉંટ, ઘોડા, ગધેડા, બળદ વિગેરે હિંદના જુદાજુદા ભાગોમાં જથાબંધ જોવામાં આવે છે.

હિંદમાંથી નીકળતા ખનીજ પદાર્થો.

રાગ. સવૈયો.

બંગાળા, આસામ **કોલસા**, મધ્યપ્રાંત મદ્રાસે જાણ,
વિંધ્યાચળ, મદ્રાસ, મધ્ય હિંદુસ્તાને **લોખંડ** પ્રમાણ.
બ્રહ્મદેશમાં **કેરોસીન**ને પંજાબે **મીઠું** નીરધાર,
કલાઈ નીકળે તિના સરીમે, **સોનું** મ્હૈસુરમાં તું ધાર.
ત્રાંબુ, સીંસું, બંગાળામાં, **હીરા** ગોવળકોંડા જાણ,
બહાર છોટા નાગપુરે છે, આવેલી **અબરખ**ની ખાણ.
ત્રાવણકોરે પ્લંબેગોને ઉચ્ચ બ્રહ્મદેશે **માણેક**
મેંગેનીઝ મદ્રાસ ઇલાકે, ને ગુજરાતે છે જ વિશેષ.

દોહરો.

વસ્તી.

કોટી એક ત્રીસને, ઉપર અર્ધ પ્રમાણ,
હિંદુસ્તાને એટલી, માનવ વસ્તી જાણ.
[1]મૂળ વત્ની **કોલોરીયન**, અનાર્ય જે કહેવાય,
છોટા નાગપુરે અને પ્હાડોમાં દેખાય.
દ્રાવિડ દક્ષિણ હિંદમાં, **આર્ય** ઉત્તરે નેટ;
તાતારી **મોંગલ** વસ્યા, બ્રહ્મદેશ, તિબેટ.

---

[1]પહેલાંના રહેવાશીઓ.

યાહુદી કોકણુ મહીં, [1]**ક્રિશ્ચીયન** મદ્રાસ,
[2]મુંબાઇની પશ્ચિમ તિરે, **પારસી** વસ્તી લાખ.
રાજ્યભાવીને વસ્યા, કરી હિંદમાં ઠામ,
સ્થળે સ્થળે દેખાયછે, હઝરતના **ઇસ્લામ.**[3]

લેખક---**ગૌરીશંકર આશારામ ધોળકાવાળા (અમદાવાદ.)**

ભાષાઓ--જુદી જુદી જાતોની ભાષાઓમાં પણ વિભાગ પડીને હાલ હિંદમાં કુલ ૧૪૭ જાતની ભાષાઓ બોલાય છે.

સંસ્કૃતમાંથી નીકળેલી ભાષાઓ:—બંગાળી, ઉર્ય, મરેઠી, પંજાબી, હિંદી, ગુજરાતી એ આર્યોની ભાષા છે.

હિંદુસ્તાની કે ઉર્દુ—જ્યારે હિંદુ લોકો વધારે સંસ્કૃત શબ્દો વાપરીને હીંદી ભાષા બોલે છે ત્યારે તે **હિંદુસ્તાની** ભાષા કહેવાય છે અને તેજ ભાષામાં મુસલમાની, અરબી, ફારસી વગેરે શબ્દો ઘણા વાપરે છે. ત્યારે તે ઉર્દૂ ભાષા કહેવાય છે. આ ભાષાઓ મુસલમાનો બોલે છે.

દ્રાવીડી ભાષા—ખાસ મદ્રાસ ઇલાકામાં ચાલે છે. તામીલ, તેલગુ. મલાયમ, કનડી, ગોંડ એ તેના પેટા ભાગો છે.

બ્રહ્મી ભાષા—ઇશાન સરહદ પર અને બ્રહ્મદેશમાં બોલાયછે

અંગ્રેજી ભાષા—આ ભાષા રાજ ભાષા હોવાથી તે સરકારી ઓફિસો—કચેરીઓમાં બોલાય છે અને હિંદુસ્તાનમાં તેનો ઘણે,

---

[1]**ખ્રિસ્તી,** [2]મુંબઇ ઇલાકાના પશ્ચિમ કિનારા પર ૧ લાખ પારસીઓની વસ્તી છે. [3] હઝરત મહમદ પેગંબરના પંથના મુસલમાન લોકો.

અભ્યાસ થાય છે.

ધર્મ—હિંદુ, જૈન, બૌદ્ધ, શીખ, મુસલમાની; પારસી, ખ્રિસ્તી યાહુદી, અને અનાર્યોના.

હિંદના ઔદ્યોગિક ભૂગોળ.

ધંધાઓ—હિંદની વસ્તીનો ⅔ ભાગ ખેતીથી ગુજરાન ચલાવે છે. તે ઉપરાંત હાથથી વણવાનો, અને સાંચાની મદદથી વણવાનો ધંધો છે. હિંદુસ્તાનની શેત્રુંજી, કીનખાબ, સોનેરી રૂપેરી કસબકામ સોના, રૂપા, હાથીદાંત, અને સુખડનું કોતર કામ, તથા મલમલ અને જવાહીરના દાગીના હજી પણ વખાણાય છે, અને તેમાંનો ઘણો માલ પરદેશ જાય છે. ૧૧૪ કોયલાની ખાણો ૩૪ શણની મિલોને ૧૯૭ કાપડની મિલો ઉપર લાખો માણસો કામકાજ કરી પોતાનો નિર્વાહ ચલાવે છે.

ખેતીની પેદાશ--વધારે વરસાદ વાળા ભાગમાં **ડાંગર** કાળી જમીનમાં **રૂ**, પંજાબમાં ઘઉં, બંગાળામાં **શણ**અને આસામમાં **ચ્હા** તથા બધે ઠેકાણે અનાજ થાય છે.

અનાજમાં--ઘઉં, ચોખા, જુવાર, બાજરી, ચણાને કઠોર વિગેરે.

તેલીબીઆં—અળશી, તલ, સરસવ દીવેલી, ખરસાણી કોપરાં સીંગ વિગેરે.

રેશામાં--શણ, ઉન, રૂ, રેશમ વિગેરે.

રંગમાં--ગળી, કસુંબો. વિગેરે

ઔષધીમાં—સિંકોના, અફીણ, ગાંજો તમાકુ, ચ્હા, બુંદ વિગેરે.

વેપાર—હિંદનો વેપાર દરીયાઇ માર્ગે ૩ અબજ ૯૦ કરોડ રૂા. નો છે તેમાંનો ¾ વેપાર ઇગ્લાંડ સાથે, તેનાથી ઉતરતો જર્મની સાથે, અને પછી, ચીન, યુનાઇટેડ સ્ટેટસ, ફ્રાન્સ, જાપાન વિગેરે સાથે, તથા જર્મની માર્ગે અફ્ઘાનીસ્તાન. નેપાળ વગેરે સાથે ૧૪ કરોડ રૂા. નો ધારવામાં આવે છે.

આવક માલ—સુતરાઉ કાપડ, લાખનું કામ, સાંચાકામ, રેશમી કાપડ, ગરમ કાપડ, લોખંડનો સામાન, રેલવેને સામાન દારૂ, કાચુ રેશમ, મીઠું રંગો, વારનીશો, કાગળ, કાચ વગેરે.

નિકાશ માલ—ઘઉં, ચોખા, શણુ, તેલીબીઆં, ચ્હા, ઊન, લાખ, ગુંદ, ગળી વગેરે.

વેપારના માર્ગો—(૧) દરિઆઇ માર્ગ. અને (૨) રેલવે માર્ગ. દરીઆ માર્ગનો બધો વેપાર કલકત્તા, મુંબઇ, રંગુન, મદ્રાસ, કરાંચી અને ચિતેગાંવ, એ છ બંદરોથી ચાલે છે.

રેલ્વે માર્ગો—પ્રથમ હિંદમાં એક ઠેકાણેથી બીજે ઠેકાણે માલ લાવવા લઇ જવાને ગાડાં, પોઠ વગેરે વાહનો હતાં તેથી માલ વહેલો મોડો અને અરક્ષિતપણે પહોંચતો. વળી મુસાફરી કરવાને માટે ઊંટ, ઘોડા તથા ખચ્ચરોનોજ ઉપયોગ કરવો પડતો. અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પછી રેલવે સ્ટીમર વગેરે થવાથી એ બધી આપદા ટળી ગઇ છે.

રેલવેની મુખ્ય સડકો—લગભગ ૩૦ હજાર માઇલની રેલવેની સડક હિંદમાં દાખલ થઇ ગઇ છે. જેથી ટુંકા વખતમાં અને સુખશાંતિમાં ઘણે લાંબે સુધીની મુસાફરી કરી શકાય છે.

(૧.) કરાંચી, પેશાવર અને લાહોર આગળ થઇને **નોર્થ વેસ્ટર્ન રેલવે** જાય છે.

(૨.) મુંબઇથી પેશાવર જનારી રેલવે **જી. આઇ. પી.** કહેવાય છે.

(૩.) મુંબઇથી નાગપુર થઇને એક રેલવે કલકત્તા જાય છે.

(૪.) મુંબઇથી મારવાડ જંક્શનને રસ્તે થઇ એક રેલવે કરાંચી જાય છે.

(૫.) મુંબઇથી વીરમગામને રસ્તે કાઠિઆવાડમાં એક રેલવે જાય છે.

આ પાંચ મોટી લાઇનો છે અને તેમની શાખાઓ કાઢી આખા દેશને સાંકળી લીધેલો છે.

પોસ્ટ અને ટેલીગ્રાફ—

આખા હિંદુસ્તાનમાં દરેક નાના મોટા ગામડાંઓમાં ટપાલના કાગળો વહેંચવામાં આવે છે અને મોટાં ગામોમાં પોસ્ટ ઓફિસો છે. જેથી ફક્ત એક પૈસાના કાર્ડથી હજારો ગાઉ સુધી આપણે સમાચાર પહોંચાડી શકીએ છીએ.

વળી તાકીદના સમાચાર પહોંચાડવાને માટે મોટી પોસ્ટ ઓફિસમાં તાર ઓફિસો પણ છે. જેથી થોડા કલાકમાં હજારો ગાઉ દૂરની ખબર આપણે મેળવી શકીએ છીએ.

રાજકીય ભુગોળ.

ઇંગ્લાંડના રાજા એ આપણા હિંદના શહેનશાહ છે. તેમના તરફથી હિંદ ઉપર એક પ્રધાન નીમવામાં આવેલ છે. તે **હિંદુસ્તાનનાં કામો** ઉપર દેખરેખ રાખે છે.

વાઇસરૉય રાજ્યકારભાર ચલાવવાને માટે એક સુબો (પ્રતિનીધિ) નીમવામાં આવે છે તેને વાઇસરૉય કે ગવર્નર જનરલ કહે છે. તે દર પાંચ પાંચ વરસે બદલાય છે. હિંદનો રાજ્યકારભાર ચલાવવામાં મદદ કરવાને તેમને બે મંડળો સોંપેલા હોય છે.

(૧) કારભારી મંડળ અને (૨) કાયદા બાંધનારૂં મંડળ. કારભારી મંડળમાં ૮ સભાસદ, લશ્કરી ખાતાનો વડો અને વાઇસરાય પોતે એમ દશ જણા હોય છે. અને તેમનું નીમણુંક ખુદ શહેનશાહ કરે છે.

કાયદા બાંધનારૂં મંડળ એમાં વાઇસરાયના નિમેલા ૬૫ તથા બીજા સરકારી અમલદારો મળીને કુલ ૭૦ સભાસદો હોય છે.

ગવર્નર.—વાઇસરાયના હાથ નીચે મુંબાઇ, મદ્રાસ, અને બંગાળાના ગવર્નરો છે. તેમની નીમણુંક પણ શહેનશાહ પોતે કરે છે. વાઇસરાયની માફક તે પણ કારભારી મંડળ અને કાયદા બાંધનારૂં મંડળ એ બેની મદદથી રાજ્ય ચલાવે છે.

લેફ્ટેનંટ ગવર્નર—બહાર. અને ઓરિસા પ્રાંતો, સંયુક્ત પ્રાંતો, પંજાબ, અને બ્રહ્મદેશ પર દેખરેખ રાખનાર અમલદારને લેફ્ટેનેન્ટ ગવર્નર કહે છે. ને તેમની નીમણુંક વાઇસિરૉય કરે છે.

ચીફ કમિશનર—આસામ, મધ્યપ્રાંતો, સરહદ પરનો વાવ્યા પ્રાંત, અજમેર, કુર્ગ, આંદામાન, નિકોબાર અને બલુચિસ્તાનમાં વહીવટ કરનાર અમલદારને ચીફ કમીશનર કહે છે. તેમની નીમણુક વાઇસરૉય પોતે કરે છે.

કમિશનર—ઘણા જીલ્લા તથા થોડાં દેશી રાજ્યો પર દેખરેખ રાખનારા કમિશનર નિમેલા હોય છે. તે જીલ્લાના કલેકટરો અને એજન્સિઓના ઉપરી છે. અને તેમના ઉપરી ગવર્નર છે.

હિંદુસ્તાનમાં ⅔ ભાગ દેશીઓનો છે. અને દેશી રાજ્યોની સંખ્યા ૮૦૦ ની છે. દેશી રાજ્યોમાં અંધાધુંધી ન ચાલે અને પ્રજા સુખી રહે માટે **નિઝામ, મહિસુર, વડોદરા** અને **કાશ્મીર** જેવાં મોટાં રાજ્યોમાં 'રેસીડેન્ટ' રહે છે. તે રાજ્યમાં રાજાને સલાહ આપે છે.

રાજપુતાના એજન્સિ, મધ્ય હિંદ એજન્સી, અને બલુચીસ્તાન એજન્સીમાં દેખરેખ રાખવા એજંટ ટુધી ગવર્નર રહે છે. તેમનો સીધો સંબંધ રેસીડેન્ટની માફક વાઇસરોય જોડે હોય છે.

ઘણાં નાનાંનાનાં દેશી રાજ્યો પાસે પાસે આવેલાં હોય તેવાનો એક સમૂહ પાડી તેના ઉપર એજન્ટ ટુધી ગર્વનર નીમે છે. તેનો સંબંધ ઇલાકાના ગવર્નર સાથે હોય છે.

દેશી રાજ્યોમાં મોટા મોટા રાજાઓને તેમની લાયકાત પ્રમાણે ઇલકાબો આપેલા હોય છે. જો કોઇ રાજા રાજ્ય ચલાવવાને નાલાયક ઠરે અગર પ્રજાને દુઃખ દે તો તેને પદ ભ્રષ્ટ કરવામાં આવે છે.

ઇંડિઆ ઑફીસ અને હિંદી વજીર—

શહેનશાહના પ્રધાનમંડળમાંથી હિંદ ખાતાનું કામ એક પ્રધાનને સોંપેલું હોય છે તેને **હિંદનો વજીર** કહે છે. તેની ઑફિસ લંડનમાં છે ને તે **ઇંડિયાઑફિસ** કહેવાય છે.

હિંદી વજીરને મદદ કરવા ૧૫ સભાસદોની એક કૌન્સિલ નિમેલી હોય છે. લડાઇની રજા આપવી, હિંદની ઉપજનો ખર્ચ કરવો વાઇસરોયના કાયદાની શહેનશાહ પાસે મંજુરી મેળવવી વગેરે કામ એ વજીર કરે છે.

અને વાઇસરોય, હિંદ ખાતાનો પ્રધાન, ગવર્નરો, સભાસદો, તથા હાઇકોર્ટના જડજોની નિમણુંક કરવામાં શહેનશાહ હિંદી વજીરનો મત પુછે છે.

હિંદનું સામાન્ય વર્ણન.

આપણા દેશનું અસલ નામ ભરતખંડ હતું. અને આર્યાવર્ત, તથા ભારતવર્ષ પણ તેને કહેવામાં આવતો. આર્ય લોકો જ્યારે પહેલ વહેલા આ દેશમાં આવ્યા ત્યારે તેમના માર્ગમાં સિંધુ નદી આવી તે ઉપરથી તે ભાગનું નામ 'સિંધ' પાડયું. પાછળથી ઇરાનીઓએ "હેન્દુ" નામ પાડયું. ગ્રીસ લોકોએ "ઇંડી કોષ" મુસલમાનેએ "હિંદુસ્તાન" અને અંગ્રેજોએ "ઇંડીઆ" નામ આપ્યું.

સીમા—ઉત્તરે હિમાલય, કારાકોરમ ને હિંદુકુશ પર્વત.

પશ્ચિમે—અફઘાનિસ્તાન, બલુચીસ્તાન, અને અરબી સમુદ્ર.

પુર્વે—ચીન, હીંદી ચીન, અને બંગાળાનો ઉપસાગર.

દક્ષિણે—હીંદી મહાસાગર.

હિંદના કુદરતી વિભાગો--

(૧) હિમાલયની તળેટીનો પ્રદેશ. (૨) સિંધુનો પ્રદેશ (૩) રેતીનું રણ. (૪) મધ્ય હિંદુસ્તાન અને રજપુત સ્તાનનો ઉંચો પ્રદેશ. (૫) ગંગાનો પ્રદેશ. (૬) બ્રહ્મપુત્રાનો પ્રદેશ. (૭) નર્મદાનો પ્રદેશ. (૮) શુદ્ધ દક્ષિણ. (૯) પશ્ચિમ કાંઠાનો મુલક. (૧૦) પુર્વ કાંઠાનો નિચાણનો પ્રદેશ.

પર્વતો— ૧ હિમાલય— ૨૦ હજાર ફુટ ઉંચો છે. તેના પર બારે માસ બરફ બર્ફોજ રહે છે. ગૌરીશંકર અથવા એવરેસ્ટ, ધવલગીરી, કાંચનગંગા, કૈલાસ, ગંગોત્રી. જન્મોત્રી વગેરે તેનાંશિખરો છે તે ઉપરાંત—શીવાલીક, કારાકોરમ, હિંદુકુશ, સુલેમાન, હાલા

વિંધ્યાચળ, અરવલ્લી, સાતપુડા, પશ્ચિમઘાટ ઉર્ફે સહ્યાદ્રિ, પુ
નીલગીરિ, પતકાઇ. વિગેરે પર્વતો છે.

મેદાન—ખાસ્યા ડુંગરમાંથી પશ્ચિમમાં સુલેમાન પર્વત સુધી વિશાળ મેદાન, લોકો તથાં વનસ્પતિથી ભરપુર છે.

રણ—થરપારકર, મારવાડ, કચ્છ અને જેસલમીર.

ઉચ્ચ પ્રદેશ—તિબેટ, અમરકંટક, મધ્યહિંદુસ્તાન, ઘાટનો મુલક અને માળવા.

નદીઓ—સિંધુ, સતલજ, ગંગા, જમના, ગોદાવરી, મહા, નર્મદા, તાપી, સાબરમતી, મહી, ઇરાવતી, અને ક્ર વિગેરે.

સરોવર—સિંધમાં **મંચર**, મદ્રાસમાં **ચીલકા. કોલરને** કાટ, ટીબેટમાં **રાવણહ્રદ**, પાલટી અને **માનસરોવર**, અને ર૦ નામાં **સાંબર** નામે ખારા પાણીનું સરોવર છે તેમાંથી પુષ્કળ મીઠું પકવવામાં આવે છે.

ભુશિર—જગત પોઇંટ, રાસ મુરારિ, કન્યા કુમારી નિગ્રાઇસ.

અખાત—કચ્છ, ખંભાત, મનાર બાલાસોરને માર્ટાબ

સામુદ્રધુની—પાકની—તે મનારાનો અખાત અનેબ ઉપસાગર જોડે છે.

દ્વીપો—લંકા, લક્ષદ્વીપ, માલદ્વીપ, રામેશ્વર, આન્દામાન બર અને મુગરી એટસ મૂહ.

સમુદ્ર—અરબી, ઉપસાગર બંગાળાનો.

દ્વિપકલ્પ—કાઠિયાવાડ અને દક્ષિણ હિંદુસ્તાન

જાત્રાનાં ઠેકાણાં—દ્વારિકાં, જગન્નાથ, કાશી, વૈજનાથ, કેદારનાથ, ગોકુળ મથુરાં, ડાકોર, પ્રભાસપાટણ, નાશક, વૃંદાવન, અંબાજી બહુચરાજી, સિદ્ધપુર, રામેશ્વર વિગેરે. **હિંદુઓનાં.**

શેત્રુંજો, આબુ, ગીરનાર, ભોંયણીજી, સંકેશ્વર, કેશરીઆજી અને તારંગા. એટલાં **જૈનલોકોના.**

પારસીનું ઉદવાડા. **શીખનું** અમૃતસર. **બૌદ્ધનું** કાર્લિનીઆ ગુફા, અને **મુસલમાનનું** અજમેર તથા મીરદાતાર.

પવિત્ર નદીઓ—ગંગા, જમના, સરસ્વતી, સાબરમતી, રેવાજી (નર્મદા.) ને ગોદાવરી વગેરે.

બંદરો—કરાંચી, માંડવી, પોરબંદર, વેરાવળ, ભાવનગર, ખંભાત, ભરૂચ, સુરત, મુંબાઇ, કારવાડ, મેંગલુર, ત્રિવેન્દ્રમ, રંગુન, કલકત્તા, મુલમેન, જગન્નાથપુરી, મચ્છલીપટ્ટણ, વિજાગાપટ્ટણ, પૌંડીચેરી, તુતીકોરીન ને મદ્રાસ વિગેરે.

દુઆબ—રાયચુર, રેચ, જેચ, બારી, સિંદસાગર, જાલંધર અને અંતરવેલી.

જળક્ષેપક પ્રદેશ—સિંધુ અને બ્રહ્મપુત્રાનો. તથા મહા અને નર્મદાનો.

લશ્કરી છાવણીઓ—રાજકોટ, હૈદરાબાદ, અમદાવાદ, ડીસા, વડોદરા, સાદરા, પુના, મુંબાઇ, મદ્રાસ, બલ્લારી, ત્રિચિનાપલ્લી, કલકત્તા, બરાકપુર, કાનપુર, મીરત, દીલ્હી, ફૈઝાબાદ, રાવળપીંડી, લાહોર સીયાલકોટ, પેશાવર, બાલાસુર ને બેંગલોર વિગેરે.

દેશી રજપુત રાજ્યો—કાશ્મીર, મ્હૈસુર, ઉદેપુર, જોધપુર, જેપુર વિકાનેર, જેસલમેર, બુંદી, કોટા, કીસનગઢ, શિરોહી, ડુંગરપુર, વાંસવાડા, પ્રતાપગઢ, ઝાલરાપટ્ટણ, આબૂ, કચ્છ, કાઠિયાવાડ, અને ગુજરાતમાંનાં.

મરેઠી રાજ્યો—ગાયકવાડ, સીંધીયા, હોલકર, સાંગલી, મીરજ જમખીંડી, કુરૂંદવાડ, મુધોળ અને રામદુર્ગ.

મુસલમાની રાજ્યો—નિઝામ, ભોપાળ, ખૈરપુર, ટોંક, ભાવલપુર, પાલણપુર, રાધણપુર, ખંભાત ને જુનાગઢ.

શીખ રાજ્યો—પત્યાળા, ઝીંદ, નભા, કપરથળા ને ફરીદકોટ.

હબસી રાજ્યો—જાફરાબાદ ને જંજીરા.

પોર્ટુગીજનાં—દીવ, દમણ ને ગોવા.

ફ્રેંચોનાં—ચંદ્રનગર, યાનાન, પોંડીચેરી, કારીકલ ને માહી.

હિંદનાં જાત્રાનાં ચાર ધામ—(૧) ઉત્તરે હરિદ્વાર, (૨) પૂર્વે જગન્નાથપુરી, (૩) દક્ષિણે રામેશ્વર, (૪) પશ્ચિમે દ્વારિકાં.

હિંદના રાજકીય વિભાગો.

પ્રાંતનું નામ.	મુખ્ય શહેર.	વહીવટ કરનાર અમલદાર.	કેવું રાજ્ય.
*(૧) મુંબાઇ ઇલાકો.	મુંબાઈ.	ગવર્નર.	ખાલસા.
(૨) મદ્રાસ ઇલાકો.	મદ્રાસ.	ગવર્નર.	ખાલસા.
(૩) મ્હૈસુર.	બેંગલુર.	ચીફ એજંટ.	ખંડીઆ.
(૪) કુર્ગ.	મરકારા.	ચીફ કમીશનર.	ખાલસા.
(૫) નિજામનું રાજ્ય.	હૈદરાબાદ.	એજંટ.	ખંડીઆ.
(૬) વરાડ.	અકોલા.	ચીફ કમીશનર.	ખાલસા.
(૭) મધ્ય પ્રાંત.	નાગપુર.	ચીફ કમીશનર.	ખાલસા.

*** મુંબાઈ ઇલાકાનું સવિસ્તર વર્ણન ચોથા ધોરણની નોટમાં આપવામાં આવેલું છે.**

(૮)	મધ્ય હિંદ એજન્સિ.	ઇંદોર.	એજંટ.	ખંડીઆ.
(૯)	રજપુતસ્તાન.	ઉદેપુર	એજંટ.	ખંડીઆ.
(૧૦)	પંજાબપ્રાંત	લાહોર.	લેફટેન્ટ ગવર્નર.	ખાલસા.
(૧૧)	વાવ્ય સરહદનો પ્રાંત.	પેશાવર.	લેફટેન્ટ ગવર્નર.	ખાલસા.
(૧૨)	બલુચીસ્તાન.	કવેટા.	ચીફ કમિશનર	ખાલસા.
(૧૩)	અજમેરને મ્હેરવાડા.	અજમેર.	એજંટ.	ખંડીઆ.
(૧૪)	આગ્રા તથા અયોધ્યાના સંયુક્ત પ્રાંતો.	અલાહાબાદ.	લેફટેન્ટ ગવર્નર.	ખાલસા.
(૧૫)	બંગાળા તથા બહાર પ્રાંત.	કલકત્તા ને પટણા.	લે૦ ગવર્નર.	ખાલસા
(૧૬)	બ્રહ્મદેશ.	રંગુન.	લે૦ ગવર્નર.	ખાલસા

આ સીવાય પોર્ટુગીઝ અને ફ્રેંન્ચનાં સ્વતંત્ર સંસ્થાનો તથા સ્વતંત્ર પહાડી રાજ્યો નેપાળ, ભુતાન વિગેરે છે.

મદ્રાસ ઇલાકો.

હિંદુસ્તાનનો છેક દક્ષિણ ભાગ આ ઇલાકો છે. તેની પૂર્વે બંગાળી ઉપસાગર અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે.

હવા પાણી:—આ ઇલાકો વિષુવવૃતની પાસે છે. તેના પૂર્વ કાંઠાની હવા ગરમ છે. ને ત્યાં સખત તાપ કે ટાઢ લાગતાં નથી.

વરસાદ ૩૦ ઈંચથી ૧૨૦ સુધી વરસે છે. સંઘ્યાદ્રિની પશ્ચિમે નઋત્ય કોણથી અને પૂર્વમાં તથા કોરોમાંડલ કાંઠે ઇશાનમાંથી વરસાદ આવે છે.

હવા ખાવાની જગાઓ—ઉતાકામંડ, અને ડીંડીગલ છે, વસ્તી લગભગ ૩ાા કરોડની છે. તેનો ૧/૧૬ મુસલમાન છે. હિંદના બીજા ભાગ કરતાં આ ઇલાકામાં ખ્રિસ્તીઓની વસ્તી ઘણી છે. બાકીની વસ્તીનો મુખ્ય ભાગ દ્રાવિડીઓનો છે ને તે હિંદુ ધર્મ પાળે છે.

અને આ ઇલાકામાં ઉરીયા, તામીલ, તેલીંગી, મલાયમ અને કાનડી ભાષાઓ બોલાય છે.

ખેતીની નિકાશ.—જમીન કસવાળી હોવાથી અનાજ, કપાસ અને તેલીબીઆં પુષ્કળ થાય છે, તે ઉપરાંત બુદ દાણા, ગળી, શેરડી, તંબાકુ અને ડાંગર થાય છે, વળી રાગી નામનું અનાજ આ ઇલાકામાં પુષ્કળ થાય છે. તથા મલબાર કાંઠે ઇમારતી લાકડાં પણ ઘણાં થાય છે.

આ ઇલાકાના ઉપરી ગવર્નર છે અને ઉત્તર સરકાર, કર્ણાટક તથા મલબાર કમિશનરોના હાથ નીચે છે.

પર્વતો—નીલગીરી, પાલની, પૂર્વ ઘાટને પશ્ચિમ ઘાટ.

સરોવરો—ચીલકા, કોલર ને પુલીકટ.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, કાવેરી, પલાર, પન્નર અને કોલેરુન.

બેટ—મનાર, લંકા, રામેશ્વર ને લક્ષદ્વીપ.

બંદરો—મદ્રાસ, મછલીપટ્ટણ, તુતિકોરીન, મેંગ્લોર, કાલીકટ, કોચીન ને કાનાનોર વિગેરે.

સામુદ્રધની--પાલ્કની. તે અરબી સમુદ્રઅને બંગાળી ઉપસાગરને જોડે છે.

કિનારા—પુર્વે કોરોમાંડલ ને પશ્ચિમે મલબાર.

ભુશિર—કન્યા કુમારી **અખાત** મનારનો.

મુખ્ય શહેરો—મદ્રાસ. એ રાજધાનીનુ શહેર છે. તેમાં ગવર્નર રહે છે, અને તે મોટું બંદર છે.

આર્કોટ—કર્ણાટક પ્રાંતની રાજધાનીનું શહેર છે.

કાંચીવરમ—ચોલરાજ્યની રાજધાની છે ને તેમાં **બલ્લારી** લશ્કર રહે છે. ને ત્યાંનું રૂ વખણાય છે,

નેગાપટ્ટણ—કાવેરી નદીપર છે ને ત્યાંથી ચોખા પરદેશ જાય છે.

ત્રિચીનાપલ્લી—એમાં લશ્કરી છાવણી છે.

એ ઉપરાંત મદુરા, શ્રીરંગમ, સાલેમ, મેંગલુર મચ્છલીપટ્ટણ, વિજાગાપટ્ટણ, કાંજેવરમ, કાઇમ્બતુર, તંજાવર, ત્રાંકિવબાર, કોલમ, વેલુર, ગંતુર વિગેરે શહેરો છે.

વિશેષ—આ ઇલાગામાં ઘણે ઠેકાણે **લોઢાની** ખાણો છે, કોરોમાંડલ કાંઠે અને મનારના અખાતમાંથી **મોતી** નીકળે છે તથા ગોદાવરી અને કૃષ્ણાનદીના પ્રાંતોમાંથી હીરા જડે છે.

મ્હૈસુર અને કુર્ગ.

આ પ્રાંત દક્ષિણના ઉચ્ચ પ્રદેશમાં અને મદ્રાસ ઇલાકાની પશ્ચિમે આવેલો છે એની ચારે બાજુએ મદ્રાસ ઇલાકો વીંટળાએલો છે.

એમાં ૦॥ કરોડ માણસની વસ્તી છે, તેનો મુખ્ય ભાગ હિંદુ અને મુસલમાનો છે, ભાષા કાનડી બોલાય છે.

અનાજ, શેરડી, ખુંદદાણા, એલચી, સોપારી, લવીંગ, સુખડ, સોનું અને ઇમારતી લાકડાં એ એની મુખ્ય પેદાશ છે.

રાજનીતિ—મ્હેસુર અને કુર્ગ એવા બે ભાગ છે. મ્હેસુરના રાજાને મહારાજા કહે છે, તેના સલાહકાર રેસીડેન્ટ **બેંગલોરમાં** રહે છે અને કુર્ગ પ્રાંત ખાલસા છે. તેનો વહીવટ પણ રેસીડેન્ટ તરીકે **કમીશ્નર** કરે છે-

મુખ્ય શહેરો—**મ્હેસુર**, રાજધાનીનું શહેર છે, ને તેમાં મહારાજા રહે છે.

શ્રીરંગપટણ—કાવેરી નદીનાબેટમાં હૈદરની રાજધાની હતુ

બેંગ્લોર—માં લશ્કરી છાવણી છે ને ત્યાં રેસીડન્ટ રહેછે.

મર્કારા—કૂર્ગ પ્રાંતની રાજધાની નું શહેર છે.

કોલર—હૈદરની જન્મ ભૂમિછે કોલરજીલ્લામાંથી સોનું નીકળેછે

એ ઉપરાંત બેદનુર, હરિહર, ચીમોગા વિગેરે શહેરો છે.

નિઝામનું રાજય

(હૈદરાબાદ અને વરાડ.)

આ રાજ્ય સાતપુડા પર્વતની દક્ષિણે આવેલું છે. ત્યાંની જમીન કાળી છે. અને ઠેકાણે ઠેકાણે નાના નાના ડુંગરાઓ આવેલા છે તેમાં સરોવરો ઘણાં છે તેમાંનું **લુણાર** સરોવર ઘણું ખરૂં હોવાથી તેમાંથી મીઠું પકવવામાં આવે છે.

આ રાજ્યમાં લગભગ એક કરોડ માણસોની વસ્તી છે. અને ભાષા મરેઠી,તેલગુ, તથા કાનડી બોલાય છે. રાજા નિઝામ કહેવાય છે. ને તે મુસલમાન છે. તેનો સલાહકાર રેસીડન્ટ છે. વરાડ પ્રાંત ખાલસા છે. ને તેનો વહીવટ રેસીડેન્ટ કરે છે.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, પેનગંગા, વર્ધા, તુંગભદ્રા ને બીમા વગેરે.

મુખ્ય શહેરો—હૈદરાબાદ–મુસીનદીપર રાજધાનીનું શહેર છે.

વેરૂલ—(ઇલોરા)—પર્વતમાંથી કોતરેલી ગુફાઓને માટે પ્રસિદ્ધ છે.

વરંગુળ— નિઝામ રેલવે પરછે. અસલ તેલંગણની રાજધાની હતું

જાલના—રેશમી કાપડનેમાટે પ્રસિદ્ધ છે. અને તેમાં લશ્કરી છાવણી છે.

બેદર—મંજીરા નદી પર છે. તેમાં સોના રૂપાની કારીગરી વાળાં પિત્તળનાં વાસણ બને છે.

ગુલબર્ગ—એમાં રોજા ઘણા છે.

સિકંદ્રાબાદ—માં લશ્કરી છાવણી છે ને રેસીડેન્ટ રહે છે.

પેઠણ—ની પાઘડીઓ વખણાય છે.

એ ઉપરાંત ઇલીચપુર, ઉમરાવતી, ને ખાનગામ રૂના વેપારનાં મથક છે. અને ઔરંગાબાદ, ગોવળકોંડા, અકોલા, શીઆગામ વગેરે બીજાં શહેરો છે. **વુન** જીલ્લામાં કોયલાની ખાણો છે.

મુખ્ય નિકાસ—અનાજ, રૂ, તેલીબીઆં, મીઠું, ને કોયલા છે.

મધ્ય પ્રાંતો.

આ પ્રાંતો હિંદુસ્તાનના વચલા ભાગમાં હોવાથી મધ્ય પ્રાંતો એ નામથી ઓળખાય છે. તેની આજુબાજુ ઘણાં દેશી રાજ્યો આવેલાં છે.

પર્વતો—વિંધ્યાચળ, સાતપુડા, અને અમરકંટક

નદીઓ—નર્મદા, તાપી, અને મહાનદી, તથા વેનગંગા. મહા અને વેનગંગાનો સંગમથયા પછીતે **પ્રાણહીતા** નદી કહેવાય છે.

વસ્તી—લગભગ ૧ કરોડની છે. તેનો ઘણો ભાગ **અનાર્ય** અને **ગોંડ** લોકો છે. કોઇ ઠેકાણે મુસલમાનો પણ છે. તથા **ભાષા**, મરેઠી, ઉર્યા, અને દ્રાવિડીઅન બોલાય છે.

આ પ્રાંતનો મુખ્ય ઉપરી ચીફ કમીશનર છે. અને તેના હાથ નીચે ચાર કમિશનરો છે તે દરેકને ચાર પ્રાંતો સોંપેલા છે. (૧) સાગરને દમોહનો મુલક. (૨) નર્મદાનો પ્રદેશ. (૩) સાતપુડાનો ઉચ્ચ પ્રદેશ. (૪) નાગપુર, છત્તીસગઢ અને સંબલપુર વગેરેનો વિશાળ પ્રદેશ. એ સીવાય નાનાં નાનાં દેશી રાજ્યો ઘણાંછે તે બધામાં બસ્તારનું રાજ્ય મોટું છે.

મુખ્ખ શહેરો—**નાગપુર**—રાજધાનીનું શહેર છે. ને તેમાં કમીશ્નર રહે છે **સાગરને કાંમ્પટી**—એમાં લશ્કરી છાવણી છે

જબલપુર એમાં તંબુ અને ઘઉં સારા થાય છે. તથા વેપારી મથક છે.

ચંદા—એમાં અસલ ગોંડ લોકની રાજધાની હતી.

બુરાન પુર—ત્યાં શેલાં અને સાલ્લા સારાં થાય છે. **હિંગણઘાટ** રૂના વેપારનું મથક છે. **ભંડારા**માં ભરત કામ સારૂં થાય છે.

સંબુલ પુરની જમીનમાંથી હીરા જડે છે. ઉપરાંત રાયપુર, વિલાસપુર, આશીરગઢ, છત્તીસગઢ હુશંગાબાદ વિગેરે શહેરો છે.

મધ્યહિંદ એજન્સી.

મધ્ય પ્રાંતના સાગર અને દમોહના મુલક વચ્ચે આવવાથી આ એજન્સિના બે ભાગ પાડેલા છે. પૂર્વ ભાગને બુંદેલખંડને રેવા કહે છે અને પશ્ચિમભાગને માલવા કે ગ્વાલીઅર કહે છે આ એજન્સિમાં નાનાં મોટાં ૧૪૮ રાજ્યો છે. જમીન રસાળ છે અને **કોયલા, લોખંડ** તથા **હીરા** એ ખનીજો નીકળે છે.

મુખ્ય રાજ્યો—(૧) બુંદેલખંડ અને રેવાનું રાજ્ય. (૨) હોલ્કરનું રાજ્ય. (૩) ભોપાળનું રાજ્ય. (૪) સીંધીયાનું રાજ્ય.

પર્વતો—વિંધ્યાચળ, સાતપુડા, ને કૈમુરના ડુંગરો.

નદીઓ—નર્મદા, શોણ, ચંબલ, બટવા, અને ક્ષીપ્રા.

આ એજન્સિની દેખરેખ રાખવા માટે ઈંદોરમાં ગવર્નર જનરલનો એજંટ રહે છે. અને ઉપર જણાવેલાં ચાર રાજ્યોમાં તેના આસિસ્ટંટ એજન્ટો રહે છે.

રેવાનું રાજ્ય—એનો રાજા રજપૂત છે. રાજધાનીનું શહેર **રેવા** છે તેમાંથી હીરા જડે છે, **તેહરી**ના બુંદેલ રાજાઓ પરથી આ રાજ્યને રેવા કે બુંદેલ રાજ (બુંદેલ ખંડ) કહે છે.

હોલ્કરનું રાજ્ય—એના રાજા મરેઠા જાતના છે, રાજધાની **ઈંદોર**માં રાજકુમાર કોલેજ છે, અને એજંટ ટુ—ધી ગવર્નર રેહે છે. અને **મહુ**માં લશ્કરી છાવણી છે.

ભોપાળનું રાજ્ય.—એ મુસલમાની રાજ્ય છે. હાલ ત્યાં બેગમ રાજ્ય ચલાવે છે. રાજ ધાનીનું શહેર **ભોપાળ** છે. **શિહુર** એમાં ભોપાળના રાજ્યનો પોલિટીકલ એજંટ છે.

સિંધીઆનું રાજ્ય. સિંધીઆએ મરેઠાની જાતના રાજા છે મુખ્ય શહેર **ગ્વાલીઅર** છે. **ઉજ્જનની** પાસે જુની ઉજ્જેની નગરીનાં ખંડેર છે. અને ખગોળશાસ્ત્રીઓ પહેલું રેખાંશવૃત ત્યાંથી ગણે છે. અને **નીમીચ** એ લશ્કરી છાવણી છે.

પેદાશ—અનાજ, રૂ, અફીણ, તંબાકુ, શેરડીને તેલીબીઆં.

રજપુત સંસ્થાન.

આ સંસ્થાનો સિંધની પુર્વે અને પંજાબની દક્ષિણે આવેલાં છે. તેમના વાવ્ય ભાગમાં **રણ** છે. પૂર્વ તરફનો પ્રદેશ ફળદ્રુપ છે. ઠેકાણે ઠેકાણે રેતાળ પ્રદેશ છે. અને લોકો કદાવર, ઊંચાને મજબૂત છે. તથા રાજપૂત, જાટ, કોળી અને મુસલમાન છે.

પર્વતો અરવલ્લીને આબુ.

રણ. જેસલમેર અને મારવાડનું.

નદીઓ લૂણી, ચંબલને **બટવા**

સરોવર સાંભર, ખારા પાણીનું છે.

જાત્રાનાં ઠેકાણાં—**પુષ્કરજી**, **અર્બુદાદેવી**, અને આબુ ઉપરનાં જૈનોનાં દેહરાં.

રાજનીતિ--ગવર્નર જનરલનો એજન્ટ સઘળા રાજ્યનો ઉપરી છે. અને તેના હાથ નીચે પોલીટિકલ એજંટો છે. તે દરેક રાજ્યોમાં રહે છે.

રજપૂત રાજ્યો—મેવાડ, (ઉદેપુર,) મારવાડ, (જોધ-પુર.) જયપુર, બુંદી, કોટા, બિકાનેર, કીસનગઢ, જેસલમેર, શિરોહી, ડુંગરપુર, વાંસવાડા, પ્રતાપગઢને ઝાલરા પટ્ટણ વિગેરે.

જાટ રાજ્યો--ભરતપુર, અને ધોલપુર.

મુસલમાની રાજ્ય—ટોંક આ સર્વમાં ઉદેપુરના મહારાણા પ્રખ્યાત અને ઊંચ કુળના છે.

મુખ્ય શહેરો—જયપુર એમાં ચિત્રશાળા, સંગ્રહ સ્થાન અને વેદશાળા છે. **ઉદેપુરની** સાંઢણીઓ વખણાય છે. **જેસલમીર** માં રણ છે. **ભરતપુરનો** ભાગ ફળદ્રુપ છે. **જેપુરમાં** સોના રૂપા તથા તાંબાની ખાણો છે. અને તેના ઘરની બાંધણી બહુ સુંદર છે. શિરોહીમાં તલવારો સારી બને છે. ડુંગરપુરની મુર્તિઓ સારી થાય છે—અને **જોધપુર** આરસ પત્થરને લીધે પ્રખ્યાત છે.

પંજાબ.

આ પ્રાંત હિંદની વાવ્ય કોણમાં અને રજપૂત સંસ્થાનોની ઉત્તરે છે—પાંચ નદીઓની વચ્ચે આવવાથી તેનું નામ પંજાબ પડેલું છે. આ પ્રાંતમાં નદીઓ આવેલી છે ને તેમાંથી ઠામઠામ નેહેરો ખોદેલી હોવાથી જમીન રસાળ તથા ફળ દ્રુપ છે.

પર્વતો—હિમાલય, શીવાલીક, સુલેમાન,ને કારોકારમ,

નદીઓ—સિંધુ, જેલમ, ચીનાબ, રાવી, બીઆસ ને સતલજ.

હવાખાવાનાં ઠેકાણાં. શીમલા અને મરી.

દુઆબ. (૧) સિંધુ અને જેલમ વચ્ચે **સિંધુ સાગર દોઆબ.** (૨) જેલમ અને ચીનાબ વચ્ચે **જેચ** દુઆબ. (૩) રાવી અને ચીનાબની વચ્ચે **રેચ દુઆબ** અને (૪) **બીઆસ ને** સતલજ વચ્ચે **જલધર દુઆબ.**

વસ્તી—લગભગ. ૨॥ કરોડની છે. **લોકો** હિંદુ, મુસલમાન અને શીખ છે. પહાડી લોકો લડવૈયા ને મજબૂત છે. અને **ભાષા** પંજાબી, હિંદી તથા ઉર્દૂ છે.

મુખ્ય પેદાશ—અનાજ, તેલીબીઆં, ચા, ફટકડી, સિંધવ લુણ, ઊંચીજાતનું ઉન, સાલો, સુતરાઉ કાપડ, રેશમ, શણ, મધ, લીંબુ વગેરે,

પંજાબના મુખ્ય ઉપરીને લેફટેનેન્ટ ગવર્નર રહે છે આ પ્રાંતનો રાજ્ય વહીવટ ચલાવવાને માટે તેના સાત ભાગ પાડેલા છે.

(૧) દીલ્હી જીલ્લો (૨) સીમલાનો પહાડી મુલક.(૩) જાલંધર અને કાંગડાનો મુલક (૪) લાહોર, અમૃતસર, પેશાવર અને તેની આસ પાસનો મુલક. (૫) દેશી રાજ્યો—એવા પાંચ ભાગ છે.

દેશી રાજ્યો ૩૪ છે. તેમાં મુખ્ય ચાર જાણવાજેવાં છે.

(૧) **કાશ્મીરનું રાજ્ય.** એની રાજધાની શ્રી નગર છે. રાજાને મહારાજા કહે છે. અને તે સીવાય જામુ લાડક, સ્કાર્ડો એ તેનાં મુખ્ય શહેર છે. આ દેશ પહાડી છે અને તમાં બકરાના ઉનની શાલો બહુ સુંદર બને છે. (૨) **ભાવલપુર**—એ મુસલમાની રાજ્ય છે. ને તેની જમીન—રેતાળ છે. (૩) **પતિઆળા**—એ શીખનું મોટું રાજ્ય છે, તેની જમીન ફળદ્રુપછે. અને **ઝીંદ નભા, કપુરથલા, ફરીદકોટ**, ને મુંદી એ બીજાં રાજ્યો પણ છે. (૪) ડુંગરી સંસ્થાનો એમાં કાંઇ જાણવા જેવું નથી.

મુખ્ય શહેરો.

લાહોર એ રાવી નદી પર રાજધાનીનું શહેર છે. તેમાં લેફટેનેન્ટ ગવર્નર રહે છે. અને ત્યાંની શેત્રંજીઓ સારી બને છે

મીયાગીનર—એ લાહોર પાસે છે ને તેમાં લશ્કરી છાવણી છે.

દિલ્હી.—એ હિંદની જુની રાજધાની છે. જુના વખતનું હિંદુ મુસલમાનોની રાજધાનીનું શહેર છે. કારીગરીને માટે પ્રખ્યાત છે. એનું બીજું નામ હસ્તિના પુર છે. ને હાલ પણ તે રાજધાનીનુ જ શહેર છે

અમૃતસર—શીખ લોકોનું જાત્રાનું ઠેકાણું છે. ત્યાં શેતરંજીઓ શાલો, અને રેશમી કાપડ સારૂં બને છે.

મુલતાન--ચીનાબ નદી પર હુન્નરી શહેર છે.

અટક કાબુલ અને સિંધુ નદીના સંગમ પર છે. **પેશાવર**—ખૈબર ઘાટના ઉપર છે **સ્થાનેશ્વર** અને **પાણીપત**—એ ઐતિહાસિક શહેરોછે ને ત્યાં ઘણાં મોટાં મોટાં યુદ્ધો થએલાં છે. **સીમલા** હવા ખાવાનું સ્થળ છે. આપણા વાઇસરાય ઉનાળામાં સીમલે રહેછે **કસાવલી**—હડખાએલાં જનાવર કરડેલાં હોય તેવા દરદીઓનું દવાખાનું છે. **મીથન કોટ**—આગળ પાંચ નદીઓનો સંગમ થાય છે. **શ્રીનગર** કાસ્મીરની રાજધાનીનું શહેરછે અને શાલો તથા ઉનના ઉંચા કાપડ ને માટે પ્રસિદ્ધ છે **મુલતાન**, રાવળપીંડી, અને શીયાળ કોટમાં લશ્કરી છાવણીઓ છે તે ઉપરાંત અલીવાલ, સોબ્રાઉન, ફિરોજપુર, ઉડહું, ગુજરાત, ચિલિયનવાળા વગેરે ઐતિહાસિક શહેરો છે કે જ્યાં ઇંગ્રેજો અને શીખો વચ્ચે ભારે લડાઇઓ થએલી છે.

વાવ્ય સરહદનો પ્રાંત.

પંજાબની પશ્ચિમે જે નવો પ્રાંત બનાવવામાં આવ્યો છે તે ‘ વાયવ્ય સરહદનો પ્રાંત ’ એ નામથી ઓળખાય છે. આ પ્રાંતની

દેખરેખ ચીફ કમિશનર રાખે છે. અને **દીર સ્વાત, ચિત્રાળ, ખાઇબર** તથા **કુરમ** એ એજન્સિઓ ઉપર એજંટ ટુ-ધી ગવર્નર નીમેલો છે.

આ પ્રાંત પહાડી મુલક છે. ફક્ત સિંધુ તરફનો ભાગજ રસાળ છે. લોકો પઠાણ જાતના મુસલમાન છે ને તેઓ ઉર્દુ તથા પંજાબી ભાષા બોલે છે.

નદી—કાબુલ- માર્ગ **ખાઇબરઘાટ-**

શહેરો—પેશાવર—એમાં ચોખાની મીલો અને લસ્કરી છાવણીઓ છે. **ડેરાઇસ્માઇલખાન**—સિંધુ નદી પર આવેલું છે ત્યાં આગળ થઇને ગોશાળ ઘાટથી ગીઝની જવાય છે. એ ઉપરાંત ચિત્રાલ, કોહાટ, એડવર્ડસઆબાદ, આબટાબાદ વિગેરે બીજા શહેરો છે. નિકાશ. અનાજ, તેલીબીઆંને રૂ છે.

બલુચિસ્તાન.

બલુચિસ્તાન ખાલસા મુલક છે તેનો ઉપરી ચીફ કમિશનર છે ને એ પ્રાંત **વાયવ્ય સરહદના** પ્રાંતની **દક્ષિણે** છે અહીં શિયાળામાં ટાઢ, અને ઉનાળામાં તાપ બહુ પડેછે.

લોકો મુસલમાની ધર્મના અને મજબુત છે તથા તેમની બલુચી અને બ્રાહુઇ એવી બે જાત છે.

વસ્તી—આ પ્રાંતના ખાલસા મુલકની ચાર લાખ અને દેશી રાજ્યોની પણ તેટલીજ છે.

મુખ્ય શહેરો—**કવેટા**—એ ચીફ કમિશનરને રહેવાનું સ્થળ છે સિંધના સક્કર જીલ્લાથી કવેટા સુધી રેલવે છે.

ખિલાત—એ ખાનના તાબામાં મોટો પ્રદેશ છે તેની રાજધાની ખિલાત છે. આ રાજ્ય હિંદુસ્તાનની સરકારના તાબાનો છે.

અજમેર અને મ્હૅરવાડા.

આ ભાગ મધ્ય હિંદ એજન્સિની વચ્ચે આવેલો છે. અને તે અંગ્રેજ સરકારનો ખાલસા મુલક છે. રજપૂતાંનાનો એજન્ટ ટુ-ધી ગવર્નર જનરલ તે આ પ્રાંતનો ચીફ કમિશનર છે. મ્હેરવાડા પ્રાંત ઇ. સ. ૧૮૨૦ માં અજમેરમાં આવ્યો છે, આ પ્રાંતની ફળદ્રુપ જમીનમાં ફક્ત મકાઇ, જવ, જુવાર અને બાજરી થાય છે.

મુખ્ય શહેર. અજમેર— આના રાજાએ વસાવલું છે. ને એજંટ ટુ-ધી ગવર્નર જનરલનું સદર સ્ટેશન છે. તેમાં રાજકુમારોને માટે એક મહાવિદ્યાલય છે. અને આજે મુએઝીનઉદ—દીન—ચીશ-તીની દરગાહ છે, તેના માનમાં છ દિવસ સુધી મેળો ભરાય છે.

આગ્રા તથા અયોધ્યાના સંયુક્ત પ્રાંતો.

આ પ્રાંતો બંગાળાની પશ્ચિમે આવેલા છે. ૧૯૦૧ સુધી તે વાયવ્ય પ્રાંત તરીકે ઓળખાતા પણ ઈ. સ. ૧૯૦૧ માં તેમને જોડી દેવામાં આવ્યા ત્યારથી તે " આગ્રા અને અયોધ્યાના સંયુક્ત પ્રાંતો " કહેવાય છે. આ પ્રાંતો મધ્ય હિંદ એજન્સિની ઉત્તરે અને બંગાળા ઇલાકાના વાયવ્ય ખુણામાં આવેલા છે. આગ્રામાં ઉનાળામાં તાપ અને શિયાળામાં ટાઢ વધારે પડે છે. જમીન ફળદ્રુપ છે અને ઘણે ઠેકાણેથી જથાબંધ સુરોખાર મળી આવે છે. **વસ્તી** ૩ાા કરોડની છે. તેમાં મુસલમાન અને હિંદુ મુખ્ય છે તેઓ જબરા અને હિંમતવાન છે તથા હીંદી અને ઉર્દુ **ભાષા** બોલે છે.

પર્વતો.—હિમાલય અને શિવાલિક

નદીઓ—ગંગા જમનાગોગ્રાને ગોમતી. **દુઆબ**—અંતરવેલી—ગંગાને જમનાની વચ્ચે.

આગ્રા પ્રાંતનાં મુખ્ય શહેરો.

અલાહાબાદ એ પ્રાંતનું મુખ્ય શહેર ગંગા અને જમનાના સંગમ પર આવેલું છે. ત્યાંથી જાત્રાળુઓ ગંગા જળ ભરે છે. તેનું જુનું નામતો **પ્રયાગ** છે. **બનારસ** (વારાણસી કે કાશી) તે હિંદુઓનું મોટું જાત્રાનું ધામ છે. સંસ્કૃત વિદ્યાના અભ્યાસનું મુખ્ય સ્થળ છે. અને તેના લોટા તથા પિતાંબર વખણાય છે. **કાનપુર**—એમાં લશ્કરી છાવણી છે અને ચામડાનો સામાન સારો બને છે. **ગાજીપુર**નું ગુલાબ જળ પ્રખ્યાત છે. અને અફીણના વેપારીનું મથક છે, **ઝાંશી**--મોટું રેલવે જંકશન છે. અને ઇંગ્રેજોએ તે ગ્વાલીઅરના બદલામાં લીધું છે, **આગ્રા**--જમુનાને કાંઠે છે ને ત્યાંનો તાજમહેલ જોવા લાયક છે. **કનોજ**—જુના વખતનું ઐતિહાસીક શહેર છે. **મુથુરા**—યમુના નદીને કાંઠે છે અને ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો હતો. **વૃંદાવન**.—ત્યાં તુલસીનું વન છે. અને કૃષ્ણ ભગવાને ત્યાં બાળ લીલા કરેલી છે **મીરત**માં લશ્કરી છાવણી છે અને તે ગંગા જમનાની વચ્ચે આવેલું છે. **અલીગઢ**માં મુસલમાનોની મોટી કૉલેજ છે **સહરાનપુર**માં વનસ્પતિ વ્યવસ્થાપકદર્શક બગીચા છે **રૂરકી**માં મોટામાં મોટી એન્જીનીઅરીંગ કૉલેજ છે **દેહરાદુન** હવા ખાવાનું સ્થળ છે ત્યાં જંગલ ખાતાની કૉલેજ અને ચ્હાના બગીચા છે. **નૈનીતાલ**—હવા ખાવાનું સ્થળ છે. ઉનાળામાં ત્યાં લેફ્ટેનેન્ટ ગવર્નર રહે છે. **બરેલી**—એ રોહીલ ખંડનું મોટું શહેર છે.

અયોધ્યા પ્રાંતનાં મુખ્ય શહેરો.

અયોધ્યા.—ભગવાન **રામચંદ્રજીનું** જન્મ સ્થાન અયોધ્યા આ અયોધ્યાની પાસે હતું **લખનૌ** અયોધ્યાનું મુખ્ય શહેર ગોમતી તીરે આવેલું છે. ત્યાં મુસલમાનનાં ઘણાં સુંદર મકાનોછે. **ફૈજાબાદ** ગોગ્રા નદી ઉપર લશ્કરી છાવણીનું સ્થાનક છે. અને તેની પાસે પ્રાચીન અયોધ્યાનાં ખંડેરો છે.

દેશી રાજ્યો—(૧) **રામપુરનું** રાજ્ય એ એક નાનકડું મુસલમાની રાજ્ય રોહીલ ખંડમાં છે. તેથી રાજધાની **રામપુર** ખેસ દુપટ્ટા, અને ચાદરને માટે પ્રખ્યાતછે. (૨) **ગઢવાલ**—નું રાજ્ય એની રાજધાની **તરી** છે. અને રાજા રજપૂત છે. ઇ. સ. ૧૯૧૦ થી બનારસના રાણાને રાજ્ય આપવાથી તે પણ નવા સ્ટેટ તરીકે દાખલ થયું છે.

બંગાળા ઇલાકો.

આ ઇલાકો હિંદમાં સૌથી મોટો છે. અને બંગાળી ઉપ સાગરની ઉત્તરે આવેલો છે.આ પ્રાંતમાં પુષ્કળ વરસાદ વરસવાથી હવા ભેજવાળી છે. અને તે વ્હાના છોડને માફક આવવાથી આ ભાગમાં જથાબંધ ચ્હા નીપજે છે. આખા હિંદમાં ગાઢી વસ્તીવાળો અને ફળદ્રુપ ભાગ બંગાળા છે એની **નિકાશ**—ચોખા, શણુ, તેલી બીઆં ચામડાં ચ્હા, રેશમ, કોયલા છે.

બંગાળા અને બહારની દિવાનીનો હક ઇ.સ. ૧૭૯૫માં મોગલ બાદશાહ શાહ આલમે કંપની સરકારને આપ્યો હતો.

નદીઓ—ગંગા, બ્રહ્મપુત્રા, તિસ્તા, સુરમા, મહાનદી બ્રાહ્મણી, વૈતરણી, સુવર્ણરેખા, હુગળી, ગંડકી, ગોગ્રા, શોણુ વિગેરે.

સરોવર—ચીલકા.

અખાત—બાલાસોરને ને બંગાળાનો.

ઉપસાગર ભૂશિર-**પાલમેરા,**

પર્વતો, રાજમહાલ, અને ઓઢીઆના ડુંગરો.

હવા ખાવાનાં ઠેકાણાં—દાર્જીલીંગ.

આખા બંગાળા ઇલાકાના બે ભાગ કરેલા છે. તેના ઉપરીને લેફ્ટેનેન્ટ ગવર્નર કહેછે. અને તેને મદદ કરવાને પેટા વિભાગો ઉપર કમિશ્નરો નિમેલા છે.

દેશી રાજ્યો—છોટાનાગપુર અને ઓડિયાનાં નાનકડાં રાજ્યો સિકીમ, કુચબિહાર, મણીપુર, અને ટીપરાહનું રાજ્ય તથા બીજા ડુંગરી પ્રદેશોનાં નાનાંનાનાં રાજ્યો **કુચબિહાર** એ હિંદુ રાજ્યછે. તેમા શણ, તમાકુ. અને સાગ થાય છે.

મણીપુર એ પણ હિંદુ રાજ્યછે. તેમાં ટટ્ટુ, રેશમ,મીણ, ચહા અને હાથી દાંત થાયછે **ટીપહારાના** રાજ્યમાં રૂ, સાગ, તલ, વાંસ અને નેતર થાય છે.

બંગાળાના મુખ્ય શહેરો.

કલકત્તા—એ આખા હિંદુસ્તાનની રાજધાનીનું શહેર હુગલી નદીની તીરે છે. તેમાં લેફ્ટેનેન્ટ ગવર્નર જનરલ (વાઇસરાય) રહે છે. હિંદમાં આ શહેર પહેલો નંબર ભોગવે છે. જળમાર્ગે અને સ્થળ માર્ગે તે આખા હિંદના જુદા જુદા ભાગો જોડે જોડાએલું છે. મોટું વેપારી મથકછે. અને તેમાં શણની મીલો પુષ્કળછે. કલકત્તા બંદરેથી શણ, ચહા, ચામડાં, અફીણ, ચોખા, તેલ બીઆં, ગળી અને લાખ પરદેશ જાય છે.

અલીપોર—કલકત્તાનો એક ભાગ છે. **ઢાકા**—બ્રહ્મપુત્રાને કિનારે આવેલુંછે. અને તેની મલમલ વખણાય છે.

બરીસલ—બાકરગંજ જીલ્લાનું મુખ્ય શહેર છે ત્યાં ડાંગર ઘણી પાકે છે. **ચિત્તેગાંવ**માં ચોખા અને સાગ થાય છે. **સીરજગંજ** શણના વેપારને માટે પ્રસિદ્ધ છે. **માલ્દા**—એની નજીક બંગાળાની રાજધાની ગૌડનાં ખંડેરો છે **બરાકપોર**માં લશ્કરી છાવણી છે. **નંદીઆ**—જુના વખતમાં સંસ્કૃત પાઠશાળાને માટે પ્રખ્યાત હતું. **પ્લાસી**—અહીં લૉર્ડ કલાઇવે મોટી જીત મેળવી ઇ. સ. ૧૭૫૭ માં બંગાળા તાબે કર્યું હતું.

મુર્શીદાબાદ—રેશમી કાપડ, હાથી દાંતનો સામાન, અને સોના રૂપાના ઘાટને માટે પ્રખ્યાત છે ભાગીરથી નદીને તીરે નવાબ મુર્શીદ કુલીનખાંનની રાજધાનીનું શહેર હતું. **હુગલી**—માં અંગ્રેજોએ પહેલ વહેલી કોઠી નાખી હતી. **દાર્જીલીંગ**.—સિકિમની પાસે હવા ખાવાનું ઠેકાણું છે. કલકત્તાથી દાર્જીલીંગ સુધી રેલવે છે. દાર્જીલીંગમાં ચ્હા બહુ થાયછે. **ચીનસુરા** હુગલી પાસે વલંદાનું શહેર હતું **શ્રી રામપુર** ડેનમાર્કના લોકોને તાબે હતું. **ચંદ્રનગર**—ચિન્સુરાની દક્ષિણે છે ને ફ્રેંન્ચોને તાબે છે **બનકુરા** અને **રાણીગંજ** કોયલાની ખાણોથી પ્રસિદ્ધ છે.

બહાર પ્રાંત (ઓરીસા સાથે)

આ પ્રાંત બંગાળાની પશ્ચિમે આવેલો છે. ઇ. સ. ૧૯૧૧ માં બહાર, છોટાનાગપુર, અને ઓરીસાને બંગાળાથી જુદા પાડીને તેમનો નવો પ્રાંત બનાવ્યો છે. આ પ્રાંતમાં **બહાર** એ સપાટ અને ફળદ્રુપ પ્રદેશ છે- અને **છોટા નાગપુર** તથા **ઓરીસા** ડુંગરાળ પ્રદેશો છે.

બહાર એ નામ વિહાર ઉપરથી પડેલું છે ને 'વિહાર' એ નો અર્થ 'મઠ' થાય છે. તે ઉપરથી જણાય છે કે અહીં બૌદ્ધ ધર્મનો પ્રચાર વધારે હશે અને તેના મઠ=વિહાર ઘણા હોવા જોઇએ ઇતિહાસમાં આપણે જેને મગધ રાજ્ય તરીકે ઓળખી છીએ તેજ આ બહાર પ્રાંત

મુખ્ય શહેરો **પાટણ** શોણ, અને ગંડકીના સંગમ ઉપર આવેલું છે. તેનું બીજુ નામ 'પાટલી પુત્ર' છે. અને તે મોટું વેપારી મથક છે **ગયા** એ હિંદુઓનું જાત્રાનું ઠેકાણું છે તેઓ ત્યાં પિતૃશ્રાદ્ધ કરાવે છે ગયામાં બૌદ્ધ દેવાલયોનાં ખંડેરો ઘણાં જોવામાં આવે છે. **ભાગળપુર** આગળ ગંગા નદીનો પટ ૭ માઇલ પહોળો છે **મોંગીર**માં પિસ્તોલ અને બંદુકો બને છે. **બકસર** એ એક ઐતિહાસિક શહેરછે **તીરહુત** એ જુના વખતનું **મિથીલા નગર** ઉર્ફે જનકપુર છે એમ કહેવાય.

ઓરિસા ઉર્ફે ઓઢીઆ.

આ પ્રાંતના રહેવાસીઓ **ઓડાસ** નામના લોક છે તે પરથી આ પ્રદેસનું નામ ઓડાસ=ઓઢીઆ પાડયું છે મુખ્ય શહેરો **કટક** ઓરીસાનું મુખ્ય શહેર કલકત્તેથી મદ્રાસ જવાના રેલવે માર્ગ પર મહાનદી પર આવેલું છે **પુરી** ઉર્ફે **જગન્નાથપુરી** એ હિંદુઓનું જાત્રાનું મોટું ધામ છે

છોટાનાગપુર.

બહાર અને મધ્ય પ્રાંતો વચ્ચે આવેલો ડુંગરાળો પ્રદેશ 'છોટા નાગપુર' નામથી ઓળખાય છે તેમાં **પારસનાથ** નામનું શિખર એ જૈનોનું મોટું ધામ છે મુખ્ય શહેર **રાંચી** છે.

બ્રહ્મદેશને આરામ.

આ પ્રાંતની પૂર્વે **ચીન** અને **સિમલા** આવેલાં છે તેના ઉપરી લેફ્ટેનેન્ટ ગવર્નર છે. ઇ. સ. ૧૮૨૬ માં પહેલા બ્રહ્મી વિગ્રહમાં આરાકાન અને ટિનાસરીમપ્રાંતો, અને બીજા બ્રહ્મી વિગ્રહમાં પેગુ પ્રાંત ઇંગ્રેજ સરકારને મળ્યાછે પછી ત્રીજા બ્રહ્મી વિગ્રહને અંતે સ્વતંત્ર બ્રહ્મદેશ અને શાનસંસ્થાનો મળવાથી આખો બ્રહ્મદેશ ઇંગ્રેજ સરકારને કબજે આવ્યો.

બ્રહ્મદેશનો ઘણો ભાગ ગરમ છે, કિનારા પર તથા આસામના નજીકની હવા ભેજવાળી અને ગરમ હોવાથી વનસ્પતિ બહુ થાય છે. અને તેથી સાગનાં લાકડાંનો ભારે વેપાર ચાલે છે, અહીંના જંગલોમાં **ગટાપર્ચા**નાં ઝાડો, **સાગ** એબની, **સીસમ** અને **વાંસ** વિગેરે પુષ્કળ થાય છે.

વસ્તીનો મોટો ભાગ **મોંગોલીઅનો** છે બ્રહ્મી લોકો **ઘંટ** બનાવવા તથા રસવાના કામમાં ચાલાક છે. **સિગાર** બનાવવાના અને **રેશમી** કાપડ **વણવાના** હુન્નર માટે બ્રહ્મદેશ પસિદ્ધ છે.

માંડલેની ઉત્તરે માણેક, અને ઇરાવદીના પ્રદેશમાંથી અંબર જડે છે. તથા **કેરોસીન** તેલ પણ નીકળેછે. વળી માંડલેની નજીકમાંથી **સફેદ આરસ** અને ટિનાસરીમમાંથી **કલાઇ** નીકળે છે.

પર્વતો--આરાકાનયોમાં, અને પેગુયોમાં.

નદીઓ--ઇરાવદી, સિત્તાંગ, અને **સાલબીન** એ ત્રણે માર્તાબાનના અખાતમાં પડે છે.

અખાત—માર્ટાબાન, **ભૂશિર**-નિગ્રાઇસ.

મુખ્ય શહેરો—**રંગુન** એ બ્રહ્મદેશનું મુખ્ય સહેર છે. અને આખા હિંદમાં ત્રીજા નંબરનું બંદર છે. આ બંદરેથી ચોખા અને સાગ પુષ્કળ પરદેશ જાય છે. **માંડલે** ઇ. સ. ૧૮૮૭ સુધી બ્રહ્મદેશની રાજધાની હતું. **આક્યિાબ** આરાકાનનું મુખ્ય શહેર છે. **મુલમૈન** ટિનાસરીમનું મુખ્ય શહેર છે. ત્યાંના મોલમીન સાગ વખણાય છે. **બાસીન** એ બાસીન નદીને તીરે છે. અહીં સુધી મોટી સ્ટીમરો આવે છે. **પ્રોમ** ઇરાવતી નદીને ડાબી તીરે શહેર છે. અહીંથી રંગુન સુધી રેલવે છે. **અમરપુરા** અને **આવા** જુની રાજધાનીનાં ખંડેરો છે. **ભામો** ચીન સાથેના વેપારનું મુખ્ય મથક છે.

નિકાશ—ચોખા, મકાઇ, જુવાર, કઠોળ, તલ, સાગ, ગુંદર, ચામડાં, કેરોસીન તેલ, આરસપત્થર ને કલાઇ.

આસામ.

આ પ્રાંત બ્રહ્મદેશની પશ્ચિમે આવેલો છે. ઇ. સ. ૧૮૭૪ માં બંગાળાના પંદર જીલ્લા આસામમાં ઉમેરીને, પૂર્વ બંગાળા અને આસામનો પ્રાંત બનાવવામાં આવ્યો હતો અને ઇ. સ. ૧૯૧૧ માં નામદાર શહેનશાહ ગાદીએ બેઠા ત્યારથી પુર્વ બંગાળાને આસામને જૂદો પાડી ચીફ કમિશનરના હાથ નીચે મુકયો. એની વસ્તી લગભગ ૬૦ લાખની છે.

પુષ્કળ વરસાદને લીધે આસામની હવા ભેજવાળી રહે છે ને તે ચાના છોડને માફક આવવાથી આસામમાં ચાના બગીચા ઘણા જોવામાં આવે છે. કિનારા પરનાં ગામોની હવા કાંઇક ગરમ છે એમ ભેજવાળી અને ગરમ હવાને લીધે આસામના ડુંગરો પર

મોટાં જંગલો છે. તેમાં **સાગ** અને **ઇંડિયા રબરનાં** ઝાડ પુષ્કળ થાય છે.

નિકાશ—ચોખા, શણુ, તેલબીઆં, શેરડી, તમાકુ, **ખાસીઆ** ડુંગરમાંથી કોયલા, ચુનાના પત્થર, રેશમ, ચા, સાગ ને ઇંડિયા રબર.

મુખ્ય શહેરો—**સીલહટ** સુરમા નદી પર નારંગીને માટે પ્રખ્યાત છે. **કાચાર** ચાના બગીચાના માટે પ્રસિદ્ધ છે. **ગૌહટ્ટી** આસામ પ્રાંતનું મુખ્ય શહેર છે અને તેમાં સુરોખાર થાય છે. **સીલોંગ** ખાસીઆ ડુંગર પર ચીફ કમિશનરનું સદર સ્ટેશન છે.

આંદામાન અને નિકોબાર.

આ બંને ટાપુઓ ઇંગ્રેજ સરકારને તાબે છે. તે મદ્રાસ ઇલાકાની પૂર્વે બંગાળી સમુદ્રમાં આવેલા છે ને ચીફ કમીશનરની દેખરેખ નીચે છે.

આંદામાન—એમાં મોટા આંદામાન, અને નાના આંદામાન એવા બે સમૂહ છે. ઈ. સ. ૧૮૫૮ થી ત્યાં દેશનિકાલ થયેલા કેદીઓને રાખવામાં આવે છે. ઇ. સ. ૧૯૦૫ માં ત્યાં ૧૪૦૦૦ કેદી મુખ્ય બંદર **પોર્ટબ્લેર**માં હતા. લૉર્ડ **મેયો** નામના ગવર્નર જનરલને ઇ. સ. ૧૮૭૨ માં ત્યાંના કોઇ કેદીએ મારી નાખ્યા હતા.

નીકોબાર—આંદામાનની દક્ષિણે છે અને તેમાં નાળિયેર પુષ્કળ થાય છે.

સ્વતંત્ર રાજ્યો.

નેપાળ.

હિંદુસ્તાનમાં જે જે સ્વતંત્ર રાજ્યો છે તે બધામાં નેપાળનું રાજ્ય મોટું છે, ત્યાંના મૂળ લોકો મોગલ જાતના છે અને બૌદ્ધ

ધર્મ પાળે છે. ઇ. સ. ૧૭૬૭ માં ગુરખાઓએ જીતી લીધું ત્યારથી ત્યાં ગુરખાઓની વસ્તી વધી ગઇ છે; આ રાજ્ય હિમાલયની તળેટીમાં આવેલું છે, અને હિમાલયનાં **ધવલગીરી** તથા **એવરેસ્ટ** શીખરો ત્યાં આવેલાં છે, આ રાજ્યમાં ગોગ્રા, ગંડકી અને કુશી એ ત્રણ **નદીઓ** છે, આ પ્રદેશના ગુરખા લોકો હિંદુસ્તાનમાં લશ્કરી નોકરી બજાવે છે અને **શીખ**ના જેવા બહાદુર લડવૈયા છે. રાજા સિસોદીઆ રજપૂત છે અને બ્રીટીશ રેસીડેન્ટ તેમના દરબારમાં રહે છે. પણ રાજકાજમાં હાથ ઘાલતા નથી. રાજધાની **ખટમંડુ** દરીઆની સપાટીથી ૪૫૦૦ ફુટ ઉંચું ખીણમાં આવેલું છે.

નિકાશઃ—ચોખા, અનાજ, તેલીબીઆં, શણ, ચામડાં ને ઢોર.

ભુતાનનું રાજ્ય.

આ રાજ્ય પણ પહાડી છે ને તે નેપાળની પૂર્વમાં આવેલું છે તેની અને નેપાળની વચ્ચે સીકીમનું રાજ્ય છે. ભુતાનમાં ભુતીઆ લોકો વસે છે, તેઓ મહેનતુ, શરીરે મજબુત, અને બૌદ્ધ ધર્મી છે.

મુખ્ય શહેર—પુનાખા દાર્જીલીંગની ઇશાન કોણમાં.

નિકાશ—ઊન, મીણ, કસ્તુરી, ઘોડા (ટટ્ટુ.)

ફ્રેંચ સંસ્થાનો.

હિંદુસ્તાનમાં ફ્રેન્ચ લોકોનાં પાંચ સંસ્થાનો છે ને તે જુદા જુદા ભાગમાં આવેલાં છે. (૧) **પોંડીચરી** તે મદ્રાસ ઇલાકાના પૂર્વ કિનારા પર છે. તેમાં ફ્રેન્ચ ગવર્નર રહે છે. એ શહેરમાં ૫

મીલો છે. (૨) **ચંદ્રનગર** હુગલી નદી તીરે છે. (૩) **કારીકલ** એ કાવેરીના મુખના પ્રદેશમાં છે. (૪) **યાનાન** ગોદાવરીના મુખ આગળ અને (૫) માહી–**મલબાર** કિનારા પર છે તેમની મુખ્ય નિકાશ મગફળી, સુતરાઉ કાપડ અને ચોખા છે.

ફીરંગી સંસ્થાનો.

હિંદુસ્તાનમાં ફીરંગી સંસ્થાનો ૩ છે. તેમાં ૫ લાખ માણસોની વસ્તી છે. (૧) **દીવ** એ કાઠિયાવાડની દક્ષિણે છે. ત્યાંના ભાવસારો છાપવાનું કામ સારૂં જાણે છે. (૨) **દમણ** સુરત જીલ્લાની દક્ષિણે છે તેનો **નગર હવેલી** તાલુકો ઘણો ફળદ્રુપ છે. (૩) **ગોવા** એ રત્નાગીરી જીલ્લાની દક્ષિણે છે એમાં ફીરંગી ગવર્નર રહે છે, અને **માર્મગોવા** એ બંદર છે તેમાં ડાંગર, નાળીએર અને મીઠાની પેદાશ છે.

મુખ્ય **નીકાશ**—ડાંગર, ઘઊં, નાગલી, કઠોળ, તમાકુ, મીઠું અને નાળીએર છે.

સિલોન (લંકા અથવા સિંહલદ્વીપ)

આ બેટ હિંદુસ્તાનની દક્ષિણે આવેલો છે અને તે ઇંગ્રેજ સરકારને તાબે છે. પણ તેના ઉપર હિંદના વાઇસરાયની બીલકુલ સત્તા નથી. ત્યાં એક જુદોજ ગવર્નર નીમવામાં આવે છે. આ ટાપુનું ક્ષેત્રફળ કાઠિઆવાડથી સવાગણું, અને **વસ્તી** દોઢગણી છે.

આ ટાપુના ઉત્તર ભાગની હવા સુકી અને ગરમ છે. અને નૈઋત્ય ભાગની હવા ભેજવાળી તથા ગરમ છે. ડુંગર ઉપર અને નૈઋત્ય કિનારા ઉપર પુષ્કળ જંગલો છે. તેમા તજ અને ઇમારતી લાકડું થાય છે અને હાથી, ચિત્તા, અને રીંછ જોવામાં આવે છે.

મુખ્ય પેદાશ ચા છે. તે ઉપરાંત સીંકોના, કેકાઉ, તમાકુ અને ચોખા પુષ્કળ થાય છે. માણેક વગેરે કિંમતી ખનાજો, પ્લમ્બેગો, અને મીઠું પણ નીકળે છે તથા મનારના અખાતમાંથી મોતી નીકળે છે.

પર્વતો—પેદ્રાતાલાગલ્લા. **શિખર**—સામનિલ્લા.

મુખ્ય શહેરો—કોલંબો એ રાજધાનીનું શહેર અને બંદર છે. ત્યાંથી ચા, ખુંદ, કોપરેલ અને તજ બહારગામ જાય છે. **ત્રિંકોમાલી** દરીઆઇ લશ્કરી વહાણનું મથક છે. **જાફના** હિંદ સાથેના વેપારનું સ્થળ છે. **કાંદી** એ અસલ સીંગાલીસ દેશની રાજધાની હતું.

નિકાશ—ચા, ખુંદ, નાળિએર, કોપરાં, કાથાનાં દોરડાં, સીંકોના, રબર, કોકો, તજ, એલચી, પ્લંબેગો, એબની, સોપારી ને વેનીલા.

માલદ્વીપ—એ સિલોનની પશ્ચિમે **પરવાળાં**ના ટાપુનો સમૂહ માલદ્વીપને નામે ઓળખાય છે. તેનો રાજા સિલોનના ગવર્નરને તાબે છે. અને રાજા પ્રજા મુસલમાન છે. આ બેટની મુખ્ય નિકાશ **નાળીએર** છે.

એશિઆ ખંડની સામાન્ય ભૂગોળ.

આપણો હિંદુસ્તાન દેશ જેમાં આવેલો છે તે ખંડ 'એશિયા' કહેવાય છે.

પૃથ્વી ઉપરના જમીનના મુખ્ય ભાગ. [ખંડ.]

૧ એશીઆ ખંડ	૪ ઉત્તર અમેરિકા ખંડ
૨ યુરોપ ખંડ	૫ દક્ષિણ અમેરિકા ખંડ
૩ આફ્રિકા ખંડ	૬ ઓશીઆનીઆ ખંડ (આસ્ટ્રેલીયા)

તેમાં એશીઆ, યુરોપ અને આફ્રિકા એ ત્રણ ખંડો એક બીજાની સાથે જોડાયલા છે. તે **પૂર્વ ગોળાર્દ્ધ**માં આવેલા છે ને **જુની દુનિઆં** કહેવાય છે.

આપણો એશિઆ ખંડ હિંદુસ્તાન જેવા બીજા ૯ દેશો મળીને થએલો છે. પૃથ્વી પરના બીજા બધા ખંડો કરતાં એશીઆ ખંડ વસ્તી અને વિસ્તારમાં મોટો છે.

હિંદુ, ખ્રીસ્તી, મુસલમાન અને બૌદ્ધ ધર્મના સ્થાપનારાઓ આ ખંડમાં જન્મ્યા હતા. હિંદુઓના આર્યોનું ઇરાનના પારસીઓનું, અને યુરોપના કેટલીક પ્રજાઓનું આ ખંડમાં અસલ રહેઠાણ હતું-

સીમા—ઉત્તરે **ઉત્તરે** મહાસાગર **પૂર્વે** પાસિફિક મહાગર. **દક્ષિણે** હિંદી મહાસાગર. **પશ્ચિમે** યુરલ પર્વત, યુરલ નદી, સુવેજની નહેર, રાતો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર, મારમોરા સમુદ્ર અને કાળો સમુદ્ર છે.

પહાડો—થ્યાનશાન, ક્યુએનલુન, કારાકોરમ, હિમાલય, હિંદુકુશ, સુલેમાન, આલતાઇ, યાબલોનોઇ, સ્ટેનો બોઇ, એલ્બુર્જ, તૌરસ, કાકેસસ અને યુરલ.

સરોવર—**બૈકલ** મીઠા પાણીનું છે. અને ઘણું ઉંડું છે એ સિવાય કાસ્પીઅન અરલ, ને બલકાશ. એ ત્રણે ખારાં પાણીનાં

છે. **મૃત સરોવર** એટલું બધું ખારૂં છે કે તેમાં માછલાં પણ જીવી શકતાં નથી.

ભૂશિરો—ચેલેસ્કીન, કેપબાબા, પુર્વ કેપ, રોમાનીઆ, લોપાટકા, નીગ્રેસ, ને રાસઅલહદ.

સામુદ્રધુની—ઓરમઝ, બાબલમાંડબ, સુવેજ, બેરીંગ, કોરીઆ અને મલાકા.

રણ—ગોબીનું. **સંયોગીભૂમિ**—ક્રોની.

ટાપુઓ—સૈબીરીઆ, ને ક્યુરાઈલ એ જ્વાળામુખી છે. સગેલીઅન, સૈપ્રસ, સીલોન, હૈનાન, ફારમોસા, લુચુ અને જાપાનના ટાપુઓ. તથા ઇરાની અખાતમાં કરક, કિશ્મ ને ઓરમઝ.

સમુદ્રો—અરબી, રાતો, કાળો, બેરીંગ, ઓખોટસ્ક, જાપાન, પીળો, ચીનાઇ, મામોરા ને બંગાળી.

અખાત—ઓમાનનો, એડનનો, ઉરાનનો, ટોંગકોંગ, સીયામ પેશલી ને ઓબી.

બંદર—કરાંચી, મુંબાઇ, કોલંબો, કલકત્તા, સિંગાપુર, હોંગકોંગ, યોકોહામા, નાગાસાકી, સ્મર્ના, ને એડન.

નદીઓ.

ઉત્તરવાહિની. (ઉત્તર મહાસાગરને મળનારી)

ઇર્ટીશ—આલતાઇ પર્વતમાંથી નીકળી ઓબીને મળે છે.

ઓબી—આલતાઇમાંથી નીકળી ઉત્તર મહાસાગરને મળે છે. ગંગા નદી કરતાં સવાબેગણી મોટી છે.

યેનેસી—મોંગોલીઆના ઉચ્ચ પ્રદેશમાંથી, **લીના** બૈકલ સરોવરમાંથી, અને **આમુર** યાબલોનોઇના પર્વતમાંથી નીકળીને ઓકાટસ્કના સમુદ્રને મળે છે.

પૂર્વ વાહિની.

યાંગસેકયાંગ—ટિબેટના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી પાસિફિક મહાસાગરને મળે છે. **હોઆંગહો** ટિબેટના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી પેચીલીના અખાતને મળે છે. **મેકાંગ** ટિબેટમાંથી નીકળી ચીનાઇ સમુદ્રને મળે છે. **યુફ્રીટીસ** આર્મીનીઆના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળી ઇરાનના અખાતને મળે છે. **તૈગ્રીસ** આર્મિનીઆના ઉચ્ચ પ્રદેશમાંથી નીકળીને યુફ્રેટીસને મળે છે. **આકસસ (આમુદર્યા)** અને **સિરદર્યા** (સિહુન) એરલ સમુદ્રને, **જોર્ડન** મૃત્યુ સરોવરને તથા **યુરલ** કાસ્પિઅન સમુદ્રને મળે છે.

એશિયા ખંડના દેશો—હિંદુસ્તાન, હિંદીચીન, ચીનનું રાજ્ય, જાપાન, એશિઆઇ રૂશિઆ, એશિઆઇ તુર્કસ્તાન, અરબસ્તાન, ઇરાન ને અફઘાનિસ્તાન.

હિંદુસ્તાનનું તમામ વર્ણન તમે આ ધોરણમાં શીખી ગયા અને હવે બાકીના દેશોની હકીકત છઠ્ઠા ધોરણમાં આવશે.

નકશામાં પૂછવાના કકકાવારી પ્રશ્નો.

આબુ	અંબુર	ડીસા	ડેરાઇસમાલખાન
આલ્તાઇ	કટક	ગ્વાલીઅર	
અયોધ્યા	કરબલા	ચિન્સુરા	ઢાકા
અજમેર	કારાકોરમ	ચંબલ	તેહરાન
આસામ	કિશનગઢ	ચીન	તુતીકોરીન
અર્જરૂમ	કોઇમ્બટુર	છોટાઉદેપુર	તીફ્લીસ
આવા	કાકેસસ	છત્તીસગઢ	થ્યાનશાન
આમુ	કોરીઆ	જાફરાબાદ	થરાદ
ઇરાન	કંબોજ	જીંદ	થરપારકર
ઇસ્ફહાન	ખડકી	જયપુર	દ્વારકાં
ઇલીચપુર	ખાસ્મા	જોધપુર	દીલ્હી
ઇલોરા	ખૈબરઘાટ	જલાલાબાદ	દોલતાબાદ
ઉદેપુર	ખીવા	જંબુસર	દાર્જીલીંગ
ઉજ્જન	ખોરાસાન	ઝેલમ	ધાર
ઉમરાવતી	ખિલાત	ઝાલરાપટ્ટણ	ધોળપુર
એરલ	ગંગા	ઝાંસી	ધંધુકા
એવરેસ્ટ	ગંગોત્રી	ટોકીયો	નાગપુર
ઓકોટસ્ક	ગીજની	ટશ્રીનુર	નેગાપટણ
ઓખામંડળ	ગોવા	ટીબેટ	નર્મદા
ઔરંગાબાદ	ગોબી	ટોંક	નાગાસાકી
અંબાલા	ગોવળકોંડા	ડાસરા	નાશીક

નીલગીરી	બદ્રીનાથ	મલાકા	વરાડ
નીકોબાર	બુદેલખંડ	માંડલે	વરંગુલ
પીનાંગ	બાંકુ	મુડકી	શીવાલીક
પેકીક	બાદુમ	મોંગીર	શિરોહી
પાલણપુર	બરાકપુર	બાંકુ	સિંધુ
પત્યાળા	બરેલી	યાનાન	સાંબર
પ્લાસી	બુરાનપુર	યારકંડ	સૈપ્રસ
પ્રયાગ	બનારસ	રાસમુરારી	સગેલીઅન
પોર્ટબ્લેર	ભરૂચ	રાસઅલહદ	સુલેમાન
પાંડીચેરી	ભાવલપુર	રાવણહદ	સ્મર્ના
પૂર્વકેપ	ભૂજ	રામપુર	સહરાનપુર
પેગુ	ભરતપુર	રામેશ્વર	હિમાલય
પેશાવર	મદ્રાસ	રોમાનીઆ	હરિદ્વાર
પ્રતાપગઢ	મહેન્દ્રી	રાવલપીંડી	હૈદ્રાબાદ
પાણીપત	મુલમૈન	રેવા	હાલા
પ્રોમ	મંચુરિઆ	રૂડકી	હિંદુકુશ
ફૈઝાબાદ	મુલતાન	લખનૌ	હોંગકોંગ
ફીરોજપુર	મિયાંગામ	લાહોર	
ફરીદકોટ	મૃગ્ગીબેટ	લીબનાન	

ઇતિહાસ.

મુસલમાની પઠાણુ રાજ્ય.

મુસલમાનોની ભરતખંડ ઉપર સવારીઓ:—હજરત મહમદ. મુસલમાન ધર્મ સ્થાપક હઝરત મહમદ પેગંબર ઇ. સ. ૫૬૯ માં મક્કામાં જન્મ્યા હતા. તેમણે ઇ. સ. ૬૦૯ માં ૪૦ વરસની ઉમરે પોતાનો નવો ધર્મ સ્થાપ્યો. તેમાં મૂર્તિપૂજાની મનાઇ કરી હતી. પણ તે વખતના આરબો મૂર્તિપૂજક હતા. તેથી ઘણાઓને આ નવો પંથ ગમ્યો નહિ.

જેથી મહમદને મારી નાખવાનો તેઓએ વિચાર કર્યો. એટલે ઇ. સ. ૬૨૨ માં હજરત **મદીને** નાસી ગયા. ત્યારથી મુસલમાનોના **હીજરી સનની** શરૂઆત થઇ મદીને ગયા પછી પણ આગ્રહ ને ઉત્સાહથી હજરત મહમદ પેગંબરે પોતાના નવા પંથનો ઉપદેશ જારી રાખ્યો. તેમાં ઘણા શિષ્યો મળ્યા અને ધીરે ધીરે આખા અરબસ્તાનમાં આ ધર્મનો પ્રચાર થયો. પેગંબરના સરખા ઝનુનથી તેમના શિષ્યોએ પણ ધર્મનો ફેલાવો કરવા માંડયો. અને ઇ. સ. ૬૩૨ માં હજરત મહમદ ગુજરી ગયા.

મુસલમાન ધર્મનો ફેલાવો:—પેગંબર ગુજરી ગયા છતાં પણ તેમના શિષ્યોએ બળાત્કારથી નવા ધર્મનો ફેલાવો કરવો જારી રાખ્યો. હજરત મહમદ પછી તેમની ગાદીએ બેસનારા **ખલીફા** કહેવાતા. ખલીફાએ ધર્મનો વધુ ફેલાવો કરવાને પરદેશમાં સૈન્ય મોકલ્યું. અરબસ્તાનની નજીક **ઇરાન** આવેલું છે. જેથી આ ધર્મા-

નુ ઝનુની સૈન્ય પહેલું તો ઇરાન પર આવ્યું. ઇરાનના પારસીઓ તેની સાથે ઘણું લડ્યા પરન્તુ હાર્યા અને ઇરાન ઇસ્લામીઓને હાથ ગયું. ઘણા અગ્નિપૂજક પારસીઓને બળાત્કારથી વટલાવી મુસલમાન કર્યા. કેટલાક ખરા ધર્મચુસ્ત પારસી ડુંગરાઓમાં ભરાઇ પેઠા, તો કેટલાક **આતસ બેહરામને** લેઇ વહાણમાં બેસીને ભરતખંડમાં નાસી આવ્યા. ને મુંબાઇની ઉત્તરે **સંજાણ** બંદરે ઉતર્યા. ત્યાંના રાજા સાથે કેટલીક શરતો કરી ત્યાં વસ્યા. અને થોડી મુદતમાં ગુજરાતમાં ઉદવાડામાં આવી તેમના આતસ બહેરામની સ્થાપના કરી. વેપાર રોજગારમાં પડી શાંત સુખી થયા અને હિંદુઓની સાથે મળી ગયા.

ઇરાન જીત્યા પછી, અરબસ્તાનની ઉત્તરનો મુલક **તુર્કસ્તાન** તાબે કરી ખલીફાએ **બસરા**માં ગાદી કરી. પછી ધર્મઝુસ્સાવાળા ઝનુની સૈન્યની મદદથી **એશિયામૈનર**, અને **યુરોપી તુર્કસ્તાન** જીત્યું. પશ્ચિમમાં મિસરથી મોરોક્કો સુધીનો આખો ઉત્તર આફ્રિકા જીતી લેઇને તેને મુસલમાની ધર્મમાં આણ્યો. અને મોરોક્કોથી જીબ્રાલ્ટરની સામુદ્રધુની ઓળંગીને સ્પેનમાં પેઠા ને **ગ્રાનેડા**માં પણ આરબ રાજ સ્થાપી ઇસ્લામ ધર્મ ફેલાવ્યો બીજી તરફ ઇરાનની પૂર્વમાં **અફગાનીસ્તાન, તાર્તરી** અને **બલુચીસ્તાન** પણ બસરાના ખલીફાને તાબે થયાં.

ભરતખંડના વૈભવોથી લોભાઇને આરબોએ તેને જીતી લેવાને ઇચ્છા કરી. પરંતુ ૩૦૦ વરસ સુધી **હિંદુકુશ** ઓળંગીને તેમનાથી આગળ વધી શકાયું નહિ. કારણ કે બીજા દેશોની માફક આર્ય પ્રજાને તાબે કરવી એ કાંઇ નાની સુની વાત નહોતી. જ્યારે હિંદુ-

કુશ ઓળંગીને તેમનાથી ભરતખંડમાં આવી શકાયું નહિ, ત્યારે તેઓએ **ચીનમાં ગોબી**ના રણુ સુધી ધસારો કર્યો. જેથી ચીનાઓએ તેમને અટકાવવાને માટે ચીનની ઉત્તરે દુનિયાની હસ્તકૃત કારીગરીના ચમત્કાર રૂપ મોટો નમુનાદાર કોટ બનાવ્યો. જે હજી પણુ હયાત છે.

મુસલમાનોની ભરતખંડ ઉપર જળમાર્ગે સવારી:—જ્યારે જમીન માર્ગે મુસલમાનો ભરતખંડમાં આવી ન શક્યા ત્યારે તેઓએ દરિયા માર્ગે આવવાનો વિચાર કરીને પ્રથમ મુંબાઇના પાસેના બંદરો ઉપર અને પછી ભરૂચ ઉપર નૌકાસૈન્ય મોકલ્યું. પણુ તેમાં તેમનું કાંઇ ન વળવાથી તેઓ પાછા ગયા. ઇ. સ. ૬૩૬. ત્યાર બાદ ઇ. સ. ૬૬૪ માં સિંધ ઉપર નૌકા સૈન્ય આવ્યું તેમાં પણુ તેઓ ફાવી શકયા નહિ.

સિંધમાં મુસલમાની રાજ્ય:—ભરતખંડના બંદરે ઇ. સ. ૭૧૨માં એક આરબી વહાણુ કોઇએ પકડયું હશે તેની નુકસાની ભરી લેવાને **ખલીફા વાલીદે** મહમદ કાસમને સૈન્યસહ સિંધ ઉપર મોકલ્યો. તે વખતે સિંધમાં **દાહીર** રાજા રાજ્ય કરતો હતો તે મહમદ કાસમ સાથે મરણીઓ થઇને લડયો પણુ હાર્યો અને મરાયો. રાજપુત સ્ત્રીઓએ જોહરવ્રત કર્યાં. અને કાસમે દાહીરનું દેવળ ગામ લૂંટી, ત્યાંના વતનીઓને કાપી નાખ્યા. એ સિવાય બીજાં પણુ મોટાં મોટાં નગરો જીતીને લૂંટી લીધાં. તેણે ૪૦ વરસ સુધી સિંધમાં મુસલમાની રાજ્ય ટકાવી રાખ્યું.

સિંધમાં ફરીથી રજપૂત રાજ્ય:—મહમદ કાસમને મોકલનાર ખલીફા વાલીદ મરી ગયો. અને નવા ખલીફાને કાસમ ઉપર

અપ્રિતી થઇ. જેથી તેણે કાસમને બોલાવી લેઇ તેની જગાએ નવો હાકેમ મોકલ્યો. મુસલમાનોમાં આ પ્રમાણે કુસંપ પેઠેલો જાણી રાજપુતોએ એકઠા થઇ સંપ કરી કાસમને પકડી મારી નાખ્યો ને તેનું માથું ગંધાતા ચામડામાં સીવી લેઇ ખલીફાને ભેટ મોકલ્યું. અને ફરીથી સિંધમાં રજપુત રાજ્ય થયું.

ગીજનીમાં મુસલમાની રાજ્ય:—ખલીફાનું રાજ્ય ચારે બાજુ વધી પડયું પણ મુલકની દેખરેખ રાખી શક્યા નહિ. જેથી સુબેદારો સ્વતંત્રપણે મુલક ગમે તેમ દબાવી પડયા. તેમાંનો એક બુખારામાં સ્વતંત્ર સુલતાન થયો. તેના ગુલામ અલપ્તગીને ઇ. સ. ૯૬૨ માં ગીજનીમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને ૧૫ વરસ રાજ્ય કરી તે મરી જવાથી તેનો છોકરો સબકતગીન ગાદીએ બેઠો.

સુલતાન સબકતગીન:—આ સુલતાન બહાદુર ને ચતુર લડવૈયો હતો. તેણે અફગાનીસ્તાન તથા બલુચીસ્તાન જીતી લઇ રાજમાં વધારો કર્યો. તેનાં માણસો ભરતખંડમાં આવીને વારંવાર લુંટફાટ કરતા તેમને અટકાવવાને લાહોરનો રાજા જયપાળ ભારે ફોજ લઇ અફગાનીસ્તાન પર ચડયો. ત્યારે સબક્તગીન પણ સામો થયો. યુદ્ધ વખતે વાવાઝોડાનું તોફાન થયું તેનો લાભ લેઇ સબક્તગીને રાજપુતોનો માર્ગ રોક્યો જેથી જયપાળ હાર્યો અને ૫૦ હાથી તથા ૨॥ લાખ રૂ. આપવા કરી છુટયો. રાજધાનીમાં આવી તે આપવા કે નહિં ! તે બાબત સભા ભરીને સવાલ કર્યો. તેમાં રાજપુતોએ 'હા' કહી અને બ્રાહ્મણોએ 'ના' કહી. અંતેજયપાળે બ્રાહ્મણોની સલાહ માની દંડ ન આપતાં લડાઇ આપવાનું નક્કી કર્યું. સબક્તગીન દંડ વસુલ કરવા જયપાળ ઉપર ચઢી આવ્યો તે

વખતે દીલ્હી, અજમેર, કનોજ વિગેરેના રાજાઓ પોત પોતાનાં સૈન્ય લેઇ જયપાળની મદદે આવ્યા. પેશાવર આગળ ભારે લડાઇ થઇ. તેમાં પણ રજપુત સેના હારી અને સબક્તગીને જયપાળનો મુલક લૂંટયો તથા દસ હજાર પઠાણનું થાણું બેસાડી પાછો ફર્યો. પછી તેને મધ્ય એશીઆમાં રોકાવું થવાથી ફરીથી હિંદમાં આવ્યો જ નહિં. ઇ. સ. ૯૯૭ માં તે મરણ પામ્યો. ને તેની દાસીનો પુત્ર મહમદ ગાદીએ બેઠો.

સુલતાન મહમુદઃ—આ સુલતાન બહાદુર ને ચતુર પરંતુ ધર્માન્ધ અને નિર્દય હતો. તેણે હિંદ ઉપર નાની મોટી સત્તર સવારીઓ કરી છે.

(૧) ઇ. સ. ૧૦૦૧ માં લાહોરના રાજા જયપાળ પર સવારી કરી તેને હરાવ્યો આ લડાઇમાં પણ જયપાળ હારવાથી પુત્ર અનંગપાળને રાજ સોંપીને પોતે ચીતા ખડકીને બળી મુઓ.

(૨) પંજાબની દક્ષિણે ભાટી રાજા ઉપર સવારી કરીને રાજા વિજયરાયને હરાવ્યો અને ખંડણી લીધી. ઇ. સ. ૧૦૦૪.

(૩) મુલતાનના મુસલમાન સુબાએ બંડ કરવાથી તેને હરાવી માર્યો.

(૪) મુસલમાનોની ઉપરા ઉપરી જીત થવાથી અને તેમનું રાજ્ય પડોશમાં હોવાથી વહેલું મોડું હિંદ મુસલમાનોના હાથમાં જાય, એ ભયથી ઉજ્જન, કલિંજર, ગ્વાલીયર, અજમેર, દિલ્હી, કનોજ વિગેરેના રાજાઓ લાહોરના રાજા અનંગપાળની સરદારી હેઠળ સૈન્ય લેઇ હિંદુ ધર્મનું રક્ષણ કરવા, અને પરધર્મીઓનો નાશ કરવાને આવ્યા. એટલી બધી લોક લાગણી ઉશ્કેરાઇ હતી

કે જંગલના ભીલ લોકો પણ તીર કામઠાં લેઇને આવ્યા અને ભરતખંડની મહીલાઓએ પણ પોતાનું ઘરેણું ગાંઠું વેચી નાખીને જે ધન આવ્યું તે યુદ્ધના ખર્ચમાં આપ્યું. ઇ. સ. ૧૦૦૮ માં વૈહિંદગઢ આગળ રણસંગ્રામ થયો. મુસલમાન સૈન્ય હારવાની અણી પર હતું તેટલામાં અનંગપાળના હાથીને તીર વાગવાથી તે ઘોડા પર બેઠો. તેથી કોઇએ તેને દીઠો નહિ. એટલે રજપુત સૈન્યમાં ભંગાણ પડયું. આ મોટી ગરબડનો લાભ મળવા છતાં પણ માહમુદે મહા મુસ્કેલીથી જય મેળવ્યો.

આ જીતથી મુસલમાનો જોસપર આવ્યા અને રજપુતો પાછા પડયા. અનંગપાળને હરાવી મહમુદ નગરકોટનું દહેરૂં લુંટવા ગયો. ને ત્યાંથી તેને ૭ લાખ સોનાના સીક્કા બસેં મણ સોનું, બે હજાર મણ રૂપું, અને વીશ મણ જવાહીર મળ્યું.

(૬) ઇ. સ. ૧૦૧૧ માં થાણેશ્વરનું દહેરૂં લુંટયું. અને ત્યાંથી પુષ્કળ ધન તથા કેદીઓ લઇ ગયો.

પછી તે કાશ્મીર ઉપર ચડયો પણ હાર્યો. તેથી નિરાશ ન થતાં ફરી **કનોજ, મીરત** અને **મથુરા** ઉપર ચડયો. મથુરાંમાં વીશ દિવસ સુધી લૂંટ ચલાવી. વૈષ્ણવોનાં ભવ્ય દેવળો લૂંટી લીધાં, તોડી નાખ્યાં, ઘણી ઇમારતો બાળી મૂકી અને પુષ્કળ લૂંટ લેઇ ગીજની ગયો.

ઇ. સ. ૧૦૨૧ માં પંજાબ ખાલસા કરી બીજી વાર કાશ્મીર પર ચડયો, તેમાં પણ હાર્યો. અને ત્યાંથી કલિંજર તથા ગ્વાલીઅર જઇ ત્યાંના રાજાને નમાવ્યા.

સોમનાથ ઉપર સ્વારી:—સુલતાન મહમદની છેલ્લી ને પ્રખ્યાત સવારી સોમનાથ પાટણ પરની હતી. હિંદમાં પ્રખ્યાતિ પામેલાં બાર જ્યોતિર્લિંગમાં આ સોમનાથ પાટણનું દહેરૂં ઘણું પ્રખ્યાત હતું. ધર્માન્ધ મહમુદે એ દહેરૂં તોડી નાખવાનું ધાર્યું. જેથી ઇ. સ. ૧૦૨૪ માં મુસલમાનોનું જબરૂં લશ્કર લઇ પાટણ ઉપર ચડી આવ્યો. ઘણા રાજા રાણા તથા ઘણા કાઠી રાજાઓ અને ભીલ લોકો દેવળનું રક્ષણ કરવા આવ્યા હતા. તેઓએ ત્રણ દિવસ સુધી તો દહેરાનો બચાવ કર્યો. ત્રીજે દિવસે જબરૂં લશ્કર લેઇ ભીમદેવ વાણાવળી આવી પહોંચ્યો. તેણે બહાદુરીથી યુદ્ધ કર્યું પણ હાર્યો અને નાશી ગયો. મહા પ્રયત્ને મહમુદ શહેરમાં દાખલ થયો. અને દહેરા આગળ આવ્યો તો ત્યાં પણ દારૂણ યુદ્ધ મચ્યું. હજારો જાત્રાળુઓ અને બ્રાહ્મણોએ જીવ ખોયા. આખરે મહમુદ જીત્યો. અને દહેરામાં પેઠો, મૂર્તિનો ઠાઠ જોઇ અજાયબ પામ્યો. અને મૂર્તિ ભાગવા માંડી, મૂર્તિ ન ભાગવા માટે પૂજારી બ્રાહ્મણો વગેરેએ તેને ઘણો વિનવ્યો, અને ઘણું ધન આપવા કહ્યું. પણ મહમુદે "મૂર્તિ વેચવા કરતાં તોડવાની કીર્તિ મને બહુ ગમે છે." એમ બોલી મૂર્તિના ત્રણ કકડા કરી નાખ્યા. તેમાંનો એક મક્કે, બીજો મદીને, અને ત્રીજો ગીજની મોકલાવ્યો. મૂર્તિ ભાગતાં તેના પેટમાંથી કરોડો રૂ. નો ખજાનો મળી આવ્યો તે લઇને અણહિલપુર આવ્યો. ત્યાંની હવા તેને બહુ પસંદ પડવાથી તેણે ત્યાં થોડો વખત રહી જવાનો વિચાર કર્યો. પણ સરદારોએ તે બાબત વિરૂદ્ધ પડવાથી સિંધને માર્ગે તે પાછો ગયો. પાછા જતાં રણમાં પાણીની તંગીથી તેનાં ઘણાં માણસો તરફડી તરફડીને મરી ગયાં. ગીજની

પહોંચ્યા પછી તેણે ઇરાન જીત્યું ને ઇ. સ. ૧૦૩૦ માં ૩૩ વરસ રાજ્ય કરીને મરણ પામ્યો.

હિંદ ઉપર સવારીઓ કરવામાં મહમદની મુખ્ય મતલબ એ હતી કે " આર્ય ધર્મનાં દેવળો તોડવાં, તેમની મૂર્તિઓ ભાંગવી, નગરોને દેવળો લૂંટી ધન લઇ જવું, વગેરે હતી. ભરતખંડમાંથી લૂંટી લીધેલા ધન વડે તેણે ગીજની શહેર તવંગર બનાવી દીધું. આટલી બધી સ્વારીઓ કરી પણ તે હિંદુ ધર્મને તોડી શકયો નહિં.

ઘોરી રાજ્ય.

મહમુદના રાજ્યની પડતી—મહમુદ ગીજનીના મુઆ પછી તેની પાછળ સુબા, અને હાકેમો પણ પોત પોતાના પ્રાંતો બથાવી પડયા. ઈ. સ. ૧૧૧૮ માં બહેરામ નામનો સુબેદાર ગાદીએ બેઠો. તેને ઘોર પ્રાંતના સુલતાન અલાઉદ્દીન ઘોરીએ હરાવી નસાડયો. ને સાત દિવસ સુધી આગ લગાડી ગીજની બાળી મૂકયું. જેથી તે અલાઉદ્દીન દુનિયાં બાળનારો કહેવાયો. ગીજનીના આવા માઠા સમાચાર સાંભળીને બહેરામ પાછો આવતાં ,માર્ગમાંજ ઇ. સ. ૧૧૫૨ માં મુઓ. ને તેનો દીકરો ખુશરૂ લાહોરમાં જઇ રાજ્ય ચલાવવા લાગ્યો. તે પણ ૭ વરસ રાજ્ય ચલાવી ઇ. સ. ૧૧૫૯ માં મુઓ તે પછી તેનો દીકરો ખુશરૂ મલેક બેઠો તેને પણ ઇ. સ. ૧૧૮૬માં ગોરી વંશના સુલતાને જીતી લેઇ, ગીજની વંશનો અંત આણ્યો તે ઘોરી વંશ સ્થાપન થયો.

શાહબુદ્દીન ઘોરી—ગીજનીમાં ઘોરી વંશની સ્થાપના અલાઉદીને કરી. તેના મરણ પછી તેનો ભત્રીજો ગ્યાસુદીન ગાદીએ બેઠો તેને મહમદ ઉર્ફે શાહબુદીન ઘોરી નામે એક ભાઇ હતો. આ

બે બાઇઓ વચ્ચેનો સંપ સારો હતો. ગ્યાસુદીન રાજ્ય ચલાવતો, ને શાહબુદીન લડાઇઓ ચલાવતો. લડાઇઓ કરવામાં તેની ઇચ્છા મુલક જીતવાની હતી. તેણે હિંદ ઉપર નવ સવારીઓ કરીને ઘણો મુલક મેળવ્યો. આ વખતને તથા મહમદ ગીજનીની સવારીઓની વચમાં ૨૦૦ વરસનું અંતર પડયું હતું. તે દરમ્યાન જો હિંદુ રાજાઓએ એક સંપ થઇ પ્રયત્ન કર્યો હોત તો હિંદમાંથી તેઓ મુસલમાનનું જડામૂળ કાઢી નાખત. પણ તેઓ એક સંપી થવાને બદલે સામસામે લડીને કુસંપી બન્યા.

શાહબુદીનની અજમેર ઉપર સવારી—શાહબુદીને પહેલી સવારી ગુજરાતપર કરી પણ તેને ભોળા ભીમદેવે હરાવ્યો. પછી અજમેરના રાજા સોમેશ્વર ઉપર સવારી કરી, તેમાં પણ હાર્યો. પછી પંજાબ જીતી લેઇ, સીધ ઉપર સવારી કરી તેમાં પણ હારી ગયો.

શાહબુદીનની સવારી દીલ્હીપર—પછી ઇ. સ. ૧૧૯૧ માં તે જબરૂં લશ્કર લેઇ દિલ્હી ઉપર ચડયો. તે વખતે ત્યાં સોમેશ્વરનો પરાક્રમી પુત્ર પૃથુરાજ ચોહાણ રાજા હતો. તે બહુ બહાદુરને પરાક્રમી હતો. તેને સોળ બળવાન પટાવત હતા. ચંદબારોટ નામનો એક જબરો ભાટ કવી યોધ્ધો તેનો ખાસ મિત્ર હતો. શાહબુદીન સાથે પૃથુરાજને પાણીપત્તના મેદાનમાં લડાઇ થઇ તેમાં શાહબુદીનને સજ્જડ હાર ખવરાવી. શાહબુદીન હાર્યો, ઘવાયો ને નાસીપાસ થઇ પાછો ફર્યો.

આવી રીતે શાહબુદીન ત્રણ વખત હાર્યો, પણ હિંમત રાખી ફરીથી બળવાન લશ્કર લેઇ ચડી આવ્યો. આ વખતે પૃથુરાજ પણ કનોજના રાજા જયચંદ અને ગુજરાતના રાજા ભીમદેવ સાથે

સડી નબળો પડયો હતો, તેના પટાવતોમાં કુસંપ ને ફાટફુટ થઇ હતી, કેટલાકને તેણે મારી પણ નાખ્યા હતા. અને કેટલાક ઉપરની લડાઇઓમાં ખપ લાગી ગયા હતા. અધુરામાં પૂરૂં પૃથુરાજ મોજ વિલાસમાં પડયો હતો. ઘોરી શાહ છેલ્લીવાર દિલ્હી ઉપર ચડી આવ્યો. રાજપૂતોને દગા ફટકાથી ભુલ ભૂલામણીમાં નાખી અણધાર્યો હુમલો કર્યો. તેમાં રજપૂત સૈન્યા હારી, રાણા સમરસીંહ મરાયો ને પૃથુરાજ કેદ પકડાયો શાહબુદીને જંગલી રીત પ્રમાણે તેને મારી નાખ્યો. ને દિલ્હીના રજપૂત રાજ્યનો અંત આવ્યો.

દિલ્હીમાં મુસલમાની રાજ્ય થયું. સરદાર કુતબુદીનને દીલ્હીનો સુબો બનાવી શાહબુદીન અજમેર ગયો. ને ત્યાં પૃથુરાજના અનૌરસ પુત્રને નીમી ગીજની ગયો.

કનોજના રાજ્યનો અંત—કનોજના રાજા જયચંદ્ર રાઠોડે પૃથુરાજપરના વેરનો બદલો વાળવા તેણેજ શાહબુદીનને બોલાવેલો હતો તેનું ફળ તેને પણ ચાખવું પડયું. દિલ્હી જીતી લેઇને ઘોરી શાહે બીજેજ વરસે ઘરબોળુ જયચંદ્રના કનોજને ઘેરો ઘાલ્યો. ફળપાંગળો જયચંદ્ર હાર્યો. કનોજમાં મુસલમાની અમલ થયો. પણ રજપૂતો કબજે ન થતાં મારવાડમાં નાસી આવ્યા અને જોધપુરમાં રાઠોડ રાજ્યની સ્થાપના કરી ત્યાં રહ્યા.

શાહબુદીન ગાદીએ બેઠો—કનોજ જીતી લેઇ, તે કાશીએ ગયો ત્યાં ઘણાં દેવળો તોડયાં ને મૂર્તિઓ ભાગી નાખી. તેવામાં ગ્યાસુદીન મરી જવાથી પોતે ગીજની ગયો ને ઇ. સ. ૧૨૦૨ માં ભાઇની ગાદીએ બેઠો.

શાહબુદ્દીને મેવાડ, મારવાડ તથા ગુજરાત બાદ કરતાં ઉત્તર હિંદ આખો કબજે કર્યો હતો. ઇ. સ. ૧૧૦૬ માં પંજાબમાં ગકકર જાતના જંગલી પહાડી લોકોએ બળવો કર્યો તે સમાવવાને તે હિંદમાં આવ્યો ત્યાંથી પાછા આવતાં કોઈ ગકકર સરદારે તેને મારી નાંખ્યો.

જેવી જંગલી રીતથી તેણે પૃથુરાજને માર્યો, તેવાજ જંગલી માણસના હાથે તે પણ મુઓ.

ઘોરી રાજ્યનો અંત--શાહબુદ્દીન મુઆપછી તેનો ભત્રીજો ગાદીએ બેઠો પણ તેનાથી આ જબરૂં રાજ્ય જાળવી શકાયું નહિ. જેથી તેણે કુતબુદ્દીનને જ ભરતખંડના રાજાનો ખીતાબ મોકલી આપ્યો. અને ઇ. સ. ૧૨૧૫ માં ઘોરી રાજ્યની આખર આવી.

કુતબુદ્દીન--શાહબુદ્દીનના ગયા પછી કુતબુદ્દીન અને બખ્તીઆર ખીલજીએ ભરતખંડના કેટલાક પ્રાંત જીત્યા. ઇ. સ. ૧૧૯૫ માં અજમેર જીતીને કુતબુદ્દીન ગુજરાત પર ચઢયો, રાજા ભીમદેવ ડુંગરામાં સંતાયો, અને કુતબુદ્દીનને અચાનક દીલ્હી પાછું ફરવું પડયું જેથી ગુજરાત જીતી શકયો નહિં, તે પછી ગ્વાલીઅરના કિલ્લાને લાંબી મુદત ઘેરો ઘાલ્યો અને કબજે કર્યો.

બખ્તીઆર ખીલજી--તેણે બહારને અયોધ્યા ઇ. સ. ૧૧૯૯ માં જીતી લેઇ બંગાળા પર ચઢાઇ કરી, ત્યાંનો રાજા લક્ષ્મણસેન ઓચિંતો હુમલો આવવાથી જગન્નાથપુરીમાં નાસી ગયો, ત્યાં તેણે ઇશ્વર ભક્તિમાં આયુષ્ય ગાળ્યું અને બંગાળામાં પણ મુસલમાની મૂળ નાંખ્યું.

નાસરૂદ્દીન--ઘોરીશાહનો ભત્રીજો સરદાર નાસરૂદ્દીન હતો. તે સિંધનો સુબો હતો, મહમદ ઘોરીના મરણ બાદ આ ત્રણે સર-

દારો સ્વતંત્ર થયા. તેમાં કુતબુદીનની સ્વતંત્રતા કબુલ રાખવાથી દિલ્હીમાં મુસલમાની પાયતખ્ત થયું.

ભરતખંડમાં મુસલમાની રાજ્ય થયું ત્યારના આર્યોની સ્થિતિ.

રાજપૂત રાજ્યો—શાહબુદીનની સવારીઓ વખતે હિંદમાં નીચે મુજબનાં રજપૂત રાજ્યો હતાં. (૧) દીલ્હીમાં અનંગપાળ તુંવારનું (૨) કનોજમાં જયચંદ્ર રાઠોડનું. (૩) ગુજરાતમાં ભોળા ભીમનું (૩) અજમેરમાં સોમેશ્વર ચૌહાણનું. (૫) મેવાડમાં રાણા સમરસીંહનું. આ પાંચ રાજ્યો મહા સમર્થ હતાં. તે ઉપરાંત કાશી, કલીંજર માળવા, ગ્વાલીઅર વીગેરે બીજાં પણ નાનકડાં રાજ્યો હતાં. આ રાજાઓમાં કુસંપે ઘર ઘાલેલું હતું તેથી જ ઘોરી શાહ ફાવી ગયો ને દીલ્હીમાં મુસલમાન અમલ થયો.

પૃથુરાજ અને જયચંદ્ર વચ્ચે વેર—(૧) દીલ્હીનો રાજા અનંગપાળ અપુત્ર હતો. તેને બે પુત્રીઓ હતી, તેમાંની એકનો પૃથુરાજ, અને બીજીનો જયચંદ્ર એ બે કુમાર હતા, દીલ્હીના રાજ્યની મજબુતી જાળવી રાખવા અનંગપાળે આ બે ભાઈઓ ને તેના બે ભાગ પાડી આપ્યા નહિં. પરંતુ બેમાંથી નાના પૃથુરાજ ને આખું દીલ્હીનું રાજ્ય આપ્યું—આથી જયચંદ્રને દ્વેષનું કારણ મળ્યું અને બન્ને માસીના દીકરા ભાઇ મટી પક્કા શત્રુ થયા.

(૨) આખા હિંદમાં કનોજનો રાજા જયચંદ્ર બળવાન ગણાતો. જેથી તેણે રાજસુયજ્ઞ કર્યો. આ યજ્ઞ પાંડવોએજ કર્યો

હતો તે પછી જયચંદ્રે આરંભ્યો. ઘણાઓએ તેને તેમ કરતાં અટકાવ્યો પણ તે ન માનતાં યજ્ઞનાં આમંત્રણ રાજાઓને મોકલ્યાં. આ વખતે તેની કુંવરી સંયોગતાનો સ્વયંવર પણ થવાનો હતો. જેથી કુંવરી પરણવાની આશાએ પણ ઘણા રાજાઓને ભેગા થયા. પણ પૃથુરાજ તો ગયો જ નહિં. આવેલા રાજાઓને યોગ્યતા પ્રમાણે કામ સોંપેલું, તે મુજબ પૃથુરાજને દ્વારપાળનું કામ સોંપેલું પરંતુ તે ગયો નહિં જેથી તેની જગાએ પુતળું બનાવી મુકયું. પછી સંયોગતાને સ્વયંવર મંડપમાં બોલાવી વરની પસંદગી કરવાનું કહેતાં તેણે એકદમ પૃથુરાજના પુતળાને વરમાળા પહેરાવી. આ ખબર સાંભળીને પૃથુરાજ આવી સંયોગતાને લઇ ગયો. આથી બે બાઇઓના વેરમાં વધારો થયો.

પૃથુરાજને ભોળા ભીમ વચ્ચે શત્રુતા—આબુના રાજા જેતસી પરમારની કુંવરી ઇચ્છન કુમારી સાથે પૃથુરાજનું સગપણ થયેલું છતાં ભોળા ભીમદેવે પરમાર પાસે તે કન્યા માગી, તેથી આબુ પતિએ તેને અજમેર સોમેશ્વર પાસે મોકલાવી, ભીમને સાફ ના પાડી. ભીમદેવ આબુ ઉપર ચડયો જેતસી પરમારને હરાવી, અજમેર ગયો ને ત્યાંના રાજા સોમેશ્વરને મારી નાખી પાછો આવ્યો.

પોતાનું વેર લેવા પૃથ્વીરાજ ગુજરાત પર ચડી આવ્યો ભીમદેવને હરાવી નસાડયો અને દીલ્હી પાછો આવ્યો

ઘોરી શાહને ફત્તેહ મળી—આવાં આવાં રાજ્યલોભ, અને કન્યા લોભનાં કારણોથી રાજપૂત રાજાઓ અરસ્પરસ લડીને નબળા પડયા તો પછી વિદેશીઓને અટકાવવાની વાત કયાં રહી ? આ વખતે તો તેમણે લાહોરના રાજા અનંગપાળની માફક સંપ કરી

હિંદમાંથી વિદેશીય પ્રજાને હાંકી કાઢવાની હતી. છતાં પણ રજપુતો ચેત્યાજ નહિં, એક બીજાને મદદ કરી નહિં, એટલું જ નહિ પણ રાજદ્રોહી જયચંદ્રે જ પૃથુરાજને શાસન આપવા ઘોરી શાહને બોલાવી, પોતાના દેશનું, રાજ્યનું અને પોતાનું નિકંદન આણ્યું. જ્યારે આજ રજપૂતોના વડીલોમાં સંપ હતો ત્યારે આનો આજ શાહબુદીન ભીમદેવનો, સોમેશ્વરનો, પૃથુરાજનો, અને બીજા રાજાઓનો માર ખાઇને પાછો ગયો હતો. પરંતુ સંપ તુટયો ને કુસંપ વધ્યો તો નિર્બળ શત્રુ પણ ફાવી ગયો, અને હિંદમાં મુસલમાની અમલ જામી ગયો.

ગુલામ વંશ.

કુતુબુદ્દીન—શાહબુદીનના મરણ પછી તેના ત્રણ સરદારો પૈકીનો કુતબુદીન દીલ્હીમાં રહ્યો. ને પાદશાહપદ ધારણ કર્યું. તેણે દીલ્હીની નજીક કુતુબમિનારો બંધાવેલો છે, દુનિયાંના બધા મિનારાઓમાં તે ઉંચો છે. કુતુબુદાન ગુલામ હતો. જેથી તેની પછીના બાદશાહ ગુલામ વંશીય કહેવાયા. કુતબુદાન નીતિ ને સદાચરણથી ચાર વરસ રાજ ચલાવી ઇ. સ. ૧૨૧૦ માં મરણ પામ્યો. એટલે તેનો છોકરો આરામ પાદશાહ થયો. પણ તે દમવગરનો હોવાથી તેને મારી નાખી તેનો બનેવી અલ્તમશ ગાદીએ બેઠો.

અલ્તમશ—ના વખતમાં ગીજનીનો પાદશાહ પોતાનું રાજ્ય પાછું જીતી લેવા દીલ્હી પર આવ્યો. પણ અલ્તમશની હારખાઇને પાછો ગયો. અલ્તમશે પંજાબને બંગાળાના સુબાને હરાવી તે રાજ્યો ખાલસા કર્યાં. એના વખતમાં જંઘિસખાં નામનો ઘાતકી મોગલ બાદશાહ ખીવાના શાહજાદાની પૂંઠે પડેલો તે સિંધુ નદીથી પાછો વળી ગયો.

અલ્તમશે માળવાનું રાજ્ય જીતી લીધું અને કુતબુદીને અધુરો મુકેલો કુતુબમિનારો પૂરો કરાવીને ઇ. સ. ૧૨૩૬ માં મરણ પામ્યો.

રજીયાબેગમ—અલ્તમશ પછી તેનો દીકરો ગાદીએ બેઠો પણ તે ખરાબ હોવાથી અમીરોએ તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકી ને તેની બેન રજીઆ બેગમને ગાદીએ બેસાડી મુસલમાનની ગાદી ઉપર સ્ત્રી રાજ્યકર્તા તરીકે એ એકજ થઇ ગઇ છે. તે લડાઇમાં ઘણી બહાદુર, અને રાજકાજમાં ઘણી ચાલાક હતી પણ પાછળથી એક હબસી ગુલામ સાથે પ્યારમાં પડવાથી રાજ્યના પઠાણ સરદારોએ તેને ઇ.સ. ૧૨૩૯ માં મારી નાખી અને અલ્તમશના બીજા છોકરા બહેરામને ગાદી આપી પણ તે બે વરસમાં મરાવાથી ઇ.સ.૧૨૪૧ માં તેનો ભત્રીજો મસાઉદ પાદશાહ થયો અને સરદારો એ તેને પણ મારી નાખી તેના કાકા નાસરૂદીનને ઇ.સ.૧૨૪૬ માં ગાદી આપી.

નાસરૂદીન—આ રાજા બહુ ભલો અને સદ્‌ગુણી તથા વૈરાગ્યવૃત્તિવાળો હતો પોતાનું ખાધાખરચ પુસ્તકો રચી તેના ઉપજેલા પૈસામાંથી કાઢતો અને પોતાની બેગમના હાથનું જ રાંધેલું જમતો પોતાનો તમામ વખત ખુદાની બંદગી તથા પુસ્તકો લખવામાં ગુમાવતો ને રાજ કારભાર તો ' બલબન નામનો એક વિશ્વાસુ વજીર ચલાવતો તેના વખતમાં સિંધ, મેવાડ, ચંદેરી અને બુંદેલખંડના રાજાઓ એ બળવા કર્યા તે બલબને સમાવ્યા. અને મોગલ સુલતાન હોલા કુખાંના તરફથી વકીલ આવ્યો હતો તેને પાદશાહે બહુ માન આપ્યું આ રાજા ઇ. સ. ૧૨૬૬ માં અપુત્ર મરવાથી બલબન તેની ગાદીએ બેઠો.

બલબન—એ અલ્તમશનો ગુલામ હતો પોતાની ચાલાકી અને બહાદુરીથી તે બાદશાહ થયો હતો આ વખતે ઉમરાવો એટલા બધા તોફાની થઇ ગયા હતા કે ' મરજીમાં આવે તેને ગાદીએ બેસાડતા અને ઉઠાડતા. ' ઉમરાવોની આ સત્તા નિર્મૂળ કરી ને બંડખોર તથા ગુનેગારો પર જુલમ ગુજારી રાજ્યનો બંદોબસ્ત કર્યો દીલ્હીની દક્ષિણે મેવા ડપ્રાંતના બંડખોરોનો તેણે નાશ કર્યો. અને જંગલો કપાવી નાખી વસ્તી થવા લાયક સપાટ મુલક બનાવ્યો તેના વખતમાં બંગાળાના સુબા તોગ્રલબેગે બળવો કર્યો તે સમાવવા તેણે એક સરદારને મોકલ્યો પણ તે હારીને પાછો આવવાથી બલબન જાતે ચડયો, તોગ્રલબેગને માર્યો. તથા હારીને આવનાર સરદારને ફાંસી દીધી ને બંગાળામાં પોતાના દીકરા બકરાખાંને સૂબો ઠરાવ્યો. પંજાબનો સૂબો શેરખાં મરી જવાથી તેની સુબાગીરી પોતાના દીકરા મહમદને આપી. આ મહમદ પંજાબ પર આવેલી મોગલની ધાડ સામે લડવા ગયો ત્યાં મરણ પામ્યો એ શોકથી ૮૦ વરસના બલબન પાદશાહે ઇ.સ.૧૨૮૭ માં પ્રાણ મૂકયો.

કૈકુબાદ—બલબને પોતાના મરણ વખતે મહમદના દીકરા ખુશરૂને રાજ્ય આપવા ઠરાવ કર્યો હતો, પણ સરદારોએ તો બકરાખાંના દીકરા કૈકુબાદને ગાદી આપી. કૈકુબાદ ખરાબ આચરણમાં પડવાથી તેનો બધો કારભાર નાજીમુદીન નામે વજીર કરતો. આ વજીરે મુસલમાન ધર્મ નહિં સ્વીકાર નાર મોગલોને કાપી નાખ્યાં ને પાદશાહ તથા તેના બાપ વચ્ચે વેર કરાવ્યું પણ ચતુર બકરાખાંએ કૈકુબાદને મળી જઇ નાજીમુદીનને મારી નાંખ્યો ને જલાલુદીન નામે વજીરને નીમ્યો તે પછી કૈકુબાદ વધારે બદ ફેલીમાં

પડવાથી આ નવા વજીરે તેને મારી નાંખ્યો. ને પોતે પાદશાહ થયો. ઇ. સ. ૧૨૯૦.

ખીલજી વંશ.

જલાલુદીન--ખીલજી પઠાણ હતો જેથી તેના વંશજો ખીલજીવંશના કહેવાયા. ગાદીએ બેઠા પછી તે બહુ દયાળુ બની ગયો. દયાને લીધે તે ગુન્હેગારોને પણ છોડી મુકતો જેથી તેના રાજ્યમાં ખુન, લુંટ, ચોરી વગેરે અવ્યવસ્થા વધી પડી. બલબનનો ભત્રીજો કરા ગામનો સુબો હતો તેણે બંડ કર્યું તો તેને હરાવી મુલતાનનો સુબો બનાવ્યો તેના વખતમાં મોગલો પંજાબપર ચઢી આવ્યા તેમને હરાવ્યા પણ તેઓ પર સખ્તાઇ ન રાખતાં સલાહ કરી. ૩૦૦૦ મુગલો તેની નોકરીમાં રહ્યા, મુસલમાન થયા, અને તેમને રહેવાને માટે દીલ્હીમાં જગા આપી, તે મોગલપરાને નામે હજી પણ ઓળખાય છે. આ પાદશાહનો ભત્રીજો અલાઉદ્દીન કરા ગામનો સુબો હતો તે બહાદુર, ક્રૂરને જુલ્મી હતો તેણે દક્ષિણ મહારાષ્ટ્રની રાજધાની દેવગીરી પર છાપો મારી, રજપૂતો ને દગા ફટકાથી હરાવ્યા, ને પુષ્કળ લુંટ લઇ પાછો વળ્યો કરા ગામ આગળ તેનો કાકો જલાલુદીન તેને મળવા આવ્યો. રાજ્ય લોભથી ખુની અલાઉદ્દીને તેને મારી નાંખ્યો અને દેવગીરીથી આણેલી લુંટ સરદારોને ખુલ્લે હાથે વહેંચી દેઇ કાકાની ગાદી ઉપર ચઢી બેઠો અને ગાદીનો દાવો કરનાર બધાંને મારી નાખ્યા.

અલાઉદ્દીન ખીલજી વંશના પઠાણ બાદશાહોના વખતમાં જેનું બળ હોય તે સામાને મારી નાખી ગાદી મળવે. ખંડીઆ રાજા અને મુસલાન સુબાઓના વારંવાર બળવા થતા, મોગલો સવારી

ઓ કરતા અને રાજપૂત રાજ્યો સ્વતંત્ર થતાં જતાં આ બધા કારણોને લીધે રૈયત પાયમાલ થતી જતી અલાઉદ્દીનના વખતમાં મુખ્ય ૭ બનાવ બનાવ બન્યા છે (૧) ગુજરાતની જીત. (૨) રણથંભોરની જીત. (૩) ચિતોડની જીત. (૪) દક્ષિણની જીત. અને (૫) મોગલોની કતલ તથા (૬) રાજપુતોના બળવા.

(૧) **ગુજરાતની જીત ઇ.સ.** ૧૨૯૭માં અલાઉદ્દીને પોતાના ભાઇ અલફખાંન તથા મલેક કાફુરને મોકલી ગુજરાતના છેલ્લા રાજા કરણ ઘેલાને હરાવી નસાડયો અને ગુજરાતમાં મુસલમાની રાજ્યની સ્થાપના કરી ઇ. સ. ૧૨૯૮ માં મોગલ સરદાર તઘલખખાંને હરાવવા જનાર પોતાના સરદાર જાફરખાંની મદદે બીજી ફોજ ન મોકલતાં તેને તઘલખને હાથે મરવા દીધો.

(૨) **રણથંભોરની જીત** ઇ. સ. ૧૩૦૦ માં અલાઉદ્દીને રણથંભોરનો મજબુત કિલ્લો જીતી લીધો અને તેના ત્રણ ભત્રીજાઓ સામા થયા તેમને મારી નાખ્યા.

(૩) **ચિતોડની જીત**– ઇ. સ. ૧૩૦૩ માં ચિતોડ ઉપર સવારી કરી દગા ફટકાથી તે જીતી લીધું પણ ત્યાંના સિસોદીઆ તાબે ન થયા ને થોડી મુદતમાં રાણા હમીરે ચિતોડ પાછું જીતી લીધું.

દક્ષિણ ઉપર જીત––ઇ. સ. ૧૩૦૬ માં મલેક કાફુરને લશ્કર આપી દક્ષિણ જીતવા મોકલ્યો. તેણે દેવગીરી જીતી લીધું ને તે તથા વરંગુળ જીતી લેઇ બંન્ને ખંડીયાં બનાવ્યાં, ત્યાર પછી ૧૩૦૯ થી ૧૩૧૨ સુધીમાં કર્ણાટક, મહારાષ્ટ્ર, મહીસુર, મલબાર સુધીનો પ્રદેશ જીતી લેઇ સેતુબંધ રામેશ્વરમાં મસીદ ચણાવી. અને આખા દક્ષિણમાં અલાઉદ્દીનની આણ ફેરવી.

મોગલોની કતલ.—જલાલુદીન પાદશાહના વખતમાં નોકરીએ રહેલા મોગલો ત્રણ હજાર હતા તે ઘણા વધી પડયા. અને વધારે બળવાન થવાથી તેમણે બળવો જગાવ્યો જેથી અલાઉદીને પંદર હજાર મોગલો ને કાપી નંખાવ્યા.

રજપૂતોના બળવા—અલાઉદ્દીનના વખતમાં તુર્ક, પઠાણ અને મોગલોની લસ્કરમાં ભરતી થતાં તે દક્ષિણ હિંદ જીતી શકયો પરંતુ રાજપૂતોને કબજે કરી શકયો નહોતો. ગુજરાતના રાજપુતોએ બંડ કર્યું, ચીતોડના રાણા હમીરે ચીતોડ પાછું લીધું, અને દક્ષિણમાં રામદેવના જમાઇ હરપાળે બંડ કરીને મુસલમાન કિલ્લેદારોને કાઢી મુકયા.

અલાઉદ્દીનનું ખુન--દીલ્હીમાં અલાઉદીનને દારૂનું વ્યસન લાગ્યું ને તેણે પોતાના ભાઇ અલેફખાં તથા વજીરને મારી નંખાવ્યા જેથી મલેક કાફુરે તેને ૧૩૧૫ માં ઝેર દઇને મારી નાખ્યો—

મુબારક--અલાઉદીનને મારી નાખી તેના દીકરા ઉમરને કાફુરે ગાદીએ બેસાડયો ને ઉમરના બે ભાઇઓની આંખો ફોડી નાખી, ત્રીજા મુબારકને મારવાને મારા મોકલ્યા. પણ મુબારક મારાઓને ખૂબ દ્રવ્ય આપી બચી ગયો આ વાત ઉમરાવોના જાણવામાં આવતાં તેમણે કાફુરને મારી નાખી, મુબારકને ગાદી આપી મુબારક ઘણો જુલમી અને રંડીબાજ નીવડયો. તેણે મહારાષ્ટ્રના રાજા હરપાળની જીવતાં ચામડી ઉતરાવી નંખાવી, અને ખુશરૂખાં નામે એક ઢેડ મુસલમાન થયો હતો તેને રાજકારભાર સોંપી પોતે રંડીબાજીમાં પડયો. એટલે ખુશરૂ તેને મારી નાખીને ગાદીએ ચડી બેઠો.

ખુશરૂ—ખુશરૂએ ખીલજીવંશનાં તમામ રાજવંશીઓને મારી નાખ્યાં અને પોતે ખરા ભાવથી નહિં પરંતુ જબરજસ્તીથી મુસલમાન થયો હતો જેથી તેણે મસીદોમાં મૂર્તિઓ ગોઠવી અને કુરાન ઉપર બેસવા લાગ્યો દિલ્હીમાં તેણે દેશી રાજ્ય સ્થાપવા પ્રયત્ન કર્યો. પરંતુ તે ઢેડો હોવાથી રાજપૂતોએ તેને મદદ કરી નહિં. એવામાં પંજાબના સુબા ગાજીખાંતઘલખે ખુશરૂને મારી નાખ્યો. અને ખીલજી વંશની આખર આણી. ઇ. સ. ૧૩૨૦ માં દીલ્હી કબજે કર્યું.

તઘલખવંશ.

ગ્યાસુદીન—એનું બીજું નામ ગાજીખાં હતું. દીલ્હી કબજે કર્યા પછી તેણે દરબાર ભરી બધા લોકોને કહ્યું કે:—પાદશાહી કુટુંબમાંથી તમને જે યોગ્ય લાગે તેને ગાદીએ બેસાડો. ત્યારે બધાએ એકકે અવાજે તેને જ ગાદીએ બેસવાને વિનવ્યું. જેથી તે પોતે દીલ્હીનો પાદશાહ થયો. બંગાળામાં બકારાખાં સ્વતંત્રપણે અમલ કરતો તેને પાદશાહે જાતે જઇને સમજાવ્યો ને તેની જગાએ કાયમ કર્યો. અને સોનારગામ (ઢાકા) નો બંદોબસ્ત કરી પાછો આવ્યો તેનો દીકરો મહમદ તેલંગણ જીતીને આવ્યો ત્યારે મુલાકાત લેવા ગયો ત્યા માંડવો તુટી પડવાથી તેની નીચે કચરાઇને મરણ પામ્યો. તેથી ઇ. સ. ૧૩૨૫ માં તેનો દીકરો મહમદ ગાદીએ બેઠો.

મહમદ ગાંડો—આ પાદશાહ વિદ્વાન, અને શૂરો છતાં અવિચારી અને ગાંડો હતો. તેના વખતમાં પંજાબ તથા સિંધ પર મોગલો ચઢી આવેલા તેમને તેણે હરાવ્યા. અને મહારાષ્ટ્ર તથા તેલંગણનાં રાજ્યો જીત્યાથી એના રાજ્યની હદ વધારે થઇ હતી.

પણ તેના અવિચારીપણાથી તથા ક્રુરપણાથી હિંદુ મુસલમાનોએ બળવા કર્યા. તેણે માણસોનો શિકાર કરવાની યુક્તિ એવી રચી કે લશ્કર વડે ગોળ ચક્રાવો ઘેરી તે નાનો કરતાં છેવટે તેમાં જે માણસો ઘેરાય તેમનો શિકાર કરવો. આવી ક્રુરતાથી કનોજ અને બીજાં શહેરો તેણે ઉજ્જડ કર્યાં.

સ્વતંત્ર રાજ્યોની સ્થાપના—(૧) ઇ. સ. ૧૩૩૯ માં બંગાળામાં બળવો કરી ફકરૂદીન નામના સરદારે સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. (૨) કર્ણાટકના બલ્લાળ રાજાએ તુંગભદ્રાને કાંઠે વિજયનગરમાં ભારે રાજ્ય સ્થાપ્યું. (૩) તૈલંગણના રાજાએ વરંગુળમાંથી મુસલમાન લશ્કરને હાંકી કાઢી ફરીથી રજપુત રાજ્ય સ્થાપ્યું. (૪) દિલ્હીમાં ગંગુ નામના બ્રાહ્મણને ત્યાં જાફરખાં કરીને એક ગુલામ હતો ગંગુએ તેનો હાથ જોઇ કહ્યું કે તું પાદશાહ થઇશ. એમ કહી તેને છોડી મૂક્યો. તે જાફરખાંએ ઇ. સ. ૩૪૭ માં ગુલબર્ગમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને ગંગુને જામદાર ખાનનો ઉપરી બનાવ્યો. (૫) ગુજરાત અને માળવાનાં બંડ સમાવવા મહમદ ગુજરાતમાં આવ્યો ને સુરત તથા ખંભાત લૂંટી બળવાખોરોને ગોંડળ પાસે હરાવ્યા. પણ ત્યાંથી તેઓ સિંધમાં નાસી ગયા. એટલે પાદશાહે તેમની પુંઠ પકડી સીંધમાં ગયો ને ત્યાં ઠઠ્ઠામાં માંદો પડી મરી ગયો. ઇ. સ. ૧૩૫૧.

મહમદ તઘલખનાં ગાંડાઇનાં કામો—(૧) ઇરાન તથા ચીન જીતવા ૧ લાખ માણસનું સૈન્ય મોકલ્યું. પણ ચીનાઓએ તેની ભારે ખુવારી કરી. (૨) મોગલો ચડી આવતા તેમને ઘણો ખજાનો આપી દીધો (૩) ખજાનો ખાલી થવાથી ઇરાન મોકલેલી

ફોજનો પગાર આપ્યો નહિં. જેથી તે ફોજે દેશમાં લૂંટફાટ કરીને રૈયતનું સત્યાનાશ વાળ્યું. (૪) ખાલી થયેલો ખજાનો ભરવાને દસ વીસગણા કર વધાર્યા. જેથી ખેડુત જમીન પડતી મુકીને નાઠા. અને છતા વરસાદે દેશમાં દુકાળ પડયો (૫) રૂપાને બદલે પિત્તળના સિક્કા ચલાવ્યા તે પરદેશમાં નહિં ચાલવાથી વેપારીઓ ભાગી પડયા. (૬) પોતાનો એક દાંત પડી ગયો તેના ઉપર પુષ્કળ પૈસા ખરચીને કબર બંધાવી. (૭) દેવગીરીની હવા પસંદ પડવાથી તેને દોલતાબાદ નામ આપી દિલ્હીની રૈયતને ત્યાં રહેવા જવા અને રાજધાની ત્યાં કરવાની ફરજ પાડી. જેથી ઘણાં માણસોની ખુવારી થઇ.

ફીરોજશાહ--મહમદની પછી તેનો ભત્રીજો ફીરોજશાહ ગાદીએ બેઠો તેણે સીંધનો બળવો સમાવ્યો પણ બંગાળા તથા દક્ષિણના બ્રાહ્મણી રાજ્યની સ્વતંત્રતા કબુલ રાખવી પડી. અને ઇ. સ. ૧૩૭૨ માં ગુજરાતમાં બંડ થયું તે સમાવી શકયો નહિં. ફીરોજશાહ ભોળો અને દયાળુ હતો. તેણે લોકોપયોગી કામો ઘણાં કર્યા છે (૧) તેલંગણના વજીરોની સલાહથી ખેડુતો ઉપરના કર ઓછા કરી નાખ્યા. અને ખેડુતો ઉપર થતો જુલમ અટકાવ્યો (૨) રીબાવી રીબાવીને મારવાની, નાક કાન કાપવાની, અને દેહાંત દંડ કરવાની શિક્ષા કમી કરી (૩) ખેતીના ઉપયોગને માટે નહેરો બંધાવી, અને તલાવ કુવા ખોદાવ્યાં તેણે જમના અને સતલજ વચ્ચેની બંધાવેલી નહેર હજી પણ કાયમ છે. ને તેથી આજ પણ સરકારને ઘણો ફાયદો થાય છે (૪) મુસાફરોને માટે ધર્મશાળા તથા પૂલો, નિશાળો, દવાખાનાં વગેરે બંધાવ્યાં. વળી સડકો, અને હમામખાનાં બંધાવી લોકોને પૂરતી સગવડ કરી આપી. આ દયાળુને ભલો પાદશાહ ઇ. સ. ૧૩૮૮ માં ૯૦ વરસની વયે મરણ પામ્યો.

મહમદ—ઇ. સ. ૧૩૮૮ માં ફીરોજશાહ મુઆ પછી. ગ્યાસુદ્દીન અબુબક્કર, અને નાસરૂદીન એ ત્રણ બાદશાહો થયા પછી ઇ. સ. ૧૩૯૪ માં નાસરૂદીનનો બાહ મહમદ ગાદીએ બેઠો મહમદ નાની ઉમરનો હોવાથી તેના રાજ્યમાં અવ્યવસ્થા ચાલી અને ગુજરાત, જુવાનપુર, માળવા, અને ખાનદેશમાં સ્વતંત્ર રાજ્યો થયાં.

તૈમુરની સવારી—વળી અધુરામાં પુરૂં તેના વખતમાં તાતાર દેશનો મોગલ પાદશાહ તૈમુર હિંદુસ્તાન ઉપર ચડી આવ્યો. તેથી મહમુદ નાસીને ગુજરાતમાં ભરાયો. તૈમુરે દીલ્હી શહેર જીત્યું, લૂટ્યું, બાળ્યું, અને પાંચ દિવસ સુધી કતલ ચલાવ્યાને લૂંટ ફાટ કરતાં થાકયો ત્યારે જંપ્યો. દીલ્હીની પૂરેપૂરી ખુવારી કરી અખૂટ લૂંટ લેઇને પાછો જતી વખતે પોતાના તરફથી ખીજરખાં નામે સુબો મુકતો ગયો. તૈમુરના ગયા પછી મહમુદ દિલ્હીમાં પાછો આવ્યો, અને જીવતાં સુધી રાજ્ય કરી ઇ. સ. ૧૪૧૨ માં મરી ગયો. તેની પછી દોલતખાં લોદીએ પંદર માસ સુધી રાજ્ય કર્યું, અંતે ખીજરખાંએ તેને કાઢી મુકી ઇ. સ. ૧૪૧૪ માં પોતેજ દીલ્હીની ગાદી ઉપર ચડી બેઠો.

સૈયદ તથા લોદી વંશ.

ખીજરખાં—સૈયદવંશી કહેવાય છે. તે હજરત મહમદના વંશનો હતો. તૈમુરની વતી તેણે દિલ્હીમાં ૭ વરસ રાજ્ય કર્યું. અને તેણે ન્યાયથી વર્તી પ્રજાને ઘણું સુખ આપ્યું જેથી તે પ્રજાપ્રિય પાદશાહ ગણાયો છે.

ખીજરખાંના મરણ પછી, મહમદ, મુબારક ને અલાઉદીન, એ

ગણુ નામના પાદશાહ થયા. તેમાં અલાઉદીનના વખતમાં તો દિલ્હીનું રાજ્ય પડી ભાગવાની તૈયારીમાં હતું. એવામાં પંજાબના સુબા બહિલોલ લોદીએ રાજ્ય લીધું અને અલાઉદીનની મરજીથી ઈ. સ. ૧૪૫૦ માં દિલ્હીનો પાદશાહ બહિલોલ લોદી થયો.

બહિલોલ લોદી—આ પાદશાહ બહાદુર અને પરાક્રમી હતો. ગાદીએ બેસીને તેણે પંજાબ અને મુલતાન પુરના બળવા સમાવ્યા. ને જુવાનપુરના રાજા સાથે ૨૬ વરસ સુધી લડી તેને હરાવ્યો તથા તે રાજ્ય દિલ્હીના રાજ્ય સાથે જોડી દીધું. આ પાદશાહે હિમાલય કાશી, બુંદેલખંડ અને પંજાબ સુધીનો મુલક જીતી લેઇ રાજ્યની હદ વધારી અને તેના મરણ પછી તેનો છોકરો સિકંદર લોદી ગાદીએ બેઠો.

સિકંદર લોદી—બહાદુર ને વિદ્વાન પણ ધર્માંધ અને જુલમી હતો. હિંદુઓ તરફ વૈરવૃત્તિ રાખતો, અને મુસલમાનોનો પક્ષ ખેંચતો. હિંદુઓનાં દેવળો ને મૂર્તિઓ તોડી નાખતો, તથા ધર્મ ક્રિયાઓ ભંગ કરતો. તેના વખતમાં યુરોપમાંથી પોર્ટુગીઝ લોકો પહેલ વહેલા આવી, દક્ષિણ હિંદના કાલીકટ બંદરે ઉતર્યા. આ સુલતાન ઇ. સ. ૧૫૧૬ માં મરી ગયો. તેથી તેનો પુત્ર ઇબ્રાહીમ પાદશાહ થયો.

ઇબ્રાહીમ લોદી—લોદી વંશનો આ છેલ્લો બાદશાહ છે. ગાદીએ બેસીને તેણે સામા વાળામાંથી કેટલાકને મારી નંખાવ્યા ને કેટલાકને કેદ કર્યા. કેટલાક સરદારોએ બળવો કર્યો. બહાર પ્રાંતનો સુબો સ્વતંત્ર થયો ને પંજાબનો સુબો વળી મોગલ બાદશાહ બાબરને હીંદ ઉપર સવારી કરવા બોલાવી લાવ્યો. એ બાબર તૈમુર

વંશની છઠ્ઠી પેઢીએ હતો. તેણે પ્રથમ પંજાબ જીતી લીધું. અને ઇ. સ. ૧૫૨૬ માં પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદીને સજ્જડ હાર ખવરાવી હિંદમાં મોગલ રાજ્યની સ્થાપના કરી.

મોગલ રાજ્ય.

બાબર—બાબર એ તૈમુરના વંશમાં છઠ્ઠી પેઢીએ હતો. તેનો બાપ તુર્કી પઠાણ હતો અને તેની મા મુગલાણી હતી. જેથી બાબરના વંશજને મોગલ કહેવાયા છે. બાબરનો જન્મ ઇ. સ. ૧૪૮૨ માં થયો હતો. અને તે ૧૨ વરસની નાની ઉમ્મરે બાપની ગાદીએ બેઠો હતો. નાના ઉમ્મરમાં તે ગાદીએ બેઠો તેથી તેના નિરાશ બાકીઓ ઉસ્બેગ લોકોના પક્ષમાં મળી બાબરના સામા થયા. તેમને હરાવીને પોતાની રાજધાની સમરકંદ પણ બાબરે ત્રણવાર ગુમાવ્યું. છેવટે તે કાબુલમાં આવી ત્યાં રાજ્ય કરવા લાગ્યો. આ વખતે ઇબ્રાહીમ લોદીની દીલ્હીની ગાદીની અવ્યવસ્થાની લીધે તેના સુબાઓમાં ફાટફુટ થઈ. પંજાબનો સુબો બાબરને ઇ. સ. ૧૫૧૯ માં દિલ્હીની સાલત્ર આપા બોલાવી લાવ્યો. આ કુસંપનો લાભ લેઇ ઇ. સ. ૧૫૨૬ માં બાબરે પાણીપતના મેદાનમાં ઇબ્રાહીમ લોદીને હરાવી દીલ્હી લીધું અને આગ્રામાં રાજધાની કરી.

રાણાસંગની સવારી—આ વખતે રજપૂતોમાં સર્વોપરી રાણો સંગ હતો. આસપાસનાં બધાં રજપૂત રાજ્યો એના તાબામાં હતાં. તેણે એક વખત ઇબ્રાહીમ લોદીને પણ હરાવ્યો હતો. અને રણથંભોરનો મજબૂત કિલ્લો જીતી લીધો હતો. બાબર મોગલ હોઇને તેણે હિંદની પાદશાહી મેળવી જેથી પઠાણો પણ તેની સામે લડવા

મયા. ઇબ્રાહીમ લોદીનો છોકરો સંગ રાણાના આશ્રયે ગયો. મેવાડનો રાજા હસનખાન સંગને આવી મળ્યો, અને જોધપુર, જેપુર, કંચરપુર, બુંદી, ઝાલોર ચંદેરી વિગેરેના રાજાઓ પણ પોત પોતાનાં સૈન્ય સાથે આવી મળ્યા. તે બધાઓને લેઇ સંગરાણો આગ્રા ઉપર ચડયો.

સંગ હાર્યો—સંગ આવ્યાની વાત જાણી જબરા સૈન્ય સાથે બાબર પણ સામો થયો. સંગનું ભારે બળ જોઇ ૧૫ દિવસ સુધી સંધી કરવાની ઇચ્છાએ બાબર છાવણી નાખીને પડયો. પણ આ સંધી એક બીજાને ગમતી ન આવવાથી બંન્ને સૈન્યો લઢવાને તૈયાર થયાં. બાબરે દારૂ પીવાની બાધા લીધી. અને સૈન્યને ખૂબ ઉશ્કેર્યું. ઇ. સ. ૧૫૨૭ માં ફતેહપુર સીક્રી આગળ ભારે લડાઇ થઇ. મુસલમાનો હારવાની અણીપર હતા. પણ તેટલામાં રાયસેનનો તુંવાર રાજા નિમકહરામ થઇ બાબરને મળ્યો જેથી રજપુત લશ્કરમાં ભંગાણ પડયું અને બાબર જીત્યો.

રાણો સંગ એક હાથે ઠુંઠો, એક પગે લંગડો, અને એક આંખે કાણો હતો ને તેના શરીરપર ૮૦ જખમ ગણી શકાતા હતા.

બળવાન સંગરાણાને જીતવાથી બાબરને સંતોષ થયો. કારણ કે હવે હિંદુસ્તાનમાં તેની સાથે લડી શકે તેવો બીજો કોઇ નહોતો. તેણે ચંદેરીના રાજા મેદનીરાય ઉપર ચડાઇ કરી, તે રાજા બહાદુરીથી લડયો અને કેસરીયાં કરી મરણ પામ્યો. બીજી તરફ બાબરના છોકરા હુમાયુએ જુવાનપુર, ગ્વાલીઅર અને ગોહદ પણ જીતી લીધાં તથા બહાર પ્રાંત કબજે કરી, બંગાળાના રાજાને પણ વશ કર્યાં.

બાબરનું મરણ—તેને હિંદમાં આવ્યાં ચાર વરસ થયે તેનો દીકરો હુમાયું માંદો પડયો ત્યારે મુલ્લાંએ કહ્યું કે તમને વહાલામાં વહાલી ચીજ ખુદાને અર્પણ કરતાં હુમાયુ બચશે, માટે કોહીનુર આપો બાબરે કહ્યું એ હીરા કરતાં મને મારો પ્રાણ વધારે વહાલો છે. એમ કહી હુમાયુની પ્રદક્ષિણા કરી, ખુદાની બંદગી સાથે કહ્યું કે ઓ ખુદા મારો જીવ આ ઘડીએ લે, પણ મારા મોટા છોકરા હુમાયુને બચાવ. એ પ્રાર્થના કર્યા પછી થોડે દહાડે હુમાયુ સાજો થયો. ને બાબર મરી ગયો. તે ઇ. સ. ૧૫૩૦ માં ૪૮ વરસની ઉમરે મરણ પામ્યો તેનું શબ તેની ઇચ્છા પ્રમાણે કાબુલમાં દાટયું છે.

બાબરના ગુણ—બાબરે તુર્કી ભાષામાં પોતાનું જન્મ ચરીત્ર લખ્યું છે તે પરથી જણાય છે કે તેનો ઘણો વખત લડાઇઓમાં ગયો. તેનો સ્વભાવ નિર્દય નહોતો પણ પ્રસગો પાત કઠોરતા વાપરતો. તેણે નિવૃતિના વખતમાં નળો બાંધવા, સડકો બંધાવવી, ઝાડો રોપાવવાં, કુવા તળાવો ગળાવવાં વિગેરે લોકોપયોગી કામો ઘણાં કર્યાં છે. લડાઇમાં તે હિંમત હારતો નહીં. તેમ તાબે થનારને મારતો નહિં

હુમાયુ—ઇ. સ. ૧૫૩૦માં બાબર ગુજરી જવાથી તેનું રાજ્ય તેના ચાર દીકરાઓએ વહેંચી લીધું. (૧) હુમાયુએ દીલ્હી, અને આગ્રાની આજુબાજુનો મુલક. (૨) કામરા ને કાબુલ તથા કંદહાર (૩) હિંદાલને બહાર પ્રાંત (૪) મીરજા અસ્કરીને મેવાડ પ્રાંત આપ્યો. આવી રીતે પોતાને ભાઇઓને હુમાયુએ ઉદાર દીલથી ભાગ પાડી આપ્યા, પણ તેથી મોગલ બળ તો નરમ પડયું અને પઠાણો લશ્કર ભેગું કરી, મોગલોને સતાવવા લાગ્યા.

અફઘાનોના બળવા—હુમાયુ ગાદીએ બેઠો એટલે જુવાનપુરના અફઘાનોએ બળવો કર્યો, અને શેરખાં પઠાણે ચુનારગઢ જીતી લીધો, હુમાયુએ અફઘાનનો બળવો સમાવી, ચુનારગઢ પાછો લેઈ શેરખાંને કબજે કર્યો.

ગુજરાતના બહાદુરશાહ પર ચડાઇ——આ વખતે ગુજરાતમાં બહાદુરશાહ પાદશાહ હતો. તેણે માળવા, ખાનદેશ, વરાડ અને અહમદનગરના રાજાઓને તાબે કરી, ફીરંગીઓ પર જીત મેળવી હતી. આ વખતે હુમાયુ બંગાળામાં અમલ જમાવતો હતો. તે વખતે તેના પર બે ચીઠીઓ આવી તેમાંની એકમાં "અલ્લાઉદીન લોદી દીલ્હી જીતવા આવે છે તમે જલદી આવો." અને બીજીમાં "ચીતોડના રાણા સંગની વિધવા કરણાવતીએ—" ગુજરાતનો પાદશાહ ચઢી આવે છે, મારો કુમાર નાનો છે, ને હું તમને ભાઇ ગણું છું, તો બાણેજની મદદે જલદી આવો." એમ લખ્યું હતું. હુમાયુએ બન્નેને સ્વીકારી પ્રથમ દીલ્હી જઇ અલાઉદીનને નસાડયો. અને પછી ચીતોડ જવા નીકળ્યો.

હુમાયુએ ગુજરાત જીત્યું—હુમાયુ આવતા અગાઉ બહાદુરશાહ ચિતોડ જીતી મંદસરમાં છાવણી નાખી પડેલો હતો. હુમાયુ માંડુગઢ જીતી, મંદસર આવ્યો, ત્યાં બહાદુરના લશ્કરને ખોરાકી ખુટવાથી તે ચાંપાનેર થઇ ખંભાત થઇને દીવ ગયો. હુમાયુ પણ તેની પાછળ પડયો ને ચાંપાનેર જીતી ગુજરાત કબજે કર્યું. ઇ. સ. ૧૫૩૪.

બંગાળા પર ફરીથી સવારી—આ દરમીયાનમાં બંગાળામાં શેરખાંએ ફરીથી બળવો કર્યો. તેથી મીરજા અસ્કરીને ગુજરાતનો સુબો ઠરાવી હુમાયુ બંગાળે ગયો એટલે બહાદુરશાહે આવી ગુજરાત કબજે કર્યું, અને મીરજા ને નસાડયો. ઇ. સ. ૧૫૩૬

હુમાયુની હાર—હુમાયુ આગ્રેથી બંગાળે ગયો. અને સુનારગઢથી ઢાકા સુધીનો મુલક કબજે કર્યો. પણ વરસાદની ઋતુને લીધે તેની ફોજ ચાલી ગઇ. ને હિંદાલ પણ સુબાગીરીપર જતો રહ્યો જેથી હુમાયુએ આગ્રેજવા નીકળ્યો. ત્યાં રસ્તામાં મોંગીર આગળ તેને સત્રુની ફોજે હરાવ્યો. વળી શેરખાંએ બક્સાર આગળ હલ્લો કરી તેનું ઘણું સૈન્ય કાપી નાખ્યું. તેની રાણી શત્રુને હાથ ગઇ. પરંતુ શાણા શેરખાંએ તેને માનભેર હુમાયુ પાસે મોકલી દીધી. અને હુમાયુએ આગ્રા જઇને પાદશાહ પદ ધારણ કર્યું.

હુમાયુની છેલ્લી હાર અને નાસવું—હુમાયુએ પોતાના ભાઇ કામરાન અને હિંદાલને મદદે બોલાવી શેરખાં પર સવારી કરી. પણ કનોજ આગળ તેણે સજ્જડ હાર ખાધી. જેથી તે દીલ્હી થઇને લાહોર નાસી ગયો. પણ કામરાન શેરખાંને મળી ગયેલો માલમ પડવાથી એકદમ સિંધ જીતવા ગયો, ત્યાં દોઢ વરસ મથ્યા છતાં તે ન જીતાયાથી ઉમરકોટમાં જઇ રહ્યો. તેની રાણી હમીદા બેગમે ત્યાં ઈ. સ. ૧૫૪૨ માં મહાન્ અકબરને જન્મ આપ્યો.

હુમાયુનું ઈરાન જવું—ઉમરકોટના રાજા રાણાપ્રસાદે તેને ૧૫૦૦૦ની ફોજ મદદમાં આપી. તે લઇ હુમાયુ ફરીથી સિંધ જીતવા ગયો પણ તે જીતી શકયો નહિં. મહા મુસીબતે ૪૦-૫૦ માણસો સાથે તે કંદહારને માર્ગે ઈરાન ગયો. ઈ. સ. ૧૫૪૩ કંદહારમાં તે વખતે તેનો ભાઇ મીરજા અસ્કરી સુબો હતો. તેનો ઇરાદો હુમાયુને પકડવાનો હતો, પણ તે સટકી ગયો ને અંતે મીરજાંએ હુમાયુની રાણી હમીદા બેગમ અને બાળકુમાર અકબરને પકડી કેદ કર્યાં.

ફરીથી પઠાણુ રાજ્ય.

સુર કુળના પાદશાહ

શેરખાં—શેરખાંના બાપને બંગાળાના સુબાએ ૫૦૦સવારની
ારદારી અને જાગીર આપી હતી. શેરખાંનું પ્રથમ નામ ફરીદખાં
તું અને તે સુર કુળનો પઠાણ હતો. ઇબ્રાહીમ લોદીના વખતમાં તે
ાહાર પ્રાંતના સુબાને ત્યાં નોકર રહ્યો. એક વખતે સુબા સાથે
ાકારે ગયેલો ત્યાં ફરીદે એક વાઘને એકજ ઝટકાથી કાપી નાખ્યો
૮થી સુબાએ તેને શેરખાં એવો ઇલાકાબ આપ્યો.

શેરખાં ચતુર, બહાદુર ને યુદ્ધ કુશળ હતો. તેણે પઠાણ બળ
એકત્ર કરી મોગલોને હરાવી ફરીથી પઠાણ રાજ્ય સ્થાપ્યું.

શેરખાંની જોધપુર પર સવારી—ગાદીએ બેઠા પછી
ઇ. સ. ૧૫૪૦ માં તેણે માળવા જીત્યું અને ૧૫૪૧ માં જોધપુરના
ાજા માલદેવ ઉપર ચઢયો. ત્યાં સામે બળે લઢવાથી જીતી શકાય
એવું ન જણાયાથી દગો ફટકો કરી રાઠોડ નામના સરદાર અને
ાજા માલદેવ વચ્ચે કુસંપ કરાવવાની બનાવટી ચીઠી લખી, રાઠોડ
ારદારે તેથી ક્રોધે ભરાઇ શેરખાં ઉપર અચાનક હુમલો કરી તેને
રાવી નસાડયો.

શેરખાંનું મરણ—તેણે રાયસેનના કિલ્લાને ઘેરો ઘાલી જીતી
ીધો. ને ત્યાંથી તે કલિંજર ગયો કલિંજરમાં તેનું દારૂખાનું સળગી
ઠવાથી તે દાઝયો. અને થોડા દહાડા બાદ ઇ. સ. ૧૫૪૫ માં
રણ પામ્યો.

શેરખાંના ગુણ—શેરખાં ડાહ્યો, બહાદુર ને ન્યાયી હતો.
ીજા પઠાણ શાહોની માફક તેણે હિંદુ પ્રજાને દુઃખી કરી ન હોતી

પણ શાન્ત અને આબાદ કરી. તેણે બંગાળાથી સિંધુનદી સુધી એક મોટો રસ્તો બંધાવ્યો. ને તેના પર ઝાડો રોપાવ્યાં તેમજ ઠેકાણે ઠેકાણે કુવા, તળાવ, ધર્મશાળા ને અન્નક્ષેત્ર બંધાવી પ્રજાને બહુ સુખી કરી.

સલીમશાહ—શેરખાં પછી તેનો દીકરો આદીલશાહ ગાદીએ બેઠો પણ તે દમ વગરનો હોવાથી સરદારોએ સલીમશાહને ગાદીએ બેસાડયો. સલીમ શૂરો ને ચાલાક હતો. પિતાએ મેળવેલું રાજ્ય આબાદ કર્યું ને પ્રજાને સુખી રાખી. અને શેરખાંથી અધુરાં રહી ગયેલાં લોકોપયોગી કામોમાં સુધારો કર્યો અને ઇ. સ. ૧૫૫૩ માં નવ વરસ રાજ્ય કરીને તે મરણ પામ્યો.

આદીલશાહ—સલીમના નાના છોકરાને મારી નાખી શેરખાંનો મોટો છોકરો આદીલશાહ ગાદીએ બેઠો. તે નબળો અને દમ વગરનો હતો. અને તેણે ધોતાળપણાથી ખજાનો ખાલી કરી નાખ્યો. મોટા સરદારોની જાગીરો ખેંચી લેઇ નાલાયક માણસોને આપવા માંડી તેથી દેશમાં બંડ જાગ્યાં. તેના સાળા ઇબ્રાહીમે બંડ કરી દીલ્હી આગ્રા જીત્યાં એટલે આદીલ બંગાળામાં નાઠો. ઇબ્રાહીમે તેની પૂંઠ પકડી પણ આદીલના વજીર હેમુએ તેને પાછો કાઢયો એવામાં પંજાબમાં શેરખાંનો ભત્રીજો અહમદ હતો તેણે બળવો કરી દિલ્હી આગ્રા જીતી લીધાં અને સિકંદર નામ ધારણ કરી ગાદીએ બેઠો.

મોગલાઈ રાજ્યની પુનઃ સ્થાપના—ઇ. સ. ૧૫૪૩ માં હુમાયુ હાર ખાઇ ઇરાનના રાજાની મદદ લેવા ગયો. ઇરાનના રાજા તમરુપે તેને ચૌદ હજાર સ્વારની મદદ આપી. તે વડે તેણે મીરજા અસ્કરી પાસેથી કંદહાર જીતી લીધું. અને કાબુલમાં જઇ કામરાન

પાસેથી રાણી હમીદા તથા અકબરને છોડાવી લઇ દગાબાજ ભાઇ કામરાનની આંખો ફોડી નાખી. અને કંદહાર તથા કાબુલની ફોજ સાથે લઇ પંજાબ કબજે કર્યો. ત્યાંથી એકદમ દીલ્હી જઇ સિકંદરને હરાવી દીલ્હી અને આગ્રા જીતી લેઈ ફરીથી મુગલાઇ રાજ્યની સ્થાપના કરી પછી તે થોડી જ મુદત જીવીને દાદરા ઉપરથી ઉતરતાં ખસી પડયો અને મરી ગયો. ઇ. સ. ૧૫૫૬

હુમાયુના ગુણ—હુમાયુ સ્વભાવે ભલો, દયાળુ, માયાળુ, સાદો, ઉદાર દીલનો, અને બહાદુર હતો. પણ યુદ્ધ કળામાં જોઇએ તેવો ચાલાક ન હોવાથી તેણે કોઈ કોઇ વખતે શેરખાં જેવા કુશળ સરદારો સાથેની લડાઇઓમાં હાર ખાધી હતી.

મોગલ રાજ્ય.

મહાન અકબર

હુમાયુના મરણ વખતે અકબર પંજાબમાં હતો, અને નાની ઉમરનો હતો. તેથી આદીલીના વજીર હેમુએ આગ્રા જીતી ને દીલ્લીના કિલ્લેદાર તાર્દી બેગને મારી દીલ્હી પણ જીતી લીધું. તેથી અકબર તેની સામે આવ્યો પાણીપતના મેદાનમાં બન્ને વચ્ચે યુદ્ધ થયું. હેમુની આંખમાં તીર વાગ્યું છતાં પણ બહાદુરીથી લડયો પણ અંતે હાર્યો. ને કેદ પકડાયો. અકબર નાની ઉમરનો હોવાથી તેનો પ્રધાન બહેરામ તેનો રાજ કારભાર ચલાવતો ને તેની રક્ષા કરતો. બહેરામે હેમુનો શિરચ્છેદ કરવા કહ્યું પણ અકબરે શરણે આવેલાને મારવાની સાફ ના કહી જેથી બહેરામે પંડે હેમુને મારી નાંખ્યો.

હેમુના ગુણ—હેમુ જાતે વાણીયો હોવા છતાં બહાદુર આલાક, દીર્ઘદૃષ્ટિમાન અને રાજનીતિજ્ઞ હતો. આ ગુણને લીધે પઠાણ પાદશાહોમાં ફક્ત એજ હિંદુ વજીર પાયરી ઉપર ચઢયો હતો અને પઠાણ જેવા તોફાની લોકો પાસેથી તેણે ઘણીજ ચાલાકીથી વજીરાત મેળવી હતી. હેમુના મરણથી આદીલી નીરાધાર બની ગયો ને બંગાળાનું બંડ સમાવતાં ત્યાંજ મરી ગયો.

અકબર બેહેરામથી છુટો થયો--બહેરામ જેટલો બહાદુર ને નિમકહલાલ, તેટલોજ દુષ્ટ અને અવિવેકી હતો. બાબર તથા હુમાયુના ખાસ વિશ્વાસુ તારદીબેગને, તથા એક અમીરને વિના અપરાધે મારી નાખ્યા. પાદશાહના ગુરૂને દેશપાર કર્યો અને સરદારો પર સખ્તાઇ આરંભી આથી અકબરને માઠું લાગ્યું અને તેણે દીલ્હી જઇ જાહેર કર્યું કે આજથી હું પાદશાહ થયો છું. માટે મારા સીવાય કોઇનો હુકમ માનવો નહિં. આથી બહેરામે પંજાબમાં જઇ બળવો જગાવ્યો અકબરે તેને હરાવ્યો ત્યારે તે શરણે આવ્યો ને તેની આગલી સેવા યાદ કરી અકબરે તેને માફી આપવા સાથે જણાવ્યું કે—કાંતો કોઇ મોટી સુબાગીરી સ્વીકારો અગર મક્કે જઇ ઇશ્વર પ્રાર્થના કરો. બહેરામે મક્કે જવાનું પસંદ કરી ત્યાં જવા નીકળ્યો. પણ તેણે પહેલાં કોઇ અફઘાન સરદારને મારી નાખ્યો હતો તેનાછોકરાએ બહેરામને મક્કે જતાં રસ્તામાંજ મારી નાખ્યો.

મોગલ સરદારોને વશ કર્યા—પહેલાંતો અકબરે મોગલ સરદારોને વશ કરવા નક્કી કર્યું. ખાનજહાંન નામના સરદારે બળવો કરીને અયોધ્યા તથા પ્રયાગ જીતી લીધાં તેથી તેના ઉપર ચઢાઇ કરી અકબરે તેને માર્યો. અબ્દુલખાંનને માળવા જીતવા મોકલેલો તે

ગુજરાતના પાદશાહ સાથે મળી ગયો તેને પણ હરાવ્યો. અકબરના કાકા કામરાનના છોકરા મીરજા હકીમે સંબલ પ્રાંતમાં બળવો કર્યો તે સમાવ્યો. ને પછી પંજાબ પ્રાંતમાં જઈ તેને સજ્જડ હરાવ્યો ને કાબુલ કાઢી મૂક્યો. આવી રીતે છ વરસ સુધી તેણે રાજ્યના સઘળા મોગલ બળવા સમાવ્યા. અને બંડખોરોને હરાવ્યા, તથા મોગલ સરદારો પર ભય અને પ્રેમ ઉત્પન્ન કરી તેમનાં મન મેળવી લીધાં.

અકબર હિંદુઓને મેળવીલે છે—હિંદુ મુસલમાન પ્રજા વચ્ચે સમાન ભાવ રાખી, હિંદુઓની પ્રીતિ સંપાદન કરવી. અને તેમને સગપણની ગાંઠથી શહેનશાહત સાથે જોડી દેવાથી દીલ્હીનું રાજ્ય મજબૂત થશે. આવી અકબરની ધારણા હતી ને તેથી તેણે હિંદુઓ ઉપરના જજીઆ તથા જાત્રા વેરા કાઢી નાખ્યા, ધર્મ સંબંધી છુટ આપી—રાજ્ય ધન વડે મુસલમાન ધર્મને ઉત્તેજન આપ્યું. તેમ હિંદુ ધર્મની તમામ હરકતો દુર કરી, હિંદુઓને ખુશી કર્યા.

પછી જયપુરના રાજા બિહારીમલપર સવારી કરી, તેની કુંવરી સાથે પોતે પરણ્યો. તેમજ જોધપુરના રાજા માલદેવની કુંવરી સાથે પણ પરણ્યો કે જેનું નામ જોધબા હતું. અને જેનો છોકરો સલીમ (જહાંગીર) હતો, પોતાના છોકરાને પણ રાજપુત કન્યાઓ પરણાવી આવી રીતે રજપુતો સાથે સગાઇ સંબંધ બાંધી હિંદુઓનાં મન મેળવી લીધાં. અને પોતાના વિશાળ રાજ્યમાં રજપુતોને સુબાઓની બારે જગાઓ આપી જયપુરના બહારમલ રાજાના દીકરા ભગવાન દાસને પંજાબનો સુબો નીમ્યો. અને ભગવાનદાસના દીકરા માનસીંગને પોતાના લશ્કરમાં મુખ્ય સરદારની જગા આપી; આવી આવી રીતે રજપુત રાજાઓ સાથે મિત્રાચારી અને સગાઇ સંબંધ બાંધીને તેમનાં મન મેળવી લીધાં.

ચિતોડ ઉપર ચઢાઇ—ચિતોડના સિસોદીઆ રાણાઓએ તથા તેમના પટાવતોએ અકબર સાથે સગાઇ સંબંધ બાંધ્યો નહિં એટલુંજ નહિ પણ જેમણે મુસલમાનોને કન્યા આપી, તેમને હલકા ગણી અપમાન આપવા લાગ્યા, તેથી ઇ. સ. ૧૫૬૮ માં અકબરે ચિતોડ ઉપર સવારી કરી તે વખતે ત્યાં સંગ રાણાનો દીકરો ઉદે-સીંગ હતો. તે ડુંગરાઓમાં નાસી ગયો પણ તેના મુખ્ય પટાવત સલુંબરા ચિતોડીએ તથા બીજા સરદારોએ અકબરને લડાઇ આપી. સલુંબરા મરાયો જેથી ચિતોડ લશ્કરનો આગેવાન તેનોનાનો ભાઈ પ્રતાપ-સીંગ થયો. તે સોળ વરસની ઉમ્મરના પ્રતાપસીંગે,તેની સ્ત્રીએ અને માતા-એ બહાદુરીથી લઢીને જીવ ગુમાવ્યા જેથી બેદનુરના મેડતીઆ રાઠોડ પટાવત જયમલે લશ્કરની આગેવાની લેઈ અકબરને હંફાવ્યો સુરંગ-ફુટવાથી તુટેલો કિલ્લો રાત્રે જયમલ દુરસ્ત કરાવતો હતો. તેવામાં અકબરે તેને ગોળી બ્હાર કરીને મારી નાખ્યો એટલે ચિતોડ જીતાયું સઘળા રાજપૂતોએ કેસરીઆં કર્યાં ને રાજપૂત સ્ત્રીઓએ જહર વ્રત ઉજવ્યાં. પ્રતાપ અને જયમલનું પરાક્રમ જોઇને અકબર પણ અજા-યબ થઇ ગયો. અને તે બહાદુર દેશભક્ત યોદ્ધાની યાદગીરીને માટે દીલ્હીમાં પોતાના મહેલના દરવાજા આગળ બે બાજુએ બે હાથી ઉપર તેમનાં બાવલાં કરીને બેસાડયાં.

અકબરે ચિતોડ જીત્યું પણ સિસોદીઆઓ જીતાયા નહિં. નાશી ગએલો ઉદેસીંગ અરવલ્લીની ખીણમાં ઉદેપુર વસાવી ત્યાં રાજ્યગાદી કરીને રહ્યો. અને ચાર વરસમાં મરી ગયો તેના પછી તેનો પરાક્રમી અને પ્રતાપી પુત્ર પ્રતાપસીંગ રાણો થયો.

રાણો પ્રતાપસીંગ—આ રાજા પોતાના પિતા જેવો બીકણ

નહોતો પણ દાદા સંગ, અને કુંભારાણાની માફક બહાદુર નીવડયો અકબરને તે નમ્યો નહિં. તેમજ પોતાના કુળની કન્યા મુસલમાનોને નહિં દેવાની પ્રતિજ્ઞા લીધી. તેને વશ કરવા અકબરે પોતાના પુત્ર સલીમને તથા જયપુરવાળા માનસિંગને મોકલ્યા. તેમની અને પ્રતાપની વચ્ચે હલદી ઘાટની લડાઇ થઇ. પોતાના મુઠીભર સૈન્યની સહાયથી મોગલોના જોરાવર લશ્કરને પ્રતાપે હંફાવ્યું. પણ આખરે તેમાં ઘણા રજપૂતો કપાઇ ગયા ને ફક્ત પ્રતાપજ બચ્યો. અને તે પોતાના વફાદાર માણસોને લઇ ડુંગરામાં સંતાયો ઇ. સ. ૧૫૭૬

પકડાઇ જવાના નિરંતર ભય વચ્ચે તે માત્ર પોતાના થોડા-આમહી સરદારો સાથે આ ડુંગરથી આ ડુંગર એમ ભટકયો અને અંતે આગ્રહ, ધીરજ, ઉદ્યોગ તથા દ્રઢતા અને બહાદુરીથી તેણે પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. આ વખતે અકબરનું લક્ષ બીજા રાજ્યો જીતવા તરફ હતું તેમજ પ્રતાપ જેવા વીર પુરૂષને વધારે હેરાન કરવાની તેને ઇચ્છા ન હતી. જેથી પ્રતાપસીંગ નિરાંતે પોતાનું રાજ્ય ચલાવી શકયો. અને રજપુતોની આબરૂ તથા પોતાની પ્રતિજ્ઞા જાળવી શકયો. ઇ. સ. ૧૫૯૭

ગુજરાતનું જીતવું—રજપુત રાજ્યો સાથે મજબુત સ્નેહ સંબંધ જોડી મેળવી લીધા પછી, અકબરે મુસલમાની રાજ્યો જીતવા તરફ લક્ષ દોડાવ્યું. પ્રથમ તેણે પંજાબથી બહાર સુધીના હાકેમોને વશ કર્યા પછી, ગુજરાત, માળવા, ઓડીઆ, બંગાળા કાશ્મીર અને સીંધ એટલાં રાજ્યો જીતવાનાં હતા. પહેલાં તેણે ઇ. સ. ૧૫૭૨ માં માળવા જીત્યું. તે વખતે ગુજરાતની પાદશાહીમાં અંધા ધુંધી ચાલતી હતી, પાદશાહ મુજફર ત્રીજા પાસેથી એતિ માદખાન

ઉમરાવે રાજ્ય સત્તા લેઇ લીધી ને બંડખોરોને નસાડવા અકબરને બોલાવ્યો. અકબરે આવીને ગુજરાત જીત્યું. ઇ. સ. ૧૫૭૩ અકબરના ગયા પછી બળવો ઉઠયો જેથી ૯ દિવસમાં આગ્રેથી ગુજરાત આવી બળવો સમાવ્યો પછી આગળ જતાં પાદશાહ મુજફરે બળવો કર્યાથી તેને પકડીને આગ્રે લઇ જતાં રસ્તામાંજ આપઘાત કરીને ઇ. સ. ૧૫૭૩માં મરી ગયો.

ઓરીસાની જીત—આ વખતે ઓઢીઆમાં સ્વતંત્ર રજપુત રાજાઓ રાજ્ય કરતા હતા. ઇ. સ. ૧૫૭૪ માં અકબરના સેનાપતિ ટોડરમલે આખો આઢીઆ જીતી લઇ દીલ્હીની પાદશાહતમાં જોડી દીધો.

બંગાળા—બંગાળામાં શેરખાંના વંશજ સ્વતંત્રપણે અમલ કરતા ઇ. સ. ૧૫૬૫ માં ત્યાં દાઉદ નામે રાજા હતો તેના પર અકબરે સવારી કરીને બહાર પ્રાંત સુધીનો મુલક કબજે કર્યો ત્યાર પછી ટોડરમલ તથા માનસીંગે બંગાળા ઉપર સવારી કરી દાઉદને માર્યો અને બંગાળા ખાલસા કર્યું. ઇ. ૧૫૮૦--૧૫૮૨અને.૧૬૦૦ માં ત્યાં બંડ થયાં તે પણ તેઓએ સમાવ્યાં.

મીરજા હકીમનો બળવો—અકબરના સરદારો બંગાળામાં હતા તે વખતે મીરજા હકીમે પંજાબપર સવારી કરેલી તેથી અકબરે પોતે જઇ તેને હરાવ્યો ને તેનું કાબુલ પણ લઇ લીધું. પરંતુ તે પાછળથી શરણે આવતાં તેને કાબુલનો સુબો બનાવ્યો. ત્યાંથી પાછા આવતાં અકબરે અટક પાસે કિલ્લો બંધાવ્યો. ને ભગવાનદાસને પંજાબનો સુબો નીમી દીલ્હી પાછો આવ્યો

કાશ્મીર—ઇ. સ. ૧૫૮૬ માં અકબર કાશ્મીર પર ચઢયો. ને ત્યાંના રાજાને હરાવ્યો, તે શરણે આવતાં તેને બહાર પ્રાંતની

જાગીર આપીને કાશ્મીર ખાલસા કર્યો. ઇ. સ. ૧૫૮૬

યુસુફ લોકોનો બળવો—હિંદની વાયવ્ય કોણમાં બાયજીદ નામના અફઘાને રોશનયે નામે નવો પંથ કાઢયો. તેમના સરદાર જમાલે કાબુલમાં લૂંટ ચલાવી, તેથી અકબરે બીરબલ તથા જૈનખાંને લશ્કર આપી ત્યાં મોકલ્યા. તેમા બીરબલ મરાયો ને જૈનખાં નાસી આવ્યો બીરબલનાં મરણથી અકબરને ઘણું ખોટું લાગ્યું ને તેણે ફરીથી માનસીંગ તથા ટોડરમલને મોકલ્યા. છતાં યુસુફજી લોકો વશ ન થયા. છેવટે તેમનો સરદાર જલાલ મરાયો ત્યારે તેઓ ડુંગરોમાં આડાઅવળા ભરાઇ બેઠા પરંતુ કોઇને તાબે ન થયા. તેઓ હજી સુધી સ્વતંત્ર જ છે.

સીંધ—આ વખતે અહીંઆ મુસલમાન થએલો સુમાના જાતનો જામ રાજા રાજ્ય કરતો હતો તેના પર અકબરે બે વાર લશ્કર મોકલ્યું ને ઇ. સ. ૧૫૯૨ માં સીંધ ખાલસા કરી, રાજાને જાગીર આપી. આ વખતે ઇરાની લોકોમાં કજીઓ થવાથી કંદહાર પણ અકબરને મળ્યું.

દક્ષિણના રાજ્યો—આ વખતે દક્ષીણમા અહમદનગર, ગોવળકોંડા, વિજાપુર, ખાનદેશને બેદર એ પાંચ રાજ્યો હતાં. અને તે બ્રાહ્મણી વંશનું રાજ્ય તુટવાથી પડયાં હતાં.

અહમદ નગરનું રાજ્ય—અહીંનો હાકેમ બુરહાન ઇ. સ. ૧૫૯૫ માં મરણ પામવાથી ચારજણ ગાદીનો દાવો કરવા લાગ્યા તેમાં સોથી મોટા તડ વાળાએ અકબરને બોલાવ્યો તેથી અકબરે મુરાદને ત્યાં મોકલ્યો મુરાદના જતા પહેલાં ત્યાં બહાદુર નામના બાળકને ગાદીએ બેસાડી તેનો બધો કારભાર તેની વિધવા ફાઇ

ચાંદબીબી ચલાવતી અને તેણે સંપ કરીને બધાં મુસલમાન રાજ્યો પાસેથી મદદ મેળવી. જેથી મુરાદે અહમદનગર પર હુમલા કર્યા. તે બધા ચાંદબીબીએ બહાદુરીથી પાછા વાળ્યા. છેવટે અહમદનગર વાળાએ જીતેલો વરાડ પ્રાંત અકબરને પાછો આપવો. એવો ઠરાવ કરીને મુરાદ પાછો ગયો. પણ બીજી વખતે સરહદ સંબંધી તકરાર જાગી જેથી બન્નેનાં લશ્કર ગોદાવરીને કાંઠે લડવા ઉભાં થયાં તેમાં મુરાદ જીત્યો અને અહમદનગરમાં ફાટફુટ થવાથી ચાંદબીબીને કોઇએ મારી નાંખી.

ચાંદબીબી બહુ બહાદુર સ્ત્રી હતી નાનપણમાં વિધવા થયા છતાં તેણે શિયળ વ્રત જાળવી રાખ્યું. અને સમય સુચકતા વાપરી રાજ્યનું રક્ષણ કર્યું. ચાંદબીબીના મરણ પછી દાનીઆલે અહમદનગર જીત્યું. અને અકબર પણ એવામાં અહમદનગરમાં આવ્યો.

અહમદનગરના રાજ્યની પુનઃ સ્થાપના—મોગલોએ અહમદનગર લીધું પણ તે રાજ્ય તેમનાથી જીતાયું નહિં. તે રાજ્યમાં મલીકંબર નામે એક મહાન પુરૂષ થઇ ગયો. તેણે મુર્તિજા નિજામશાહને ગાદીએ બેસાડયો. એ રાજ્યની આખર શી રીતે આવી તે આગળ જણાશે.

ખાનદેશ ખાલસા કર્યો. અકબરના એક સરદારે આસીરગઢ જીતી ખાનદેશની આખર આણી, એવામાં સલીમે બંડ કરવાથી ખાનદેશ તથા વરાડમાં દાનીઆલને સુબો નીમી અકબર ઉત્તરમાં ગયો.

સલીમનો બળવો—અકબરના મોટા દીકરા સલીમને દારૂનું બુરૂં વ્યસન પડયું હતું. પાદશાહ દક્ષિણમાં હતો. ત્યારે તેણે પ્રયાગ, બહાર અને અયોધ્યાના પ્રાંતો કબજે કર્યા, અને ખજાના-

માંથી ૩૦ લાખ રૂ. ઉપાડયા. આ ખબર સાંભળી અકબર આગ્રે આવ્યો ને સલીમને શીખામણ દીધી. તથા બંગાળા અને ઓઢીઆ પ્રાંતો તેને આપ્યા. છતાં તેણે મનમાંથી કપટ છોડયું નહિં. અને અકબરના માનીતા વજીર અબુલફજલને બુંદેલખંડમાં મરાવી નાખ્યો આ વજીરના મોતથી પાદશાહ એટલો બધો ખિન્ન થયો કે તેણે બે દીવસ સુધી તો કાંઇ ખાધું નહિં. અને તેને મારનાર પર લશ્કર મોકલી, તેનો નાશ કરાવ્યો. પણ અકબર જાણી શકયો નહોતો કે એ કામ સલીમનું છે સલીમે દારૂના ઘેનમાં તેના મોટા દીકરા ખુશરૂ સાથે કજીયો કર્યો તેથી ખુશરૂની મા ઝેર ખાઇને મરણ પામી. આ બનાવથી સલીમ બહુ ગભરાઈ ગયો.

અકબરનું મરણ—અકબરની માતા હમીદા ગુજરી ગયા તે પછી અકબરના મુરાદ અને દાનીઆલ બે દીકરાઓ દારૂના વ્યસનમાં મરી ગયા. તેમજ માનીતો વજીર અબુલફજલ પણ મરણ પામ્યો. આમ ઉપરા ઉપરી કઠિન સંજોગોમાં આવવાથી અકબરની પ્રકૃતિ બગડી અને તેનો અંતકાળ નજીક આવ્યો ત્યારે તેણે સલીમને શીખામણ દીધી કે આ સરદારો, સગાં વહાલાંઓ, અને આશ્રિતોની સંભાળ રાખજે. તેમજ સરદારોને પણ કહ્યું કે આજ સુધી તમે જેવા મારી સાથે એક નિષ્ઠાથી વર્ત્યા છો. તેવીજ રીતે સલીમ સાથે પણ વર્તજો અને સંપ રાખજો એમ કહી પોતાની તરવાર સલીમની કમ્મરે બાંધી, એક મુલ્લાંને બોલાવ્યો. તેની સાથે નિમાજ પઢી, એક ખરા મુસલમાન તરીકે ઇ. સ. ૧૬૦૫ માં ૬૩ વરસની ઉમ્મરે ૫૦ વરસ રાજ્ય કરીને મરણ પામ્યો.

અકબરના ગુણ—આ પાદશાહ શરીરે મજબુત, રૂપાળો,

શુરો, ઉદ્યોગી, મળતાવડો, અને માયાળુ હતો તેના હાથ લાંબા છાતી પહોળી હતી. પોતાનું મન સ્વચ્છ રાખવાને વરસમાં માસ માંસ ભક્ષણ કરતો નહિં. તેને વાઘ હાથીના શિકારનો શોખ હતો. શરીર કસરત માટે કોઇ કોઈ વાર પગે ચાલીને વીશ ગાઉ જતો. અને ઘોડા ઉપર બેસીને લાંબી સફરો કરતો પાચી અને દયાળુ દીલનો હતો. સંસ્કૃત, ફારસી અને હીંદી શીખ્યો હતો વિદ્વાનોને સારો આશરો આપતો. અને પ્રજાને રાખતો

અકબરનો નવો પંથ—અકબરને ધર્મની શોધ કરવાનો શોખ હતો. તેને મુસલમાની ધર્મપર વિશ્વાસ નહોતો. તેથી માનની કેટલીક ધર્મ રૂઢીઓ—(દાઢી વધારવી, મણુકા બાંધવા) બંધ કરી. તમામ ધર્મો ઉપરની જબરજસ્તી કાઢી નાખી. જે ગમે તે ધર્મ પાળવાની છુટ આપી.

હોમમાં પશુ વધ કરવાની, બળાત્કારે સતી કરવાની, બાળલ- એવી હિંદુ ધર્મની પણ કેટલીક રૂઢીઓ તેણે બંધ કરાવી. પુનર્લગ્નની છુટ આપી. અને વેદ, મહાભારત, રામાયણ વગેરેના ફારસીમાં અબુલફજલના ભાઇ ફૈજી પાસે તરજુમા કરાવ્યા બાઇબલનો તરજુમો અબુલ ફજલ પાસે કરાવ્યો. તથા શાસ્ત્રી ગોરજી, પાદરી, અને મોબેદોને બોલાવી ધર્મ સંવાદ કરાવ્યા.

જમાબંદી—ટોડરમલ પાસે જમાબંદીની નવી રીત બંધાવી ની માપણી કરાવી નાખી તેમાંથી ઉત્તમ, મધ્યમ. અને કનિષ્ઠ ત્રણ પ્રકારની જમીન ઠરાવી. ઉપજનો ત્રીજો ભાગ પોતે લેતો વસુલાતનો જુલમ અટકાવી ખેડુતોને શાન્તિ આપી.

રાજ વહીવટ—રાજ્યના અઢાર ભાગ પાડી તે ઉપર સુબા નીમ્યા. તેમના હાથ નીચે કેટલાક નવાબો નીમ્યા. નવાબો અઢી અઢી લાખ રૂા. ની ઉપજવાળા તાલુકામાં રહી દેખરેખ રાખતા. સુબાઓને પણ પાદશાહની મંજુરી સીવાય ખુન કરવાની સત્તા નહોતી. મુલકના બંદોબસ્ત માટે શીરબંધી રાખ્યા. શીરબંધીના હાથ નીચે ફોજદાર, અને ફોજદારના હાથ નીચે કોટવાળ હતા. ન્યાય કરવા માટે કાજીઓ નીમ્યા હતા. લશ્કરમાં દશ સવારોથી દશ હજાર સવારો સુધીના સરદારો હતા. ૫૦૦૦ કરતાં વધારે સવારોનું ઉપરીપણું શાહજાદા અગર રજપૂત રાજાઓનેજ અપાતું. અને નોકરીમાં પસાયતા જમીનને બદલે રોકડ આપવાનો રીવાજ હતો. આ બધી હકીકત અબુલફજલે 'આઇન અકબરી' નામે એક ગ્રંથ લખ્યો છે તેમાં છે.

અકબરના વિદ્વાનો—એના વખતમાં અબુલ ફજલ અને ફૈજી, એ બે વિદ્વાન ભાઇઓ શાણા અને સલાહકાર હતા. અબુલફજલ અને ટોડરમલ અકબરના ખાસ મિત્ર અને પ્રધાન હતા. તેમજ માનસીંગ, બીરબલ, ખાન ખાનાન, અજીજ અને કોકા એ પણ વિદ્વાનો અને શૂરા સરદારો હતા. તેમજ તાજસેન ગવૈયો ગાયન વિદ્યામાં અને ગંગકવિ કાવ્ય કળામાં કુશળ હતા.

સલીમ ઉર્ફે જહાંગીર–(જહાંગીર=દુનિયાં જીતનાર) અકબરે પોતાની પાછળ સલીમને ગાદીએ બેસવા ફરમાવ્યું હતું એટલે તે પોતાનું નામ જહાંગીર ધારણ કરી દીલ્હીની પાટે બેઠો. શરૂઆતમાં તે ન્યાયસર વર્તતો તેણે અરજદારોની ફરીયાદી સાંભળવાને માટે પોતાના મહેલની એક તરફ દીવાલ ઉપર સાંકળ લટકાવી હતી. તે

સાંકળ હલાવવાથી મહેલમાંનો ઘંટ વાગતો એટલે જહાંગીર બહાર આવીને ફરીયાદી સાંભળતો તેણે અકબરના વખતના અમલદારો તથા રાજ્યનીતિ ચાલુ રાખી, પ્રજાને સુખી રાખી, અને પોતે દારૂ પીતો પણ બીજાઓને દારૂ પીવાની મનાઇ કરી.

ખુશરૂનો બળવો—જહાંગીરનો મોટો છોકરો ખુશરૂ કેદમાં હતો. ચાર માસમાં તે છુટયો તેણે પંજાબમાં જઇ બંડ કર્યું. એટલે જહાંગીરે તેને પકડી કેદ કર્યો તથા તેના લશ્કરને રીબાવીને મારી નાખ્યું.

નુરજહાં—અકબરના વખતમાં કોઇ ઇરાની દુઃખ દશામાં અકબરના આશ્રયે આવ્યો. તેને નુરજહાં નામે એક દીકરી, અને અશોફખાં નામે દીકરો હતો. નુરજહાં ઘણી ખુબસુરત હોવાથી તેની સાથે પરણવાને સલીમને ઇચ્છા થઇ. તે વાત અકબરને પસંદ ન પડવાથી શેર અફગાન નામના પઠાણ સાથે પરણાવી દીધી ને શેર અફઘાનને બંગાળામાં એક સરદારી જગા આપી, ત્યાં મોકલી દીધો તેની સાથે નુરજહાં પણ ગઇ.

નુરજહાં સાથે જહાંગીર પરણ્યો.—અકબરના મરણ પછી જહાંગીરે શેર અફગાનને મારી નંખાવ્યો. અને નુરજહાન સાથે પોતે પરણ્યો. નુરજહાંન ઘણી ખુબસુરત, સમયસુચક, શાણી, ચતુર અને રાજ્ય કારભારમાં કુશળ હતી. જહાંગીરની ઘણી કુટેવો તેણે છોડાવી ને રાજ્ય કારભારમાં તેને તે બહુ સલાહ આપતી. જહાંગીરે નુરજહાંના ભાઇ અસોફખાંને સરદારની મોટી જગા આપી ઉમરાવ બનાવ્યો. અસોફખાં પણ બહાદુર, ચતુર, અને હોંશીઆર હતો.

અહમદનગરપર ચઢાઇ—આ વખતે અહમદનગરમાં મુર્તિજા

નિઝામશાહ હતો. તેનો મલીકંબર નામે વજીર ઘણો બહાદુર અને બુદ્ધિ શાળી હતો. તેણે જમાબંદીની રીત નવી બાંધી હતી. ને જહાંગીરના સરદાર ખાનખાનાનને હરાવી અહમદનગર જીતી લીધું હતું. પણ ગાદી ઔરંગાબાદમાં હતી. આ વખતે જહાંગીરે પોતાના છોકરા પરવીજને, ખાનજહાન લોદીને, અને રાજા માનસિંગને અહમદનગર લઢવા જવા ફરમાવ્યું હતું. રસ્તામાંથી ગુજરાતના સુબા અબ્દુલ્લાખાંને પણ લેઇ જવા હુકમ કર્યો હતો. પરંતુ અબ્દુલ્લાખાં એકલો જવાથી હારીને પાછો આવ્યો અને ઉપલા મોગલ સરદારો બુરાનપુર પડયા રહ્યા. ઇ. સ. ૧૬૧૨

ઉદેપુર ઉપર ચઢાઈ—આ વખતે ઉદેપુરનો રાણો અમરસીંગ હતો જહાંગીરે તેના ઉપર શાહજાદા પરવીજને મોકલ્યો, તે સલાહ કરીને પાછો આવ્યો. પછી મહોબતખાનને ઇ. સ. ૧૬૦૭ માં મોકલ્યો તે જય મેળવીને આવ્યો તે પછી અબદુલ્લાખાન આવ્યો તે પણ જય મેળવીને આવ્યો છતાં અમરસીંગ નમ્યો નહિં અને તાબેદારી પણ કબુલ કરી નહિં. જેથી જહાંગીરે ફરીથી શાહજાદા ખુરમને મોકલ્યો તેણે રાજાને નમાવ્યો. અને તેના પાટવી કુમારને પાદશાહની હજુરમાં લઇ જઇ મોટા સરદારની જગા અપાવી. ખુરમના આ પરાક્રમથી જહાંગીરે ખુશી થઇ તેને શાહનો ઇલકાબ આપ્યો. ત્યારથી તે શાહજહાં કહેવાયો ઇ. સ. ૧૬૧૪

અહમદનગરપર ફરીથી સવારી—બુરાનપુરમાં છાવણી નાખી રહેલા સરદારોમાંથી રાજા માનસીંગ મરી ગયો. અને મલીકંબર વશ થયો નહીં જેથી જહાંગીરે શાહજહાંને દક્ષિણપર મોકલ્યો તેણે વિજાપુરના રાજાને મલીકંબરના પક્ષમાંથી ખેંચી લીધો. તેથી

મલીકંબર તરત તાબે થયો. ઇ. સ. ૧૬૧૭ તેથી અહમદનગર સીવાયનો મુલક પાછો આપ્યો અને માંડુમાં જઇ જહાંગીરને મળ્યો ત્યાંથી પિતા પુત્ર ગુજરાતમાં ગયો. અને શાહજહાંને ગુજરાતનો સુબો નીમી જહાંગીર કાસ્મીર ગયો કારણકે મોગલ બાદશાહો ત્યાં હવા ખાવા જતા હતા. આ વખતમાં મલીકંબરે ફરીથી ગુમાવેલો મુલક જીતી લીધો. એટલે શાહજહાંન ફરી પાછો દક્ષિણમાં આવ્યો ને ઇ. સ. ૧૬૨૧ માં મલીકંબરને હરાવીને નમાવ્યો.

શાહજહાંનું બંડ—બાદશાહ જહાંગીરની પ્રીતિ શાહજહા ઉપર દીવસે દીવસે વધતી જતી હતી. પણ નુરજહાંના આગલાધણી શેર અફઘાનથી થએલી છોકરી વેરે પરણેલા **શહેરીયાર** ઉપર નુરજહાંની પ્રીતિ ઘણી હતી. અને જહાંગીરની પાછળ તેનેજ રાજગાદી અપાવવાની નુરજહાંને ઇચ્છા હતી. જેથી તે બાદશાહ અને શાહ જહાં વચ્ચે અણુ બનાવ થાય તેવાં કાવત્રાં કરતી હતી. એ ખટપટ ની હકીકત શાહજહાંના જાણવામાં આવતાં તેણે બળવો જગાવ્યો. અને દક્ષિણમાં જઇ મલિકંબરને મળી ગયો. પણ જહાંગીરે **મહોબતખાં** તથા શાહજાદા **પરવીજ**ને તેની સામે મોકલ્યા તેઓના સમજાવવાથી શાહજહાંને પિતાને શરણે જઇ ક્ષમા માગી. ઇ. સ. ૧૬૨૫

મહોબતખાનનો બળવો—રાજ વ્યવહાર કશળ નુરજહાંએ મોહોબતખાં તથા પરવીજ વચ્ચે ગાઢ પ્રેમ જોઇ તથા તેમની સત્તા દિવસે દિવસે વધતી જોઇને તેમનું બળ તોડવા માટે યુક્તી રચી. મોહોબતખાન બંગાળામાં હતો. ત્યારે તેણે સરકારી ત્રિજોરીમાંથી રૂપિયા ઉચાપત કર્યાં બાબતનું તેની ઉપર તહોમત મુકી, તેને પંજા-

અમાં બાદશાહની હજુરમાં જવાબ આપવાને બોલાવ્યો. આ કાવત્રાની તેને ખબર પડતાંજ તેણે એકદમ પોતાના વિશ્વાસુ સૈન્ય સાથે આવીને જહાંગીરને કેદ કર્યો. અને તેના નામથી પોતે અમલ ચલાવવા લાગ્યો. પણ કાર્ય કુશળ નુરજહાંની યુક્તિથી પાદશાહ તરતજ મુક્ત થયો. અને મહોબતખાને શરણ માગ્યું. જહાંગીરે તેને ક્ષમા આપી. ત્યાર પછી જહાંગીર કાસ્મીરમાં હવા ખાવા ગયો. અને ત્યાંથી પાછો આવતાં ઇ. સ. ૧૬૨૭ માં દમના રોગથી મરી ગયો.

જહાંગીરના ગુણ—આ બાદશાહના વખતમાં ઇંગ્લાંડના પહેલા જેમ્સ બાદશાહ તરફથી **સરટોમસરો** નામે એક અંગ્રેજ વકીલ તેના દરબારમાં આવ્યો હતો તે લખી ગયો છે કે " જહાંગીર અતડો પણ બુદ્ધિમાન હતો અને નીશો બહુ કરતો તેના દરબારનો ઠાઠ સારો હતો. અને નુરજહાંની સત્તા વધી પડી હતી. બાદશાહ પોતે રૈયતની દાદ સાંભળવા કાળજી રાખતો છતાં ઠામ ઠામ બળવા થતા. અને ઇજારદારો રૈયતપર જૂલમ કરતા " એકંદરે જહાંગીર સ્વભાવે ભલો, ઉદાર, અને દયાળુ પરંતુ સ્વચ્છંદી અને વિષયી હતો.

ખુશરૂ, પરવીઝ, શાહજહાં, અને **શહરિયાર** એ ચારે તેને પુત્ર હતા. તેમાં શાહજહાં બાદશાહ થયો.

શાહજહાં.

ઇ. સ. ૧૬૨૭ માં જહાંગીર મરણ પામ્યો ત્યારે શાહજહાં દક્ષિણમાં હતો પણ તેના સસરા અસોફખાંએ તેને એકદમ તેડાવી ને ગાદીએ બેસાડયો. તેણે ગાદીએ બેઠા પછી પોતાના સસરા, તથા મોહોબતખાનને મોટી મોટી જાગીરો આપી. અને નૂરજહાંને

૨૫ લાખ રૂપિઆનું સાલિ આણું બાંધી આપ્યું. આ વખતે શાહેરી-આર, અને દાની આલના છોકરાઓએ બળવો જગાવ્યો તેમને પકડી પકડીને ગરદન માર્યા.

તે પછી **ખાન જહાંન** લોદીએ અહમદનગર તથા વિજાપુર ના રાજાઓને પક્ષમાં લેઇ, બળવો જગાવ્યો તેને પાદશાહે હરાવી નસાડયો ને તેને બુદેલ ખંડના કોઇ રજપુત રાજાએ મારી નાખ્યો. ઇ. સ. ૧૬૨૯

અહમદનગરનું રાજ્ય જીત્યું—મલીકંબરના છોકરા **ફતે-ખાંએ** મૂર્તિજા નિજામને મારી નાખી એક બાળકને ગાદીએ બે-સાડયો હતો. આ ફતેખાંએ ખાનજહાંને આશ્રય આપેલો, જેથી બાદશાહે તેના ઉપર સવારી કરી તેને વશ કર્યો આ વખતે શાહજી ભોંસલેએ પણ અહમદનગરનો ઘણો ખરો ભાગ જીતી લીધો હતો જેથી તેને પણ બાદશાહે હરાવી નાખીને અહમદગર તથા વરાડ ખાલસા કર્યાં. ઇ. સ. ૧૬૩૭.

અલીમર્દીનખાન અને કંદહાર—કંદહારનો ઇરાની સુબો અલીમર્દીનખાન ત્યાંના લોકોથી કંટાળી ગએલો જેથી બાદ-શાહને આશ્રયે આવ્યો. બાદશાહે કંદહાર ખાલસા કરી અલીમ-ર્દીને મોટી સરદારી આપી. આ અલીમર્દીખાન શિલ્પ વિદ્યામાં ઘણો કુશળ હતો. જેથી શાહજહાંને ભવ્ય મકાનો બાધવામાં તે ઘણો કામ આવ્યો.

બેદર જીત્યું. બેદરનું બ્રાહ્મણી રાજ્ય નબળું પડવાથી શા-હજાદા ઔરંગઝેબે તે ઇ. સ. ૧૬૫૭ માં જીતી લીધું. અને તે સાથે **વિજાપુર** તથા **ગોવળકોંડા** પણ ખંડીઆં બનાવી દીધાં.

પોર્તુગીઝોની કતલ—અકબરના વખતમાં પોર્તુગીઝોને હુગલી નદીપર થાણું બેસાડવાની પરવાનગી મળી હતી. તે જગા પોર્તુગીઝો તોપો ગોઠવીને મજબુત કરે છે એ ખબર મળતાં શાહજહાં ત્યાં ગયો. અને પાછળ પોતે બળવો કરેલો ત્યારે તે લોકોએ તેને મદદ નહિ કરેલી એ દાઝથી તેણે તમામ પોર્તુગીઝોની કતલ કરાવી અને તેમની સ્ત્રીઓને ગુલામ બનાવી.

શાહજહાંનના શાહજાદા—શાહજહાંને ચાર પુત્રો હતા. (૧) **દારા** દિલ્હીનો સુબો હતો. તે ઉદાર, બહાદુર, ભોળો અને હિંદુઓપર પ્રેમભાવ રાખનારો હતો. (૨) **સુજા**-બંગાળાનો સુબો હતો તે દારૂડીયો તથા વિષયી હતો (૩) **મુરાદ** ગુજરાતનો સુબો હતો. તે બહાદુર પણ કમ અક્કલનો ને વિશ્વાસુ હતો. (૪) **ઔરંગજેબ**-દક્ષિણનો સુબો હતો. પરંતુ કપટી, ધર્માંધ અને ઘતકી હતો.

શાહજાદાઓના બળવા.—ઇ. સ. ૧૬૫૭ માં શાહજહાં માંદો પડયો. ત્યારે તેને નામે **દારા** રાજકારભાર ચલાવા લાગ્યો. એટલે **સુજા** બંગાળામાંથી લશ્કર લેઇને રાજ્ય લેવાની લાલચે ચડી આવ્યો. પણ તેને દારાના દીકરા **સુલેમાને** તથા રાજા **જયસીંહે** હરાવી કાઢયો. અને **ઔરંગજેબે** મુરાદને સમજાવ્યું કે—"મ્હારે ફકીર બની મક્કે જવું છે. પણ પિતાની ગાદીએ કાફર ધર્મી દારા બેસે તેના કરતાં તું બેસે તો સારૂં." એમ સમજાવી, તેને પક્ષમાં લીધો. અને ૧૬૫૮ માં તે દારા ઉપર ચઢી આવ્યો. દારાએ રાજા **જશવંત સિંહની** મદદથી લડાઇ આરંભી પણ તેમાં દારાના ઉતાવળીઆ તથા અવિચારીપણાથી ઔરંગજેબે તેને સજ્જડ હાર ખવરાવી.

ઔરંગજેબ પાદશાહ થાય છે—દારાને હરાવી, મુરાદને દારૂ પાઈને ગાંડા તરીકે જાહેર કરી, તેને પણ આગ્રાના કિલ્લામાં કેદ કર્યો. અને પછી પોતાના બુઢ્ઢા બાપને (શાહજહાંને) પણ બંદીખાને નાખી ઇ. સ. ૧૬૫૮ માં પોતે બાદશાહ થયો. આગ્રાના કિલ્લામાં કેદી અવસ્થામાં વૃદ્ધ પાદશાહ શાહજહાં ઇ. સ. ૧૬૬૬ માં મરણ પામ્યો.

શાહજહાંના ગુણ—તેણે ગાદીએ બેઠા પછી ભાઇ ભત્રિજાનો નાશ કરાવ્યો. અને સેંકડો પોર્ટુગીઝોનો વિનાવાંકે નાશ કરી નાખ્યો—એ મહા ધાતકી કામ કર્યું હતું. તે સિવાય તેનો જાતિ સ્વભાવ પાપી હોય એમ જણાતું નથી. એ સ્વભાવે ભલો અને દયાળુ હતો. કામદારો પસંદ કરવામાં ચતુર અને પ્રજા વત્સલ હતો. તેણે ધર્મ સંબંધી કોઇ પણ જાતની સખ્તાઇ કરી નહોતી. અને તેના રાજ્યની પ્રજા વધારે આબાદ, સુખી ને સંતોષી હતી.

શાહજહાંના કામો—એના રાજ્યમાં શાંતિ તથા આબાદી હોવાથી તેણે પોતાનો ઘણો ખરો વખત અને પુષ્કળ રાજધનનો ઉત્તર હિંદમાં ભપકાબંધ મકાનો બનાવવામાં અને લોકોપયોગી કામોમાં ઉપયોગ કર્યો.

(૧) દીલ્હી શહેરને પાણી પૂરૂં પડવા માટે જમના નદીમાંથી એક નહેર ખોદાવી હતી—(૨) પોતાની વહાલી બેગમ **મુમતાજ મહાલ** (અસોફખાંની દીકરી) ની ઘોર ઉપર આગ્રામાં એક સુંદર કારીગરીનો મહેલ બંધાવ્યો કે જેને પૂરો થતાં ૩૦ વરસ લાગ્યાં હતાં અને ૩। કરોડ રૂપીયા ખર્ચ થયું હતું. જેની બરાબરી કરનાર દુનિઆંમાં એક પણ ઇમારત નથી તે **તાજમહેલ** આજે પાં-

ચસો વર્ષ છતાં પણ હજી આબેહુબ ઉભો છે (૩) હીરા, માણેક આદિક રત્નો જડિત **મયુરાસન** ૬॥ કરોડ રૂ. ખર્ચીને પાદશાહે પોતાને બેસવા માટે તૈયાર કરાવ્યું હતું. (૪) એ સિવાય આગ્રામાં **મોતીમસ્જીદ**, દીલ્હીમાં **જુમામસ્જીદ** ને એવી બીજી ઘણી વિ-શાળ મસ્જીદો પણ બંધાવી હતી.

એટલું એટલું ખર્ચ કર્યા છતાં પણ તે જ્યારે પદભ્રષ્ટ થયોત્યારે સોનું, રૂપુ, હીરા, આદિક ઝવેરાત સિવાય ૨૪ કોટી રૂપિયા રોકડા રાજખજાનામાં સિલિકે હતા.

ઔરંગજેબ.

પિતાને કેદ કરી, તથા ભાઇ ભત્રિજાઓનો નાશ કરીને ઔરં-ગજેબ ઇ. સ. ૧૬૫૮ માં '**આલમગીર**' (દુનિયાં જીતનાર) એ નામ ધારણ કરીને ગાદીએ બેઠો **દારા** દીલ્હી ભણી નાઠો એટલે આલમગીર તેની પાછળ પડયો. પછી તે સિંધમાં નાસી ગયો. ત્યાંના એક લુચ્ચા તાલુકદારે પકડીને પાદશાહ પાસે મોકલાવ્યો પિતૃ હંતા પાદશાહ આલમગીરે તેને ગરદન માર્યો ઇ. સ. ૧૬૫૭ આળસુ **સુજા** ને શાહજાદા સુલેમાન તથા રાજા જસવતસીંહની મદદ હોવા છતાં તે એદી પણામાં હાર્યો અને આરાકાનમાં નાઠો ત્યાં ઇ. સ. ૧૬૬૦માં માર્યો ગયો. અને બીચારા **મુરાદને** તથા ગ્વાલિઅરના કિલ્લામાં કેદ કરેલા તેના નિર્દોષ પુત્રોને પણ મારી નાખ્યા.

ઉત્તર હિંદનો બંદોબસ્ત—ઉત્તરમાં દારાનો પક્ષ પકડનાર **વિકાનેરના** રાજાને નમાવી, સરદાર, **મીરજુમલાને** આસામ જીતવા મોકલ્યો પણ ત્યાંના રાજાએ ખંડણી ભરવાનું કબુલ કરવાથી તે પાછો આવવા નીકળ્યો અને રસ્તામાંજ મરી ગયો. ઇ. સ. ૧૬૬૨

હિંદુઓ સાથે હાડવેર અને ધર્મ પક્ષપાત.

અકબરની ચાણાક્યનીતિથી, અને પ્રજા પ્રિતિ સંપાદન કરવાની પુજ્ય રીતિથી દુષ્ટાત્મા આલમગીર વિરૂદ્ધ વર્ત્યો. હિંદુઓ ઉપર જાત્રા, અને જજીયાવેરા શરૂ કર્યા. ધર્મ બંધનો તોડયાં. દેવળો પાયમાલ કર્યા અને હિંદુઓને સરકારી નોકરીમાંથી કાઢી ઇસ્લામીઓને ભર્યા તથા તેમને બળાત્કારે **મુસલમાન** બનાવવા માંડયા. જેથી દીલ્હીના લોક ટોળે મળી પાદશાહને વિનંતી કરવા ગયા ત્યારે **પાદશાહે** તેમને હાથીના પગ તળે છુંદાવી નાખ્યા એકે સપાટે હજારો હિંદુઓનો ઘાણ વળી ગયો. અને એવાજ ઘાતકી પણાથી મોગલ સલ્તનતની ઇમારત **ધ્રુજી** ઉઠી. અકબરથી શાહજહાં સુધી વરાદારીથી ચાલતા આવેલા સઘળા સરદારો વિરૂદ્ધ પડયા. અને ઉત્તરમાં **શીખ,** મધ્યમાં **રજપુતો** તથા દક્ષિણમાં **મરાઠાઓ** મોગલાઇને ઉંધી વાળવા હીલચાલ કરવા લાગ્યા દક્ષિણમાં વીરનર શિવાજીએ હિંદુ બળ સ્થાપન કર્યું. અને ઉત્તરમાં શીખ લોકોના **ગુરૂ ગોવિંદસીંહે** નવો પંથ કાઢી શીખ બળ વધારી દીધું.

મરેઠી રાજ્યની સ્થાપના—અહમદનગરનું રાજ્ય ઔરંગજેબે ખાલસા કર્યા પછી ત્યાંનો વજીર **શાહજીભોંસલે વિજાપુર** ના રાજાને ત્યાં નોકર રહ્યો. તેના બહાદુર દીકરા **શીવાજી** એ **કોકણની આજુબાજુનો** મુલક લુંટવા માંડયો અને ઇ. સ. ૧૬૬૪ માં **તે રાયગઢ**માં ગાદીએ બેઠો અને આલમગીરના મામા **સાઇસ્ખ્તખાનને ઘાયલ** કરી નસાડયો. તથા **સરદાર** અફ્જલખાંને માર્યો. સુરત લુંટીને કરોડો રૂપીઆનો માલિક થયો. તેનું બળ **તોડવા** આલમગીરે **મોઆઝીમ,** સરદાર દીલીરખાન તથા **જસવંત**

સિંહને મોકલ્યા પણ તેઓ હારીને પાછા આવ્યા. છેવટે તેણે શીવાજીને તથા તેના પુત્ર શંભાજીને યુક્તિથી દીલ્હીમાં આમંત્રણ આપી તેડાવ્યા અને કેદ કર્યા પણ ચાલાક શીવાજી વળી તેને હાથ તાળી આપીને પોતાના પુત્ર સાથે નાશી છૂટયો. દક્ષિણમાં આવી હિંદુઓ માં ધર્માભિમાન ઉત્પન્ન કર્યું. અને મરેઠાઓને ચુનંદા લડવૈયા બનાવ્યા. કે જેઓ આલમગીર જેવા સમર્થ બાદશાહને પણ પુરા પડયા. ઈ. સ. ૧૬૭૦ માં શીવાજીએ બીજી વાર સુરત લૂંટયું. અને **વિજાપુર** તથા ગોવલકોંડાના રાજાઓ પાસેથી ચોથ ઉઘ- રાવી કર્ણાટક સુધી ફત્તેહ મેળવી. એ મહાન નર ઇ. સ, ૧૬૮૦ માં સ્વર્ગવાસી થયો. તેણે મરાઠામાં ઉત્પન્ન કરેલા ધર્માભિમાન વડે મરાઠાઓ આગળ જતાં મોગલ સલ્તનતને છિન્નભિન્ન કરી નાખી રાજપૂતો સામા ઉઠયા. આ વખતે ઉદેપુર, જોધપુર અને **જયપુર** એ ત્રણ રાજપૂતોનાં મોટાં રાજ્યો હતાં. જોધપુરના રાજા **જયસીંહ** બાદશાહની સેવામાં હતા. પરંતુ આટલો બધો પ્રખર અત્યાચાર જોઇ તે પણ લાગ આવેથી સામે થવાની તૈયારી કરતા હતા એવામાં વળી આલમગીરે દગો દઇ દક્ષિણમાં જયસિંહનો નાશ કરાવ્યો અને જશવંતસિંહને કાબુલનું બંડ સમાવવા મોકલ્યો ત્યાં મરણ પામ્યો તથા તેનાં બૈરાં છોકરાને દીલ્હીમાં કેદ કર્યાં પણ રાજપૂતોના વીર સરદાર **દુર્ગાદાસે** યુક્તિથી તેમને છોડાવી સુર- ક્ષિત સ્થળે પહોંચાડી દીધાં અને આલગીર સાથે લડાઇ આરંભી. તેમાં પોતે અને કેટલાક રાજપૂતો બચ્યા હતા તેમને સાથે લઇને બાળકુમારનું રક્ષણ કરવા માંડયું. આ વિશ્વાસઘાતકતા જોઇ ઉદેપુરનો રાણો **રાજસિંહ** પણ આલમગીરના સામો થયો અને ભીષણ યુદ્ધ- માં પાદશાહને નાસીપાસ કર્યો. જેથી કંટાળીને તેની સાથે સલાહ

કરી. ઇ. સ. ૧૬૮૧ અને જશવંતસીંગનો કુંવર અજીતસીંગ મોટો થાય ત્યારે જોધપુરનું રાજ્ય તેને સ્વાધીન કરવાનું કબુલ કરી રાજપૂતોને મનાવ્યા.

દક્ષિણ ઉપર સ્વારી—રાજપૂતો સાથે ઉત્તરમાં એવી રીતે સંધિ કરી દક્ષિણનાં બ્રાહ્મણી રાજ્ય **વિજાપુર** તથા **ગોવળ કોંડા** જીતવા તથા મરાઠી બળ તોડવાને બળવાન સૈન્ય સાથે આલમગીર ઇ. સ. ૧૬૮ મા દક્ષિણમાં આવ્યો.

પાદશાહે દક્ષિણમાં આવીને શાહજાદા **મોઆજીમને** મરેઠાઓ ઉપર તથા **આજીમને** વિજાપુર ઉપર મોકલ્યા પણ મરેઠા રાજા સંભાજીએ મોઆજીમને હરાવી કાઢ્યો એટલે પાદશાહે તેને નવું લશ્કર આપી **ગોવળ કોંડા** પર મોકલ્યો અને પોતે આજીમને મદદ કરવા વિજાપુર ગયો. પિતાપુત્રે મળી ઇ. સ. ૧૬૮૬ માં વિજાપુર જીતી લીધું. અને બીજી તરફથી મોઆજીમ પણ ગોવળકોંડાના બાદશાહ સાથે સલાહ કરી, પુષ્કળ ધન લઇ પાછો આવ્યો. પણ લોભી આલમગીરે ફરીથી ગોવળકોંડા ઉપર સવારી કરી, તે રાજ્યની આખર આણી અને ઇ. સ. ૧૬૮૭ માં **કર્ણાટકથી તંજાવર** સુધીનો મુલક જીતી લીધો.

શંભાજીનો નાશ—વિકરાળ શત્રુ કરાળ તરવાર માથા ઉપર ઝઝુમતી હોવા છતાં શીવાજી સમાન વીર નરનો બાયલો પુત્ર શંભાજી આ વખતે **કલુષા** નામના નીચ બ્રાહ્મણની સોબતમાં પડી મોજ શોખી બની ગયો હતો. આલમગીરના એક સરદારે તેને બે ભાન સ્થિતિમાં તેના સાથી કલુષા સાથે પકડી લીધો. અને બાદશાહની હજુરમાં થઇ ગયો. ત્યાં તેનો તથા તેના ભાઇ બંધનો નાશ કર્યો. અને તેના કુટુંબને કેદકરી દીલ્હી મોકલાવી દીધું. ઇ. સ. ૧૬૯૯

શંભાજી મરાયો પણ મરાઠાઓએ તેથી વધારે ઉત્સાહમાં આવીને તેના ભાઇ **રાજારામ** ને ગાદીએ બેસાડ્યો અને તેના મરણ પછી તેના પુત્ર **શિવાજીને** ગાદીએ બેસાડીને, મરેઠાએ **ગુજરાત, માળવા** વગેરે લૂંટવા માંડ્યાં, અને પાદશાહી સૈન્યને ત્રાહી ત્રાહી પોકરાવા માંડયું. આ વખતે ઔરંગઝેબની તબીયત ત્રાસ–થાક–મંદવાડ–અને ચિંતાથી લથડવા માંડી. મહા મુશ્કેલીએ તે અહમદનગર પહોંચ્યો. અને ઇ. સ. ૧૭૦૮ માં પોતાનાં અઘોર પાપોનો પસ્તાવો કરતો કરતો મરણ પામ્યો.

આલમગીરના ગુણ દોષ—ઔરંગઝેબ યુદ્ધમાં કુશળ, શૂરો, હિંમતવાન, સાહસિક, સારૂં ભણેલો, અને દૃઢ મનનો, ઉદ્યોગી, દીર્ઘ દૃષ્ટિવાળો તથા રસિક પત્ર લખનારો હતો. દરેક ખાતાંઓ ઉપર અને રાજ્યનાં નાનાં કામો પર પણ જાતે તપાસ રાખતો, વૃદ્ધ વયનો થયા છતાં પણ વગર ચશ્મે વાંચી લખી શકતો. તેનો ચહેરો હમેશાં હસમુખો રહેતો પણ તેને કોઇ ચ્હાતું નહિં. જેટલા તેનામાં સારા ગુણો હતા તેથી વધારે નઠારા ગુણો હતા. તે અવિશ્વાસુ, નિર્દય, કપટી, ઘાતકી, અને ધર્માંધ હતો, તથા તેના એવા અન્યાયી પક્ષ પાતથી તેણે આખી મોગલ સલ્તનતની ઇમારતનો નાશ પામવાનો વખત નજીકમાં આણ્યો.

ઔરંગઝેબના વખતમાં મોગલ સલ્તનત ઘણો વિસ્તાર પામી ગઇ હતી. તેની ધર્માંધ અને જુલમી રાજ્ય નીતિને લીધે તેના મરણ પછી **મરાઠા, શીખ,** અને **રજપૂતોએ** વિશાળ મોગલ સામ્રાજ્યને છિન્ન ભિન્ન કરી અધમ અવસ્થામાં લાવી મૂક્યું. અને કેટલીક મુદ્દત જતાં તે છેક તૂટી પડયું.

પાંચમા ધોરણના પદાર્થ પાઠ.

હવા, વાયુને વરાળ.

હવા ને આપણે જોઇ શકતા નથી, પકડી શકતા નથી, છતાં તે આપણી આગળ, પાછળ બધે ઠેકાણે વસી રહેલી છે. હવા જોરથી ચાલે છે ત્યારે આપણે **વા**, કે **પવન** કહીએ છીએ.

પૃથ્વી બધી બાજુએ હવાથી (વાથી) ઘેરાએલી છે.અને વાના એ ઘેરને વાતાવરણ કહે છે.

હવામાં વજન છે—કાચની સીસીને આપણે પ્રથમ જોખી જોઇએ, અને પછી વાયુ શોષક યંત્રથી હવા ખેંચી લેઇને ફરીથી જોખીએ તો તેનું વજન પ્રથમના કરતાં ઓછું જણાશે જે ઉપરથી હવામાં વજન છે એવી ખાત્રી થાય છે.

એવી ગણતરી થઈ છે કે આપણે દરેકને માથે લગભગ ૧૬ ટનનો એટલે ૮૯૬ મણ જેટલો હવાનો ભાર હોય છે. છતાં આપણે છુંદાઇ જતા નથી, કારણ કે તેનું દબાણ શરીરના એકજ ભાગ ઉપર ન હોતાં અંદરના તેમજ બહારના બધા ભાગો ઉપર સરખું હોય છે જેથી આપણને હવાનો ભાર લાગતો નથી હવાને ઘન પદાર્થની માફક દળકે વજન નથી. પરંતુ પ્રવાહી પદાર્થની માફક જેમાં તે ભરાય છે તેવો તેનો આકાર થાય છે. છતાં તે પ્રવાહી, કે ઘન નથી પરંતુ ત્રીજી અવસ્થા વાયુ રૂપ છે. તે વાયુમાં નાઈટ્રોજન વાયુ અને પ્રાણવાયુ એ બે મુખ્ય છે.

પ્રાણવાયુ—(ઓકિસજન). દીવો દેવતા બળવાને કે જીવતા રહેવાને તથા શ્વાસ લેવાને પ્રાણવાયુ ઘણો અગત્યનો છે એ વાયુ

એટલો હોય તો દીવો, દેવતા ઝડપથી બળે અને પ્રાણીઓને ઘણી હાનિ થાય. જેથી બળવાની ક્રિયા વધે નહિં, માટે તેમાં એકબીજો વાયુ ભળેલો છે તેને **નાઈટ્રોજન** કહે છે.

નાઈટ્રોજન—એ વનસ્પતિ અને પ્રાણીઓનાં અંગને પોષણ કરે છે. અને ઓક્સિજનના એકદમ બાળી નાખવાના ગુણને અંકુશમાં રાખે છે.

આ ઉપરાંત કેટલાક વાયુ સળગાવ્યાથી બળે છે. **કોલગ્યાસ** અને **કારબોનિક એસિડગ્યાસ** એ ઝેરી વાયુ છે.

વરાળ—વરાળ વિષે પાછલી ચોપડીમાં તમે કેટલુંક શીખ્યા ગયા છો. પાણી તપે છે. ત્યારે તેનો આકારને કદ જતાં રહી તેની વરાળ બને છે ને તે હવામાં મળી જાય છે. સઘળાં વરાળ યંત્રો, **રેલવેઓને સ્ટીમરો વરાળથી ચાલે છે.**

કોલસોને ગ્યાસ.

કોલસો—હજારો વરસ પહેલાંનાં ઘણાં મોટાં અને સુશોભિત ઝાડો કે જે આજના તાડ, ફર્ન, અને ઉંચાવડથી પણ વધારે ઉંચાં અને મોટાં હતાં તે તથા નાના મોટા પુષ્કળ છોડવાઓ ઉપર જુના યુગમાં મહાસાગરનાં પાણી ફરી વળવાથી ખારાં પાણીને લીધે થડ, મુળીઆં વિગેરે કોહીને ઝાડ છોડ જમીન દોસ્ત થઇ ગયાં. તેના ઉપર કાદવ કીચડને કાંકરી ચઢતા ગયાં. ને જેમ જેમ વધારે વખત જતો ગયો તેમ તેમ જમીનમાં વધારે ઉંડાં દબાતાં ગયાં.

એ અવસ્થામાં ટાઢ, તાપ, હવા, પાણી કાંઇ ન મળવાથી અને કાદવ કીચડમાં દબાઇ રહેવાથી તે કાળાં પડતાં ગયાં અને તેમના પત્થર જેવા ગઠ્ઠા બન્યા, ને તેજ હાલના **ખનિજ કોલસા થયા**

હિંદુસ્તાનમાં મધ્ય પ્રાંત તથા આસામમાં અને વિલાયતમાં પણ પુષ્કળ ખાણો છે. તેમાંથી ખાંડી બંધ કોલસા નીકળે છે. તે બળતણ તરીકે તથા યંત્રોમાં કામ લાગે છે. તે ઉપરાંત-કોલસામાંથી કોલગ્યાસ પણ નીકળે છે.

ગ્યાસ—કોલગ્યાસ એ કોલસામાંથી ઉત્પન્ન થતો વાયુ છે. મુંબાઇ જેવા મોટાં શહેરોમાં સડકોપરને દુકાનો ઉપર જે ઝગઝગતા પ્રકાશિત દીવા જોવામાં આવે છે તે કોલગ્યાસના છે. મ્હોટાં શહેરોમાં અને રેલવેનાં એન્જીનોમાં કોલગ્યાસ ઉત્પન્ન કરવાનાં કારખાનાં હોય છે. રેલવેમાં આપણે જે ડબ્બાઓમાં દીવા જોઇએ છીએ તે પણ કોલગ્યાસના છે.

કોલસામાંથી **કોલતાર** પણ નીકળે છે અને તેના ડામર જેવા ટારમાંથી જુદા જુદી જાતના **રંગ ઉત્પન્ન** થાય છે. તેમજ કોલસાના ટારમાંથી એક જાતની **ખાંડ** પણ નીકળે છે.

પારો અને ગરમી માપક યંત્ર.

પારો—પશ્ચિમ બાજુના દેશો જેવા કે, સ્પેન, મેક્સિકો, આસ્ટ્રેલીઆ, જાપાન વિગેરે દેશોમાંથી પારો જડે છે.

ઉત્પત્તિ—ખાણમાંથી પત્થર અને બીજી વસ્તુઓ સાથે મળેલા પારાના પત્થરો નીકળે છે. તે પત્થરોને ચુનાના પત્થર સાથે ગરમી લગાડવાથી પારાની વરાળ જુદી પડે છે ને તે ઠંડી થતાં પારો બને છે.

ગુણ—ભારે, સફેદ, ચળકતો, સ્વાદ વગરનો અને નક્કર તથા પીગળાઉ—સુરજનો તાપ અગર જરાક અગ્નિ લગાડતાં તે વરાળ રૂપ થઇ જાય છે ને તેને ઠંડી લગાડતાં પાછો પારો બને છે.

સોનું, રૂપું વિગેરે ધાતુઓ સાથે અગ્નિની ગરમી લગાડવાથી પારો જલદી ચોંટી જાય છે. ધાતુ સિવાય બીજા કશાને તે ચોંટતો નથી.

વિસ્તાર પામે છે, અને સંકોચાય છે. કોઈ પણ ચીજને પાણીની પેઠે ગરમી લાગવાથી વિસ્તાર પામે છે, અને ઠંડી લાગવાથી સંકોચાય છે. પારાનું તેમજ છે થાય છે. ગરમી માપવાને પાણી કરતાં પારો બહુ ઉપયોગી છે. કારણ કે તેને અતિશય તપાવ્યા વિના તે વાયુ રૂપમાં આવી જતો નથી, તેમજ પાણીના માફક જલદી ઠરી પણ જતો નથી. જેથી તેને નળીમાં ભરીને તે ઉપરથી ઉષ્ણતા માપક યંત્ર (થર્મોમીટર) બનાવવામાં આવ્યાં છે.

ગરમી માપક યંત્ર—(ઉષ્ણતા માપક યંત્ર અથવા થર્મોમીટર.)—બે બાજુથી બંધ કરેલી કાચની નળીને એક લાકડાની પટીમાં બેસાડી છે. નળીનો એક છેડો વધારે ફુલવેલો હોય દડી જેવો છે. તેમાં પારો ભર્યો હોય છે અને તે પટીપર આંકા પાડીને આંકડા માંડેલા હોય છે.

હિમબિંદુ—નળીમાંનો પારો ઠંડો થવાથી સંકોચાઇને નીચો ઉતરી જાય છે. એટલે નળી ઉપર ખાલી જગા રહે છે. પછી તેને બરફમાં મૂકવાથી પારો ઉતરવા માંડી આખરે એક સ્થળે સ્થિર રહે . તે ઠેકાણે કાપો કરી લેછે. ને તે સ્થાનને **પાણીનું હિમબિંદુ** કહે છે.

ઉષ્ણતા બિંદુ—નળીને ઉકળતા પાણીની વરાળે ધરી રાખતાં

પારો અમુક જગાએ પહોંચી, ત્યાં અટકી રહે છે. તે જગાએ પણ નિશાની કરી લે છે અને તેને ઉષ્ણતા બિંદુ કહે છે.

અંશ—આએ બિંદુ વચ્ચેની જગાના ૧૦૦ ભાગ કરીને દરેક ભાગે કાપો પાડે છે. તેમાંના સૌથી હેઠળના બિંદુએ ૦ અને મથાળાના બિંદુએ ૧૦૦ માંડેલા છે તેથી એના ઉપર બધા મળીને ૧૦૦ ભાગ કે અંશ છે.

એકદળ અને દ્વિદળ.

વનસ્પતિ માત્રના બે ભાગ છે. (૧) ફૂલવાળી અને (૨) ફુલ વગરની.

ફૂલવાળી વનસ્પતિના પણ બે ભાગ છે. (૧) એકદળ અને (૨) દ્વિદળ વનસ્પતિ.

એકદળ—જેનાં બીજની દાળ. (ફાડ) પડતીજ નથી તે.

: દ્વિદળ—જેનાં બીજની બે દાળ (ફાડ) પડે છે તે આ બંન્ને જાતની વનસ્પતિનાં બીમાં તથા તેમનાં જુદાં જુદાં અંગોમાં ઘણા પ્રકારનો તફાવત છે.

એકદળ અને દ્વિદળનો મુકાબલો.

એકદળીઆ ઝાડનું મૂળ ટુંકા રેસાનું બનેલું હોય છે. અને તે જમીનમાં ઉંડું ઉતરેલું નથી હોતું. ત્યારે દ્વિદળીઆ ઝાડનું મૂળ જમીનમાં ઘણું ઊંડું ઉતરેલું, અને ઝીણા ઝીણા રેસાવાળું હોય છે

એકદળ વનસ્પતિના ઝાડને ડાળાં હોતાં નથી. પણ દ્વિદળ વનસ્પતિના ઝાડને ડાળીઓ હોય છે. ડાળીઓ વગરનાં તમામ ઝાડ એકદળીઆં સમજવાં.

દ્વિદળના થડને છાલ હોય છે ને એકદળને હોતી નથી. અને બંન્ને જાતનાં થડને આડાં કાપતાં બે દળીઆં ઝાડનો અંદરનો ભાગ ઘણો ઘટ, ને સખત જણાય છે. પણ એકદળીઆમાં તો પોલો તથા બાંગીને ભૂકો થઇ જાય તેવો હોય છે.

દ્વિદળનાં પાંદડાં જાળીવાળાં હોય છે. અને તેની નસોમાંથી ફુટેલા ફાંટા એક બીજા સાથે ગુંથાઇ ગએલા હોવાથી ફાડવા જતાં આડાં ફાટે છે. પણ એકદળમાં તો પાંદડાંની નસો સીધી હોવાથી તે સીધાં ફાટે છે.

દ્વિદળનાં **પાંદડાં** પાકીને પીળાં થતાં દાંડી સાથે ખરી પડે છે. પણ એકદળનાં તો પાકીને સુકાઇ ગયા છતાંય લટકતાં રહે છે.

દ્વિદળીઆં **ફુલોને** વજ્ર,પત્ર અને **ફુલમણી** એવાં બે ઢાંકણ હોય છે તો એકદળને માત્ર વજ્ર, એકલુંજ હોય છે.

એકદળીઆં ફુલમાં પાંદડી અને પુંકેસર ૩ અથવા ૩ નો ગુણાકાર હોય છે. તો દ્વિદળમાં ૫ અથવા ૫ નો ગુણાકાર હોય છે.

દ્વિદળના ફળની છાલ કાઢી નાખતાં તેમાં બે દળ જણાય છે. પણ એકદળમાં તેમ હોતું નથી.

ફૂલનું ફળ બનવા વિષે.

ફુલનું વજ્ર, અને **પુષ્પકોશ** એવાં બે ઢાંકણ હોય છે. તથા **સ્ત્રીકેસર** અને **પુંકેસર** એવી બે અવસ્યની ઇંદ્રિયો પણ હોય છે.

પુંકેસર—એમાં **તંતુ** અને તેને વળગેલો **પરાગકોશ** એવા બે ભાગ હોય છે. પરાગકોશનો જે ભાગ તંતુને વળગેલો હોય છે તેને **પીઠ** કહે છે. પીઠની બાજુને **પેટ** કહે છે.

સ્ત્રીકેસરના ત્રણ ભાગ હોય છે. **બીજાશય, નળી, અને અગ્ર કે ટોચ.** પુંકેસરનો પરાગકોશ ફાટે છે. ત્યારે સ્ત્રીકેસરનું અગ્ર ચીકણું થઇ તેનાપર **પરાગ** પડે છે.

કેટલાંક ફુલોમાં **મધમાખીઓ, ભમરાઓ, પતંગીઆં** વિગેરે જંતુઓ અથવા **પવન** સ્ત્રીકેસરમાં પરાગ લઇ જાય છે. ફૂલોના ચળકતા રંગ, અને સુગંધથી મોહ પામી પતંગીઆં તેમાંનું મધ ચૂસવા લલચાય છે. અને **મધ** ફૂલને તળીએ હોય છે. એટલે પતંગીઆં પણ તળીએ જાય છે ત્યારે પુંકેસરનાં પરાગની રજકણ તેમને ચોંટે છે. અને પછી બીજા ફુલમાંનો રસ ચુસવા જાય છે ત્યારે તેમનાં શરીરને ચોંટેલી રજકણ તે ફુલોના સ્ત્રી કેસરની ટોચને વળગે છે. એવી રીતે તેઓ એક ફૂલમાંથી બીજા ફૂલમાં પરાગ આણી બીજ ઉત્પન્ન થવામાં મદદ કરે છે.

પરાગની રજકણ નાની અને હલકી હોવાથી ધુળની પેઠે પ-વનથી ઉડી એક ફૂલથી બીજા ફૂલમાં પડે છે. અને તેથી બીજા ફુલમાં ફળ ઉત્પન્ન થાય છે.

હવે પરાગની રજકણ સ્ત્રીકેસરની ટોચપર પડે છે. અને તેને **બહારનું** અને **અંદરનું** એવાં બે ઢાંકણ હોય છે. તેમાં બહારના ઢાંકણના કાંણા વાટે પરાગના ઝીણા તંતુઓ સ્ત્રીકેસરની નળીમાં થઇને **બીજાશયમાં** જાય છે. ત્યાં ફૂલનાં ઇંડાં ભરેલાં હોય છે. દરેક ઈંડામાં નાનું છિદ્ર હોય છે. અને તેમાં થઇને પરાગના તંતુ ઈંડામાં પેસે છે.

ઇંડાનો અને પરાગના તંતુનો મેળાપ થવાથી ફળ બંધાય છે.

બીજાશય પકવ થઇ ફળ થાય છે. ઇંડાં બીજ થઇ ફળમાં રહે છે. અને બીજ જમીનમાં રોપવાથી નવાં ઝાડ ઉગે છે.

અપુસ્પ વનસ્પતિ.

હંસરાજ, સેવાળ, લીલ, ફુલ, અને બિલાડીનો ટોપ. એ અપુષ્પ અને અદળ વનસ્પતિ કહેવાય છે. હંસરાજ વગડામાં અથવા ખડકોમાં ભીની જગાએ ઉગે છે. કેટલેક ઠેકાણે બગીચાઓમાં શોભાની ખાતર પણ હંસરાજ કુંડાઓમાં રોપાવામાં આવે છે. તથા તેને તારની ટોપલીઓમાં રોપી બંગલાના ઓટલા ઉપર અથવા કમાનોમાં ટાંગે છે.

હંસરાજ જાત જાતનો થાય છે. ને તે ભેજવાળી જગાએ છાંયડામાંજ ઉગે છે. તેને ખરેખરાં પાંદડાં હોતાં નથી. પણ દ્વિદળનાં પાંદડાંની માફક હંસરાજનાં પાનમાં ચિપીઆ આકારની નસો હોય છે.

પાંદડાંની હેઠલી બાજુએ છેક કોરે કાળાશ પડતા દાણા હોય છે. તે કાળા ડાઘા જેવા જણાય છે. તેમાં બારીક ભુકો હોય છે. દાણા પરિપક્વ થઇ ફાટે છે ત્યારે ભુકો જમીન ઉપર પડે છે અને અને તેમાંથી હંસરાજ ફરી ઉગે છે.

સેવાળ—જે ઠેકાણે હમેશાં પાણી ટપકતું હોય, તે જગાએ આ વનસ્પતિ ઉગે છે. ઘરમાં નહાવાની જગાએ, કેટલાંક જળાશયોએ, ચોમાસામાં મકાનોની દિવાલોએ, ઇંટોએ, નળીઆંઓએ, અને ઝાડના થડે સેવાળ પુષ્કળ થાય છે.

સેવાળની ટોચે ઘણાંજ નાનાં પાદડાં હોય છે. પાંદડાંના અંદરના ભાગમાં પુંકેસરનો અને છોડ પર સ્ત્રીકેસરનો પિંડ હોય છે. પુંકેસર ઉઘડે છે ત્યારે રેસા જેવું કાંઇક બહાર આવે છે, તે સ્ત્રીકેસરમાં ઉતરવાથી સેવાળને ઉગવાને પુષ્ટિ મળે છે.

લીલ—પર્વતોને મથાળે, તથા પથરા ઉપર ઉગે છે અને તે લીલા રંગની હોય છે. તેના ઉપર પગ મુકીને ચાલતાં લપસી જવાય છે.

ફુગ—ચોમાસામાં છત્રી આકારના ઝીણા ઝીણા સફેદ છોડવા ઉગી નીકળે છે કે જેને આપણે **બિલાડીનો ટોપ** અથવા **કુતરાના કાન** કહીએ છીએ તે એક પ્રકારની ફુગ છે. ફુગ ભેજવાળી જગાએ થાય છે. રોટલા, ફળ વગેરે ઘણી વસ્તુઓને ફુગ લાગે છે ખેતરોમાં ધાન્યને બગાડતી **ગેરૂ** અને **આગીઓ** નામે ઓળખાતી વનસ્પતિ, તથા પ્રાણીઓના લોહીમાં જણાતાં **બેકિટરીઆ** નામનાં સુક્ષ્મ જંતુઓ એ પણ એક પ્રકારની ફુગજ છે.

નાળિએરી ને બાવળ.

નાળિએરી:—દક્ષિણમાં દરિયા કિનારે તથા કોકણમાં, લંકામાં અને ગુજરાત પિનાંગ, સિંગાપુર વગેરેમાં ઉત્પન્ન થાય છે.

એનાં થડ સીધાં અને ઘણાં ઉંચાં હોય છે અને ટોચે પાંદડાંના ઝુમખા હોય છે. તેમાં મંજરી ફુટયા પછી એક વરસે નાળીએર બંધાય છે. અને દરેક મંજરીમાંથી ૫ થી ૫૦ નાળીએર ઉતરે છે સારી જમીનમાં રોપેલી દરેક નાળીએરી ઉપરથી દર વરસે ૪૦૦–૫૦૦ નાળીએર ઉતરે છે અને તે ૫૦–૬૦ વરસ સુધી ફળે છે.

નાળીએરીના થડના થાંભલા, **મોભ**, ભારવટીઆં, ડુંગી પરનાળો વિગેરે બને છે. તેનાં **પાંદડાં** છાપરાં છાવાના કામમાં આવે છે. તેના **પાતરાં**ની સાવરણીઓ બને છે. અને **મંજરી**નું બહારનું ઢાંકણ બાળવાના કામમાં આવે છે તેના **રેસા**નાં દોરડાં વણાય છે. અને લોકો તેના **કાથા**ને રૂની જગ્યાએ વાપરી ગાદી તકીઆ બનાવે છે. **કાચલી**ના હુક્કાનો ડોયો બને છે તથા નકશીદાર પ્યાલા ને તાસકો પણ થાય છે. કાચલીમાંથી નીકળતું **તેલ** દવાના કામમાં આવે છે.

નાળીએરનું **કોપરૂં** ખાવાના કામમાં આવે છે શાકમાં નાખવામાં, તથા ધારી અને પુરણપોળી બનાવવામાં તે કામ લાગે છે.

નાળીએરીના **રસને તાડી** કહે છે, તેમાંથી ગોળ અને દારૂ બને છે નાળીએરીના જેવું બીજું ઉપયોગી વૃક્ષ જમીન ઉપર ન હોવાથી લોકો નાળીએરીને પૃથ્વી પરનું **કલ્પવૃક્ષ** કહે છે.

બાવળ—આ ઝાડ વધારે ઉંચું હોતું નથી. તેને ડાળાં પાંદડાં અને શૂળો પુષ્કળ હોય છે. તેનાં **ફુલ** પીળાં અને **શીંગો** ચપટી હોય છે શીંગોમાંથી બી નીકળે છે તે પરડા કહેવાય છે ને ગરીબો તેનું અથાણું કરીને ખાય છે.

ગુજરાત, કચ્છ, સિંધ અને દક્ષિણમાં બાવળ થાય છે ઘણું કરીને તે ગરમ તથા સુકા મુલકમાંજ ઉગે છે.

બાવળનું **લાકડું** મજબુત ને ગાંઠાવાળું હોય છે તથા હળ, ગાડાં, ગાડીઓ વિગેરે ખેતીનાં સાધનોમાં તથા બાળવાના કામમાં આવે છે.

બાવળના **પરડા** તથા **કુણી ટીશીઓ** ઘેટાં બકરાં ખાય છે. અને તેના કાંટાનો ઉપયોગ ખેતરની વાડો બનાવવામાં થાય છે.

બાવળની છાલમાંથી **ગુંદર** નીકળે છે તે કાગળો ચોંટાડવામાં પાક અને મીઠાઇ બનાવવામાં તથા ખાવાના કામમાં આવે છે.

સાગ અને વડ.

સાગ—બંગાલા, મુલમૈન, ગુજરાત ને બ્રહ્મદેશ વિગેરે જે ભાગોમાં વરસાદ ઘણો પડે છે ત્યાં **સાગ** પુષ્કળ થાય છે. સાગનું ઝાડ ૧૦૦ થી ૧૨૫ ફુટ ઉંચું થાય છે અને તેનાં **પાંદડાં** ૧॥-૨ હાથ લાંબા ને ૧ હાથ પહોળાં હોય છે તેથી **પંચમહાલ** અને **કોંકણના ભીલો** પાલાં તથા કોઠાગોમાં તે પાંદડાંનું અસ્તર કરે છે તથા છાપરાં છાવામાં પણ તે ઉપયોગમાં લે છે.

સાગનું લાકડું ઘણું મજબુત અને ટકાઉ હોવાથી ઘરો, દેવળો અને મનોહર મકાનો બાંધવામાં તેનો બહુ ઉપયોગ થાય છે. **વિજયનગરમાં તુંગભદ્રા** નદીને કાંઠે કેટલાંક મનોહર દેહરાંઓમાં સાગનું લાકડું વાપરેલું છે. તે દેવળો બંધાવ્યાં આજે ૫૦૦ વરસ થઇ ગયાં છતાં હજી સાગનું લક્કડકામ જેવું ને તેવુંજ છે.

સાગનું લાકડું પાણીમાં પણ કોહવાતું કે સડતું નથી. જેથી મછવા, હોડી, નૌકા, વહાણો વિગેરે બનાવવામાં તેનોજ ઉપયોગ કરેછે. વળી પેટી, પટારા, ખુરસી, ટેબલો, કબાટો પણ તેનાંજ બને છે તેને ઉધાઇ કે બીજા જંતુઓ લાગતા નથી. સાગ એ **જંગલનો રાજા** કહેવાય છે. અને બ્રીટીશ સરકારને સાગની પેદાશ ઘણી છે.

વડ—આ ઝાડ અને તેનું લાકડું સાગના જેટલું ઉપયોગી નથી. હિંદુઓ હોમ કરવામાં તેના લાકડાંની **સમીધ** બનાવે છે. બાકી બીજા કશા ભારે ઉપયોગમાં તે આવતું નથી તેનાં પાંદડાંનાં બ્રાહ્મણો પતરાળાં પડીઆ બનાવે છે વડના **ટેટા** પક્ષીઓને બહુ ભાવે છે. ટેટામાંનાં **બીઆં** તેમની હગાર મારફતે નીકળી જાય છે તે ઠેકાણે ઠેકાણે વેરાઇને ઉગી નીકળે છે. એટલે તેમાંથી વડનું ઝાડ ઉત્પન્ન થાય છે. વડની ડાળી રોપવાથી પણ નવો વડ ઉગે છે વડનું ઝાડ શોભિતું અને ઘટાદાર હોય છે. તથા તે ઘણું છવાયલું, અને જમીનમાં ઉંડાં મૂળ ઘાલી રહેલું હોય છે તેનાં ડાળાં વધી જઇને આડાં અવળાં ફેલાઇને મનોહર ઘટા બનાવે છે. ડાળાંમાંથી લાંબી રૈસા જેવી દોરીઓ જેવા ફાંટા ફુટીને નીચે લટકે છે તેને **વડવાઇ** કહે છે. વડવાઇ ભોંયમાં મૂળ ઘાલીને નવું થડ ઉભું કરે છે. ને તેમાંથી નવો વડ ઉગે છે.

ભરૂચ જીલ્લામાં નર્મદા નદીની તીરે શુકલતિર્થ પાસે એક પ્રાચીન વડ છે. તેને **કબીરવડ** કહે છે. તેનાં ડાળાંની વડવાઇઓનાં મૂળ જમીનમાં ઉંડાં ઉતરીને તેમાંથી પાસે પાસે ૩-૪ હજાર ઝાડ થયાં છે ને તેમાં પુષ્કળ ડાળાં ડાળીઓથી એટલી બધી વિશાળ ઘટા ફેલાઇ ગઇ છે કે ૭૦૦૦ માણસનું લશ્કર તેમાં સહીસલામત રહી શકે.

રેશમનો કીડો.

રેશમનો કીડો—આ જીવડું કસ્તુરી જેવડું હોય છે તેમાં બીજા જીવોની માફક નર અને માદા હોય છે. રાઇના દાણા જે-

વડાં ૪૦૦–૫૦૦ ઇંડાં મૂકીને માદા મરી જાય છે અને તે ઈંડાં શેતુરના પાંદડાં ઉપર મૂકેલાં હોય છે. એટલે ત્યાંજ તે ગરમીથી સેવાઇને તેમાંથી ઇયળો અવતરે છે. ઇયળ અવતરતાંજ તે પાંદડાં ખાઇને વધવા માંડે છે તે છ સાત અઠવાડીઆં જીવે છે અને તેટલામાં ચાર પાંચ વખત પોતાની ખાલ ઉતારી નાંખે છે.

ઇયળનામોં નીચે બે છિદ્રો હોય છે. તેમાંથી પીળો, ચીકણો પદાર્થ ઝરે છે તેનો બારીક તાર થાય છે ને તે તારનો કોશેટો બનાવી ઇયળ તેમાં ભરાઇ જાય છે. અને તાંતણાથી શરીર વિંટાળી ત્રણેક અઠવાડીઆં સુધી તેમાં નીરાંતે ઉંધે છે.

ઉંઘી ઉઠયા પછી તે **પતંગીઆ** કે **કંસારી** રૂપે કોશેટાતોડી બહાર નીકળે છે. તે વખતે તેને સુંદર પીંછાં અને નાનકડી પાંખો હોય છે.

કંસારી ઇયળથી જુદી જાતની હોય છે. તેને ચાર પગ, ચાર પાંખો, માથા ઉપર બે મૂછો, અને ફુલનો રસ ચુસવાને સૂંઢ (મો) હોય છે. ઇયળને મૂછ, પાંખ કે સૂંઢ હોતાં નથી. પણ ટુંકા પગ, અને પાંદડાં કાતરી ખાવાને મજબુત જડબાં હોય છે. ખરી રીતે જોતાં કંસારી અને ઇયળ એ જુદાં જુદાં જંતુ નથી પણ ઇયળનું પાકું રૂપ તે કંસારી છે.

ઇંડું

ઇંડું—મુરઘી, માછલી, સાપ, દેડકાં, વિગેરે પક્ષીઓનાં બચ્ચાં ઇંડાંમાંથી અવરે છે. કેટલાંક ઇંડાં ગોળ તો કેટલાંક લંબગોળ હોય છે.

કેટલાંક ઘણાં નાનાં તો કેટલાંક ઘણાં મોટાં હોય છે. શાહમૃગનું ઇંડું મરઘીના ઇંડાં કરતાં ૨૦-૨૫ ગણું મોટું હોય છે.

ઇંડાનું **કોટલું** અજવાળે જોતાં તેના ઉપર નાના નાના **પારદર્શક** ડાઘા જણાય છે. તે ડાઘા નહિં પણ છિદ્રો છે. એ છિદ્રો વાટે હવા મળવાથી ઇંડાની અંદરનું બચ્ચું જીવી શકે છે.

ઇંડાની અંદર **ત્વચા** હોય છે. અને ત્વચાની અંદરનો ભાગ સફેદ તથા પૌષ્ટિક હોય છે. નબળા માણસો શક્તિ મેળવવા માટે તે ખાય છે. ઇંડાને બાફતાં તે સફેદ પદાર્થ ઘાડો, અપારદર્શક અને પોચો થાય છે ત્યારે તે **સફેદી** કહેવાય છે. સફેદીની વચમાં પીળો રસ હોય છે તેને ઇંડાની **દાળ** કે **જરદી** કહે છે. અને દાળની ટોચે ત્વચાની અંદર નાનકડો ડાઘ દેખાય છે તે **ગર્ભ** કહેવાય છે દાળ કે જરદી ખાઇને ગર્ભ વધે છે, અને પૂરેપૂરો વૃદ્ધિ પામતાં ઇંડાનું કોટલું ભાગીને બહાર આવે છે.

માણસજાતને મળતું પ્રાણી.

બધાં પ્રાણીઓમાં '**માણસ**' એ સૌથી ઉત્તમ પ્રાણી છે. અને બધાં પ્રાણીઓ '**માણસ**' થી જુદા જાતનાં છે— માત્ર એક વાર **વાંદર** અને **માણસ** એ બે ઘણી રીતે મળતાં આવે છે.

વાંદર બે પ્રકારના છે—(૧) લાંબી પુછડીવાળા. અને (૨) ટુંકી પુંછડી વાળા અથવા તો પુછડી વગરના

(૧) લાંબી પુછડી વાળાં વાંદરાં હિંદુસ્તાનમાં ઠામ ઠામ નજરે પડે છે. તેમનાં મોં કાળાં, તથા શરીર ભારે ને ધોળાં હોય

છે તથા બીજાં તદ્દન કાળા ડીલ વાળાં પણ હોય છે કે જેને આપણે **નીલ વાંદરા** કહીએ છીએ. તથા લાલ મોં વાળાં વાંદરાંને આપણે માંકડાંને નામે ઓળખીએ છીએ.

આ વાંદરાંઓ વસ્તીમાં એક છાપરેથી બીજે છાપરે કુદે છે. અને સીમમાંનાં ફળાઉ ઝાડો તથા બાગબગીચાઓ અને ખેતરનાં વૃક્ષોને ઘણું નુકશાન કરે છે—ચાર પગથી ચાલે છે તેમના પગ આપણા હાથ જેવા ઘાટના હોય છે. તેઓ માણસની માફક બેસી શકે છે. અને માણસનો ને તેમના આકાર ઘણો ખરો મળતો આવે છે.

પુછડી વગરનાં વાંદરાં—બ્રહ્મદેશ, શીમલા, મલાયા, અને જાવા તથા આફ્રિકા તરફ જે **કપિઓ** વસે છે તે માણસોની માફક ચાલી શકે છે. તેમને પુછડી હોતી નથી. તેઓ પાછલે પગે ચાલેછે. અને તેમના પગ માણસના પગને મળતા આવે છે આ જાતને **ગોરીલો** કપિ કહે છે ને તે આફ્રિકાનાં વનોમાં રહે છે.

ગોરીલો કપિ—વિશાળ છાતીનો, ભારે માથાનો, અને લાંબા હાથવાળો હોય છે. તે શાકભાજી, મેવોને માંસ ખાય છે અને સ્વભાવે અદેખો ને ક્રૂર હોય છે.

મલાયામાં **ઉરાંગ ઉટાંગ** નામે એક વાંદરાની મોટી **જાત છે.** ઉરાંગ ઉટાંગ (જંગલનું માણસ) વાંદરાઓ પોતે એક ઝુંપડું બાંધીને કુટુંબ કબીલા સાથે તેમાં રહે છે. તેઓ બધી રીતે માણસને મળતા આવે છે. હાલ તેમાંના કેટલાએકને પકડી પાળ્યા છે ને માણસની માફક ખાતાં પીતાં તથા વર્તતાં શીખવવામાં આવ્યું છે.

માણસ, કપિ, અને વાંદર વચ્ચે આવું મળતાપણું જોતાં એમ લાગે છે કે "તેઓ જુદાં જુદાં પ્રાણીઓ હોવા છતાં પણ ઘણા યુગો પર થઇ ગએલી મૂળે કોઇ એકજ જાતિના પ્રાણીથી ઉતરી આવેલા હોવાથી જ તેઓ એક બીજા સાથે આવું સરખાપણું ધરાવે છે."

સમાપ્ત.